WEDNESDAY
5•03•2025

બુધવારની પૂર્તિ
અર્ધ સાપ્તાહિક

# સંદેશ

સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ભુજથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંવર્ધક તંત્રી સ્વ. શ્રી ચીમનભાઇ એસ. પટેલ ● REG. NO. : SRT-154/2023-2025 ● Vol : 36 No. : 181 SURAT વિ.સં. ૨૦૮૧, ફાગણ સુદ-૬ પાના : ૧૪+૮ www.sandesh.com @sandeshnews /sandeshnewspaper કિંમત - રૂ. ૫-૦૦

ચીને વધુ આક્રમક રીતે અમેરિકાની ૨૫ કંપનીઓ પર નિકાસ તેમજ રોકાણ પ્રતિબંધો લાદ્યા

# જેવા સાથે તેવા : US પર ચીને ૧૫% ટેરિફ લાદી

## અમેરિકાની ટેરિફ સામે ચીને વળતું પગલું લેતા ટેરિફ ટ્રેડ વૉર / આ ટેરિફ ૧૦ માર્ચથી અમલમાં આવશે, કેનેડાએ પણ ૩૦ અબજ ડૉલરની અમેરિકી આયાત ઉપર ૨૫ ટકા ટેરિફ લાગુ કરી દીધી

। બેઇજિંગ ।

અમેરિકા અને તેનાં વેપારી સહયોગી દેશો વચ્ચે હવે ટેરિફ વૉર શરૂ થઈ ગઈ છે. અમેરિકાએ ચીનથી આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓ પર લાદવામાં આવેલી ૨૦ ટેરિફ લાગુ કરતા ચીન ધૂંધવાયું છે . ચીને અમેરિકાથી આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓ અને માલસામગ્રી પર ૧૦થી ૧૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ચીને વધુ આક્રમક રીતે અમેરિકાની ૨૫ કંપનીઓ પર નિકાસ તેમજ રોકાણ પ્રતિબંધો લાદ્યા છે. આમ હવે એક તરફ અમેરિકા અને બીજી તરફ ચીન, કેનેડા તેમજ મેક્સિકો વચ્ચે ટેરિફ વૉર શરૂ થઈ ગઈ છે.

કેનેડાએ પણ ૩૦ અબજ ડૉલરની અમેરિકન આયાત પર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે. ચીને મંગળવારે અમેરિકાના ઉત્પાદનો પર ૧૦થી ૧૫ ટકા વધારાની ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. યુએસ પ્રમુખ ટ્રમ્પ દ્વારા ચીનના ઉત્પાદનો પર આયાત જકાત વધારીને ૨૦ ટકા કરવાનો આદેશ લાગુ થયા પછી આ પગલું લેવાયું છે. ચીન દ્વારા વધારવામાં આવેલ આ ટેરિફ ૧૦ માર્ચથી અમલમાં આવશે.

### કઈ કઈ ચીજો પર ડ્યૂટી વધશે?

ચીને અમેરિકાથી આયાત કરવામાં આવતી ચિકન, પોર્ક એટલે કે સુવરનું માંસ, સોયા અને બીફ (ગૌમાંસ) સહિત મહત્ત્વની અમેરિકન કૃષિ પેદાશોની આયાત પર ૧૫ ટકા સુધી વધારાની ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. અમેરિકાના ચિકન, ઘઉં. મકાઇ તેમજ કપાસની આયાત પર વધારાની ૧૫ ટકા ડ્યૂટી લાગુ કરાશે. જુવાર, સોયાબીન, સુવરનું માંસ, બીફ, દરિયાઈ ફૂડ, ફળો. શાકભાજી તેમજ ડેરી ઉત્પાદનો પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવેલ છે. બીજી બાજુ ચાઈનીઝ ઉત્પાદનો પર અમેરિકાએ લગાવેલી વધારાની ટેરિફનો અમલ ૪ માર્ચથી થઈ ગયો છે. ચીને કહ્યું છે કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલી એકપક્ષીય ટેરિફ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (WTO)ના નિયમોના ભંગ સમાન છે.

**કેનેડાએ પણ વળતી ટેરિફ લગાવી :** કેનેડાના પીએમ ટ્રુડોએ પણ અમેરિકા સામે કડક વલણ અપનાવ્યું છે. તેમણે મંગળવારે જાહેર કર્યું હતું કે ૩૦ અબજ કેનેડિયન ડૉલરની અમેરિકી આયાત પર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવામાં આવેલ છે. કેનેડાએ કુલ ૧૨૫ અબજ કેનેડિયન ડૉલરની આયાત પર વળતી ટેરિફ લગાવવાની યોજના ઘડી છે. કેનેડાએ અમેરિકા સામે વધુ આકરા પગલાં લેવાની ધમકી આપી છે.

## અમેરિકાએ યૂક્રેનને અપાતી તમામ લશ્કરી સહાય તત્કાળ સ્થગિત કરી

### જે લશ્કરી સહાય સામગ્રી યૂક્રેનની મદદ માટે રવાના કરાઈ છે પણ હજી સુધી યૂક્રેન પહોંચી નથી તેને પણ રોકવામાં આવી છે

। વૉશિંગ્ટન ।

વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે થયેલા શાબ્દિક યુદ્ધના ૩ દિવસ પછી અમેરિકાએ યૂક્રેનને આપવામાં આવતી તમામ લશ્કરી સહાય તત્કાળ સ્થગિત કરવાની જાહેરાત કરી છે. જે લશ્કરી સહાય સામગ્રી યૂક્રેનની મદદ માટે રવાના કરાઈ છે પણ હજી સુધી યૂક્રેન પહોંચી નથી તેને પણ રોકવામાં આવી છે. આ સામગ્રીને જ્યાં છે ત્યાં જ રહેવા દેવામાં આવશે. આમાં પોલેન્ડ સુધી પહોંચેલી સામગ્રીનો પણ સમાવેશ થાય છે. એક અબજ ડૉલરથી વધુ કિંમતનાં શસ્ત્રો અને દારૂગોળાની સપ્લાય પણ રોકવામાં આવશે. વ્હાઈટ હાઉસનાં અધિકારીએ કહ્યું હતું કે જ્યાં સુધી ટ્રમ્પને એવી ખાતરી નહીં થાય કે યૂક્રેનનાં રાષ્ટ્રપતિ ખરેખર શાંતિ ઈચ્છે છે ત્યાં સુધી રોકવામાં આવેલી સહાય ચાલુ કરવામાં આવશે નહીં.

ટ્રમ્પે કહ્યું છે કે તેઓ શાંતિને પ્રાધાન્ય આપે છે. અમારા સહયોગી આ લક્ષ્યાંક હાંસલ કરવા પ્રતિબધ્ધતા દર્શાવે તે જરૂરી છે. અમે જ્યાં સુધી સમસ્યાનાં યોગ્ય ઉકેલ સુધી પહોંચીશું નહીં ત્યાં સુધી યૂક્રેનને કરાતી લશ્કરી સહાય રોકી રાખીશું. ટ્રમ્પે યૂક્રેનને લશ્કરી સહાય રોકી તેનાં થોડા સમય પહેલા સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, ઝેલેન્સ્કી જ્યાં સુધી તેમને અમેરિકાનું સમર્થન ચાલુ છે ત્યાં સુધી શાંતિ થાય તેમ ઈચ્છતા નથી.

### ખનિજ સોદાનો હજી અંત આવ્યો નથી : ટ્રમ્પ

ટ્રમ્પે કહ્યું હતું કે યૂક્રેન સાથેનાં સંભવિત ખનિજ સોદાનો હજી અંત આવ્યો નથી. કિવ સાથે સંબંધો વણસ્યા પછી પણ અમેરિકા દ્વારા રોકાણ કરવાનું ચાલુ રખાશે. ટ્રમ્પ દ્વારા ટૂંક સમયમાં આ અંગે મહત્વની જાહેરાત કરાશે તેવું જાણવા મળે છે. રશિયાએ ૩ વર્ષ પહેલા યૂક્રેન પર આક્રમણ કર્યું તે પછી અમેરિકાની સંસદે યૂક્રેનને ૧૭૫ મિલિયન ડૉલરની કુલ સહાય કરી છે. આ ઉપરાંત જુદીજુદી રીતે અમેરિકાએ યૂક્રેનને કરોડો ડૉલરની મદદ કરી છે.



૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની અમદાવાદની હારનો બદલો દુબઈમાં

## ચેમ્પિયન્સ ટ્રોફી સેમિફાઈનલમાં ભારતે ઓસિ.ને ચાર વિકેટે હરાવ્યું

### ભારત પાંચમી વખત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં, ૨૦૧૩, ૨૦૧૭ અને ૨૦૨૫માં સતત ત્રીજીવાર ફાઈનલમાં પ્રવેશ કરનાર એકમાત્ર ભારત

**પાકિસ્તાન યજમાન હોવા છતાં ફાઈનલ રમાડી શકશે નહીં**

। દુબઇ ।

ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટે હરાવીને ભારતે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જ્યાં તેનો મુકાબલો બુધવારે ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલની વિજેતા ટીમ સામે થશે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને પૂરી ટીમ ૨૬૪ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. સિનિયર બેટ્સમેન વિરાટ કોહલીના શાનદાર ૮૪ રનની મદદથી ભારતે ૧૧ બોલ બાકી રાખીને છ વિકેટે ૨૬૭ રન બનાવીને મેચ જીતી લીધી હતી. આઈસીસી નોકઆઉટ મેચોમાં ભારતે ઓસ્ટ્રેલિયા સામેનો હાઈએસ્ટ રનચેઝ કર્યો છે.

ભારતે સતત ત્રીજી તથા ઓવરઓલ પાંચમી વખત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૨૩માં રમાયેલા આઈસીસી વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ આપેલા પરાજયનો હિસાબ પણ ભારતે સરભર કર્યો હતો.




આઈસીસી નોકઆઉટ મેચોમાં એક હજાર રન પૂરા કરનાર કોહલી વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો

| ICC વન-ડે ઇવેન્ટમાં મોસ્ટ ફિફ્ટી | ICC નોકઆઉટમાં મોસ્ટ ફિફ્ટી |
|---|---|
| ૨૪ : વિરાટ કોહલી (ભારત) | ૧૦ : વિરાટ કોહલી (ભારત) |
| ૨૩ : સચિન તેંડુલકર (ભારત) | ૦૬ : સ્ટિવ સ્મિથ (ઓસ્ટ્રેલિયા) |
| ૧૮ : રોહિત શર્મા (ભારત) | ૦૬ : સચિન તેંડુલકર (ભારત) |
| ૧૭ : કુમાર સંગાકારા (શ્રીલંકા) | ૦૫ : જેક્સ કાલિસ (સા. આફ્રિકા) |
| ૧૬ : રિકી પોન્ટિંગ (ઓસ્ટ્રેલિયા) | ૦૫ : કુમાર સંગાકારા (શ્રીલંકા) |

મહારાષ્ટ્રના સીએમ ફડણવીસ દ્વારા મુંડેનું રાજીનામું માંગી લેવામાં આવ્યું હતું

## મહારાષ્ટ્રમાં બીડના સરપંચની હત્યા NCPના ધનંજય મુંડેનું રાજીનામું

### બીડના એક ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં મુંડેના નિકટના મનાતા વાલ્મીક કરાડનો હાથ હોવાનું બહાર આવતા લેવાયેલું પગલું

। મુંબઈ ।

મહારાષ્ટ્રના બીડ જિલ્લાના એક ગામના સરપંચની હત્યાના કેસમાં સીએમ ફડણવીસ દ્વારા તેમની કેબિનેટના NCP પ્રધાન ધનંજય મુંડેનું રાજીનામું માગી લેવામાં આવ્યું છે. ધનંજય મુંડે NCP અજિત પવાર



ગ્રૂપના નેતા હતા અને ફડણવીસ કેબિનેટમાં પ્રધાન હતા. મુંડેએ તેમનું રાજીનામું સીએમને સોંપ્યું હોવાનું માનવામાં આવે છે. મુંડે મહારાષ્ટ્ર કેબિનેટમાં ખાદ્ય અને નાગરિક પુરવઠો તેમજ ગ્રાહક સુરક્ષા બાબતોના પ્રધાન હતા. બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં મુંડેના નિકટના વાલ્મીક કરાડનો હાથ હોવાનું બહાર આવતા મુંડેનું રાજીનામું માંગી લેવાયું હતું. SIT દ્વારા કરાડને હત્યાનો માસ્ટર માઈન્ડ ગણવામાં આવ્યો છે.

### હત્યાની તસવીરો - વીડિયો આઘાતજનક, નાદુરસ્ત તબિયતને કારણે રાજીનામું : મુંડે

પોતાના રાજીનામાનો લૂલો બચાવ કરતા ધનંજય મુંડે એ કહ્યું હતું કે સરપંચની હત્યાની તસવીરો અને વીડિયો આઘાતજનક છે. મારી તબિયત સારી ન હોવાને કારણે મેં ફડણવીસ કેબિનેટમાંથી રાજીનામું આપ્યું છે. બાડ જિલ્લામાં સંતોષ દેશમુખની હત્યાના આરોપીઓને આકરામાં આકરી સજા કરવામાં આવે તેવી મારી માગણી છે. હું પહેલા દિવસથી જ આ માગણી કરી રહ્યો છું. હત્યાની જે તસવીરો પ્રકાશિત થઈ છે તે જોઈને મને ઘણું દુ:ખ થયું છે. આ કેસની તપાસ પૂરી થઈ ગઈ છે અને કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ થઈ ગઈ છે. જ્યાં સુધી મારા રાજીનામાની વાત છે ત્યાં સુધી મારી તબિયત સારી ન હોવાથી મેં પ્રધાનપદ પરથી રાજીનામું આપ્યું છે.

એક સરકારી કર્મચારીને પાકિસ્તાની કહ્યા હોવાનો આરોપ

## કોઈને મિયાં કે પાકિસ્તાની કહેવું ખોટું છે પણ અપરાધ નથી : સુપ્રીમ કોર્ટ

### સુપ્રીમ કોર્ટે ચાર્જસીટમાંની કલમોને આધારહીન ગણીને આરોપીને નિર્દોષ જાહેર કર્યા, ધાર્મિક લાગણી નથી ઘવાતી

। નવી દિલ્હી ।

સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી કરતાં કહ્યું કે, 'મિયાં-ટિયાં' કે પાકિસ્તાની કહેવું સાંભળવામાં ભલે સારું ન લાગતું હોય, પરંતુ, આવા કેસમાં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૨૯૮ હેઠળ ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવા જેવો ગુનો નથી બનતો. સુપ્રીમ કોર્ટે આ જોગવાઈ હેઠળ એક આરોપીને નિર્દોષ જાહેર કરતાં કહ્યું કે, આવી ટિપ્પણી અયોગ્ય હતી, પરંતુ ગુનાખોરીનો કેસ ચલાવવા માટે જરૂરી કાયદેસરતાને પૂરી નથી કરતી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્રની બેંચે આરોપી હરિનંદનસિંહ સામેનો કેસ ક્લોઝ કરતાં આ ચુકાદો આપ્યો હતો. હરિનંદનસિંહ પર આરોપ હતો કે તેમણે એક સરકારી કર્મચારીને ફરજ પર હતા ત્યારે પાકિસ્તાની કહ્યા હતા. અદાલતે પોતાના ચુકાદામાં કહ્યું કે, એમાં કશી શંકા નથી કે, કરાયેલા નિવેદનો સાંભળવામાં યોગ્ય નથી લાગતા, પરંતુ તે ધાર્મિક લાગણીને ઠેસ નથી પહોંચતી, તેથી, અમારું માનવું છે કે, અપીલકર્તાને આઈપીસીની કલમ ૨૮૮ હેઠળ આરોપમુક્ત કરવા જોઈએ. ફરિયાદી, જે ઉર્દૂ અનુવાદક અને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ક્લાર્ક છે, તેમણે અપીલીય અધિકારીના આદેશ પછી આરોપી હરિનંદનસિંહને વ્યક્તિગત રીતે કેટલીક માહિતી આપી હતી. હરિનંદનસિંહે શરૂઆતમાં દસ્તાવેજ સ્વીકારવાની અનિચ્છા દર્શાવી હતી, પરંતુ, આખરે તેમણે દસ્તાવેજ સ્વીકાર્યા હતા પરંતુ, કથિત રીતે તેમણે ફરિયાદીના ધર્મનો આધાર લઈને અપશબ્દ કહ્યા હતા.

હરિનંદનસિંહ વિરુદ્ધ આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે બધી કલમોને આધારહીન ગણીને આરોપીને મુક્ત કર્યા હતા.

દવાઓ, મેડિકલ ડિવાઈસ, ઈમ્પ્લાન્ટ્સના બેફામ ઊંચા ભાવ સામે કોર્ટ ખફા

## ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓના શોષણ બદલ સુપ્રીમ કોર્ટે રાજ્યોનો ઉધડો લીધો

। નવી દિલ્હી ।

ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓના શોષણ બદલ સુપ્રીમ કોર્ટે રાજ્યોની ઝાટકણી કાઢી છે. ખાનગી હોસ્પિટલોમાં દવાઓ, મેડિકલ ડિવાઈસીસ અને ઈમ્પ્લાન્ટ્સના વસૂલાતા બેફામ ઊંચા ભાવ પર અંકુશની દાદ માગતી જાહેર હિતની એક અરજી મામલે મંગળવારે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને ખાનગી હોસ્પિટલોમાં દવાઓ, મેડિકલ ડિવાઈસીસ અને ઈમ્પ્લાન્ટ્સના ભાવ પર અંકુશ માટેની નીતિ ઘડવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્ય કાન્ત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે રાજ્યોને આ સંબંધમાં યોગ્ય નીતિવિષયક નિર્ણયો લેવા પણ કહ્યું હતું. કોર્ટે ઠરાવ્યું કે રાજ્યોએ એમ સુનિશ્ચિત કરતી નીતિ ઘડવી જોઈએ કે હોસ્પિટલો દર્દીઓને આવશ્યક મેડિકલ આઈટમ્સ પોતાના જ મેડિકલ સ્ટોરમાંથી બેફામ ઊંચા ભાવે ખરીદવાની ફરજ ન પાડે. અરજદારની દલીલ હતી કે હોસ્પિટલોનું આ વલણ દર્દીનું બ્લેકમેલિંગ છે અને તેને વાજબી ભાવના પોતાના અધિકારથી વંચિત રાખે છે.

કેસર ટુર્સ | નાનપુરાના પ્રતિષ્ઠીત
10, 22 April & 11, 24 May
દુબઈ
07 દિવસ 06 રાત્રી
₹ 83,500/-
ગુજરાતી ટુર મેનેજર સાથે. સુરત થી સુરત, બધુ જ સામેલ.
M. 99042 11884

ચીન પ્રથમ નંબરે છે જ્યાં ૨૦૫૦ સુધીમાં ૬૨.૭ કરોડ લોકો મેદસ્વી હશે

## ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૪૫ કરોડ લોકો મેદસ્વિતાનો ભોગ બનેલાં હશે

### વૈશ્વિક સ્તર પર ૨૫ વર્ષથી વધુ વયના ૩.૮ અબજ લોકો મેદસ્વિતાનો ભોગ બનેલા હશે, મહિલા અને પુરુષોમાં આ પ્રમાણ લગભગ સમાન હોવાની ધારણા

। નવી દિલ્હી ।

વિશ્વભરમા અનહેલ્થી ફૂડ હેબિટના કારણે હૃદય, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને મેદસ્વિતાની સમસ્યા ઝડપથી વધી રહી છે. હવે લૈંસેટના એક લેટેસ્ટ રિપોર્ટમાં ચિંતાજનક તસવીર રજૂ કરવામાં આવી છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૨૫ વર્ષથી વધુ વયના મેદસ્વી લોકોની સંખ્યા ૪૫ કરોડની આસપાસ હોઈ શકે છે. આ યાદીમાં ચીન પ્રથમ નંબર પર છે જ્યાં ૨૦૫૦ સુધીમાં ૬૨.૭ કરોડ લોકો મેદસ્વી હોવાની સંભાવના છે. બીજી તરફ અમેરિકામાં પણ ૨૦૫૦ સુધીમાં મેદસ્વી લોકોની સંખ્યા ૨૧.૪ કરોડ સુધી પહોંચી શકે છે. સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે જો આવી રીતે જ ચાલ્યા કરશે તો વૈશ્વિક સ્તર પર ૨૫ વર્ષથી વધુ વયના ૩.૮ અબજ લોકો મેદસ્વિતાનો ભોગ બનેલાં હશે.

### મેદસ્વિતા માટે મોટું કારણ ફાસ્ટ ફૂડ

ફાસ્ટ ફૂડના મોરચે ભારતની સાથોસાથ કેમરુન અને વિયેતનામ એ ત્રણ દેશ હતાં કે જ્યાં ૨૦૦૯ અને ૨૦૧૯ વચ્ચે પ્રતિ વ્યક્તિ અલ્ટ્રા-પ્રોસેસ ફૂડ તથા ડ્રિંક્સના વેચાણમાં વિશ્વની સૌથી ઊંચી વાર્ષિક વૃદ્ધિ જોવા મળી હતી. આ ફાસ્ટ ફૂડ મેદસ્વિતા માટેનું સૌથી મોટું કારણ બનેલાં છે. જો સમયસર તેના પર ધ્યાન આપવામાં નહીં આવે તો વસતીનો મોટો હિસ્સો બીમારીના સકંજામાં હશે.

આજની કૂપન
સંદેશ
ગેરંટેડ ગિફ્ટ સ્કીમ
કૂપન નં. ૫૬
૦૫/૦૩/૨૦૨૫

મહાયુતિના સભ્યોએ અબુ આઝમીને વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવા માગ કરી

## ઔરંગઝેબ ક્રૂર અને અસહિષ્ણુ શાસક નહોતા : અબુ આઝમી, ફરિયાદ દાખલ

### અબુ આઝમી સામે તપાસ શરૂ થતાં માફી માગી કહ્યું - છત્રપતિ શિવાજી, સંભાજી મહારાજ કે અન્ય કોઈ મહાપુરુષ વિશે અપમાનજનક ટિપ્પણી નથી કરી

। મુંબઈ ।

મુંબઈ પોલીસે સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ અસીમ આઝમી વિરુદ્ધ મુગલ બાદશાહ ઔરંગઝેબનાં વખાણ કરનારી ટિપ્પણીના કેસમાં તપાસ શરૂ કરી દીધી છે. તપાસ શરૂ થયા દરમિયાન અબુ આઝમીએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે, મારી વાતથી કોઈને દુ:ખ થયું હોય તો હું મારા શબ્દ પાછા ખેંચું છું.



લોકસભામાં શિવસેના સાંસદ નરેશ મ્હાસ્કેની ફરિયાદના આધારે ઠાણેમાં પોલીસે કથિત રીતે ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાના પ્રયાસના આરોપમાં અબુ આઝમી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. દરમિયાનમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આઝમી પર નિશાન તાક્યું હતું અને તેમને દેશદ્રોહી કહ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું કે ઠાણે પોલીસે આ એફઆઈઆર મુંબઈ ટ્રાન્સફર કરી દીધી હતી, જેમાં મંગળવારે મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં આઝમી વિરુદ્ધ નવો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સાંસદ મ્હાસ્કેએ કહ્યું કે, અબુ આઝમી વિરુદ્ધ દેશદ્રોહનો કેસ દાખલ થવો જોઈએ. તેમને ભારતમાં રહેવાનો કશો અધિકાર નથી.

### અબુ આઝમીએ પોતાની ટિપ્પણી અંગે સ્પષ્ટતા કરી

આ બધા ઘટનાક્રમો વચ્ચે અબુ આઝમીએ પોતાની ટિપ્પણી પર સ્પષ્ટતા કરતાં કહ્યું કે, મારા શબ્દોને ફેરવી-તોડીને રજૂ કરાયા છે. ઔરંગઝેબ વિશે મેં એ જ કહ્યું છે જે ઇતિહાસકારો અને લેખકોએ કહ્યું છે. મેં છત્રપતિ શિવાજી મહારાજ, સંભાજી મહારાજ કે અન્ય કોઈ મહાપુરુષ વિશે કશી અપમાનજનક ટિપ્પણી નથી કરી, આમ છતાં, મારી આ વાતથી કોઈને દુ:ખ પહોંચ્યું હોય તો હું મારા શબ્દ, મારું સ્ટેટમેન્ટ પાછું ખેંચું છું. આ વાતને રાજકીય મુદ્દો બનાવાઈ રહી છે.





# કાપડ ઉદ્યોગમાં ઊલટી ગંગા

# ૩૦ વર્ષમાં પહેલી વખત કાપડ ઉદ્યોગમાં માંડ ૨૫ ટકા ઘરાકી

## એક હજારથી ઓછી કિંમતની સાડીની થોડી ઘણી ખરીદી જ્યારે તેના કરતાં વધુ કિંમતની સાડીની ૨૫ ટકા જ માંગ

સુરત : સુરતના કાપડ ઉદ્યોગમાં છેલ્લાં ૩૦ વર્ષમાં પહેલી વખત ચાલુ વર્ષે ૧૫ જાન્યુઆરીથી અત્યાર સુધી સૌથી ઓછી ઘરાકી જોવા મળી રહી છે. તેના કારણે ડાઈંગ મિલ સંચાલકો, વીવર્સ અને વેપારીઓ પાસે માંડ ૨૦થી ૨૫ ટકા જેટલી જ ઘરાકી છે. તેમાં પણ એક હજાર રૂપિયાથી ઓછી કિંમતની સાડીની ખરીદી કરવામાં આવી રહી છે. જ્યારે એક હજાર કરતાં વધુ કિંમતની સાડી અને ડ્રેસ મટીરિયલ્સમાં સૌથી ઓછી ઘરાકી હોવાની વિગતો જાણવા મળી છે.

સામાન્ય દિવસોમાં જાન્યુઆરીની શરૂઆતથી લઈને માર્ચના અંત સુધી કાપડના વેપારીઓ સારી એવી ખરીદી કરતા હોય છે. તેના કારણે ડાઈંગ મિલ સંચાલકો, વીવર્સ પાસે ખાસ્સું કામ રહેતું હોય છે. આવા જ કારણોસર ચાલુ વર્ષે ડિસેમ્બર માસમાં જ્યારે વેપારીઓ સાડી તૈયાર કરાવવા માટે વીવર્સ પાસે જતા હતા ત્યારે તેઓ પાસે પૂરતું કામ હોવાના લીધે એક મહિના પછી સાડીની ડિલિવરી આપશે તેવી વાત કરવામાં આવતી હતી, પરંતુ એક મહિનો પૂર્ણ થયા બાદ હાલમાં એવી સ્થિતિ જોવા મળી રહી છે કે ડાઈંગ મિલ સંચાલકો અને વીવર્સ પાસે માંડ ૨૫ ટકા જેટલું જ કામ રહ્યું છે. તેના કારણે એવું કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા હોવા છતાં ચાલુ વર્ષે ૧૫ જાન્યુઆરીથી આજદિન સુધી માંડ ૨૫ ટકા જ ઘરાકી જોવા મળી રહે છે. તેના કારણે આજદિન સુધી આવો સમય ક્યારેય જોવા મળ્યો નથી તેવી સ્થિતિ હાલમાં અનુભવી રહ્યા છે.

**દર વર્ષે જાન્યુ.થી માર્ચમાં ખાસ્સી ઘરાકી જોવા મળતી હતી તેના બદલે ચાલુ વર્ષે ઘરાકી ઓછી**

### ૧૫ માર્ચ પછી કાપડ બજારની સ્થિતિમાં સુધારો થવાની શક્યતા

આટલા વર્ષોથી વેપાર કરી રહ્યા છે, પરંતુ છેલ્લા ૩૦ વર્ષમાં આવી સ્થિતિ જોવા મળી રહી નથી. તે માટેનું કારણ એવું છે કે લોકો પ્રયાગરાજ મહાકુંભમાં ગયા હોવાના લીધે કાપડની ખરીદી પર કાપ મૂક્યો છે. તેની સીધી અસર અમારા વેપાર પર દેખાવા માંડી છે. જોકે ૧૫ માર્ચ પછી ફરી વેપારની સ્થિતિમાં સુધારો થાય તેવી આશા જોઇ રહ્યા છે.

- **કમલવિજય તુલશ્યાન** (મિલ સંચાલક)

### એમએસએમઇના નિયમને કારણે વેપાર પર થયેલી અસર

એમએસએમઇને કારણે જે પણ માલની ખરીદી કરવામાં આવે તેની ચુકવણી ૪૫ દિવસમાં કરવાની હોય છે. ત્યારબાદ ચુકવણી કરવામાં આવે તો વેપારીની આવકમાં તેની ગણતરી થઇ જતી હોય છે. જ્યારે વેપારીને નાણાં ચૂકવવા માટે ૯૦ દિવસથી વધુનો સમય મળતો હોય પરંતુ ફેબ્રુઆરીમાં ખરીદી કરે તો માર્ચ ૩૧ પહેલા ચુકવણી કરવાની હોય છે. તેના લીધે વેપાર પર અસર જોવા મળી રહી છે.

- **મહેન્દ્ર રામોલિયા** (વીવર્સ)

### ૩૦ વર્ષમાં પહેલી વખત કાપડ બજારની આવી સ્થિતિ દેખાઈ

ડિસેમ્બર પહેલા સાડી બનાવવાનો ઓર્ડર આપવા જતા હતા ત્યારે એક મહિના પછી આપવાની વાત કરવામાં આવતી હતી. જ્યારે હાલમાં એક હજાર રૂપિયા કરતાં ઓછી કિંમતની સાડીની જ ઘરાકી જોવા મળી રહી છે. તેના કરતાં વધુ કિંમતની સાડીની ખરીદી માંડ ૨૫ ટકાની આસપાસ થઇ રહી છે. જેથી છેલ્લા ૩૦ વર્ષમાં પહેલી વખત આવી સ્થિતિનો સામનો કરાઇ રહ્યો છે.

- **વિક્રમ ભુતડા** (વેપારી)

**ઘરાકી ઓછી હોવાના આ છે કારણો**

1. MSMEના નિયમને લીધે ૪૫ દિવસમાં ચૂકવણી
2. પ્રયાગરાજમાં યોજાયેલા કુંભની બજાર પર અસર
3. હાલમાં શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગ
4. નવા નાણાકીય વર્ષનું આપવાનું વેચાણ બિલ



ICAI : જાન્યુઆરીમાં યોજાયેલી ફાઉન્ડેશન અને ઈન્ટરનું પરિણામ જાહેર

# ફાઉન્ડેશનમાં સુરતનું ૨૧.૯૩ ટકા પરિણામ ઈન્ટરમાં ૧૦ વિદ્યાર્થીઓ ટોપ-૫૦માં સામેલ

## સુરતમાંથી ૨૭૫૫ વિદ્યાર્થીએ ફાઉન્ડેશનની પરીક્ષા આપી હતી, ૫૭૦ પાસ થયા

। સુરત ।

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જાન્યુઆરી મહિનામાં લેવાયેલી સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિયેટ પ્રોગ્રામની પરીક્ષાઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર સુરતમાં ૧૨૨૫ વિદ્યાર્થીઓએ બંને ગ્રૂપની પરીક્ષા આપી હતી. તેમજ સમગ્ર સુરત શહેરમાંથી ૨૭૫૫ વિદ્યાર્થીઓએ સીએ ફાઉન્ડેશનની પરીક્ષા આપી હતી. જેમાં ઈન્ટરમીડિયેટમાં ૧૦ વિદ્યાર્થીઓ ટોપ-૫૦માં સામેલ થયા છે.

મંગળવારે જાહેર થયેલા પરિણામ અંગે સુરત બ્રાન્ચના ચેરમેન સીએ અશ્વિન ભાઉવાલાએ જણાવ્યું હતું કે સુરત શહેરમાંથી ૧૨૨૫ વિદ્યાર્થીઓએ બંને ગ્રૂપની પરીક્ષાઓ આપી હતી. જેમાંથી ૨૯૫ વિદ્યાર્થીઓએ સીએ ઈન્ટરમીડિયેટમાં બંને ગ્રૂપમાં પાસ થયા છે. ૭૦ વિદ્યાર્થીઓએ પ્રથમ ગ્રૂપ અને ૪૩ વિદ્યાર્થીઓએ બીજા ગ્રૂપ સાથે પરીક્ષા પાસ કરી છે. આ ઉપરાંત કુલ ૮૨૯ વિદ્યાર્થીઓએ પ્રથમ ગ્રૂપની પરીક્ષા આપી હતી જેમાંથી ૭૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. અને ૫૨૫ વિદ્યાર્થીઓએ બીજા ગ્રૂપની પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૯૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત ફાઉન્ડેશન પ્રોગ્રામની વાત કરીએ તો સીએ ફાઉન્ડેશનમાં સુરતમાંથી ૨૭૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી માત્ર ૫૭૦ વિદ્યાર્થીઓ જ પાસ થઈ શક્યા હતા. ટકાવારીની દ્રષ્ટિએ વાત કરીએ તો ફાઉન્ડેશનનું ૨૧.૯૩ ટકા અને ઈન્ટરમીડિયેટનું ૨૦.૯૮ ટકા પરિણામ રહ્યું હતું.

હવે સીએ ફાઉન્ડેશન, ઈન્ટરમીડિયેટ અને ફાઈનલની પરીક્ષાઓ આગામી મે મહિનામાં યોજાવાની છે. આ પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા પણ શરૂ થઈ ચૂકી છે. વિદ્યાર્થીઓ આગામી ૧૮ માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ઈન્સ્ટિટ્યૂટ દ્વારા હાલમાં એન્ટ્રી ટફ અને એક્ઝિટ સરળ એવી પોલિસી અપનાવી છે. જેના કારણે ફાઉન્ડેશનમાં વધુ વિદ્યાર્થીઓ નાપાસ થઈ રહ્યા છે. જેના કારણે ફાઉન્ડેશનના રિઝલ્ટમાં પણ ગત વર્ષની સરખામણીમાં ભારે ઘટાડો થયો છે. જેના કારણે વિદ્યાર્થીઓએ ધોરણ ૧૧ અને ૧૨થી જ સીએ બનવાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ તેવી એક્સપર્ટ્સ જણાવી રહ્યા છે.

શહેરના અન્ય સંસ્થાઓના પરિણામની વાત કરીએ તો રવિ છાંછરિયા ઈન્સ્ટિટ્યૂટમાં ઈન્ટરમીડિયેટમાં કુલ ૮ વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા ટોપ-૫૦માં સામેલ થયા છે. જેમાં ઈન્ટરમીડિયેટમાં નૂપુર પટેલ ૬૦૦માંથી ૪૭૮ માર્ક્સ સાથે શહેરમાં ટોપર રહી છે. આ ઉપરાંત પેનોરમિક એજ્યુકેશનના ૨ વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્ક હાંસલ કર્યો છે. જેમાં ઈન્ટરમીડિયેટમાં કરિશ્મા નાહરે ૬૦૦માંથી ૪૬૮ માર્ક્સ મેળવ્યા છે. આ ઉપરાંત ફોક્સ કોચિંગ ક્લાસના ૧૦થી વધુ વિદ્યાર્થીઓએ સીએ ફાઉન્ડેશનમાં સફળ થયા છે.

**ઈન્ટરમીડિયેટમાં ઓલ ઈન્ડિયા રેન્ક**

| વિદ્યાર્થી | AIR | સિટી રેન્ક |
|---|---|---|
| નૂપુર પટેલ | ૨૧ | ૧ |
| ખુશી જોશી | ૨૮ | ૨ |
| કરિશ્મા નાહર | ૨૯ | ૩ |
| ક્રિશ જૈન | ૩૪ | ૪ |
| રિતિકા ગુપ્તા | ૩૪ | ૪ |
| લીસા રાઠી | ૩૪ | ૪ |


સીએની પરીક્ષામાં સફળતા ઉજવતા ગેપ્સ ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓ સાથે સીએ આશિષ-પ્રાપ્તિ સીમેડીયા



CA. Ashish - Prapti Simedia
[FCA, MBA, BBA, M.com, B.com]
સુમુલ ડેરી રોડ
96 8788 8788
CA - Inter. ગેપ્સ
New Batch Starting Soon
gaps
Most Reliable CA coaching brand for Guj. Med. students


### ચેટ જીપીટી કરતા સ્ટડી મટીરિયલ પર આધાર રાખો

ઈન્ટરમીડિયેટમાં ૬૦૦માંથી ૪૭૮ માર્ક્સ સાથે શહેરમાં પ્રથમ ક્રમ મેળવનારી નૂપુર પટેલે જણાવ્યું હતું કે હું હંમેશાં સ્ટડી મટીરિયલ પર વધારે ફોકસ રહેતી હતી. આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જમાનામાં વિદ્યાર્થીઓ સ્ટડી માટે પણ ચેટ જીપીટી સહિત પર આધાર રાખતા હોય છે. જોકે તેમાંથી મળતા જવાબો ભાગ્યે જ સાચા હોય છે. જેથી એઆઇના ચક્કરથી દૂર રહેવું જોઇએ. અને જાત મહેનત અને સ્ટડી મટીરિયલ પર ભરોસો રાખીને પરીક્ષાની તૈયારી કરવી જોઇએ. હું આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે જ નક્કી કરી લીધું હતું કે સીએ બનવું છે. અને ધોરણ ૧૨ કોમર્સમાં ૯૧ ટકા મેળવ્યા બાદ સીધી સીએની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ફાઉન્ડેશનમાં ૪૦૦માંથી ૩૧૩ માર્ક્સ મેળવ્યા બાદ ઈન્ટરમાં ૪૭૮ માર્ક્સ મેળવી સમગ્ર દેશમાં ૨૧મો ક્રમ મેળવ્યો છે.

આગ માટે જવાબદારને શોધવા હવે ખો-ખોની રમત

# શિવશક્તિ માર્કેટમાં કરોડોનું નુકસાન છતાં ફાયર એનઓસી આપનારને ક્લીનચીટ

## એજન્સીના નિકુંજ પડસાળાએ તમામ ડોક્યુમેન્ટ અને ફોટોગ્રાફ રજૂ કર્યા

। સુરત ।

રિંગરોડ સ્થિત કાપડ માર્કેટમાં શિવશક્તિ માર્કેટની આગ ઓલવવામાં ફાયર વિભાગને ભારે મહેનત કરવી પડી હતી. ૩૬ કલાક સુધી ચાલેલી આગમાં વેપારીઓને કરોડોનું નુકસાન થયું હતું. ફાયર વિભાગને જે રીતે મુશ્કેલીઓ નડી હતી તેને જોઈ માર્કેટને ફાયર એનઓસી આપનારી એજન્સી સામે પ્રશ્નાર્થ સર્જાયો હતો. ફાયર વિભાગે પણ એજન્સીને એનઓસી માટે રજૂ કરાયેલા તમામ ડોક્યુમેન્ટ સાથે હાજર રહેવા સૂચના આપી હતી. જે મુજબ એજન્સીનો નિકુંજ પડસાળા મંગળવારે હાજર થયો હતો અને તમામ ડોક્યુમેન્ટ તેમજ ફોટોગ્રાફ રજૂ કર્યા હતા. તે જોયા બાદ ચીફ ફાયર અધિકારીએ તેને ક્લીનચીટ આપી છે.

મનપાનાં સૂત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ ગત બુધવારે શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગ ઓલવવા માટે ફાયર વિભાગની ટીમને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ફાયર વિભાગની ગાડી મેઈન ગેટથી અંદર નહી ઘૂસતા ત્યાં તોડફોડ કરવાની નોબત આવી હતી. પાર્કિંગની જગ્યામાં પણ દુકાનો બનાવી દેવાતા જગ્યા બચી નથી. તે ઉપરાંત દુકાનોમાં પણ લાકડાના માળિયા બનાવી દેવાતા પાણીનો ફ્લો પહોંચી શક્યોન હતું. માર્કેટની બારીઓ બંધ હોવાની સાથે તેના આગળના હિસ્સામાં લોખંડની ગ્રીલ હોવાથી તમામ બારીઓ તોડવામાં સમય વેડફાયો હતો. ફાયર વિભાગની ગાઈડલાઈન મુજબ કેટલીક શરતો હોય છે જેમ કે ઘટનાસ્થળ સુધી ફાયરની ગાડીઓ સરળતાથી પહોંચી શકે અને અધિકારીઓ પ્રિમાઈસમાં સરળતાથી ઘૂસી શકે તેવી વ્યવસ્થા જરૂરી છે, પરંતુ શિવશક્તિ માર્કેટમાં તેનો અભાવ જોવા મળતા એનઓસી આપનારી એજન્સીના નિકુંજ પડસાળાએ જે ડોક્યુમેન્ટના આધારે એનઓસી આપ્યું હતું તેની સાથે હાજર રહેવા માટે જણાવાયું હતું. મંગળવારે બપોરે નિકુંજ કોઇ પણ ડોક્યુમેન્ટ વગર આવ્યો હતો. ફાયર અધિકારીએ તેની પૂછપરછ કરતા ડોક્યુમેન્ટ નહીં હોવાથી પરત મોકલી ડોક્યુમેન્ટ સાથે હાજર રહેવા જણાવ્યું હતું. સાંજે નિકુંજ તમામ ડોક્યુમેન્ટ સાથે આવ્યો હતો તેમજ મોકડ્રિલ સહિતના ફોટો પણ લઈ આવ્યો હતો. ચીફ ફાયર ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું કે નિકુંજ પડસાળાએ તમામ ડોક્યુમેન્ટ અને ફોટોગ્રાફ રજૂ કર્યા છે જે બરાબર છે અને તેના આધારે જ એનઓસી આપવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે જો ફાયર એનઓસી આપતી વખતે તમામ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું તો ઘટના માટે જવાબદાર કોણ છે તે અંગે તર્કવિતર્ક શરૂ થયા છે.

# સચિનમાં કોલેજિયન વિદ્યાર્થિનીનો બાથરૂમમાં ફાંસો ખાઈ આપઘાત

। સુરત ।

સચિન વિસ્તારમાં રહેતી કોલેજિયન વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારની એકની એક દીકરીએ મોતને વહાલું કરી લેતા શોકનું મોજું ફરી વળ્યું હતું. આપઘાત પાછળનું કારણ જાણવા માટે ભેસ્તાન પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ઉત્તરપ્રદેશ જોનપુરના વતની અને હાલ ભેસ્તાન-સચિન રોડ પર આવેલા આકાશવિલા રો-હાઉસમાં રહેતા ગુલાબસિંહ લૂમ્સના કારખાનામાં કામ કરી પત્ની અને એક પુત્રી-પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગુલાબસિંહની એકની એક પુત્રી ૧૮ વર્ષીય રિશ્તા વેસુ ખાતે આવેલી ડીઆરબી કોલેજમાં બી.કોમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. રિશ્તાએ સોમવારે સવારે ઘરના બાથરૂમમાં બારીના હૂક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પુત્રી બાથરૂમમાં નાહવા માટે ગયા બાદ કલાકો સુધી બહાર ન આવતા પરિવારને ચિંતા થઈ હતી. જેથી માતા ચેક કરવા ગઈ ત્યારે પુત્રી બાલ્કનીમાં છતના હૂક સાથે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. તાત્કાલિક તેણીને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે મરણ જાહેર કરતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. એકની એક પુત્રીએ અચાનક કયા કારણસર પગલું ભર્યું છે તે અંગે હાલ કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. સચોટ કારણ જાણવા માટે ભેસ્તાન પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# શહેરમાં એક જ દિવસમાં પરિણીતા સહિત ત્રણએ જીવન ટૂંકાવી લીધું

। સુરત ।

ડિંડોલી વિસ્તારમાં રહેતી પરિણીતાએ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઉપરાંત નવાગામમાં વૃદ્ધા અને પુણામાં યુવકે આપઘાત કરી લીધો હતો.

મૂળ બિહારના વતની અને હાલ ડિંડોલી સાંઈનગરમાં રહેતી ૨૮ વર્ષીય રાધાદેવી મુકેશભાઈ ઝા પતિ અને એક પુત્ર-પુત્રી સહિતના પરિવાર સાથે રહેતી હતી. રાધાદેવીનો પતિ માર્કેટમાં મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન રાધાદેવીએ સોમવારે સાંજે ઘરે હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પતિ સહિતના પરિવારને જાણ થતા શોકમગ્ન બન્યા હતા. ત્યારબાદ પોલીસને જાણ કરી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં મૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની અને હાલ ડિંડોલી નવાગામ સ્થિત જયેશનગરમાં રહેતા સુમનબેન સુરેશભાઈ બાગુલને સંતાનમાં બે પુત્ર તથા બે પુત્રી છે. નાના પુત્ર સાથે સુમનબેન રહેતા હતા. દરમિયાન સોમવારે બપોરે ઘરે છતના હૂક સાથે લેસપટ્ટી બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

ત્રીજી બનાવમાં પુણા વિસ્તારમાં ઉમેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા ૪૦ વર્ષીય દશરથ લાખાભાઈ ચાવડા હીરાના કરાખાનામાં કામ કરી એક પુત્ર તથા એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન દશરથે સોમવારે ઘરે ઝેરી દવા પી લીધી હતી. જે બાદ સારવાર માટે સિવિલ ખસેડ્યા હતા. જ્યાં તેમનું મંગળવારે મોત થયું હતું.

# સમગ્ર રાજ્યમાં SPCC વિષયના પેપરની ૩૧૨ ઉત્તરવહી ચકાસવા માટે ૧ શિક્ષક

। સુરત ।

ચાલુ વર્ષે ચાલી રહેલી બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૨માં સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય વ્યવહાર(SPCC) વિષયમાં રાજ્યમાં ૧.૫૨ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેની સામે પેપર ચકાસણી માટે ૪૮૬ શિક્ષકો જ નોંધાયેલા છે. જેના પગલે SPCC સેકન્ડ વિષય તરીકે રજીસ્ટ્રેશન કરાવેલા શિક્ષકોને પેપર ચકાસણીની કામગીરીમાં હાજર રહેવા આદેશ કરાયા છે.

સુરતમાં સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય વ્યવહાર(SPCC) વિષયમાં કુલ ૨૪૧૫૧ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જ્યારે રાજ્યમાં ૧,૫૨,૪૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેની સામે રાજ્યમાં આ વિષયના ૪૮૬ શિક્ષકોએ જ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેને લઈને SPCCને સેકન્ડ વિષય તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેવા શિક્ષકોને પેપર ચકાસણી માટે મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર પર હાજર રહેવા આદેશ કરવામાં આવ્યા છે. સુરતમાં પણ SPCC વિષયને સેકન્ડ વિષય તરીકે રજીસ્ટ્રેશન કરાવનારા શિક્ષકોને મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર હાજર રહેવા સુચના અપાઈ છે. સુરતમાંથી ૨૬ શિક્ષકોને ઈમેઈલ મારફતે હાજર રહેવા માટે ઓર્ડર આપવામાં આવ્યા છે. આમ મહત્વના વિષયમાં પણ પેપર ચકાસણી માટે શિક્ષણ બોર્ડને શિક્ષકો ન મળતા અન્ય વિષયના પ્રાથમિક શિક્ષકોને હાજર રહેવા માટે આદેશ કરાયા છે.

# ભાઈને મળવા આવેલો ઓરિસ્સાવાસી યુવક ગાંજો લેતો આવ્યો

। સુરત ।

ઓલપાડ રહેતા ભાઈને મળવા આવેલો યુવક ઓરિસ્સાથી ગાંજા માફિયાઓના ઈશારે રોકડી કરવાના ઈરાદે છ કિલો ગાંજો પોતાની સાથે લઈ આવ્યો હતો. ડીલર ક્યુઆર કોડથી પેમેન્ટ કરવાનો હોઈ ચાર દિવસથી રાહ જોતા આ યુવક પાસે ડીલર પહેલાં જ પોલીસ પહોંચી ગઈ હતી.

વરાછા પોલીસની ટીમે અશોકનગર રેલવે પટરી પાસે સોમવારે વોચ ગોઠવી હતી. ૬૪ હજારની કિંમતના છ કિલો ૪૨૪ ગ્રામ ગાંજા સાથે બિક્રમા પૃથ્વી સ્વાઈન (રહે. લાઠીપાડાગામ, ગંજામ, ઓરિસ્સા)ને ઝડપી લીધો હતો. આ યુવકની પૂછપરછમાં ઓલપાડની શિવાંજલી રેસી.,માં રહેતા તેના ભાઈને મળવા ચાર દિવસ પહેલાં જ વતનથી આવ્યો હતો. તે સુરત આવવા નીકળ્યો ત્યારે તેને ગાંજાનો વિક્રેતા બિમલ ઉર્ફે શાનો સ્વાઈન મળ્યો હતો. તેણે આ ગાંજો સુરતમાં ગુડ્ડુને પહોંચાડવા કહેતાં તે લઈ આવ્યો હતો.





| GTPL | TATA PLAY | DISH TV | AIRTEL TV | VIDEOCON D2H | SITI | DEN RAJKOT |
|---|---|---|---|---|---|---|
| 268 | 1722 | 1296 | 586 | 1645 | 506 | 586 |

| DEN VADODARA | DL SURAT | JIO FIBER | NXT DIGITAL | IN DIGITAL SURAT | IN DIGITAL RAJKOT | IN DIGITAL VADODARA |
|---|---|---|---|---|---|---|
| 565 | 226 | 1722 | 273 | 582 | 576 | 575 |


૩૩ હજારના પગારદાર કેયૂર ગરાસિયાએ ૮ હજારની લાંચ માગી

# મહુવા ગોપલાનો તલાટી લાંચ લેતાં પકડાયો

। સુરત-બારડોલી ।

મહુવા તાલુકામાં ગોપલા ગ્રામ પંચાયતની કચેરીનો તલાટી કેયૂર ગરાસિયા કચેરીમાં જ ૮ હજારની લાંચ લેતા એસીબીના છટકામાં પકડાઇ ગયો હતો. પ્રધાનમંત્રી જનમન આવાસ યોજનાના મકાન બાંધકામનાં નાણાં મેળવવાના ફોર્મમાં સહી કરવા ૩૩ હજારના પગારદાર તલાટીએ ૧૦ હજારની લાંચ માંગી હતી.



મળતી વિગતો પ્રમાણે મહુવાના ફૂલવાડી ખાતે રહેતા કેયૂરભાઈ રમેશભાઈ ગરાસિયા (ઉ. વ. ૩૦) મહુવા તાલુકામાં દેડવાસણ ગ્રામ પંચાયત કચેરી અને ગોપલા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી છે. ગોપલાની એક વ્યક્તિએ પ્રધાનમંત્રી જનમન આવાસ યોજના અંતર્ગત મંજૂર થયેલા મકાનનું બાંધકામ કર્યુ હતું. જે કામના નાણાં મેળવવા નિયમોનુસાર જરૂરી દસ્તાવેજો સાથે લાભાર્થીના ફોર્મ ભરી નાણાં મંજૂર કરવા બિલ મૂક્યા હતા. જે ફોર્મમાં સહી કરવાના અવેજ પેટે તલાટી ગરાસીયાએ રૂપિયા ૧૦ હજારની લાંચ માંગી હતી.

લાભાર્થી લાંચના નાણાં આપવા માંગતા ન હોય એન્ટિ-કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ કરી દીધી હતી. જેથી એસીબીના મદદનીશ નિયામક આર.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ નવસારીના પીઆઈ બી. ડી.રાઠવાએ ટ્રેપ ગોઠવી હતી. ગોપલા ગ્રામ પંચાયતની કચેરીમાં જ છટકું ગોઠવાયું હતું. તલાટી ગરાસિયા રૂ. ૮ હજારમાં સહી કરવા સંમત થયા હતા. આખરે ગ્રા.પં. કચેરીના પગથિયા પર લાંચના રૂપિયા ૮ હજાર લેવા આવેલા ગરાસિયાને એસીબીની ટીમે રંગેહાથ પકડી પાડ્યા હતા. તલાટી કેયૂર ગરાસિયા સામે ગુનો નોંધી એસીબીએ ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૧૭માં નોકરીએ જોડાયેલા વર્ગ-૩ કર્મચારી ગરાસિયા હાલ ૩૩ હજાર રૂપિયાનો પગાર ધરાવે છે. એસીબીની ટીમે ફૂલવાડી સ્થિત તેના ઘરે પણ સર્ચ ઓપરેશન કર્યુ છે. એસીબીએ વધુ તપાસ આદરી છે.

**માહે રમઝાન**

| ચાંદ : ૪ | તા. ૦૫-૩-૨૦૨૫ | |
|---|---|---|
| વક્તે ઇફતાર | તા. ૫-૩-૨૦૨૫ બુધવાર | સાંજે ૦૬-૪૯ |
| વક્તે સેહરી | તા. ૬-૩-૨૦૨૫ ગુરૂવાર | સવારે ૦૫-૩૨ |

NECC તા.૦૫/૦૩/૨૦૨૫ ને.એ.કો.ક.દ્વારા સૂચવેલ ઈંડાનો જથ્થાબંધ ભાવ સુરત ઝોન રૂા.૪૭૦/-


RCI RAVI CHHAWCHHARIA's INSTITUTE

CA Intermediate January 2025 Results

Our 8 Students in India Top 50 Ranks

1st in Surat AIR 21 Nupur Patel
2nd in Surat AIR 28 Khushi Joshi
AIR 34 Krrish Jain
AIR 34 Ritika Gupta
AIR 37 Jeet Magavani
AIR 37 Kirti Sand
AIR 46 Vicky Patel
AIR 47 Yug Gundaraniya

4 times 1st in Surat in last 4 CA Intermediate exams!

CA Foundation January 2025 Results

Highest no. of students scoring 300+ in Surat | Highest Passouts in CA Foundation

| | | | | | |
|---|---|---|---|---|---|
| Chandrasekaran | 338 | Devanshu Soni | 315 | Parvin Joshi | 299 |
| Prakshal Jain | 334 | Chandan Kumawat | 307 | Bhavik Rohila | 297 |
| Anshuman Dalabhra | 318 | Musif Shaikh | 304 | Maiez Chhowala | 296 |
| Harsha Patil | 317 | Sameer Memon | 304 | Nidhi Hingu | 294 |

Setting Benchmarks, Imparting meaningful CA Education !!

Regent Arcade, GHOD DOD ROAD | Galloping Corridor, VESU | 9898202702


Published by Dhaval Pandya for the owner The Sandesh Limited & Printed by him at Satyesh Bhavan, Dakoriya Mill Compound, Near Gurudev Petrol Pump, Khatodara GIDC, Bamroli Road, Surat (Gujarat) Phone : 4089000, Editorial Fax : 4089022
Editor : Mr. Krishnkant Unadkat - Responsible for selection of news under PRB Act. Sandesh (Estd 1923) RNI Reg No.: 48484/1989 Vol: 36, No: 181

# વેડરોડના બિલ્ડરને આરટીઆઈના નામે ધમકાવી ૫ હજારથી ૨૦ હજાર પડાવ્યા

## તોડનો અધિકાર : વધુ ચાર ખંડણીખોરોનું પાપ છાપરે ચઢ્યું

સુરત : પંડોળ ઈન્ડસ્ટ્રીમાં બાંધકામ કરનાર બિલ્ડર વિરુદ્ધ આર.ટી.આઈ. કરી તેનું બાંધકામ ગેરકાયદે હોવાનું અને તે મનપામાં અરજી કરી તોડાવી નાંખવાની ધમકી આપી ચાર અલગ શખ્સોએ નાણાં પડાવી લીધાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ હતી. કથિત એક્ટિવિસ્ટ અને યૂ-ટ્યૂબર તથા અખબારની ઓળખ આપી બ્લેકમેઈલિંગ કરતી ટોળકી વિરુદ્ધ ખુદ ધારાસભ્યે ફરિયાદ કરવાની નોબત આવી હતી. ધારાસભ્યની રજૂઆતને પગલે પોલીસ દ્વારા માહિતીના અધિકારની આડમાં તોડ કરતા તત્ત્વો પર કાર્યવાહીનો કોરડો વીંઝવો શરૂ કર્યો છે. વેડ રોડના બિલ્ડરને તો એક બે નહિ ચાર શખ્સો બ્લેકમેઈલ કરી નાણાં પડાવી ગયા હતા. રાજેશ અવસર જાખણીયા (રહે. તપોવન સોસા., ડભોલી)એ પંડોળ ઈન્ડસ્ટ્રીઝમાં પ્લોટ નંબર ૭૯, ૮૦, ૮૧માં બાંધકામ હાથ ધર્યું હતું ત્યારે તેમની પાસે ઓગસ્ટ-૨૪માં ભરત ગોવિંદ શિંદે (રહે. ત્રિશલાદર્શન એપા., અમરોલી) આવ્યો હતો. મનપામાં અરજી કરી બાંધકામ તોડી નાંખવાનું તથા સોશિયલ મીડિયા અને અખબારોમાં પ્રકાશિત કરી બદનામ કરવાની ધમકી આપી ૨૦ હજાર પડાવી ગયો હતો.

### ભરત શિંદે ચોથું પાસ, ત્રણ વખત પાસામાં પણ જઇ આવ્યો

ચોકબજાર પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવાની સાથે ૨૦ હજાર પડાવી ગયેલા ભરત શિંદેને ઇન્સ્પેક્ટર એન.જી. ચૌધરીએ ઝડપી લીધો હતો. આરોપીએ બિલ્ડર પાસેથી ખંડણી વસૂલવા માટે આર.ટી.આઇ.ની સાથે ગળા પર ચપ્પુ મુકાવી ગુંડાગીરી પણ કરી હતી. ધરપકડ કરાયેલો શિંદે પહેલાં લૂંટ, નકલી અધિકારી બની ખંડણી વસૂલવાથી લઇ દારૂ સહિતના છ ગુનામાં ઝડપાઇ ચૂક્યો છે. ત્રણ વખત પાસામાં પણ જઇ આવ્યો છે. સૌથી મહત્ત્વની વાત એ હતી કે આરોપી માત્ર ચોથું ભણ્યો હોવા છતાં આર.ટી.આઇ.નો દુરુપયોગ જાણતો હતો.

### દર બીજા મહિને નવો વ્યક્તિ તોડ કરતો

ઓગસ્ટમાં ભરત શિંદે ૨૦ હજારનો તોડ કરી ગયા બાદ સપ્ટેમ્બરમાં અનિલ શુક્લા આવ્યો હતો. આ શખ્સ પહેલાં પાલિકાની ઓફિસમાં મળ્યો હતો. બાદમાં સાઇટ પર પહોંચી ગયો હતો. ફોટો પાડી વાયરલ કરવાની અને મનપામાં અરજી કરી તોડાવી નાંખવાની ધમકી આપી અનિલ શુક્લા પણ ૧૫ હજાર પડાવી ગયો હતો. ઓક્ટોબરમાં કપિલ પરમારે આ જ મોડસ ઓપરેન્ડીથી ૧૦ હજાર પડાવ્યા હતા. આ ત્રણથી છુટકારો મેળવીને થાકેલા બિલ્ડર પાસે નવેમ્બર મહિનામાં ગિરીશ શુક્લા આવ્યો હતો. આ શખ્સ પણ પાંચ હજારની ખંડણી વસૂલવામાં સફળ રહ્યો હતો.

# રેલવે સ્ટેશને ૧૦૦ રૂપિયા અને મોબાઈલની લૂંટ કરનાર આરોપીને ૩ વર્ષની કેદની સજા

સુરત : તા. ૦૭-૦૩-૨૦૨૪ના રોજ સુનિલ મુન્નારામ બાથમ સાંજે ચાર વાગ્યાના અરસામાં સુરત રેલવે સ્ટેશન ઉપર ફરિયાદી તથા તેમના કાકાનો દિકરાને ટ્રેનમાં બેસાડવા માટે આવ્યો ત્યારે પ્લેટફોર્મ નં.૧ ઉત્રાણના છેડા પાસે મુળ મહારાષ્ટ્ર ધુલિયાના શિરપુર તાલુકાના વતની અને સુરતમાં ડિંડોલી નવાગામ પાસે કેશ્વાનગરમાં રહેતો વિજય પ્રકાશ પાટીલએ ફરિયાદીને માર મારીને તેના ખિસ્સામાંથી ફોનની લૂંટ તેમજ રોકડા કાઢી લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ફરિયાદીએ જ તેને પકડી પાડતા આ વિજયે ફરિયાદીને ચપ્પુના ઘા ઝીંકી હુમલો કર્યો હતો. રેલવે પોલીસે આ વિજયની સામે લૂંટનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી અને સુરત રેલવે કોર્ટમાં રજૂ કર્યો હતો. આ કેસ ચાલી જતાં સરકારી વકીલ માર્ટીન પરમારે દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપી વિજય પાટીલને ત્રણ વર્ષ કેદની સજાનો હુકમ કર્યો હતો. કોર્ટે પોતાના ચૂકાદામાં નોંધ્યું હતું કે, આરોપી સામે લૂંટનો ગુનો છે અને આ ગુનો સમાજ ઉપર અસર કરે તેવો છે. જો આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો પણ સમાજમાં ખોટો મેસેજ જશે તેમ ટાંકીને સજા કરવામાં આવી હતી.

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
TODAY'S 22KT GOLD RATE 75950/- Per 10 Gms
TODAY'S 18KT GOLD RATE 65550/- Per 10 Gms
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT US : +91 95109 70230

"તથાસ્તુ રીટાયરમેન્ટ હોમ"
અડાજણમાં ટુંક સમયમાં શરૂ થનાર અત્યંત આધુનિક વડીલો માટેનું સ્વર્ગ મુલાકાત માટે અવશ્ય સંપર્ક કરો.
6359052111/6359012111

Entrepreneurship Development Institute of India Ahmedabad
Ministry of MSME, Govt. of India
1-week Residential Advanced Entrepreneurship and Skill Development Programme (ESDP)
under the ESDP scheme, Ministry of Micro, Small and Medium Enterprises, GoI
ROBOTICS AND AUTOMATION
17 - 21 March, 2025
at EDII Campus, Ahmedabad
20 seats First Come, First Served
No Participation Fee
• MSMEs/start-ups with Udyog Aadhaar/ Udyam Registration (UAM), can apply.
• Eligibility : Graduation in any discipline.
• Registration link: https://forms.gle/owegKL9J7JCGG8iu6
For more information, contact: • Mr. Gunjal Amin, Asst. Manager +91 91 73592 11980, 7984114539, secsp-a@ediindia.org • Mr. Gopal Kr. Roy, Asst. Faculty - gopal@ediindia.org • Dr. Rajeev Sharma, - Associate Professor - rajeev@ediindia.org
www.ediindia.org

Skill India | MINISTRY OF SKILL DEVELOPMENT & ENTREPRENEURSHIP GOVERNMENT OF INDIA | PMKVY 4.0 | N·S·D·C | ATDC APPAREL TRAINING & DESIGN CENTRE
PMKVY ૪.૦ હેઠળ મફત પ્રવેશ માટેની જાહેરાત નોટિસ
એપેરલ ટ્રેનિંગ એન્ડ ડિઝાઈન સેન્ટર (ATDC) ખાતે PMKVY ૪.૦ હેઠળ નીચેના મફત અભ્યાસક્રમો માટે અરજીઓ મંગાવવામાં આવી છે :

| કોર્સનું નામ | લાયકાત | બેઠકો |
|---|---|---|
| ફેશન ડિઝાઈનર (FD) ૫૭૦ કલાક | • ડિપ્લોમા અથવા સમકક્ષ, સંબંધિત અનુભવ સાથે ૧-વર્ષ અથવા • ૧૨મું ધોરણ પાસ, ૩-વર્ષ સંબંધિત અનુભવ અથવા • ૧૦મા પછી ૩-વર્ષનો ડિપ્લોમા પૂર્ણ કર્યો, સંબંધિત અનુભવ સાથે ૧.૫-વર્ષ અથવા • NSQF લેવલ ૪ ની અગાઉની સંબંધિત લાયકાત, ૩-વર્ષનો સંબંધિત અનુભવ | ૬૦ |

પાત્રતા માપદંડ :
• PMKVY4.0 ની માર્ગદર્શિકા મુજબ, ૨૦ થી ૪૫ વર્ષ સુધીની ઉંમર, આધાર સાથે જોડાયેલ મોબાઈલ નંબર કોઈપણ સંસ્થામાં સરકારી કોર્ષમાં અગાઉ કોઈપણ તાલીમ મેળવેલ નથી.
નોંધ : પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે રહેશે અને કોઈપણ સૂચના આપ્યા વિના પ્રવેશ પ્રક્રિયા માટે ATDC નો નિર્ણય આખરી રહેશે.
પ્રવેશ અને વધુ વિગતો માટે સંપર્ક કરો :
ATDC-SURAT-૦૨૬૧-૨૪૦૨૪૬૬, ૯૭૭૩૦૪૬૨૬૮, ૯૭૨૪૫૭૨૫૨૩
ATDC -જહાંગીરપુરા-૦૨૬૧-૨૭૬૩૧૩૧/૯૧૭૩૫૧૨૫૬૩/૭૭૭૭૯૦૦૫૭૭

ભારતની સૌથી અદ્યતન ટાંકી, 10 સ્તરના રક્ષણ સાથે
VECTUS®
ટાંકી મતલબ વૈક્ટસ!


વૈક્ટસ ગ્રુપ બ્રાન્ડ્સ Ganga waterwell
વોટ્સએપ પર માહિતી માટે QR કોડ સ્કેન કરો
10 સ્તરની સુરક્ષા | 10 ગણી મજબૂત | 10 વર્ષોની ગેરન્ટી
ટોલ ફ્રી નં: 1800 202 6666 | વ્હોટ્સએપ: 8800097939

sunherisoch.com
Muthoot Finance
Sunheri Soch Season 3 'ગર્વનું પર્વ'
લાઈફમાં આગળ વધવાની સાચી કહાની
સાંભળો દર સપ્તાહે માધુરીની જુબાની
ON AIR Radio City MIRCHI
પ્રસ્તુત છે જીવનના એ પ્રેરણાદાયક સાચા કિસ્સાઓ કે જેમાં ખ્યાલ આવશે આપણા એ ગ્રાહકોનો જેમણે મુથૂટ ફાયનાન્સ ગોલ્ડ લોન સાથે તેમની સફળતા કંડારી છે અને સપના કર્યા છે સાકાર.
સોમવારથી શનિવાર સવારે 9.00 વાગ્યે
• 24મી ફેબ્રુઆરી 2025થી શરૂ થઈને દર સોમવારે એક ન્યૂ કસ્ટમર ટેસ્ટીમોનીયલ
• 64 રેડિયો સ્ટેશનો* પર, 100થી વધુ આરજેના સહયોગ થી
• પુનઃ પ્રસારણ દર મંગળવારથી રવિવાર, દર અઠવાડિયે
INDIA'S #1 MOST TRUSTED FINANCIAL SERVICES BRAND#

સ્કેન કરો અને સુનહરી સોચ એંથમ નો આનંદ માણો
ગોલ્ડ લોન માટે
1800 313 1212
muthootfinance.com
#TRA's Brand Trust Report 2024.
Muthoot Family - 800 years of Business Legacy

GSEM | DST Department of Science & Technology Government of Gujarat | MINISTRY OF ELECTRONICS AND INFORMATION TECHNOLOGY GOVERNMENT OF INDIA | Government of Gujarat | इंडिया सेमीकंडक्टर मिशन India Semiconductor Mission | semi | IESA
માનનીય વડાપ્રધાનશ્રીના સેમીકોન વિઝનથી પ્રેરિત
Gujarat semiConnect Conference 2025
Silicon Gujarat : Powering India's Semiconductor Revolution

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન
ઉદ્‌ઘાટન પ્રવચન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
સ્થાનિકથી વૈશ્વિક મૂલ્ય શૃંખલાનું નિર્માણ
IESA VISION SUMMIT
૫ ૬ ૭ માર્ચ, ૨૦૨૫
મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત
ISPEC
1500+ Delegates | 250+ Exhibitors | 50+ Keynote Addresses | 6 Country Specific Roundtable | 160+ Foreign Delegates | 7 Panel Discussions | Important Announcements

## મેયર, ચેરમેન, ડેપ્યુટી કમિશનરે પીએમના રૂટનું નિરીક્ષણ કર્યું

# વડાપ્રધાન મોદી શુક્ર-શનિવારે સુરતમાં ૨૭ કિલોમીટરના રૂટ પર ગાડીમાં ફરશે

### શુક્રવારે નીલગીરી મેદાનમાં કાર્યક્રમ, શનિવારે સવારે નવસારી જશે

| સુરત |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સુરત આવવાના હોય સરકારી તંત્ર સાબદું થઈ ગયું છે. બીજી બાજુ પોલીસ, પાલિકા અને કલેક્ટર તંત્રના ઉપરી અધિકારીઓ આયોજન સંદર્ભે સમીક્ષા સાથે સ્થળ નિરીક્ષણ, રૂટની ચકાસણીમાં વ્યસ્ત છે. દરમિયાન શુક્રવારે સાંજે અને શનિવારે સવારે મળીને ૨૭ કિલોમીટરના રૂટ પર વડાપ્રધાન ગાડીમાં ફરશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. શુક્રવારે સાંજે ૪ વાગ્યે લિંબાયત નીલગીરી ગ્રાઉન્ડ ખાતે લાભાર્થીઓ માટેનો કાર્યક્રમ રહેશે અને શનિવારે સવારે નવસારીના કાર્યક્રમ માટે રવાના થશે. તે પૂર્વે મંગળવારે પાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓએ પીએમના રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

લિંબાયતના નીલગીરી ગ્રાઉન્ડ ખાતે ૭ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧ લાખથી વધુ લાભાર્થીઓને નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ આવરી લેવાની સાથે વિશાળ જનસભાને સંબોધિત કરાશે. જાહેર સભા પૂર્વે વડાપ્રધાનનો ત્રણ કિલોમીટરનો રોડ-શો પણ યોજાવાનો હોય રસ્તાઓથી માંડીને ડિવાઈડર, લાઈટોથી માંડી તમામ સ્તરે બ્યૂટીફિકેશનની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. દરમિયાન મંગળવારે સવારે મેયર દક્ષેશ માવાણી, ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્ર પાટિલ, સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલ, ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ સહિતના પાલિકાના પદાધિકારી, અધિકારીઓ દ્વારા રૂટ પર સ્થળ નિરીક્ષણ કરાયું હતું. કાર્યક્રમ અંગે મળેલી ઔપચારિક માહિતી મુજબ, સાંજે ૪થી ૬ વાગ્યા સુધીનો લિંબાયત નીલગીરી ગ્રાઉન્ડ ખાતેનો કાર્યક્રમ રહેશે. તેમાં પહેલા રાજ્યના પુરવઠા મંત્રી, બાદમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલ અને ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંબોધન કરશે.

#### હેલીપેડથી મેદાન, મેદાનથી સર્કિટ હાઉસ

વડાપ્રધાન શુક્રવારે સાંજે ૧૩ કિલોમીટર ગાડીમાં ફરશે અને શનિવારે સવારે ૧૪ કિલોમીટરનો રૂટ ગાડીમાં કાપી એરપોર્ટથી નવસારી રવાના થશે. રૂટ ચકાસણી સાથે જ મળેલી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે સુરત એરપોર્ટ આવ્યા બાદ હેલિકોપ્ટર મારફતે સેલવાસા જશે. સાંજે સેલવાસાથી હેલિકોપ્ટર મારફતે સુરતમાં પરવત પાટિયા સ્થિત હેલીપેડ પહોંચશે. ત્યાંથી નીલગીરી ગ્રાઉન્ડ સુધીનો ૩ કિલોમીટરનો રોડ-શો કરશે. જાહેર કાર્યક્રમ પૂરો થયેથી ૧૦ કિલોમીટરનું અંતર કાપી અઠવાલાઇન્સ સ્થિત સર્કિટ હાઉસ પહોંચશે. અહીં રાત્રી રોકાણ બાદ ૧૪ કિલોમીટરનું અંતર કાપી એરપોર્ટ પહોંચશે. ત્યાંથી નવસારી કાર્યક્રમ માટે રવાના થશે.

# સુરતમાં વડાપ્રધાનનો કાર્યક્રમ : બહારથી ૩૦૦૦થી વધુ પોલીસ ફોર્સને બોલાવાઇ

### બંદોબસ્તમાં બહારના ૫૦૦ અધિકારીઓ અને SRPની ૪ ટુકડી

| સુરત |

આગામી ૭ અને ૮ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતના મહેમાન બનવાના છે. અન્ય સરકારી તંત્રોની માફક પોલીસ તંત્ર પણ પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈ સતત દોડધામ કરી રહ્યું છે. કમિશ્નરે પીએમના રૂટ પર ચૂસ્ત બંદોબસ્ત તૈનાત કરવા સાથે અન્ય શહેર-જિલ્લાની ૩૦૦૦થી વધુ પોલીસ ફોર્સ પર બંદોસ્તમાં ખડેપગે રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરત કાર્યક્રમને પગલે સરકારી તંત્રોમાં સળવાળટ જોવા મળી રહ્યો છે. કાર્યક્રમના આયોજન, રોડ શો રૂટ, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ મામલે તંત્ર ખૂબ તકેદારી રાખી રહ્યું છે. રાજ્યના પોલીસ વડાએ પણ કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ તંત્રોની તૈયારીઓ અંગે માહિતી મેળવી હતી. બીજી તરફ શહેર પોલીસ કમિશ્નરે પણ વડાપ્રધાનના રૂટ પર લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો છે. શહેરની ૫૦૦૦થી વધુ પોલીસ તો તૈનાત રહેશે પણ અન્ય શહેર-જિલ્લાની ૩૦૦૦થી વધુ પોલીસ ફોર્સ પણ સુરતમાં આવી બંદોબસ્તમાં ખડેપગે રહેશે. જેમાં ૫૦૦ તો આઈપીએસથી લઈ પીએસઆઈ સુધીના અધિકારીઓનો સમાવેશ થાય છે. પોલીસ કર્મીઓ-હોમગાર્ડ સોમવારથી જ સુરત હાજર થઈ ગયા છે. સાથોસાથ એસઆરપીની ૪ ટૂકડી પણ બંદોબસ્તમાં સતર્ક રહેશે.

#### શહેરી વિસ્તાર નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર : કમિ.નું જાહેરનામું

વડાપ્રધાન સહિતના મહાનુભાવોની સુરક્ષા તેમજ કાયદો વ્યવસ્થાની સ્થિતિને ક્ષતિ ન પહોંચે તે હેતુથી પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડી સુરતના શહેરી વિસ્તારને નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર કર્યો છે. આ વિસ્તારમાં રિમોટ કંટ્રોલથી ચલાવવામા આવતા ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર, પેરા ગ્લાઇડર, પેરા મોટર, હોટ એર બલૂન તથા પેરા જમ્પિંગ ચલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. પોલીસ વિભાગ અને સુરક્ષાબળોનાઉપરોક્ત સંસાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાનેપાત્ર થશે.

# આજની જિલ્લા પંચાયતની કારોબારીમાં જિલ્લા વિકાસ અધિકારી બજેટ રજૂ કરશે

| સુરત |

આવતીકાલે બુધવારે જિલ્લા પંચાયતની કારોબારીની બેઠક મળશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયેલ બજેટ રજૂ કરશે. આ બજેટને આગામી દિવસમાં મળનારી સામાન્ય સભામાં બહાલી આપવામાં આવશે. બીજી તરફ બજેટ પહેલા મળનારી અંતિમ કારોબારીમાં ગત બજેટના વિકાલને લગતાં બાકી કામોને ગ્રીન સિંગ્નલ આપવામાં આવશે.

પાંચમી માર્ચના રોજ બપોરે ૧ વાગ્યે કારોબારીની બેઠક મળશે. આ બેઠકમાં અલગ અલગ ૪૭ કામોને બહાલી આપવામાં આવશે. આ સાથે જ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતાં કામોને પણ ગ્રીન સિંગ્નલ આપવામાં આવશે. જોકે, આવતીકાલે મળનારી કારોબારીની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયેલ બજેટ રજૂ કરશે. ગતવર્ષ કરતાં બજેટમાં કઈ કઈ જોગવાઈ કરવામાં આવી છે. તેમજ વિકાસને લગતાં કયા કયા કામોને પ્રાધ્યનતા આપવામાં આવી છે તે અંગે વિસ્તૃતમાં ચર્ચા કરાશે. આ બેઠક બાદ આગામી દિવસોમાં મળનારી સામાન્ય સભામાં બજેટને બહાલી આપવામાં આવશે.

સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતના બાકી વેરાની વસૂલાત માટે જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે ઝૂંબેશ હાથ ધરી હતી. જે અંતર્ગત શનિવાર અને રવિવારની રજાના દિવસોમાં પણ પંચાયત ઓફિસ કાર્યરત રાખી વેરા વસૂલાત થઈ હતી. દરમિયાન અત્યાર સુધીમાં ૩૧ ગ્રામ પંચાયતોમાં ૧૦૦ ટકા વેરા વસૂલાત થઈ ચૂકી છે. જ્યારે ૧૪૫ ગ્રામ પંચાયતોમાં વેરા વસૂલાત ૮૦ ટકા ઉપર થઈ ગઈ છે. બાકીના ગામોમાં પણ વેરા વસૂલાતની ઝૂંબેશ કાર્યરત છે. વધુને વધુ વેરા વસૂલાત થાય તે માટે માર્ચના અંત સુધી ઝૂંબેશ શરૂ રહેશે.

# સચિન નજીક ખેતરમાં ખાડી કિનારેથી ગૌવંશના માંસનો જથ્થો મળતાં અરેરાટી

### સામરોદ ગામે ખેતર પાસે ૨૦ કિલો ગૌવંશનું માંસ મૂકીને અજાણ્યા નાસી છૂટ્યા

| સુરત |

સચિન વિસ્તારના સામરોદ ગામે ખેતરમાં ખાડી કાંઠેથી ગૌવંશના માંસનો જથ્થો મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. લોકલાગણી ભડકાવવાના હેતુથી આ કૃત્ય કરાયું હોવાની શકયતાના આધારે પોલીસ તપાસ કરી રહી છે. હાલ સચિન પોલીસ મથકમાં ગૌપ્રેમીએ અજાણ્યા વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે. અવાવરાં સ્થળ પર આવી પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલી રહી હોવાની પણ શકયતા પોલીસ ચકાસી રહી છે.

સચિન પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ સામરોદ ગામે પાણીની ટાંકી સામેના ખેતરમાંથી પસાર થતી ખાડી કિનારે સાંજે ગાય કે ગૌવંશની હત્યા કરી માંસનો જથ્થો ફેંકી દેવાયેલી હાલતમાં મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ જથ્થો સગેવેગ કરવા કે પછી લોકલાગણીને ભડકાવવા કાવતરારૂપે અહીં ફેંકાયો હતો હતો એ હાલ પોલીસ તપાસનો વિષય છે. અજાણ્યાઓ અહીં અંદાજે વીસેક કિલો માંસના ટુકડા તેમજ એક લાકડાનો ગોળ બનાવેલ ટુકડો મુકીને ભાગી છુટ્યા હતા. ગૌવંશની હત્યા થયાની જાણ થતાં ગૌપ્રેમીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. બનાવ અંગે ગૌપ્રેમી જમીન દલાલ સત્યપ્રકાશ યાદવે (રહે, શિવશકિત કોમ્પલેક્ષ પારડી કણદે) પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે સીસી ટીવી કેમેરાના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

#### લાંબા સમયથી ગૌવંશ કપાતું હોવાની શક્યતા

સામરોદ ગામે ગૌવંશની હત્યાના બનાવમાં પોલીસે ઘટના સ્થળેથી લાકડાનો મોટો ટુકડો કબજે કર્યો છે. જેનો ઉપયોગ ગૌવંશની હત્યા બાદ માસ નાના ટુકવા કરવા ઉપયોગ કરાતો હોય છે. ખેતરમાં જે રીતે આ લાકડાનો મોટો ટુકડો મુકાયેલો હતો એ જોતાં આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે અહીં લાંબા સમયથી આ ધૃણાસ્પદ કૃત્યને અંજામ અપાઈ રહ્યો હશે. પોલીસ હવે આ તત્વોની તલાશમાં જોડાઈ ગઈ છે.

# ગોડાદરાની પરિણીતાની પતિ, જેઠ, કાકા-ફુવા સસરા વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ

### પ્રેમલગ્ન કરનાર મુંબઈની યુવતીએ નાલાસોપારામાં ફરિયાદ નોંધાવી

| સુરત |

પ્રેમલગ્ન કરનાર ગોડાદરાના યુવક, જેઠ, કાકા સસરા અને ફુવા સસરાએ ગેંગરેપ કર્યાની ચકચારી ફરિયાદ મુંબઈની યુવતીએ નોંધાવી હતી. મુંબઈનાં નાલાસોપારા પોલીસે ગુનો નોંધી ફરિયાદ સુરતના ગોડાદરા પોલીસ મથકે મોકલતાં પોલીસે પ્રાથમિક તપાસ આરંભી છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાનાં વતની અને ગોડાદરા વિસ્તારમાં રહેતાં યુવકે ગત વર્ષનાં મધ્યમાં પાલી જિલ્લાની જ વતની અને હાલ મુંબઈમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પ્રેમલગ્ન દરમ્યાન યુવતી ગોડાદરામાં પતિ સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી ત્યારે ૧૫મી સપ્ટેમ્બરની રાત્રે દસ વાગ્યે જમ્યા બાદ ઠંડુ પીણું પીતાની સાથે જ ચક્કર આવવા શરૂ થયા હતા. માથું ભારે થવાની સાથે જ બેભાન જેવી અવસ્થામાં પહોંચી હતી તે વખતે પતિ, જેઠ, કાકા સસરા અને ફોઈ સસરાએ તેની પર ગેંગરેપ કર્યો હતો. ભાનમાં આવતાં પરિણીતાને આ ચારેયે ફરિયાદ નહિ કરવા માટે ધમકાવી હતી. પિયર ગયા બાદ યુવતીએ મુંબઈના નાલાસોપારા પોલીસ મથકે પહોંચી હતી. પોતાની સાથે થયેલી બળાત્કારની ફરિયાદ નાલાસોપારા પોલીસ મથકે ઝીરો નંબરથી લખાવી હતી. મુંબઈ પોલીસે યુવતીના આક્ષેપ સાથેની ફરિયાદ નોંધી સુરતના ગોડાદરા પોલીસ મથકે મોકલી હતી. ગોડાદરા પોલીસે હાલ ગુનો નોંધવાની સાથે તેમાં કેટલું તથ્ય છે તેને લઈ ઈન્સપેક્ટર એચ.એસ. આચાર્યએ વિગતવાર તપાસ હાથ ધરી છે.

#### પ્રેમલગ્ન કરીને ભાગ્યા ત્યારે યુવતીના પિતાએ ફરિયાદ કરી હતી

યુવક અને યુવતી બંને રાજસ્થાનના એક જ જિલ્લાનાં છે. બંને એક વર્ષ પૂર્વે વતનમાં પ્રસંગમાં ભેગા થતાં બંને વચ્ચે આંખ મળી ગઇ હતી. થોડાંક સમય બાદ બંનેએ લગ્ન કરવાનું નક્કિ કર્યું હતું અને ભાગી ગયા હતા. યુવતી મુંબઇથી ભાગી જતાં યુવતીના પિતા નારાજ થયા હતા અને પુત્રીનાં ગુમ થવા અંગે ફરિયાદ પણ નોંધાવી હતી.

#### લગ્નના ત્રણ મહિના બાદ યુવક પિયર મૂકી આવ્યો અને યુવતીએ ગેંગરેપનો ગુનો નોંધાવ્યો

યુવતી ભાગીને સુરતના ગોડાદરા વિસ્તારમાં એક યુવક સાથે લગ્ન કરીને રહેતી હતી. યુવતીના પરિજનોને આ સંબંધ કોઇ કાળે મંજૂર ન હતો. યુવક અને યુવતી છુપાઇને રહેતાં હતા. જોકે છેલ્લાં કેટલાંક સમયથી યુવતીની તેના પરિજનો સાથે વાત થતી હતી. ત્રણ મહિના સુધી સુરતમાં રહ્યા બાદ યુવતીના પરિજનો માની ગયા હોવાનું અને તેના પરિજનો બંનેને અપનાવવા તૈયાર હોવાનાં ભરોસા બાદ યુવક તેને સપ્ટેમ્બર મહિનામાં મુંબઇ મૂકવા ગયો હતો. યુવતી બાદમાં સુરત આવી ન હતી. જોકે યુવક સુરત આવ્યા બાદ યુવતીએ ગેંગરેપની ફરિયાદ નોંધાવ્યાની વાતે સમાજમાં પણ ભારે ઉહાપોહ મચ્યો છે. પતિ, જેઠ, કાકા સસરા અને ફુવા સસરા ગેંગરેપ કરે તે વાતે પોલીસ પણ મૂંઝવણની સ્થિતિમાં મૂકાઇ છે. હાલ પોલીસે ગુનો તો નોંધ્યો છે. તે સાથે જ યુવતીના આક્ષેપોમાં કેટલું તથ્ય છે તેને લઇ ઝીણવટપૂર્વક તપાસ કરવાના ઇરાદે યુવતીને સુરત તેડાવી છે.

## ઉમરવાડાની મહિલાનું બેભાન થતા મોત

સુરત : ઉમરવાડા વિસ્તારના આશાનગરમાં રહેતા ૪૫ વર્ષીય સુમનબેન નગીનભાઈ રાઠોડ એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. પુત્ર સંચાખાતામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન સુમનબેનને સોમવારે રાતે છાતીમાં દુખાવો થતા અચાનક બેભાન થઈ ગયા હતાં. જેથી વધુ સારવાર માટે સુમનબેનને સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ ગયા હતાં. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**રુચિની અભિવ્યક્તિને આમંત્રિત કરવા માટેની સૂચના (EOI)**

ડિવિઝનલ રેલ્વે મેનેજર, વાણિજ્યિક શાખા, મુંબઈ – ૪૦૦૦૦૮ નું કાર્યાલય EOI નંબર: WR-MMCT0COMM (CAMS)/5/2025 (E-609301) તારીખ: ૨૮.૦૨.૨૦૨૫ ને આમંત્રણ કરે છે. પશ્ચિમ રેલ્વેનો મુંબઈ વિભાગ "ભાડા સિવાયની આવક વધારવા માટે ઉપયોગમાં ન લેવાયેલા સંસાધનોની ઓળખ અને મુદ્રીકરણ માટે કન્સલ્ટન્સી સેવાઓની સંલગ્નતા" માં રસ ધરાવે છે. કંપનીઓ વ્યક્તિઓ/સેવા પ્રદાતાઓને પશ્ચિમ રેલ્વેની સત્તાવાર વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર રુચિની અભિવ્યક્તિ (EOI) વિગતો જોવા અથવા સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ ફોન નંબર ૦૨૨-૬૭૬૪૪૨૧૨ પર સંપર્ક કરવા વિનંતી છે. વધુ વિગતો માટે કોઈપણ કાર્યકારી દિવસે મુંબઈ સેન્ટ્રલ ખાતે સંપર્ક કરો. રસ ધરાવતી પેઢીઓ/વ્યક્તિઓ/સેવા પ્રદાતાઓને સંબંધિત ક્ષમતા ધરાવતા લોકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તા. ૧૨.૦૩.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ વાગ્યા સુધી સીલબંધ કવરમાં નિર્ધારિત ફોર્મેટમાં જરૂરી વિગતો સાથે તેમની રુચિની અભિવ્યક્તિ જમા કરે.
રુચિની અભિવ્યક્તિના પ્રતિભાવમાં કન્સલ્ટન્સી સેવા માટે અંદાજિત ખર્ચનો ઉલ્લેખ કરવો જોઈએ. અંદાજિત ખર્ચ GST સહિત હોવો જોઈએ. રુચિની અભિવ્યક્તિ ધરાવતું પરબિડીયું આ રીતે સુપરસ્કાઇબ કરી શકાય છે:
**"પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં ભાડા સિવાયની આવક વધારવા માટે બિનઉપયોગી સંસાધનોની ઓળખ અને મુદ્રીકરણ માટે કન્સલ્ટન્સી સેવાઓની સંલગ્નતા."**
રુચિની અભિવ્યક્તિને આમંત્રિત કરવા માટેની સૂચના પશ્ચિમ રેલવેની સત્તાવાર વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર ઉપલબ્ધ છે. 1143

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly



**નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત**

PRL ની સામે, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ScHeme Of Developing High quality research (SHODH)

વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે ઓનલાઈન અરજીઓની તારીખ લંબાવવા બાબત

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં ફૂલ ટાઇમ રેગ્યુલર મોડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવા શોધ (SHODH) યોજના શરૂ કરવામાં આવેલ છે. ઠરાવની શરતો અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ https://shodh.guj.nic.in/ વેબસાઈટ પર તા.૨૦/૦૩/૨૦૨૫ ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરી શકે છે. વધુ માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ છે. (ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૯૮/૨૦૨૫) સીઈઓ, કેસીજી


# કરચેલીયા રહેતા સુરત વીજ કંપનીના કર્મચારી સામે બળાત્કારનો ગુનો દાખલ

| બારડોલી |

કરચેલીયા ગામે નાયકીવાડ ફળીયામા રહેતા અને સુરતના ઉધના-લિંબાયતની દ.ગુજરાત વીજ કંપનીમાં જુનિયર આસિસ્ટન્ટ આશિષ પટેલે લગ્ન કરવા માતા-પિતા અને સમાજના આગેવાન સાથે સાંબા ગામે જઈને યુવતીને પસંદ કરી હતી. ત્યાર બાદ તે યુવતીને પોતાના ઘરે લઈ જઈ અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો. તેણે યુવતીને વિશ્વાસમાં લેવા પદમ ડુંગરીના ગોસમાઈ માડી મંદિરે લઈ જઈ યુવતીની માંગ ભરી પત્ની તરીકે સ્વીકારી હતી. યુવતી અને તેના પરિવારજનોએ લગ્ન માટે દબાણ કરતા આશિષ પટેલ અને તેના માતા-પિતા વાતા ટાળી દેતા હતા. દબાણ વધતા આશિષ યુવતીના ઘરમાં ઘરજમાઈ તરીકે રહવા આવી ગયો હતો. આ દરમિયાન યુવતીના સોના ચાંદીના ઘરેણાની ખરીદી પણ થઈ હતી અને સુરતના ટેક્સટાઈલ માર્કેટમાંથી કપડાની પણ ખરીદી થઈ હતી. લગ્નની કંકોત્રી પણ લખાઈ ગઈ હતી. તે વચ્ચે આશિષ પટેલ એન તેના પિતા અરવિંદ પટેલ અને માતા રમીલા પટેલે નાની સરખી બાબતમાં યુવતી સાથે વિવાદ ઉભો કર્યો હતો. તા.૭ ફેબ્રુઆરીએ આશિષે બંને પરિવારોની હાજરીમાં યુવતી સાથે લગ્ન તોડી નાખ્યા હતા.

#### મહુવા પોલીસ યુવતીની ફરિયાદ લેતી ન હતી

યુવતી પરિવારજનો સાથે વાંરવાર મહુવા પોલીસ મથકે ગઈ છતાં પોલીસ ફરિયાદ નોંધતી ન હોવાથી બારડોલી ડી.વાય.એસ.પી. એચ.એલ.રાઠોડને લેખિત ફરિયાદ આપી હતી. તેનો વિગતવારનો અહેવાલ સંદેશે પ્રકાશિત કરતા મંગળવારે બારડોલી ડી.વાય.એસ.પી.રાઠોડ મહુવા પોલીસ મથકે પહોંચ્યા હતા અને ગુનો દાખલ કરવાની સુચના આપતા મહુવા પી.આઈ.પારગીને આશિષ અરવિંદ પટેલ વિરુદ્ધ બળાત્કારનો ગુનો નોંધવાની ફરજ પડી છે.

# સરથાણામાં ૧.૧૫ કરોડના ખર્ચે દિવ્યાંગ ફ્રેન્ડલી ગાર્ડન બનાવાશે

સુરત : પાલિકા દ્વારા ગાર્ડનમાં આવનારા લોકો માટે કસરતનાં સાધનો તેમજ બાળકો માટે ખેલકૂદનાં સાધનો પણ મૂકવામાં આવ્યા છે. ત્યારે હવે પાલિકા દ્વારા બગીચામાં આવતા દિવ્યાંગ લોકો માટે પણ આયોજન કરવામાં આવ્યું છે અને દિવ્યાંગ ફ્રેન્ડલી ગાર્ડન બનાવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. સરથાણા ઝોનમાં ફાઈનલ ટીપી સ્કીમ નંબર-૨૪ (મોટા વરાછા- ઉત્રાણ : ફાઈનલ પ્લોટ નંબર ૧૬૧ (આર-૧૦) પ્લોટમાં ૧.૧૫ કરોડ રૂપિયાના ખર્ચે ગાર્ડન બનાવવા માટેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં શાસકો સમક્ષ મૂકવામાં આવી છે. જેના પર ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવાશે.


**અપીલ**

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે સમિતિની રચના કરી છે. સમિતિ દ્વારા ગુજરાતના રહેવાસીઓના વ્યક્તિગત દિવાની બાબતોનું નિયમન કરતા પ્રવર્તમાન કાયદાઓની સમિક્ષા કરાશે. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સુચવશે.

આ મહત્વપૂર્ણ વિષય પર અસર કરતા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે, સમિતિ ગુજરાતના રહેવાસીઓ અને સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓને તા.૨૪/૦૩/૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં ઈ-મેલ (ucc@gujarat.gov.in) અથવા વેબ-પોર્ટલ (https://uccgujarat.in) અથવા ટપાલ (સરનામું - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦) દ્વારા તેમના મંતવ્યો, સૂચનો અને રજૂઆતો રજૂ કરવા અપીલ કરે છે.

ન્યાયમૂર્તિ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઈ
અધ્યક્ષ
સમાન સિવિલ કોડ સમિતિ, ગુજરાત

(માહિતી/૨૩૦૨/૨૦૨૪-૨૫)



**સુરત મહાનગરપાલિકા**
**આઈ.સી.ડી.એસ. વિભાગ**
**જાહેરાત**

FIT INDIA

સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ.વિભાગ અંતર્ગત ઘટક ૧ થી ૯ ની આંગણવાડીઓના બાળકોને સવારનો ગરમ નાસ્તો પૂરો પાડવા જોગ કામગીરીમાં રસ ધરાવતી સંસ્થાઓને તા.૦૬/૦૩/૨૦૨૫ થી તા.૧૩/૦૩/૨૦૨૫ દિન-૦૮ માં સંમતિ મોકલવા જણાવવામાં આવે છે. સદર કામગીરી અંગે વધુ વિગત સુરત મહાનગરપાલિકાની વેબસાઇટ WWW.Suratmunicipal.gov.in પર જોઈ શકશો.

નં.પી.આર.ઓ./૪૯૭/૨૦૨૪-૨૫ — સહી/- ડે.મ્યુ.કમિશનર
તા. ૦૪/૦૩/૨૦૨૫ — સુરત મહાનગરપાલિકા



**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા જાહેર સમૂહને જણાવવામાં આવે છે કે મુળગામ ધામણી ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત મૂળ ગામ વર્ગશાળા ધામણી આવેલ છે તે શાળામાં ૫(પાંચ) નળીયાવાળા અને ૩ (ત્રણ) ષષ્ટકોણ ઓરડાને તોડવા તેમજ કાટમાળની હરાજી બાબત.

હરાજીમાં ભાગ લેવા માટે હરાજી શરૂ થતા પહેલા રૂા. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર) ડિપોઝિટ પેટે(રિફન્ડેબલ )રકમ ભરવાની રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહીં. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે જે તમામને બંધન કરતા રહેશે.

હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે. તેઓએ કરેલ બોલીને ૨૫% રકમ તાત્કાલિક સ્થળ પર ભરવાની રહેશે, અને બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે .અન્યથા ડિપોઝિટ ની રકમ જપ્ત કરવા પાત્ર થશે.

હરાજીનું સ્થળ :- મુળગામ વર્ગશાળા ધામણી,તાલુકો-ધરમપુર, જીલ્લો-વલસાડ, હરાજી ની તારીખ :- ૧૭/૦૩/૨૦૨૫, વાર-સોમવાર સમય-૧૧:૦૦ કલાકે

સહી/- મુખ્ય શિક્ષક,
મુળગામ વર્ગ શાળા - ધામણી
નં. માહિતી/વલસાડ/૬૪૯/૨૦૨૫ — તા. ધરમપુર, જિ. વલસાડ



**જિલ્લા પંચાયત કચેરી, વલસાડ**

**"જિલ્લા પંચાયત માટે જિલ્લા/તાલુકાની કોર્ટના વકીલ પેનલની નિમણૂંક અંગેની ટૂંકી જાહેરાત"**

જિલ્લા પંચાયત કચેરી, વલસાડ ખાતે જિલ્લા/ તાલુકાની કોર્ટ સમક્ષના સિવિલ/સર્વિસ/ રેવન્યુ/ ટ્રીબ્યુનલ/ લેબર/ ક્રિમિનલ વિગેરે કેસોમાં જિ.પં.કચેરી વતી દાખલ કરવામાં આવતાં મુકદ્દમાં/ કેસો તેમજ જિ.પં.કચેરી વિરુધ્ધ દાખલ થતાં મુકદ્દમાં/કેસો સામે બચાવ રજુ કરવા વકીલ પેનલ રચવાની હોય નીચે જણાવેલ શરતોને આધિન સબબ અરજી જિલ્લા વિકાસ અધિકારીશ્રી (વકીલ પેનલ માટે અરજી), જિલ્લા પંચાયત કચેરી, વલસાડ ખાતે ફક્ત RPAD થી તા. ૩૧/૦૩/૨૦૨૫ નાં રોજ સાંજે ૧૮.૧૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.

| ક્રમ | વિગત | જિલ્લા/તાલુકાની કોર્ટ પેનલ માટે |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત | ભારતની માન્ય યુનિવર્સીટીમાં કાયદા ના સ્નાતક અને કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ. |
| ૨ | અનુભવ | જિલ્લા/તાલુકાની કોર્ટમાં ઓછા માં ઓછા ૧૦ વર્ષની વકીલાત કરેલ હોવી જોઇએ. |
| ૩ | અન્ય બાબતો | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી હોવી જોઇએ. |
| ૪ | ફી ની જોગવાઈ | તા.૧૬/૦૧/૨૦૨૫ની કારોબારી સમિતિના ઠરાવ નં.૧૧૪ મુજબ નક્કી થયેલ દર મુજબ ફિક્સ ફી ચુકવવામાં આવશે. |

"વકીલ પેનલ" અંગેની શરતો, ધોરણ, અરજી ફોર્મ જિલ્લા પંચાયતની વેબસાઈટ: https://valsaddp.gujarat.gov.in/en/home પર ઉપલબ્ધ છે. અરજી ફોર્મ સાથે અનુભવનાં તથા સંબંધિત ડોક્યુમેન્ટ ફરજીયાત બિડાણ કરીને મોકલવાના રહેશે. અન્ય જરૂરી જાણકારી માટે કચેરી સમય દરમિયાન ફોન નં.૦૨૬૩૨-૨૯૯૪૪૩ ઉપર સંપર્ક સાધી શકશો.

સ્થળ : વલસાડ
તારીખ : ૦૧/૦૩/૨૦૨૫
સહી/-
નાયબ જિલ્લા વિકાસ અધિકારી
નં. માહિતી/વલસાડ/૬૫૧/૨૦૨૫ — (પંચાયત) જિલ્લા પંચાયત, વલસાડ



**રાજકોટ મહાનગરપાલિકા**

"ડો.આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, સેન્ટ્રલઝોન, રાજકોટ-૩૬૦૦૦૧

જાહેર ખબર

આથી જાણ કરવામાં આવે છે કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૩/૨૦૨૫ નાં રોજ (૧) ટાઉન પ્લાનર (૨) મેનેજર(ઇનહાઉસ), (૩) વોર્ડ ઓફિસર(ઇનહાઉસ) અને (૪) ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ (ઇનહાઉસ) સંવર્ગની લેખિત પરીક્ષા લેવામાં આવેલ. આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નોના જવાબોની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે ઉક્ત પરીક્ષા આપેલ હોય તેવા ઉમેદવારો તરફથી કોઈ રજૂઆત હોય તો તે તા.૧૭/૦૩/૨૦૨૫ સુધીમાં આધારપુરાવા સાથે નિયત નમુનામાં(નમુનો વેબસાઈટ પર છે) રૂબરૂમાં મહેકમ શાખા, રાજકોટ મહાનગરપાલિકા ખાતે રજુ કરવા જણાવવામાં આવે છે.

(મહેશ જાની,IAS)
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા



**આહિર અવસાન - બેસણું**



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની દિપિકાબેનનું દુઃખદ અવસાન તા. ૦૩-૦૩-૨૦૨૫ને રવિવારના દિને થયેલ છે.
: સદ્‌ગતનું બેસણું :
તા. ૦૫-૦૩-૨૦૨૫ને બુધવાર અને તા. ૦૭-૦૩-૨૦૨૫ ને શુક્રવાર તેમની
: ઉત્તરક્રિયા :
તા. ૧૫-૦૩-૨૦૨૫ને શનિવારના દિને રાખેલ છે.

સ્વ. દિપિકાબેન
સ્વ.તા. ૦૩-૦૩-૨૦૨૫

લિ. ચેતનભાઈ ઠાકોરભાઈ આહિર તથા સહ પરિવાર
મુ.પો. બુહારી (જીન ફ.) તા. વાલોડ, જી. તાપી



**ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



હૃદય નથી સ્વીકારતું તમારી જુદાઈ,
આંખો નથી માનતી તમારી વિદાઈ,
પરંતુ કુદરત પાસે લાચાર છે માનવી,
અમારા હૃદયમાં સ્મૃતિ રહેશે સદાય તમારી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ચંપાબેન ચીમનભાઈ કોરાટ
જન્મ તા. ૦૧-૦૬-૧૯૫૮
સ્વ.તા. ૦૫-૦૩-૨૦૨૧

લિ.
કોરાટ પરીવારના જય સ્વામિનારાયણ
(મોટા ચારોડીયા)



**સંદેશ** સ્વજન ખોવાની દુખદ વેળાએ બેસણું આપવું

તદ્દન સરળ અને વ્યાજબી

બેસણું / શ્રદ્ધાંજલિ

ઉપરોક્ત સાઈઝ : 9 CM X 5 CM — Rs. 1600/- *+5% GST

ઉપરોક્ત સાઈઝ : 9 CM X 10 CM — Rs. 3200/- *+5% GST

હવે સંદેશ માં બેસણું આપવું તદ્દન સરળ:

- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર બેસણા નો ફોટો તથા estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા બેસણું કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY

GPSCએ નિયમો બદલા, વિરોધ- સમર્થનનું વંટોળ

# ક્લાસ I-II માટે ગુજરાતી- અંગ્રેજીમાં ૨૫ ટકા ગુણ મેળવવા હવે ફરજિયાત

## મુખ્ય પરીક્ષા પછી રૂબરૂ મુલાકાતનું ભારંક ૧૦૦ બદલે ૧૫૦ ગુણનું કરી દેવાયું !

। ગાંધીનગર ।

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSCએ રાજ્ય વહિવટી, મુલ્કી અને ચીફ ઓફિસર જેવી વર્ગ એક અને બેની ભરતી પરીક્ષાઓ માટેના નિયમો બદલ્યા છે. જેમાં ગુજરાતી, અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રોમાં ક્વોલિફાઈડ થવા માટે લધુત્તમ ૨૫ ટકા ગુણ મેળવવા ફરજીયાત કરાયુ છે. સામાન્ય વહિવટ વિભાગ- GADએ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના નિયમોમાં કરેલા બદલાવનુ ગેઝેટ મંગળવારે બહાર આવતા ગુજરાતમાં સરકારી અફસર થવાની ખ્વાઈશ ધરાવતા સેંકડો યુવાનોએ વિરોધ અને સર્મથન કર્યુ છે. નવા નિયમો મુજબ પ્રિલિમ્સની પરીક્ષા હવે એક જ પેપરને આધારિત રહેશે. ૨૦૦ ગુણના પ્રશ્નપત્ર માટે ત્રણ કલાકનો સમય ઠેરવાયો છે. જ્યારે મુખ્ય પરીક્ષા માટે અત્યાર સુધી છ પેપર લેવામાં આવતા હતા તેના બદલે હવે ઉમેદવારોને સાત પ્રશ્નપત્રો આપવાના રહેશે. જે UPSCની પેટર્ન મુજબ હોવાનો દાવો થઈ રહ્યો છે. જેનુ ભારંક ૧૪૦૦ ગુણો કરાયો છે.

અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ડિસ્કવોલિફાય થનાર ઉમેદવાર મુખ્યપરીક્ષામાંથી બાકાત થઈ જશે. જ્યારે મુખ્યપરીક્ષા બાદ મેરિટમાં આવતા ઉમેદવારોને માટે અત્યાર સુધી રૂબરૂ મુલાકાત અર્થાત ઈન્ટરવ્યુ (વાઈવા) માટે ૧૦૦ માર્ક્સ રહેતા હતે તેને આશ્ચર્યજનક રીતે વધારીને ૧૫૦ કરી દેવાયા છે ! આમ, ફાઈનલ સિલેક્શન માટે જનરલ નોલેજના ૪ વત્તા પાંચ એમ કુલ ૧૨૫૦ ગુણમાં રૂબરૂ મુલાકાતના ૧૫૦ એમ કુલ ૧૪૦૦ ગુણને આધારે મુલ્યાંકન થશે.

રાજ્ય સરકારે વધુ ૪૫ દિવસની મુદત લંબાવી

# UCC સમિતિ હવે ૩૦મી એપ્રિલ સુધીમાં તેનો અહેવાલ સરકારને સુપરત કરશે

**ગાંધીનગર :** રાજ્યમાં સમાન સિવિલ કોડ લાદવા માટે ભલામણો મેળવવા રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ રંજના દેસાઈના વડપણ હેઠળ રચેલી સમિતિને કર્મયોગી બિલ્ડિંગ ખાતે ફાળવાયેલી કચેરીમાં મિટિંગો યોજી હતી, બાદમાં મીડિયા સાથેની વાતચીતમાં રંજના દેસાઈએ ૪૫ દિવસમાં રિપોર્ટ સરકારને સોંપવાની અશક્તિ દર્શાવી હતી, જેના અનુસંધાને રાજ્ય સરકારે તત્કાળ તા. ૪-૩-૨૦૨૫ના ઠરાવથી સમિતિને વધુ ૪૫ દિવસની મુદત અપાઈ છે, એટલે હવે આ સમિતિ ૩૦મી એપ્રિલ સુધીમાં તેનો રિપોર્ટ સરકારને સોંપશે. યુસીસી અધ્યક્ષે એવું જણાવ્યું હતું કે, અમે મહિલાઓ અને બાળકોના પ્રશ્નોને પ્રાધાન્ય આપીએ છીએ, નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્ય છે જ, પણ લગ્ન અને છૂટાછેડા અંગે નોંધણી વ્યવસ્થિત થાય એમ અમે ઈચ્છીએ છીએ. સમિતિ દ્વારા બે જૂથ બનાવ્યા છે. આ સમિતિએ મંગળવારે વિવિધ સરકારી આયોગો, ધાર્મિક સંસ્થાઓ તેમજ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક યોજી હતી. આ સમિતિના સભ્યો વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ સમાન સિવિલ કોડ અંગે અભિપ્રાયો મેળવવાના છે. નાગરિકો, બિનસરકારી સંસ્થાઓ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ આ સંદર્ભે તેમની રજૂઆતો ઓનલાઈન સમિતિને પહોંચાડી શકે એ માટે http;//uccgujarat.in નામક પોર્ટલ પણ લોન્ચ કરાયું છે. લોકો તેમના સૂચનો અને મંતવ્યો તા. ૨૪-૩-૨૫ સુધી બ્લોક નં-૧, એ વિંગ, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે ટપાલ મારફત પણ મોકલી શકે છે.


Coast Guard Public School
Airport Road Dalwada, Nani Daman
www.cgpsdaman.in Ph no: 0260-2221188

CGPS/AD/501/Teachers-Adv/2025-26/13 04 Mar 2025

TEACHING AND NON-TEACHING STAFF
REQUIRED FOR ACADEMIC SESSION 2025-26

1. CGPS Daman requires PGT, TGT, PRT, PRE-PRT, COUNSELLOR, LIBRARIAN, MUSIC, DANCE, ART, YOGA & CLERKS
2. CV to reach by 17 Mar 2025 for Academic Session 2025-26 by email/mail (Email:- hr.cgpsdaman@gmail.com)
3. Fluency in written/ oral in English Language is must for all posts.
4. Salary commensurating to qualification and experience
5. Candidates to scan QR Code for detailed advertisement and educational qualification for vacant posts.

www.cgpsdaman.in
Ph: 0260- 2221188

Sd/- (RP Sharma)
Commandant
Director, CGPS
Daman

NO : IP/DMN/2/5/2025-26/202 dated : 04/03/2025


વકીલ ઉમેદવારનો કેટલા વર્ષનો અભ્યાસ તે હાઈકોર્ટે નક્કી જ કર્યો નહોતો

# ગુજરાતના સિવિલ જજ, JMFCની ભરતી પર સુપ્રીમનો મનાઈ હુકમ

। અમદાવાદ ।

ગુજરાતમાં સિવિલ જજ(જુનીયર ડિવીઝન)- જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની ભરતી પ્રક્રિયા સામે સુપ્રીમકોર્ટે આજે એક અગત્યના આદેશ મારફ્તે મનાઇહુકમ ફરમાવી દીધો છે. સુપ્રીમકોર્ટે ગુજરાત હાઇ કોર્ટ દ્વારા ઉમેદવારની લઘુત્તમ લાયકાતમાં વકીલ ઉમેદવારે કેટલા વર્ષનો અભ્યાસ કર્યો તેની કોઇ નિર્ધારિતતા નક્કી કર્યા વિના જ ભરતી પ્રક્રિયા હાથ ધરાતાં નારાજગી વ્યકત કરી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ બી.આર.ગવઇ અને જસ્ટિસ ઓગસ્ટીન જયોર્જ મસીહની ખંડપીઠે આ કેસમાં હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ, રાજયના મુખ્ય સચિવ સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી હતી અને કેસની વધુ સુનાવણી તા.૧૮મી માર્ચે રાખી હતી.

ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૩૦મી જાન્યુઆરીની આ અંગેની જાહેરાતમાં એ બાબતની કોઇ સ્પષ્ટતા નથી કે, ઉમેદવાર પાસે ઓછામાં ઓછા કેટલા વર્ષની પ્રેકટીસ કર્યાની લાયકાત હોવી જોઇએ. પક્ષકારોને સાંભળ્યા બાદ સુપ્રીમકોર્ટે ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાજયમાં સિવિલ જજ(જુનીયર ડિવીઝન), જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની ભરતી માટે હાથ ધરાયેલી પ્રક્રિયા પર વચગાળાનો મનાઇહુકમ ફરમાવી દીધો હતો.

**PUBLIC NOTICE**

That **Amitkumar Riteshbhai Patel** is an absolute Owner of **Plot No. 52** admeasuring 3.68 sq. mts. X 27.60 sq. mts Totally admeasuring 101.10 sq. mts. & **Plot No. 53** admeasuring 3.68 sq. mts. X 27.60 sq. mts Totally admeasuring 101.10 sq. mts., along with undivided share in the land of Road & COP **"Bhallukaka"**, Situate at Old Block No. 284/Paiki 1 Old City Survey No. 873/69 & 873/70 Totally admeasuring 12400.00 sq. Mts., of Moje Village Buhari, Tal. Valod, Dist. Tapi. That the Present Owner has informed us that, the following Document as described in Schedule has been lost by him and that never ever it was used as security for obtaining any financial assistant by him or anyone else.

Any person or persons, society, institution, group, trust, banks etc. owing any right of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims, all within a period of **07 (Seven)** Days From the date of publication of this Notice personally before the undersigning along with all documentary proof in original, upon Expiry of which, No rights or claims of whatsoever nature shall be Entertained.

**SCHEDULE OF LOST ORIGINAL DOCUMENTS**

Sale Deed Regi No. 1481 & Its Regi Receipt, Dated 16/08/2010
Sale Deed Regi No. 1478 & Its Regi Receipt, Dated 16/08/2010

Date: 05/03/2025, Surat.
5/1208, Haripura Main Road, Surat.
Mob.98254 20370

Dineshchandra N. Upadhyay,
Pranav D. Upadhyay
Dhaval D. Upadhyay
Advocates

**ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લિ.,**
**રજી.ઓફીસ, જે.પી.રોડ,સુરત.**

**નોટીસ**

**બેંકના માનવંતા તમામ વ્યકિતગત ગ્રાહકોને જણાવવાનું કે જે ગ્રાહકોએ PAN-AADHAAR લિંક કરાવેલ નથી તેવા ગ્રાહકોના PAN નું સ્ટેટસ ઈન્કમટેક્ષ વિભાગ ધ્વારા In-operative કરવામાં આવેલ છે જેની નોંધ લેશો. In-operative PAN સ્ટેટસ ધરાવતા ગ્રાહકોને બેંક તરફથી ચૂકવાતા મુદતી થાપણો ઉપરના વ્યાજ ઉપર ઈન્કમટેક્ષના કાયદાને આધીન ૧૦%ના બદલે ૨૦%ના હાયર રેટથી TDS કપાત થશે. આમ જે વ્યકિતગત ગ્રાહકોએ PAN-AADHAAR લિંક કરાવેલ નથી તેઓએ સત્વરે લિંક કરાવી જે તે શાખામાં PAN-AADHAAR લિંક કરાવ્યાની જાણ કરવી. જે ગ્રાહકોનો PAN-AADHAAR તારીખ ૧૦/૦૨/૨૦૨૪ પહેલા લિંક થઈ ગયેલ હોય તેઓએ શાખામાં જાણ કરવાની જરૂર નથી.**

તા. ૦૫/૦૩/૨૦૨૫ મેનેજીંગ ડિરેકટર

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ કતારગામ તાલુકાનાં મોજે ગામ : પરીયાવનાં રે.સર્વે/બ્લોક નં.૫૩૪ થી નોંધાયેલી બહુહેતુક ઉપયોગ હેતુસર બીનખેતી થયેલ જમીન, કે જેનો સુરત-૧ સીટી સર્વે કચેરીએ વોર્ડ : વરીયાવ (બીનખેતી), શીટ નં. એનએ૯૯ તથા સીટી સર્વે નં. એનએ૫૩૪ છે તથા જેનું સીટીસર્વે રેકર્ડ મુજબ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦૧-૭૬-૦૦ ચો.મી. યાને ૧૭૬૦૦ ચો.મી. છે તે બીનખેતીની જમીન ૧) ધીરૂભાઇ ધનજીભાઇ લાઠીયા, ૨) નિકુંજકુમાર ધીરૂભાઇ લાઠીયા, ૩) ગૌરીબેન ધીરૂભાઇ લાઠીયા, ૪) વલ્લભભાઇ દેવજીભાઇ ગોપાણીની સંયુકત પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી મારા અસીલ અમિતકુમાર લાલજીભાઇ લાખાણી(મો.નં. ૮૪૮૮૦ ૯૯૯૯૯) ને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે જેના કાયદેસરના લખાણ મારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે સદરહુ જમીન અંગે જો કોઇનો કશા પ્રકારનો દર દાવો, હકક હિત હિસ્સો કે બોજો, ચાર્જ કે લિયન હોય તો તેની આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મને પુરાવા સહિત જાણ કરવી, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હકક હિત હિસ્સો ચાર્જ, લિયન કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન મિલકતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

તા. ૦૪/૦૩/૨૦૨૫
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર,
વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

**સંદીપ જે. સોજીત્રા**
**તે ખરીદનારના એડવોકેટ**

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ કતારગામ તાલુકાનાં મોજે ગામ : વરીયાવનાં ખેડખાતા નં. ૨૨૫૫, રે.સર્વે નં. ૫૯૭, જેનો બ્લોક નંબર : ૫૩૭-પૈકી-૧ થી નોંધાયેલી બીનખેતી પ્રીમીયમપાત્ર વાળી ખેતીની જમીન, કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૪-૪૩ ચો.મી. છે તથા જેનો આકાર રૂા. ૯.૦૬ પૈસા છે તે ખેતીની ૧) ધીરૂભાઇ ધનજીભાઇ લાઠીયા, ૨) નિકુંજકુમાર ધીરૂભાઇ લાઠીયા, ૩) ગૌરીબેન ધીરૂભાઇ લાઠીયા, ૪) નિખીલ ધીરૂભાઇની સંયુકત પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી મારા અસીલ અમિતકુમાર લાલજીભાઇ લાખાણી(મો.નં. ૮૪૮૮૦ ૯૯૯૯૯) ને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે જેના કાયદેસરના લખાણ મારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે સદરહુ જમીન અંગે જો કોઇનો કશા પ્રકારનો દર દાવો, હકક હિત હિસ્સો કે બોજો, ચાર્જ કે લિયન હોય તો તેની આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મને પુરાવા સહિત જાણ કરવી, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હકક હિત હિસ્સો ચાર્જ, લિયન કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન મિલકતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

તા. ૦૪/૦૩/૨૦૨૫
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર,
વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

**સંદીપ જે. સોજીત્રા**
**તે ખરીદનારના એડવોકેટ**

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે જીલ્લો : સુરત, તાલુકો : માંગરોલના મોજે ગામ : લીમોદરા ના ખેડખાતામાં આવેલ (૧) સર્વે નં.૧૪૨, જુનો બ્લોક નં.૮૨, નવો બ્લોક નં.૮૪ વાળી ખેતી (જુનીશરત) ની જમીન, જેનું સુમારે ક્ષે. હે. આરે. ૦–૭૭–૭૯ ચો.મી., જેનો રે. આકાર રૂા.૭.૩૧ પૈસા વાળી જમીન, (૨) સર્વે નં.૧૪૧, જુનો બ્લોક નં.૮૩, નવો બ્લોક નં.૮૫ વાળી ખેતી (જુનીશરત) ની જમીન, જેનું સુમારે ક્ષે. હે. આરે.૦–૯૯–૨૧ ચો.મી., જેનો રે. આકાર રૂા.૮.૯૨ પૈસા વાળી જમીન, (૩) સર્વે નં.૧૨૭/૧, ૧૨૭/૨, જુનો બ્લોક નં.૧૪૪, નવો બ્લોક નં.૮૬ વાળી ખેતીની જમીન, જેનું સુમારે ક્ષે. હે. આરે.૦–૫૯–૬૮ ચો.મી., પૈકી ૪૮૦૦ ચો.મી. જેનો રે. આકાર રૂા.૪.૬૬ પૈસા વાળી જમીન ૧. હંસાબેન મગનભાઈ પરમાર, ૨. હરીવદન મગનભાઈ પરમાર, ૩. ભૂમિબેન જયેશભાઈ પરમાર તથા વિગેરે ની સ્વતંત્ર માલીકી, તેમના કબજા, ભોગવટા, વહીવટપણાંની હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. મજકુર જમીન કે તેના હિસ્સા ઉપર જો કોઈ વ્યકિત, પેઢી, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગ ભાગ, કબજો, વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં, તે બદલાના તમામ પુરાવાઓ સાથે, નીચેના સરનામે, રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં નહી આવે તો, મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી, અમારા અસીલ મજકુર જમીન વેચાણ રાખવા અંગેની તમામ પ્રકારની કાર્યવાહી પૂર્ણ કરી/કરાવીને મજકુર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર બાદ કોઈની કોઈ પણ પ્રકારની તર/તકરાર ચાલશે નહી, જેની સૌએ નોંધ લેવી.

તા. ૦૪-૦૩-૨૦૨૫
ઓફીસ : ૪૧૦, ચોથો માળ, રાજ ઈમ્પીરીયા, વ્રજ ચોક, સરથાણા જકાતનાકા, સુરત. મો.૯૮૯૮૨૨૦૦૨૫.

વિમલકુમાર કે. રાદડીયા
ઉર્વિશા વી. રાદડીયા
તે ખરીદનારના એડવોકેટ દરજજે.

## પત્ની માટે સ્પે.પોસ્ટ ઊભી કરનાર કચ્છ કલેક્ટર અરોરાની છેક SOUમાં બદલી

। ગાંધીનગર ।

રાજયના સામાન્ય વહિવટ વિભાગ- GADએ મંગળવારે સિંગલ ઓર્ડરથી કચ્છના કલેકટર અમિત અરોરાની બદલી કરીને નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી- SOU ખાતે ચીફ એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્તિ કરી છે. તેમના સ્થાને નાણા વિભાગમાં બજેટની બાબતોને અધિક સચિવ તરીકે સંભાળતા ૨૦૧૦ની બેચના IAS આનંદ પટેલની નિમણૂંક કરી છે. વર્ષ ૨૦૧૨ની બેચના IAS અમિત અરોરાને કચ્છમાં કલેકટર તરીકે નિયુક્તિ થઈ ત્યારે તેમણે બ્યુરોક્રેટ બિરાદરીમાં વગ વાપરીને IP&TAFS કેડરના પત્ની માટે કચ્છ-ભૂજ ખાતે ખાસ કેસમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની- PGVCLના જોઈન્ટ મેનેજિંગ ડિરેકટરની જગ્યા ઉભી કરાવી હતી! સરકારે વિધાનસભાના ચાલુ બજેટસત્રમાં નાણા વિભાગમાંથી બજેટની કામગીરી સંભાળતા IAS આનંદ પટેલની બદલી કરીને કચ્છ કલેકટર તરીકે નિયુક્ત કર્યા છે.

## લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધી ૭-૮ માર્ચે ગુજરાત મુલાકાતે આવશે

। અમદાવાદ ।

લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધી આગામી ૭ અને ૮મી માર્ચે ગુજરાત મુલાકાતે આવશે, આગામી એપ્રિલ મહિનામાં ગુજરાતમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવા જઈ રહ્યું છે, એ પહેલાં રાહુલ ગાંધી બે દિવસ ગુજરાતમાં ધામા નાખશે, આ બે દિવસની મુલાકાતમાં પોલિટિકલ બાબતોની કમિટીમાં ભાગ લેશે, આગામી અધિવેશન અને મૃતપ્રાયઃ ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવા, આગામી ગુજરાત ચૂંટણી સહિતની બાબતોને લઈને પણ આગેવાનો સાથે ગુફતેગો કરાશે.



સંદેશ Business

સેન્સેક્સ 72,989.93 ⬇ 96.01




નિફ્ટી 22,082.65 ⬇ 36.65




**ગ્રૂપ એ ટોપ 5 શેરનો વધારો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર (%માં) |
|---|---|---|
| એસબીઆઈ | 716.15 | 3.02 |
| ઝોમેટો | 227.50 | 2.45 |
| ટીસીએસ | 3532.65 | 1.03 |
| અદાણી પોર્ટ્સ | 1059.35 | 0.63 |
| પાવર ગ્રીડ કોર્પ | 254.05 | 0.59 |

**ગ્રૂપ એ ટોપ 5 શેરનો ઘટાડો**

| કંપનીનું નામ | ભાવ | ફેરફાર(%માં) |
|---|---|---|
| સન ફાર્મા | 1567.20 | -1.13 |
| એશિયન પેઈન્ટ્સ | 2132.35 | -1.66 |
| નેસલે ઈન્ડિયા | 2148.35 | -1.71 |
| એચસીએલ ટેક | 1535.20 | -2.40 |
| બજાજ ફિનસર્વ | 1788.60 | -2.70 |



જો કોઈ કરદાતા અનડિસ્ક્લોઝ્ડ આવક કે સંપત્તિ ધરાવે છે એવી શંકા કરવા પૂરતા કારણ હશે તો...

# IT વિભાગ પહેલી એપ્રિલથી કરદાતાના ઈ-મેઈલ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ ચેક કરી શકશે

### નવા આઈટી એક્ટમાં સર્ચ અને સિઝર માટેની વ્યાખ્યામાં વર્ચ્યુઅલ ડિજિટલ સ્પેસનો પણ ઉમેરો કરાયો
### કોઈ પણ ડિજિટલ સ્પેસનો એક્સેસ કોડ ઉપલબ્ધ નહીં હોય તો તેને ઓવરરાઈડ કરીને એક્સેસ મેળવી શકાશે

| અમદાવાદ |

જો કોઈ કરદાતાએ કાયદા મુજબ આવકવેરા ભર્યો નથી અથવા તો કોઈ કરદાતાનહીં જાહેર કરાયેલી આવક, નાણાં, સોનું, દાગીના કે અન્ય કોઈ અમૂલ્ય સંપત્તિ કે મિલકત ધરાવે છે અને આવી તમામ આવક પર કાયદા મુજબ આવકવેરો ભર્યો નથી એવી શંકા કરવાને પૂરતા કારણો હશે તો આવકવેરા વિભાગ પહેલી એપ્રિલ, ૨૦૨૬થી સંબંધિત કરદાતાના સોશિયલ મિડિયા એકાઉન્ટ, પર્સનલ ઈ મેઈલ, બેંક એકાઉન્ટ્સ, ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ્સ, ટ્રેડિંગ એકાઉન્ટ્સ વગેરે સુધીની પહોંચ મેળવી તેની ચકાસણી કરી શકશે.

હાલમાં જે આઈટી એક્ટ, ૧૯૬૧ અમલમાં છે તે અનુસાર ઉપર દર્શાવ્યા પ્રમાણેની શંકા હોય તો આવકવેરા વિભાગના અધિકારીને સર્ચ અને સિઝર ઓપરેશન કરવાની સત્તા છે. તેઓ આ સત્તા હેઠળ હિસાબી ચોપડાઓ અને મિલકતો જપ્ત કરી શકે છે. આ ઉપરાંત જો કોઈ પણ દરવાજા, બોક્સ કે લોકરની ચાવી ઉપલબ્ધ ન હોય અને કોઈ નહીં જાહેર કરાયેલી સંપત્તિ કે હિસાબી ચોપડા આ દરવાજા, બોક્સ કે લોકરમાં રાખવામાં આવ્યા છે એવું માનવાને કારણ હોય તો અધિકારીઓ તેનું તાળું પણ તોડી શકે છે. હવે પહેલી એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવનારા નવા કાયદા હેઠળ અધિકારીઓ ક્યાં સુધી પહોંચ મેળવી શકે તેની વ્યાખ્યામાં વર્ચ્યુલ ડિજિટલ સ્પેસનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. નવા કાયદામાં કલમ ૨૪૭ હેઠળ કરવામાં આવેલા ઉમેરા પ્રમાણે કરદાતાએ કોઈ સંપત્તિ પર આવકવેરો ભર્યો નથી એવું માનવાને કારણ હોય તો આવકવેરા વિભાગ કોઈ પણ કોમ્પ્યુટર સિસ્ટમ કે વર્ચ્યુઅલ ડિજિટલ સ્પેસનો એક્સેસ કોડ ઉપલબ્ધ ન હોય તો આ એક્સેસ કોડ ઓવરરાઈડ કરીને સંબંધિત કોમ્પ્યુટર સિસ્ટમ કે વર્ચ્યુલ ડિજિટલ સ્પેસ સુધી એક્સેસ મેળવી શકે છે. આ નવા કાયદામાં આવકવેરા અધિકારીઓ જેની પહોંચ મેળવી શકે એવી બાબતોની વ્યાખ્યામાં બહુ વ્યાપક અને સ્પષ્ટ વધારો કરાવમાં આવ્યો છે. નિષ્ણાતોના મતે કરદાતાના સોશિયલ મિડિયા એકાઉન્ટ્સ, ઈમેઈલ, બેંક એકાઉન્ટ, ટ્રેડિંગ એકાઉન્ટ, ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ વગેરેનો સમાવેશ આ વ્યાખ્યામાં થઈ જાય છે. આ વ્યાખ્ય એમ જણાવે છે કે કોમ્પ્યુટર ટેકનોલોજીના આધારે જે સ્પેસ બનાવવામાં આવી હોય અને જેનો સ્પર્શ કરી શકાય એમ ન હોય એટલે કે ભૌતિક ન હોય એવી સ્પેસ સુધી પણ આવકવેરા વિભાગ એક્સેસ મેળવી શકશે.

**આવકવેરા વિભાગ કઇ કઇ ડિજિટલ સ્પેસ સુધી એક્સેસ મેળવી શકશે**

• ઇમેઇલ સર્વર • સોશિયલ મિડિયા એકાઉન્ટ • ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ • ટ્રેડિંગ એકાઉન્ટ • બેંકિંગ એકાઉન્ટ • કોઇ પણ સંપત્તિની માલિકીનો ડેટા સંગ્રહ કરવા માટે કોઇ વેબસાઇટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે વેબસાઇટ • રિમોટ સર્વર કે ક્લાઉડ સર્વર્સ • ડિજિટલ એપ્લિકેશન પ્લેટફોર્મ • આ પ્રકારની કોઇ પણ અન્ય ડિજિટલ સ્પેસ

**ક્યા ક્યા અધિકારીને એક્સેસ મેળવવાની સત્તા |** • જોઇન્ટ ડાયરેક્ટર અથવા એડિશનલ ડાયરેક્ટર • જોઇન્ટ કમિશ્નર અથવા એડિશનલ કમિશ્નર • આસિસ્ટન્ટ ડાયરેક્ટર અથવા ડેપ્યુટી ડાયરેક્ટર • આસિસ્ટન્ટ કમિશ્નર અથવા ડેપ્યુટી કમિશ્નર • ઇનકમ ટેક્સ ઓફિસર અથવા ટેક્સ રિકવરી ઓફિસર

## આઈટી એક્ટની આ નવી જોગવાઈ સામે ઊભા થતાં પ્રશ્નો

**વ્યક્તિની પ્રાઈવસીના ભંગનો પણ વિવાદ**

આ સૂચિત જોગવાઈમાં જે પ્રકારે કરચોરીની શંકા માત્રના આધારે કરદાતાના તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સથી માંડી તેમના ઈ-મેલ અને ડિજિટલ પ્રેઝન્સ જ્યાં પણ હોય તેની એક્સેસ મેળવવા આવકવેરા અધિકારીને સંપૂર્ણ સત્તા મળે છે. સામાન્યતઃ રાઈટ ટુ પ્રાઈવસી કહે છે કે, જ્યાં સુધી કોર્ટનો આદેશ ન થાય ત્યાં સુધી પ્રોસિક્યુટિંગ એજન્સી કે એજન્ટ્સને નાગરિક પર આવી અમર્યાદ સત્તા મળી શકતી નથી. પરંતુ આ કાયદામાં માત્ર શંકાના આધારે અધિકારીને અમાપ સત્તા આપી છે.

**બંધારણીય અધિકારોનું પણ ઉલ્લંઘન થવાની લાગણી**

સર્ચ, સીઝરની સત્તાઓ એક રીતે બંધારણીય જોગવાઈ અને વ્યક્તિને મળેલા મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનનો પણ વિવાદ ઉભો કરે છે. સુપ્રીમ કોર્ટના પુટ્ટુસ્વામી કેસમાં ચુકાદાના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો સર્ચ અને સીઝરને પ્રમાણભાન સાથે સંબંધ છે. એટલે કે, તેના ઉપયોગનો હેતુ વાજબી અને કાયદેસરનો હોવો જોઈએ અને તેનાથી વ્યક્તિના મૂળભૂત અધિકારનો ભંગ થવો ન જોઈએ. વળી, પ્રાઈવસીના અધિકારને વ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર સાથે પણ જોડી દીધેલો હોવાથી આ બંનેના ભંગ થયાની લાગણી આ નવી જોગાવાઈથી થઈ રહી છે.

**વ્યક્તિગત અને વ્યાવસાયિક ઉપકરણો પણ જપ્ત થઈ શકે**

આ જોગવાઈમાં એવી પણ સત્તા આપવામાં આવી છે કે, જો કરદાતાએ કરચોરી કર્યાની પ્રબળ અને વાજબી શંકા હોય તો તેવા કિસ્સામાં માત્ર ઘરમાં જ નહીં પરંતુ નોકરીના સ્થળે પણ જે કમ્પ્યુટર વાપરતા હોય તેને પણ જપ્ત કરવાની સત્તા છે. એટલે કે કરદાતા કોર્પોરેટ જોબ કરતા હોય અને કંપની તરફથી મળેલા ગેજેટ્સને પણ આવકવેરા અધિકારી જપ્ત કરી શકે છે. આની સામે પણ વ્યાપક અસંતોષ પ્રવર્તી રહ્યો છે.

પારદર્શિતા વધે અને રોકાણકારોને સાચી માહિતી મળે એવો આશય

# ૧ એપ્રિલથી આઈપીઓ લાવવા માટે આકરા કીપરફોર્મન્સઈન્ડિકેટરનોઅમલફરજિયાત

### ઔદ્યોગિક સંગઠનો સાથે ચર્ચા વિચારણા કરી તૈયાર કરાયેલા ધારાધોરણોને સેબીની મંજૂરી

| અમદાવાદ |

બજારનું નિયમન કરતી સંસ્થા સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ આઈપીઓ લાવનારી કંપનીઓ માટે આકરા કિ પરફોર્મન્સ ઈન્ડિકેટર (કેપીઆઈ)ના ધોરણો અમલી બનાવ્યા છે. વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે ચર્ચા વિચારણા કરીને તૈયાર કર્યા બાદ અમલમાં મુકવામાં આવેલા આ નવા ધારાધોરણો પાછળનો હેતુ પારદર્શિતાને વધુ મજબૂત બનાવવાનો અને રોકાણકારોને આઈપીઓ લાવનારી કંપનીના મૂલ્ય અને કારોબાર અંગે સ્પષ્ટ સમજ મળે તે છે.

ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ્સ ફોરમ દ્વારા આ અંગે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા હેઠળ કોઈ પણ પ્રકારે સંદિગ્ધ ન હોય એવા કેપીઆઈની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. આ કેપીઆઈમાં બિનપરંપરાગત હોય એવા આર્થિક માપદંડો કે જે મૂલ્ય પર સીધી અસર કરતા હોય તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઓડિટ કરનારી કંપનીઓ અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ માટે પણ કઈ કઈ ચોકસાઈ રાખવી જરૂરી છે તે પણ સ્પષ્ટપણે નક્કી કરવામાં આવ્યું છે. આ નવા ધારાધોરણો પહેલી એપ્રિલ, ૨૦૨૬થી અમલી બનશે.

**કેપીઆઇની જોગવાઇનું પાલન થાય એ જવાબદારી ઇન્વેસ્ટમેન્ટ બેંકર્સની**

આ નવા ધારાધોરણો અનુસાર ઇશ્યુ લાવવાની જવાબદારી સંભાળનારા ઇન્વેસ્ટમેન્ટ બેંકર્સ અને ઇશ્યુ લાવનારી કંપનીઓએ ફરજિયાતપણે આ ધોરણોનું પાલન કરવાનું રહેશે. સેબી સમક્ષ રજુ થતાં ડ્રાફ્ટ અને ઓફર ડોક્યુમેન્ટમાં તમામ કેપીઆઇનો સમાવેશ થાય તે બાબત આ કંપનીઓએ સુનિશ્ચિત કરવાની રહેશે. કોઇ પણ રોકાણકાર કોઇ પણ ઇશ્યુ લાવી રહેલી કંપનીમાં રોકાણ કરવાનો નિર્ણય લે તે પહેલા તેને આ કંપનીની કામગીરી, તેના કારોબાર સામે રહેલા જોખમો અને સમકક્ષ ક્ષેત્રે કાર્યરત અન્ય કંપનીઓની કામગીરી સાથે તુલના કરવામાં આ કેપીઆઇ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે મંજૂર કરેલા કેપીઆઇ ઓડિટરે ચકાસવા પડશે**

નવા ધારાધોરણોમાં એટલે કે કેપીઆઇમાં બિઝનેસ સેન્સિટિવ માહિતી અને સાચી છે કે કેમ તેની ખરાઇ ન શકતી હોય એવી માહિતીને બાકાત રખાશે. ઉપરાંત કંપની દ્વારા કારોબારને લગતા કોઇ લક્ષ્યાંકો નક્કી કરાયા હોય તો તેમાં અતિશયોક્તિ ન હોય તે પણ આ ધારાધોરણો સુનિશ્ચિત કરશે. કોઇ પણ ઇશ્યુ લાવનારી કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે જે કેપીઆઇને મંજૂરી આપી હોય તેની ચકાસણી આ કંપનીનું ઓડિટ કરનારી કંપનીએ કરવાનું રહેશ. આ ચકાસણી થઇ જાય તે પછી જ તેનો સમાવેશ ઓફર ડોક્યુમેન્ટમાં કરી શકાશે.

**છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા રોકાણકારોને શેર વેચ્યા તેની વિગતો આપવી પડશે**

ઇશ્યુ લાવનાર કંપનીએ ઓફર ડોક્યુમેન્ટ ફાઇલ કરાય તે પહેલાના ત્રણ વર્ષમાં કોઇ અન્ય રોકાણકારોને શેર વેચ્યા હોય તો તેની વિગતો પણ આપવી પડશે. જોકે આમાં કર્મચારીઓને અપાયેલા શેર ઇએસઓપીએસનો સમાવેશ થતો નથી. આ વિગતોમાં આવા રોકાણકારોને કોઇ અધિકાર આપવામાં આવ્યો હોય તેનો પણ સમાવેશ થાય છે. આ જ ત્રણ વર્ષમાં પ્રાઇવેટ પ્લેસમેન્ટ કે રાઇટ્સ ઇશ્યુ કરાયો હોય તો તેની વિગતો પણ આપવી પડશે. ઓફર ડોક્યુમેન્ટમાં જે કેપીઆઇ આપવામાં આવ્યા હોય તો અધિકૃત પ્રોફેશનલ પાસે સર્ટિફાઇડ કરાવવાના રહેશે.

**કારોબાર પર અસર કરી શકે એવા આર્થિક સિવાયના મુદ્દાઓ પણ જાહેર કરવા પડશે**

ઇશ્યુ લાવનારી કંપનીઓએ કેપીઆઇ અંતર્ગત આર્થિક બાબતો સાથે ન સંકળાયેલા હોય પણ કંપનીના મૂલ્યાંકન અને બિઝનેસ મોડલને અસર કરી શકે એવા હોય એ પ્રકારના સંચાલનને લગતા મુદ્દાઓ પણ સમાવિષ્ટ કરવાના રહેશે. આ તમામ મુદ્દાઓનો સમાવેશ ઓફર પ્રાઇઝ માટે શું આધાર લેવામાં આવ્યો છે તેમાં દર્શાવવાના રહેશે.

ઓએનજીસીના બ્લોકમાંથી ગેસનું ઉત્પાદન કર્યું હોવાનો આરોપ

# કેન્દ્રીયપેટ્રોલિયમ, ગેસમંત્રાલયનીરિલાયન્સને ૨.૮૧ અબજ ડોલરની ચુકવણી કરવા નોટિસ

### દિલ્હી હાઈકોર્ટે રિલાયન્સની તરફેણમાં ચુકાદો આપ્યા બાદ ડિવિઝન બેન્ચે ફેરવી તોળ્યો હતો

| અમદાવાદ |

કેન્દ્ર પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના કોન્સોર્ટિયમના પાર્ટનર્સ - બીપી એસ્કપ્લોરેશન (આલ્ફા) લિમિટેડ તથા નીકો લિમિટેડને ૨.૮૧ અબજ ડોલરની ડિમાન્ડ નોટિસ ફટકારી છે. ઓએનજીસીના બ્લોકમાંથી કેજી-ડી૬ બ્લોકમાં ગેસને ટ્રાન્સફર કરવાને લગતાં લાંબાં સમયથી પડતર વિવાદના સંદર્ભમાં બાકી લેણાં પેટે આ નોટિસ ફટકારવામાં આવી છે એમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આજે સ્ટોક એક્સચેન્જમાં કરેલા ફાઈલિંગમાં જણાવ્યું હતું. રિલાયન્સે ફાઈલિંગમાં જણાવ્યું હતું કે કેન્દ્રિય પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલયે પીએસસી કોન્ટ્રાક્ટર્સને ૨.૮૧ અબજ ડોલરની બાકી લેણાંની રકમ જમા કરાવવા નોટિસ ફટકારી છે. આ કોન્ટ્રાક્ટર્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડ અને નિકો લિમિટેડનો સમાવેશ થાય છે. જે કેસના સંદર્ભમાં આ નોટિસ ફટકારવામાં આવી છે તે ૨૦૧૮ના વર્ષનો છે. એ વખતે કેન્દ્ર સરકારે કેજી-ડી૬ બેઝિનના કોન્ટ્રાક્ટર્સની કોન્સોર્ટિયમ પર ઓએનજીસીના નજીકમાં જ આવેલા બ્લોકમાંથી ગેસનું ઉત્પાદન કરવાનો આરોપ મુક્યો હતો.

આ પ્રકારે કથિત રીતે ઓએનજીસીના બ્લોકમાંથી ગેસનું ઉત્પાદન કરવા બદલ કેન્દ્ર સરકારે શરૂઆતમાં ૧.૫૫ અબજ ડોલરની રકમ છે એમ જણાવ્યું હતું. જોકે તે પછી આ વિવાદ વધુ વકર્યો હતો અને જટિલ પણ બન્યો હતો. અંતે આ કેસ દિલ્હીની હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. તે પછી મે, ૨૦૨૩માં દિલ્હી હાઈકોર્ટની સિંગલ જજની બેંચે કેન્દ્ર સરકારે આર્બિટ્રલ એવોર્ડ સામે જે અપિલ કરી હતી તેને ફગાવી દીધી હતી. આ આર્બિટ્રલ એવોર્ડમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. જોકે તે પછી કેન્દ્ર સરકારે ડિવિઝન બેન્ચમાં અપિલ કરતાં કોર્ટે ૩જી માર્ચ, ૨૦૨૫ના રોજ આપેલા ચુકાદામાં સિંગલ બેંચનો ચુકાદો ફેરવી તોળ્યો હતો. આ ચુકાદો આવ્યો તે પછી કેન્દ્ર સરકારે બાકી લેણાંની રકમ વધારીને હવે ૨.૮૧ અબજ ડોલર કરી દીધી છે, જેના માટે તાજેતરના ચુકાદા અને ગેસ માઈગ્રેશન કેસના પુનમૂલ્યાંકનને આધાર તરીકે ગણવામાં આવ્યા છે. રિલાયન્સે એમ પણ જણાવ્યું હતું કે કંપનીએ આ અંગે કાયદાકીય સલાહ લેતા તાજેતરનો ચુકાદો અને સરકારની ડિમાન્ડ બન્ને અદાલતમાં ટકવાપાત્ર નથી. કંપની આ ચુકાદાને પડકારવા તૈયારી કરી રહી છે અને આના કારણે કોઈ રકમ ચુકવવાની થશે એમ માનતી નથી.

લાઈટ એસેટ મોડલની રણનીતિને અનુસરીને વેચાણ

# કોકા કોલાએ ઉત્તર ગુજરાતનો બોટલિંગ પ્લાન્ટ રૂપિયા ૨,૦૦૦ કરોડમાં વેચ્યો

### KGBG કોકા કોલાની પેટાકંપની HSBC પાસેથી આ પ્લાન્ટ ખરીદશે

અમદાવાદ | કોકા કોલા ઈન્ડિયાએ તેના ઉત્તર ગુજરાત ખાત આવેલા બોટલિંગ પ્લાન્ટનું વેચાણ કંધારી ગ્લોબલ બેવરેજિસ ગ્રુપ (કેજીબીજી)ને રૂ. ૨,૦૦૦ કરોડમાં કર્યું હોવાની માહિતી આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા આધારભૂત સુત્રો પાસેથી પ્રાપ્ત થઈ છે. કેજીબીજી એ ટોચના ચાર સ્વતંત્ર ફ્રેન્ચાઈઝી બોટલર્સ પૈકીનું એક ગ્રુપ છે. કોકા કોલાએ એસેટ લાઈટ મોડલને અનુસરવાની અને નિયમનકારી જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી સ્વતંત્ર બોટલર્સ અને ભારતીય બિઝનેસ હાઉસિસના શિરે નાંખવાની રણનીતિને અનુસરીને આ વેચાણ કર્યું છે, એમ આ સુત્રોએ ઉમેર્યું હતું.



**કોકા કોલાના કારોબાર પર એક નજર**

- કેજીબીજી સાથે વેચાણના સોદા પછી કોકા કોલાની પેટાકંપની એચસીસીબીનો હિસ્સો ૪૦ ટકા, જ્યારે દસ ફ્રેન્ચાઇઝ પાર્ટનર્સનો હિસ્સો ૬૦ ટકા રહેશે
- કોકા કોલાએ ૨૦૨૪માં કેટલાક બોટલિંગ પ્લાન્ટ વેચીને અને રિફ્રેન્ચાઇઝિંગ કરીને કુલ ૩૦૩ મિલિયન ડોલરની આવક મેળવી હતી
- આ સમગ્ર પ્રોસેસમાં વહેવાર કરવા માટે કુલ ૭ મિલિયન ડોલરનો ખર્ચ થયો હતો

# રૂપિયો બે પૈસા વધીને ૮૭.૩૦ની સપાટીએ બંધ

| અમદાવાદ |

પ્રારંભિક ધોવાણ પછી સુધારો આવતા યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૨ પૈસા વધીને ૮૭.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. અગ્રણી છ વૈશ્વિક કરન્સિ સામે ડોલરની સ્થિતિ દર્શાવતો ડોલર ઈન્ડેક્સ આજે ઘટ્યો અને ક્રુડ ઓઈલના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થતાં રૂપિયામાં ધોવાણ અટક્યું હતું અને તે નજીવો વધીને બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા મુજબ એકદંરે રૂપિયો મંદીતરફી ઝોક સાતે દબાણ હેઠળ ટ્રેડ થતો જોવા મળ્યો હતો. રૂપિયો આજે પાછલા બંધથી ઘટીને ૮૭.૩૮ની સપાટીએ ખુલ્યો હતો, જે પછી રૂપિયાએ ૮૭.૨૭ની હાઈ અને ૮૭.૪૦ની હાઈ બનાવી હતી. અંતે રૂપિયો ૨ પૈસા વધીને ૮૭.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. સોમાવારે રૂપિયો પાંચ પૈસા વધીને ૮૭.૩૨ની સપાટીએ બંધ રહ્યો હતો.



DRHP ફાઈલિંગ ત્રણ માસના સૌથી નીચલા સ્તરે

# શેરોમાં વેચવાલીનો માહોલ જોતાં IPOની સંખ્યામાં ૫૦ ટકા ઘટાડો

| મુંબઈ |

ગયા મહિને ૨૯મી જાન્યુઆરી પછી એકાએક કડાકા સાથે ૨૦૨૪ નવેમ્બર પછીના સૌથી નીચલા સ્તરે માત્ર ૧૪ કંપનીઓ દ્વારા ડ્રાફ્ટ હેરીંગ પ્રોસ્પેક્ટ્સ એટલે કે, DRHP ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ ૧૪ કંપનીઓ આ દ્વારા કુલ ૯,૬૯૫ કરોડ રૂપિયાનું ભંડોળ બજારમાંથી ઉઘરાવવા માંગે છે, જે છેલ્લા નવ મહિનામાં સૌથી ઓછું છે. DRHP એ કંપનીના આરંભિક જાહેર પ્રસ્તાવ યાને IPO પૂર્વે રજૂ કરાતો એક પ્રારંભિક દાસ્તાવેજ છે, જેમાં કેટલા શેર બહાર પડશે, આર્થિક પરિણામો તેમજ જોખમો અંગેની આવશ્યક વિગતો હોય છે.

IPO લાવવા અંગેની અરજમાં ઘટાડો એ બતાવે છે કે, કંપનીઓ પબ્લિક ઈશ્યુ લાવવાથી દૂર રહેવા માંગે છે. સાથે જ ફેબ્રુઆરીમાં આ પ્રકારનો ઘટાડો બજારની રુખ બતાવે છે. IPO માટે ફાઈલિંગ કરવા પહેલાં કંપનીઓ બજાર તેજીમાં આવે કે સ્થિર થાય તે માટે થોભ્ભો અને રાહ જૂઓની નીતિ અપનાવવા માંગે છે.

બજારો ઓક્ટોબરથી જ ગતિશીલ છે ત્યારે, જાન્યુઆરીમાં વ્હાઈટહાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પની વાપસી દ્વારા જે અનિશ્ચિતતા આવી છે, તેનાથી રોકાણકારો સચેત થઈ ગયા છે, એમ કેટલાંક જાણકાર કહે છે.

**બ્રોકરેજ સ્ટોક્સ તૂટયા |** બજારમાં હાલ ચાલી રહેલી વેચવાલીને જોતાં વેપાર વધી શકે એ આશાએ બ્રોકરેજ સ્ટોક્સમાં કડાકો જોવાયો. બજારના આવા નેગેટીવ સેન્ટીમેન્ટમાં સેબી દ્વારા ગયા સપ્તાહે ડેરીવેટીવ્સ માટે જે પ્રસ્તાવો મૂકાયા છે, તેણે વધારો કર્યો છે.

## ગુજરાતના મુખ્ય ગંજબજારો

| ઊંઝા | |
|---|---|
| જીરુ | ૩૩૭૦.૦૦/૫૩૦૦.૦૦ |
| વરિયાળી | ૧૨૨૦.૦૦/૮૮૬૦.૦૦ |
| ઈસબગુલ | ૨૨૫૦.૦૦/૨૮૨૧.૦૦ |
| રાયડો | ૧૦૨૮.૦૦/૧૧૮૦.૦૦ |
| તલ | ૧૮૮૧.૦૦/૨૦૨૦.૦૦ |
| ધાણા | ૧૨૫૧.૦૦/૨૦૨૫.૦૦ |
| સવા | ૧૧૮૦.૦૦/૧૪૭૦.૦૦ |
| અજમો | ૧૧૩૫.૦૦/૨૬૧૧.૦૦ |

| મહેસાણા | |
|---|---|
| ઘઉં | ૫૦૩/૫૦૫ |
| અડદ | ૧૩૨૫ |
| એરંડા | ૧૨૩૧/૧૨૭૦ |
| રાઈ-રાયડો | ૯૭૧/૧૧૨૭ |
| ગવાર | ૯૨૦/૯૪૦ |
| અજમો | ૧૭૦૦ |

| મહેસાણા શાકભાજી | |
|---|---|
| મરચાં | ૧૦૦/૭૦૦ |
| પપૈયા | ૫૫૦/૬૬૦ |
| બટાટા | ૬૦/૨૬૦ |
| લીંબુ | ૧૮૦૦/૨૪૦૦ |
| ભીંડા | ૩૦૦/૯૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦/૬૨૦ |
| દુધી | ૨૦/૨૦૦ |
| કાકડી | ૧૨૦/૮૦૦ |
| ભટ્ટા | ૬૦/૩૦૦ |
| રવૈયા | ૧૦૦/૨૪૦ |
| રીંગણ | ૧૦૦/૩૦૦ |
| કારેલા | ૧૬૦/૭૦૦ |
| લસણ સુકુ | ૧૨૦૦/૧૭૦૦ |
| કોબીજ | ૪૦/૧૦૦ |
| ફુલાવર | ૫૦/૩૦૦ |
| ગવાર | ૫૦૦/૧૪૪૦ |
| વટાણા | ૧૬૦/૫૦૦ |
| ચોળાફળી | ૮૦૦/૧૨૦૦ |
| ગીલોડા | ૬૨૦/૧૪૦૦ |
| ટામેટા પાકા | ૪૦/૨૨૦ |
| આદુ | ૬૦૦/૮૦૦ |
| કોથમીર | ૨૦૦/૫૦૦ |
| કેળાં | ૬૦૦/૭૫૦ |
| ચીકું | ૩૦૦/૧૧૦૦ |
| કેરી પાકી | ૮૦૦/૨૨૦૦ |
| તડબૂચ | ૮૦/૩૦૦ |
| સાફરજન | ૧૨૦૦/૨૦૦૦ |
| દાડમ | ૫૦૦/૨૬૦૦ |

| આંબલીયાસણ | |
|---|---|
| ઘઉં | ૪૮૦/૫૧૮ |
| બાજરી | ૪૭૫ |
| એરંડા | ૧૨૧૬/૧૨૩૫ |
| રાઈ-રાયડો | ૯૪૬/૧૦૪૦ |
| ગવાર | ૯૪૦/૯૫૧ |

| વિજાપુર | |
|---|---|
| રાયડો | ૧૦૧૫/૧૦૭૧ |
| એરંડા | ૧૨૪૦/૧૨૭૩ |
| મગફળી | ૯૫૫/૧૨૦૦ |
| કપાસ | ૧૨૫૮/૧૪૮૫ |
| બાજરી | ૪૧૨ |
| ઘઉં | ૫૩૦/૬૨૬ |
| જુવાર | ૮૦૦/૮૮૦ |
| ગવાર | ૯૨૫/૯૫૧ |

| વિજાપુર તમાકુ | |
|---|---|
| કલકત્તી તમાકુ | ૧૪૫૦/૨૪૦૦ |
| ગાળીયું | ૧૧૦૦/૧૫૦૧ |
| ડોખરૂ | ૨૦૦/૪૪૦ |

| વિજાપુર શાકભાજી | |
|---|---|
| બટાટા | ૮૦/૧૦૦ |
| ફુલાવર | ૬૦/૯૦ |
| રીંગણ | ૭૦/૧૦૦ |
| રવૈયા | ૫૦/૩૧૦ |
| મરચાં | ૪૬૦/૫૦૦ |
| ટામેટા પાકાં | ૬૦/૧૫૦ |
| દૂધી | ૨૦/૧૦૦ |
| ચોળી | ૫૦૦ |
| વાલોર | ૨૦૦/૩૦૦ |
| ભાટ્ટા | ૪૦/૨૩૦ |
| ભીંડા | ૬૦૦/૭૫૦ |
| ડુંગળી લીલી | ૧૨૦/૧૪૦ |
| ગલકા | ૧૦૦ |
| બીટ | ૨૦૦ |
| સિમલા મરચાં | ૨૦૦ |
| સારગવો | ૨૧૦/૩૦૦ |

| ગોઝારીયા | |
|---|---|
| રાયડો | ૯૫૦/૧૦૫૦ |
| એરંડા | ૧૨૨૦/૧૨૩૦ |
| કપાસ | ૧૪૨૫ |
| બાજરી | ૪૦૦/૫૫૭ |
| ઘઉં | ૫૦૦/૫૪૦ |
| ગવાર | ૯૫૯ |

| કુકરવાડા | |
|---|---|
| રાયડો | ૧૦૦૦/૧૦૫૮ |
| એરંડા | ૧૨૫૦/૧૨૬૬ |
| કપાસ | ૧૩૦૦/૧૪૭૨ |
| બાજરી | ૫૨૫/૫૬૧ |
| ઘઉં | ૬૦૧/૬૫૪ |
| ગવાર | ૯૬૯/૯૭૫ |

| પાટણ | |
|---|---|
| રાયડો | ૯૮૦/૧૧૬ |
| સરસવ | ૧૪૦૦/૧૫૦૩ |
| એરંડા | ૧૨૩૦/૧૨૮૮ |
| તલ | ૧૪૦૦ |
| અજમો | ૮૦૦ |
| ઘઉં | ૫૧૦/૫૬૬ |
| જુવાર | ૮૭૭/૯૫૦ |
| બાજરી | ૫૦૦/૫૮૧ |
| બંટી | ૫૭૧/૫૮૨ |
| રાજગરો | ૧૦૦૧/૧૧૫૪ |
| ર.બાજરી | ૪૭૦/૫૭૭ |

| ડીસા | |
|---|---|
| એરંડા | ૧૨૩૩/૧૨૭૫ |
| રાયડો | ૯૯૧/૧૦૭૬ |
| મગફળી | ૧૦૦૫/૧૦૫૫ |
| ઘઉં | ૫૩૦/૬૦૫ |
| બાજરી | ૫૪૩/૬૩૩ |
| રાજગરો | ૧૦૦૦/૧૧૯૨ |
| ગવાર | ૧૦૧૨ |
| જીરૂ | ૩૩૦૦/૪૧૪૦ |
| સુવા | ૧૩૮૧ |
| સરસવ | ૧૩૭૧/૧૫૪૩ |
| ચણા | ૧૦૧૧/૧૦૪૧ |

| ચાણસ્મા | |
|---|---|
| કપાસ | ૧૧૨૪/૧૩૫૧ |
| એરંડા | ૧૧૭૧/૧૨૬૮ |
| રાયડો | ૯૮૨/૧૧૨૭ |

| હારીજ | |
|---|---|
| સરસવ | ૧૩૫૧ |
| રાયડો | ૧૦૦૦/૧૦૮૧ |
| એરંડા | ૧૨૧૮/૧૨૭૫ |
| ઘઉં | ૫૧૦/૬૧૨ |
| ગવાર | ૮૫૦/૯૩૧ |
| બંટી | ૪૯૧ |
| ધાણા | ૧૨૨૫/૧૪૭૧ |
| અડદ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૪૮/૧૦૭૦ |
| તુવેર | ૧૨૫૦/૧૪૩૧ |
| સવા | ૧૦૫૧/૧૨૫૧ |
| જીરૂ | ૩૪૦૦/૪૦૭૦ |
| ઈસબગુલ | ૨૨૫૦/૨૪૩૫ |
| કાલા (સાધન) | ૧૦૫૨ |
| કપાસ (સાધન) | ૧૨૦૦/૧૪૩૦ |

| થરા | |
|---|---|
| જીરૂં | ૩૬૦૦/૩૮૭૮ |
| એરંડા | ૧૨૩૦/૧૨૮૦ |
| રાયડો | ૧૦૨૯/૧૦૮૨ |
| રાઈ | ૧૧૦૦/૧૫૦૦ |
| ગવાર | ૭૫૦/૮૫૧ |
| ઘઉં | ૫૨૦/૬૨૧ |
| બાજરી | ૫૫૦/૫૯૫ |
| જુવાર | ૭૨૧/૮૪૧ |
| ચણા | ૯૫૦/૧૦૩૦ |
| રાજગરો | ૧૦૮૦/૧૧૭૧ |
| કપાસ | ૧૩૫૦/૧૩૯૦ |

| શિહોરી | |
|---|---|
| જીરૂ | ૩૩૦૧/૩૫૦૦ |
| એરંડા | ૧૨૪૫/૧૨૭૦ |
| રાયડો | ૧૦૩૦/૧૦૭૧ |
| રાજગરો | ૧૦૦૦/૧૧૫૬ |

| ઉનાવા | |
|---|---|
| કપાસ | ૧૦૫૧/૧૫૧૫ |
| એરંડા | ૧૨૩૧/૧૨૭૧ |
| રાયડો | ૯૭૧/૧૧૧૦ |

| કડી | |
|---|---|
| ઘઉં | ૫૧૦/૫૭૪ |
| બાજરી | ૫૪૦ |
| ડાંગર | ૨૮૦/૪૦૧ |
| મઠ | ૧૦૨૦/૧૫૭૧ |
| ગવાર | ૯૦૦/૯૬૦ |
| તુવેર | ૧૧૫૧/૧૪૮૫ |
| એરંડા | ૧૨૨૦/૧૨૬૫ |
| રાયડો | ૯૦૦/૧૦૭૪ |
| જીરૂ | ૩૨૫૦ |
| સવા | ૧૨૯૦ |
| કપાસ | ૧૩૦૧/૧૪૭૦ |
| ચણા | ૧૦૦૫/૧૦૪૮ |
| અડદ | ૧૩૨૫/૧૪૨૫ |
| મેથી | ૯૨૨ |
| ધાણા | ૧૨૨૫ |
| તલ | ૧૬૦૦ |

| હિંમતનગર | |
|---|---|
| મગફળી | ૯૨૫/૧૩૨૧ |
| એરંડા | ૧૨૩૦/૧૨૫૦ |
| રાયડો | ૮૭૦/૧૦૨૮ |
| ઘઉં | ૫૩૦/૬૬૨ |
| મકાઈ | ૪૫૦/૪૮૩ |
| અડદ | ૧૧૫૦/૧૩૫૦ |
| ચણા (કાબુલી) | ૧૫૦૦/૧૯૦૦ |
| કપાસ | ૧૩૧૯/૧૪૭૫ |
| તમાકુ | ૧૮૦૦/૨૦૨૫ |
| સોયાબીન | ૭૫૦/૭૯૦ |

| તલોદ | |
|---|---|
| એરંડા | ૧૨૪૫/૧૨૬૨ |
| રાઈ | ૯૭૯/૧૦૩૮ |
| ઘઉં | ૫૫૦/૬૦૪ |
| બાજરી | ૫૮૦/૬૨૮ |
| ગવાર | ૮૮૦/૯૮૧ |
| શણ | ૧૪૫૦/૧૫૮૦ |

| હરસોલ | |
|---|---|
| કપાસ | ૧૩૫૦/૧૪૫૫ |

| દહેગામ | |
|---|---|
| બાજરી | ૫૫૦/૫૬૫ |
| ઘઉં | ૫૪૦/૫૫૧ |
| ડાંગર | ૪૬૦/૫૩૫ |
| ગવાર | ૯૬૦/૯૮૧ |
| જુવાર | ૯૨૮/૯૬૦ |
| રાયડો | ૧૦૫૩/૧૦૬૬ |
| એરંડા | ૧૨૧૯/૧૨૩૮ |

| વિરમગામ | |
|---|---|
| ડાં.ગુજરી | ૩૧૯/૪૦૧ |
| એરંડા | ૧૨૧૮/૧૨૩૬ |
| ઘઉં | ૪૫૦/૫૬૧ |
| જીરું | ૩૭૫૦/૪૦૦૦ |
| કપાસ | ૧૧૨૫/૧૪૨૯ |
| તુવેર | ૧૩૦૦/૧૪૬૩ |
| રાયડો | ૮૮૦/૧૦૪૦ |
| ચણા | ૯૮૧/૧૦૬૦ |
| ચણા (દેશી) | ૧૦૭૨/૧૧૧૧ |
| અસોરીયો | ૧૧૨૨ |

| બાવળા | |
|---|---|
| આઈ.આર.૮ (ગુજરી) | ૪૧૦/૫૬૦ |
| ટુકડા દેશી | ૫૭૭/૬૭૭ |
| જવ | ૩૭૧ |
| એરંડા | ૧૧૪૧/૧૨૪૫ |
| ચણા | ૧૦૫૧/૧૧૦૦ |
| રાઈ | ૮૬૦/૧૦૩૯ |

| પાલનપુર | |
|---|---|
| ઘઉં | ૫૧૦/૫૮૭ |
| ચણા | ૧૦૪૫/૧૦૬૬ |
| એરંડા | ૧૨૨૦/૧૨૪૮ |
| સરસવ | ૧૧૦૦/૧૧૩૫ |
| રાયડો | ૯૮૫/૧૦૮૫ |
| વરિયાળી | ૧૪૨૧/૫૦૦૦ |
| મગફળી | ૯૫૦/૧૦૭૦ |
| રાજગરો | ૧૦૪૦/૧૨૧૪ |
| જવ | ૫૦૧ |

| ધ્રાંગધ્રા એપીએમસી | |
|---|---|
| ધાણી | ૧૦૦૦/૧૮૨૦ |
| રાઈ | ૧૦૫૮/૧૧૫૫ |
| રાઈડો | ૯૦૦/૧૦૩૦ |
| જીરૂ | ૩૬૨૧/૪૦૪૨ |
| તુવેર | ૧૩૨૨ |
| ચણા | ૧૦૦૪૧૦૨૦ |
| ગવાર | ૯૦૨ |

| પાટડી એપીએમસી | |
|---|---|
| એરંડા | ૧૨૦૫/૧૨૧૨ |
| જીરૂ | ૩૫૧૧/૪૧૩૧ |
| તુવેર | ૧૩૫૫/૧૪૬૧ |
| ચણા | ૧૦૩૫/૧૦૬૦ |
| ધાણા | ૧૩૬૦/૧૬૬૧ |
| કાલા | ૧૦૫૦/૧૦૬૧ |
| રાયડો | ૯૬૦/૧૦૦૦ |

| વિસનગર | |
|---|---|
| જીરું | ૩૧૦૦/૩૩૦૦ |
| વરિયાળી | ૯૦૦/૫૨૦૦ |
| ઘઉં | ૫૦૦/૫૫૦ |
| જુવાર | ૭૫૦/૯૬૨ |
| બાજરી | ૪૮૦/૫૭૦ |
| ચણા | ૮૧૧ |
| અડદ | ૧૨૩૦/૧૩૨૫ |
| ગવાર | ૭૨૫/૯૭૯ |
| તલ | ૧૫૮૫/૧૬૫૫ |
| રાયડો | ૧૦૦૦/૧૧૪૨ |
| એરંડા | ૧૨૦૫/૧૨૭૨.૫૦ |
| મેથી | ૯૩૫/૧૦૪૦ |
| રાજગરો | ૧૦૦૦/૧૦૨૫ |
| કપાસ | ૧૨૦૦/૧૫૩૦ |

| સિદ્ધપુર | |
|---|---|
| સરસવ | ૧૫૪૬/૧૬૨૨ |
| રાયડો | ૯૮૦/૧૧૨૫ |
| એરંડા | ૧૨૨૫/૧૨૭૨ |
| રાજગરો | ૯૬૦/૧૧૨૧ |
| ગવાર | ૮૯૦/૯૫૭ |
| ઘઉં | ૫૦૫/૫૪૬ |
| બાજરી | ૩૮૦/૫૫૦ |
| જુવાર | ૧૦૭૧/૧૧૨૧ |
| કપાસ | ૧૨૫૦/૧૫૦૦ |

| પ્રાંતિજ | |
|---|---|
| એરંડા | ૧૨૨૫/૧૨૬૦ |
| ઘઉં | ૫૨૦/૬૦૦ |
| બાજરી | ૫૦૦/૫૬૦ |
| ડાં.ગુજરી | ૪૭૦/૫૨૫ |

| સલાલ | |
|---|---|
| ઘઉં | ૫૦૦/૫૭૦ |
| બાજરી | ૪૯૦/૫૩૦ |
| ડાં.ગુજરી | ૪૮૦/૫૨૦ |

| કલોલ | |
|---|---|
| ઘઉં | ૫૪૫/૫૮૫ |
| એરંડા | ૧૨૩૨/૧૨૪૨ |
| ગવાર | ૬૫૦/૯૭૦ |
| બાજરી | ૩૮૦/૪૬૬ |
| રાયડો | ૯૦૦/૧૦૫૧ |
| તુવેર | ૧૨૮૦ |
| ડાં.ગુ. | ૩૮૦/૪૨૦ |

## અમદાવાદના વિવિધ બજારો

| (સોના-ચાંદી બજાર) | |
|---|---|
| ચાંદી ચોરસા | ૯૩,૫૦૦/૯૫,૫૦૦ |
| ચાંદી રૂપું | ૯૩,૩૦૦/૯૫,૩૦૦ |
| ચાંદી સિક્કા જુના (૧ નંગ) | ૧૦૦૦/૧૨૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૯૯.૯) | ૮૮,૨૦૦/૮૯,૨૦૦ |
| સોનું તેજાબી (૯૯.૫) | ૮૭,૯૦૦/૮૮,૯૦૦ |
| સોનું હોલમાર્ક | ૮૭,૪૧૫ |

| (તેલ બજાર) | |
|---|---|
| સિંગતેલ જૂના ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૩૫૦ |
| સિંગતેલ નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૫૦૦/૨૫૮૦ |
| સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) | ૨૩૮૦ |
| કપા. જૂનો ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૨૫૦ |
| કપા. નવા ડબ્બા (૧૫ કિ.ગ્રા.) | ૨૩૦૦/૨૪૦૦ |
| રાઈસ બ્રાન્ડ તેલ (૧૫ લીટર) | ૨૩૫૦ |
| સોયાબીન નવા | ૨૪૦૦ |
| દિવેલ | ૨૨૦૦ |
| પામોલીન જૂનો ડબ્બો (૧૫ કિ.) | ૨૨૦૦ |
| પામોલીન નવો ડબ્બો | ૨૩૦૦ |
| કોપરેલ | ૩૭૨૦ |
| વનસ્પતિ ઘી | ૨૩૫૦/૨૫૦૦ |
| સરસિયું મોળું | ૨૨૫૦ |
| સરસિયું તીખુ | ૨૩૫૦ |
| સનફ્લાવર(૧૫લિટર) | ૨૩૦૦ |
| મકાઈ તેલ | ૨૨૦૦ |
| કપાસિયા (૫ લિટર) | ૭૩૦/૭૭૦ |
| સિંગતેલ (૫ લિટર) | ૭૮૦/૮૦૦ |

| ચીમનભાઈ માર્કેટ (૨૦ કિલોના ભાવ) | |
|---|---|
| બટાટા દેશી | ૧૨૦/૨૪૦ |
| બટાટા ડીસા | ૧૨૦/૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦/૫૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૦૦/૬૪૦ |

| (સરદાર પટેલ માર્કેટ) (૨૦ કિલોના ભાવ) | |
|---|---|
| રીંગણ | ૧૦૦/૩૬૦ |
| રવૈયા | ૧૬૦/૭૦૦ |
| કોબીજ | ૪૦/૮૦ |
| ફુલાવર | ૧૦૦/૧૬૦ |
| વાલોર | ૨૦૦/૫૦૦ |
| ટામેટા | ૪૦/૧૪૦ |
| દૂધી | ૧૦૦/૩૨૦ |
| તુવેર | ૬૦૦/૧૨૦૦ |
| વટાણા | ૩૦૦/૫૦૦ |
| સારગવો | ૩૦૦/૮૦૦ |
| ભીંડા | ૬૦૦/૧૦૦૦ |
| કાકડી | ૧૦૦/૨૦૦ |
| કારેલા | ૪૦૦/૭૦૦ |
| ગવાર | ૭૦૦/૧૯૦૦ |
| ચોળી | ૬૦૦/૧૮૦૦ |
| પરવર | ૮૦૦/૧૪૦૦ |
| ગીલોડા | ૫૦૦/૨૦૦૦ |
| મરચાં દેશી | ૨૦૦/૫૬૦ |
| મરચાં ગોલર | ૧૪૦/૩૦૦ |
| લીંબુ | ૧૦૦૦/૨૨૦૦ |
| આદુ | ૭૦૦/૮૦૦ |
| બીટ | ૧૨૦/૩૦૦ |
| ગાજર | ૧૨૦/૨૪૦ |
| મેથી | ૨૪૦/૬૦૦ |
| કોથમીર | ૨૪૦/૫૦૦ |

| (જેતલપુર માર્કેટ) | |
|---|---|
| ડાંગર ગુજરી | ૪૧૯/૫૧૭ |
| ડાં.ગુ.૧૩ | ૩૯૫ |
| ઘઉં ૪૯૬ | ૫૨૭ |
| રાયડો | ૯૬૮/૧૦૦૧ |

| (એપીએમસી ફૂલ બજાર) | |
|---|---|
| ગુલાબ (૧ કિલો) | ૬૦/૮૦ |
| ટગર | ૩૦૦/૪૦૦ |
| ડમરો (૧ કિલો) | ૧૦/૧૨ |
| પારસ (૧ કિલો) | ૩૦૦/૪૦૦ |
| લીલી (૧ જૂડી) | ૨/૩ |
| હજારીગલ(૨૦ કિલો) | ૫૦૦/૭૦૦ |
| ડેઝી (૨૦ કિલો) | ૧૪૦/૨૦૦ |

વહીવટી ગૂંચવણો વચ્ચે રાજ્યનું એકમાત્ર ડિજિટલ પ્લેનેટોરિયમ દોઢ વર્ષથી બંધ

# આખરે પાલિકાને સૂઝ પડી : સાયન્સ સેન્ટરનું પ્લેનેટોરિયમ રૂ. ૮ કરોડના ખર્ચે અપગ્રેડ થશે

## પ્લેનેટોરિયમ માટે ૮ કરોડના અપગ્રેડેશન સિવાય મેન્ટેનન્સ પેટે રૂપિયા ૧.૯૭ કરોડનો ખર્ચ કરાશે

। સુરત ।

વિદ્યાર્થીઓ, યુવાનોની વિજ્ઞાન, ખગોળીય ઘટનાઓ પ્રત્યેની રુચિ, જિજ્ઞાસા સંતોષવા માટે સુરતના પોશ વિસ્તાર સિટીલાઇટમાં કરોડો રૂપિયાના ખર્ચે સાયન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે. જેમાં રાજ્યનું એકમાત્ર ડિજિટલ પ્લેનેટોરિયમ છેલ્લા દોઢ વર્ષથી બંધ પડ્યું હોય પાલિકાની વહીવટી ઉદાસીનતા, ગૂંચવણોની ચર્ચા, આક્ષેપો જોરશોરમાં થયા હતા. એવામાં હવે પાલિકાને સૂઝ પડી હોય એમ સાયન્સ સેન્ટરનું પ્લેનેટોરિયમ ૮ કરોડના ખર્ચે અપગ્રેડ કરવાની કવાયત હાથ ધરાઇ છે. વહીવટી તંત્રએ ૮ કરોડના અપગ્રેડેશન સિવાય મેન્ટેનન્સ પેટે ૧.૯૭ કરોડના ખર્ચની દરખાસ્ત શાસકો સમક્ષ રજૂ કરી છે. ગુરુવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં તે અંગે નિર્ણય લેવાશે.

૧ ડિસેમ્બર-૨૦૦૯માં રોજ સિટીલાઇટ રોડ સ્થિત સાયન્સ સેન્ટર શહેરીજનો માટે ખુલ્લું મુકાયું હતું. અંદાજે ૪૫ કરોડના ખર્ચે બનેલા સાયન્સ સેન્ટરમાં સુરત શહેરના ઇતિહાસની સાથે જ ખગોળીય ઘટનાની માહિતી માટે હાઇટેક્ પ્લેનેટોરિયમ બનાવાયું હતું. જોકે, અપગ્રેડેશનની જરૂરિયાત હોય મે-૨૦૨૩થી પ્લેનેટોરિયમ બંધ છે. દરમિયાન વહીવટી ગૂંચવણ વચ્ચે અપગ્રેડેશનનું કામ ટલ્લે ચઢ્યું હતું. રાજ્યનું એકમાત્ર ડિજિટલ પ્લેનેટોરિયમ બંધ હોય બુદ્ધિજીવીઓમાં નારાજગી જોવા મળી હતી. હાલમાં દિવાળી વેકેશન વેળાએ મુલાકાતીઓની પાંખી હાજરી નોંધાયા બાદ ચર્ચા, વિવાદ થતાં આખરે પાલિકાનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. તેમજ પ્લેનેટોરિયમ અપગ્રેડેશન માટે રોકેટ ગતિએ કામગીરી કરવામાં આવી હતી. હવે ડિજિટલ પ્લેનેટોરિયમની હાલની ડીજીસ્ટાર-૩ સિસ્ટમને મેક્સિમમ યુટિલાઇઝ કરી તેને ડીજીસ્ટાર ૭ સિસ્ટમ (બે લેઝર પ્રોજેક્ટર મોડેલ સાથે)થી અપગ્રેડ કરવાની કામગીરીમાં બીજા પ્રયાસે આવેલી એકમાત્ર ટેન્ડરને પ્રાઇઝબીડ ૯,૩૩,૭૪૮ ડોલર (૭ જાન્યુઆરી-૨૦૨૫ના ડોલરના ભાવ પ્રમાણે ૮,૦૦,૫૯,૫૫૩ રૂપિયા)ના ખર્ચે અમેરિકાની કંપનીને ચૂકવવા અને પ્રોજેક્શન સિસ્ટમની બે વર્ષની વોરંટી બાદ ત્રીજા વર્ષથી સાતમાં વર્ષ સુધીના કુલ પાંચ વર્ષનો મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ વાર્ષિક ૩૯,૫૦,૦૦૦ના ભાવે પાંચ વર્ષમાં કુલ ૧,૯૭,૫૦,૦૦૦ના ભાવે આપવાની દરખાસ્ત રજૂ થઇ છે. આ દરખાસ્ત પર શાસકો આખરી નિર્ણય લેશે.


સિટીલાઇટમાં કરોડોના ખર્ચે તૈયાર થયેલું સાયન્સ સેન્ટર સંદેશે પોલ્યો હાથી
સાયન્સ સેન્ટરનું ગણિત ખોરવાયું, રાજ્યના એકમાત્ર ડિજિટલ પ્લેનેટોરિયમમાં અંધારું

'સંદેશ' અખબારમાં ૧૬ ડિસેમ્બરે પ્રસિદ્ધ થયેલા અહેવાલ

### કામગીરીમાં મોડું થતા ૪૦ લાખ વધુ ચૂકવવાની નોબત

૨૦૨૩થી પ્લેનેટોરિયમ અપગ્રેડ કરવાની પ્રક્રિયા કાગળ પર ચાલી રહી છે. હાઇટેક્ સિસ્ટમ માટે ડોલરમાં ચુકવણીની ઓફર આવી હતી. તે વેળા અમેરિકન ડોલર પ્રમાણે ૯,૦૧,૬૦૦ અને તે સમયે ડોલરની કિંમત ૮૪ રૂપિયા હોય અંદાજિત ૭,૫૭,૩૪,૪૦૦ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. જોકે, બાદમાં બીજા પ્રયાસે ડોલરના ભાવ ૮૫.૭૪ રૂપિયા પર પહોંચી ગયા હોય અને બે લેઝર પ્રોજેક્ટર મોડલ સાથેની કિંમત રજૂ થઇ હોય ભાવ ૮,૦૦,૫૯,૫૫૩ રૂપિયા થઇ છે, એટલે કે પાલિકાએ નિર્ણય લેવામાં વિલંબ કરતા ૪૦ લાખ વધુ ચૂકવવાની નોબત આવી છે. આ કંપની ૧૮ ફૂલ ડોમ શો પણ આપશે. જ્યારે મેન્ટેનન્સ પ્રતિવર્ષ અગાઉ ૪૨,૨૫,૬૦૦ના ભાવ સામે હવે ૩૯,૫૦,૦૦૦ ચૂકવવા તૈયારી દર્શાવવામાં આવી છે.

### સ્થાયી ચેરમેન રાજન પટેલ હરકતમાં આવતા હલચલ દેખાઇ

રાજ્યનું એકમાત્ર ડિજિટલ પ્લેનેટોરિયમ દોઢ વર્ષથી બંધ હોય અનેક પ્રશ્નો ઊભા થયા હતા. વહીવટી ઉદાસીનતાને લઇને તર્કવિતર્કનો દોર પણ ચાલ્યો હતો. સમગ્ર મામલે શહેર અને શાળાનાં બાળકો, યુવાનોના હિતમાં સ્થાયી ચેરમેન રાજન પટેલ સક્રિય થયા હતા. તેમણે સાયન્સ સેન્ટરમાં ટલ્લે ચઢેલા પ્લેનેટોરિયમ અપગ્રેડેશનના મામલે અધિકારીઓ તેડાવ્યા હતા. અધિકારીઓએ વિવિધ પાસાંઓ સાથેની માહિતી રજૂ કરી હતી. બેઠક બાદ સ્થાયી ચેરમેને તાકીદે કાર્યવાહી કરવાનો આદેશ કરતા વહીવટી હલચલ દેખાઇ હતી. જેમાં હવે પ્લેનેટોરિયમ અપગ્રેડેશન માટેની દરખાસ્ત તૈયાર થઇ રજૂ કરી દેવાઇ છે. સ્થાયી ચેરમેનના નિર્ણય બાદ આ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરાશે અને પ્લેનેટોરિયમ ઝડપથી શરૂ થશે.

સર્કિટ હાઉસના મેનેજર જિગ્નેશ પટેલે બેદરકારીની હદ વટાવી

# સર્કિટ હાઉસ : પ્રથમ નાગરિકને PMના રૂમની ચાવી માટે કલાક ઊભા રાખ્યા

। સુરત ।

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) બાદ હવે સુરત શહેરના પ્રથમ નાગરિક એવા મેયર દક્ષેશ માવાણીને સુરત સર્કિટ હાઉસના કારભારનો કડવો અનુભવ થયો હતો. ૭મી માર્ચના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત સર્કિટ હાઉસમાં રાત્રી રોકાણ કરશે. હવે વડાપ્રધાન જે રૂમમાં રાત્રી રોકાણ કરશે તે રૂમનું નિરીક્ષણ કરવા ગયેલા મેયર, સ્થાયી ચેરમેન તેમજ ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ સહિતના અધિકારીઓને રૂમની ચાવી માટે કલાક ઊભા રાખ્યા હતા. એક રૂમની ચાવી માટે કલાક રોહ જોવડાવતા પદાધિકારી અને અધિકારીઓએ પિત્તો ગુમાવ્યો હતો. તેમજ સર્કિટ હાઉસના મેનેજર જિગ્નેશ પટેલના મનસ્વી કારભાર સામે રોષ વ્યક્ત કર્યો હતો. મેનેજરના મનસ્વી કારભારને કારણે સર્કિટ હાઉસની આબરૂના લીરેલીરા ઉડી ગયા છે. આ વખતે તો મેનેજરે બેદરકારીની તમામ હદ વટાવી દીધી છે.

### ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચે સેક્શન અધિકારીને તતડાવ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત સર્કિટ હાઉસના જે રૂમમાં રોકાશે તેની કાયાપલટ કરવા જોરશોરથી કામગીરી ચાલી રહી છે. વાયરિંગથી માંડીને બેડના ગાદલાં સુધ્ધાં બદલાઈ રહ્યા છે. ત્યારે વડાપ્રધાન જે રૂમમાં રોકાશે તેનું નિરીક્ષણ કરવા ગયેલા પાલિકાના ડેપ્યુટી કમિશનરને ચાવી આપવામાં પોણો કલાકનો સમય લગાડી દેતાં ડે. કમિશનરે સેક્શન અધિકારીનો ઉધડો લીધો હતો.

### મેયર, સ્થાયી ચેરમેન સર્કિટ હાઉસ ગયા ત્યારે મેનેજર ગેરહાજર

શહેરના પ્રથમ નાગરિક, સ્થાયી ચેરમેન તથા પાલિકાના ડેપ્યુટી કમિશનર સહિતના અધિકારીઓ સર્કિટ હાઉસ ગયા ત્યારે મેનેજર જિગ્નેશ પટેલ ગેરહાજર હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ૩૫ ડિગ્રી તાપમાને જિલ્લા કલેક્ટર સૌરભ પારઘી, પોલીસ કમિશનર સહિતના તમામ સરકારી અધિકારીઓ આખો દિવસ આયોજનબદ્ધ કામગીરીમાં વ્યસ્ત છે. ગમે ત્યારે ગમે તે અધિકારી સર્કિટ હાઉસ પહોંચી શકે તેવી સંભાવના છે. આમ છતાં મેયર, સ્થાયી ચેરમેન સર્કિટ હાઉસ ગયા ત્યારે મેનેજર ગાયબ હોવાનું જાણવા મળ્યું છે.

### રૂમની એક જ ચાવી હશે તે તપાસનો વિષય!

સર્કિટ હાઉસના જવાબદારો ચોથા માળે આવેલા રૂમની ચાવી સેક્શન અધિકારી પાસે હોવાનો લૂલો બચાવ કરી રહ્યા છે, પરંતુ નવાઈની વાત એ છે કે, સર્કિટ હાઉસના રૂમની એક જ ચાવી છે. એક ચાવી સેક્શન અધિકારી પાસે હશે, બીજી ચાવી તો સર્કિટ હાઉસના કર્મચારીઓ પાસે હશે જને. તો પછી શા માટે ચાવી આપવામાં પોણો કલાકનો સમય લાગી ગયો તે તપાસનો વિષય છે.

# સચિન જીઆઇડીસીમાંથી નીકળતા કચરાના ઢગલામાં અચાનક આગ

## કલાકો સુધી જીઆઇડીસી વિસ્તારના આકાશમાં ધુમાડાના ગોટેગોટા

। સુરત ।

સચિન જીઆઇડીસીમાંથી નીકળતા કચરાને ઠાલવવામાં આવતા પ્લોટમાં અચાનક સાંજના ચાર કલાકે આગ લાગતા સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. સચિન ફાયર સ્ટેશનના લાશ્કરોએ આગ બુઝાવવા માટે ભારે જહેમત ઉઠાવી હોવા છતાં બે કલાક સુધી આગ કાબૂમાં આવી નહીં હોવાની હકીકતો જાણવા મળી છે.



સચિન જીઆઇડીસીમાંથી નીકળતા કચરાના નિકાલ માટે જીઆઇડીસી વિસ્તારમાં જ એક પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. આ પ્લોટ પર ઈન્ડસ્ટ્રીઝમાંથી નીકળતા કચરાના નિકાલની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આ પ્લોટમાં કોઇ આવીને કચરાને સળવાગી નહીં જાય તે માટે પ્લોટની ફરતે દીવાલ કરવાની સાથે એક સિક્યુરિટીને પણ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં આજે સાંજના ચાર કલાકના અરસામાં અચાનક જ આગ લાગી હતી. જોકે ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાંથી નીકળતા કચરામાં આગ લાગી હોવાના લીધે તેને કાબૂમાં લેવા માટે ફાયરના જવાનોએ ભારે મહેનત કરી હતી. સચિન જીઆઇડીસીમાંથી નીકળતા કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે તે માટેની વાતો છેલ્લા કેટલાક વર્ષોથી કરવામાં આવી રહી હોવા છતાં તેનો નિકાલ ખુલ્લામાં જ કરવામાં આવી રહ્યો છે. તેના લીધે હવાની સાથે સાથે જમીનનું પણ પ્રદૂષણ થઈ રહ્યું છે. તેમ છતાં આ દિશામાં નક્કર કાર્યવાહી કરવામાં આવતી નહીં હોવાનો પણ ગણગણાટ ઊઠ્યો છે.



# સચિનના ઉદ્યોગકારો અને પોલીસ વચ્ચે સંકલન બેઠકનું આયોજન

। સુરત ।

સચિન ઔદ્યોગિત વસાહતના ઉદ્યોગકારો સાથે નાયબ પોલીસ કમિશનર સહિત અધિકારીઓ સાથે સંકલન બેઠક યોજાઇ હતી. જેમાં વ્યસનમુક્તિ, સાઇબર ક્રાઇમ અવેરનેસ અને હેલ્મેટ પહેરવું હિતાવહ છે, ઉપરાંત અસામાજિક તત્ત્વો દ્વારા થતી ખોટી કનડગત સામે પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સચિન ઉદ્યોગકારો સાથેની મિટિંગમાં ડીસીપી ઝોન - ૬ રાજેશ પરમારે જણાવ્યું હતું કે ધંધાકીય બાબતે કોઇ અસામાજિક તત્ત્વો દ્વારા ખોટી હેરાનગતિ કે કનડગત થતી હોય તો કોઇ પણ જાતનો ડર રાખ્યા વિના પોલીસ સાથે સંપર્ક કરવો, જેની સામે પોલીસ સમક્ષ ઔદ્યોગિકના ઉદ્યોગકારોની સમસ્યા સામે ઝડપી નિરાકરણ કરવા પોલીસ મથકમાં નોડલ ઓફિસરની નિમણૂક કરવા રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત ઔદ્યોગિક વસાહતમાં કામ કરતા કામદારોને વ્યસન મુક્તિ વિશે જાગૃતિ, સાઇબર ક્રાઇમની અવેરનેસ, અકસ્માતમાં સુરક્ષિત માટે હેલ્મેટ ફરજિયાત પહેરવું એવું સૂચન કરવામાં આવ્યું હતું.

સચિન સોસાયટીના ઉદ્યોગકારોએ વધુમાં જણાવ્યું હતું કે ગભેણી ચોકડી પાસેના ઓવરબ્રિજને વહેલી તકે ખુલ્લો મૂકીને ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા પોલીસ સમક્ષની બેઠકમાં રજૂઆત કરવામાં આવી હતી. ઉદ્યોગકારો સાથે યોજાયેલી બેઠકમાં ડીસીપી ઝોન- ૬ રાજેશ પરમાર, એસીપી એન.પી.ગોહિલ, સચિન સોસાયટીના પ્રમુખ નિલેશ ગામી, ઉપપ્રમુખ ભીખુભાઇ નાકરાણી સેક્રેટરી મયૂર ગોળવાળા સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# શિવ શક્તિ માર્કેટમાં ચોથા-પાંચમા માળે આજથી વેપારીઓ જઇ શકશે

સુરત : મહાશિવરાત્રીની આગલા દિવસે બીજી વખત લાગેલી આગે રિંગ રોડ શિવ શક્તિ માર્કેટના પાંચ માળની ૮૪૩ દુકાનદારોને રાતાપાણીએ રડાવ્યા હતા. પાંચ માળની માર્કેટ ફરી ક્યારે ધમધમશે તેની અનિશ્ચતતા વચ્ચે આજે પહેલાં, બીજાં અને ત્રીજાં માળની ૫૭૦ દુકાનોનું પોલીસ અત્યાર સુધી પંચનામું કરી ચૂકી છે. ૫૦૦ દુકાનોનું સોમવાર સુધીમાં પંચનામું થઇ ચૂક્યું હતું અને ૫૨ લાખ જેટલી રોકડ પણ દુકાનદારોને મળી હતી. આજે દસ-દસ વેપારીઓને એક પોલીસ કર્મચારી અને ફાયર બ્રિગેડના કર્મચારી સાથે જવા દેવાયા હતા. આજે પણ કેટલીક રોકડ મળી હતી. ચોથા અને પાંચમો માળ વધુ નુકસાન પામ્યો હોઇ વેપારીઓને ત્યાં જવાની અનુમતી ન હતી, પરંતુ આજે SVNITની ટીમ રિ-સર્વે માટે આવી હતી અને તેમણે ત્રણ-ત્રણ વેપારીઓને ત્યાં માત્ર કિંમતી ડોક્યુમેન્ટસ અને પંચનામું કરી શકે તે માટે જઇ શકાય તેવો અભિપ્રાય આપ્યો હતો. ત્રણ માળ સુધીની ૫૭૦ દુકાનોનું પંચનામું પોલીસે પૂરું કર્યું હતું. ઇંશ્યોરન્સ હોય તેવી દુકાનોમાં સર્વેયરને લઇ જવાયા હતા. બે દિવસ દરમ્યાન કુલ ૧૨૫ જેટલી દુકાનો એવી મળી આવી હતી જેમનો વીમો હતો. જેથી વીમા કંપનીનાં કર્મચારીઓને જવા દેવાયા હતા. પંચનામા વખતે પોલીસે વિડીયો ગ્રાફી પણ કરી હતી.

પાંડેસરાના દુબે બંધુઓએ પૈસા પડાવી લીધા

# નવાપુરમાં પ્લોટિંગમાં રોકાણના નામે રૂ. ૪.૬૬ લાખની ઠગાઈ

। સુરત ।

મહારાષ્ટ્રના નવાપુરમાં જમીનમાં સસ્તા ભાવે પ્લોટિંગ કરી ઊંચું વળતર મેળવવાના સપનાંઓ બતાવી પાંડેસરાના દુબે બંધુઓએ પાંચ વ્યક્તિઓ પાસેથી રૂ. ૪.૬૬ લાખ પડાવી લીધા છે. નાણાનું રોકાણ કરાવી પ્લોટનો કબજો કે રકમ પરત નહીં કરીને દુબે બંધુઓએ છેતરપિંડી કરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ પાંડેસરા બમરોલી રોડની આસ્થા રેસિડન્સીમાં રહેતા યજ્ઞપ્રકાશ મોર્ય (ઉ.વ. ૪૧) મગદલ્લા રોડ ઉપરની સ્વસ્તિક ક્રિએશન નામે એમ્બ્રોઇડરી કારખાનામાં નોકરી કરે છે. તેઓ પાંડેસરામાં શ્રીરામ રેસિડન્સીના નામે જમીન લે-વેચની ઓફિસ ધરાવતાં સંજયપ્રતાપ નારાયણ દુબે અને અજય નારાયણ દુબે (રહે. કર્મયોગી સોસાયટી, પાંડેસરા) સાથે ગત વર્ષ ૨૦૧૫ વર્ષમાં સંપર્કમાં આવ્યા હતા. દુબે બંધુઓએ યજ્ઞપ્રકાશને લાલચ આપી હતી કે તેમણે મહારાષ્ટ્રના નવાપુર ખાતે શ્રીરામ રેસિડન્સી નામે પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં રોકાણ કરવાનું કહેતા યજ્ઞપ્રકાશે એક પ્લોટ ખરીદ્યો હતો. પ્લોટ અને ડેવલપમેન્ટ ચાર્જ સહિત રૂ. ૧.૦૬ લાખ તેમણે ચૂકવી પણ દીધા હતા.

આ વાતને લાંબો સમય વિતી જવા છતાંય દુબેએ યજ્ઞપ્રકાશને પ્લોટનો કબજો સુપરત કર્યો ન હતો. તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, શ્રીરામ રેસિડન્સીના પ્રોજેક્ટની જમીન દુબે બંધુઓના નામે નહીં પરંતુ અન્ય વ્યક્તિના નામે હતી.

દુબે બંધુઓએ છેતરપિંડી કરી હોવાનું જાણ્યા પછી યજ્ઞપ્રકાશે નાણાં પરત માંગતા ખોટા વાયદા આપીને સમય પસાર કર્યો હતો. દુબે બંધુઓએ યજ્ઞપ્રકાશ ઉપરાંત રાજકિશોર મોર્ય, રામચંદ્ર પાત્રા, બ્રિજેશ પટેલ સહિત પાસેથી પ્લોટિંગના નામે કુલ રૂ. ૪.૬૬ લાખની રકમ પડાવી લીધી હોવાનું જાણવા મળતાં તેઓએ પાંડેસરા પોલીસ મથકમાં દુબે બંધુઓ વિરુદ્ધ ફરિયાદ આપી છે.




# પ્રેમસંબંધમાં યુવકની હત્યા કરનાર એક આરોપીને આજીવન કેદની સજા

। સુરત ।

વરાછા વિસ્તારમાં રહેતા શૈલેષ પરમાર નામના યુવકનો એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. આ યુવતી આ યુવતી ગોડાદરા માનસરોવર આવાસમાં રહેતો જયસુખ વિનુ સુવાળાની પિતરાઇ બહેન થતી હોવાનું બહાર આવ્યું હતું. જેની અદાવત રાખી જયસુખે મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની અને સુરતમાં ગોડાદરા પાસે માનસરોવર આવાસમાં રહેતા નીતિન જયસુખભાઇ સુવાળા અને વરાછા બોમ્બે માર્કેટ પાસે મારુતિ હોસ્પિટલમાં રહેતો વિજય ખોડુભાઇ વાઘેલાને કહીને શૈલેષની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં વિજયે શૈલેષને ફોન કરીને મળવા માટે બોલાવ્યો હતો. આયોજનના ભાગરૂપે ગત તા. ૦૯-૧૧-૨૦૧૮ના રોજ વિજયે શૈલેષના ઘરે ગયો હતો અને ટુ-વ્હીલર ઉપર બેસાડીને તેને જયસુખ તેમજ નીતિન સાથે મુલાકાત કરાવી વાતચીત કરવા માટે નીયોલ રેલવે ફાટક પાસે લઇ ગયો હતો. લાંબા સમય સુધી શૈલેષ ઘરે આવ્યો ન હતો. દરમિયાન તેની ડેડબોડી નીયોલ રેલવે સ્ટેશનની બાજુમાં ફાટક પાસેથી મળી આવી હતી.

આ બાબતે ડિંડોલી પોલીસમાં ફરિયાદ કરાતા પોલીસે વિજય, જયસુખ અને નીતિનની સામે હત્યાનો ગુનો નોંધી તેઓની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ત્રણેયએ શૈલેષ અને નીતિનની પિતરાઇ બહેન વચ્ચેના પ્રેમસંબંધની અદાવત રાખીને હત્યા કર્યાનું જણાવ્યું હતું. તેઓએ સૌપ્રથમ શૈલેષને માર માર્યો હતો અને ત્યારબાદ ટ્રેક ઉપર સૂવડાવી દીધો હતો. શૈલેષની બોડી ઉપરથી ગુડ્સ ટ્રેન પણ ફરી વળી હોવાનું બહાર આવ્યું હતું. આ કેસ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ આર.ટી.વચ્છાણીની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ દલીલો કરીને ત્રણેય આરોપીઓને વધુમાં વધુ સજા કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. કોર્ટમાં નીતિન અને જયસુખની તરફે કોઇ મહત્ત્વના પુરાવા રજૂ થયા ન હોય તેઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકાયા હતા, જ્યારે વિજય વાઘેલાની સામે હત્યાને ગુનો પુરવાર થયો હતો અને કોર્ટે વિજયને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા તેમજ ૧૦ હજારનો દંડ કરતો હુકમ કર્યો હતો.

# સુરતમાંથી સાડીઓ ચોરી મુંબઇ વેચાણ કરતા ચારની ધરપકડ થઈ

। સુરત ।

રિંગ રોડ સ્થિત માર્કેટમાંથી સાડીઓ હોલસેલમાં ખરીદવાના બહાને આવી ચોરી કરી લઇ મુંબઇમાં તેનું ફેરી ફરીને વેચાણ કરી રોકડી કરી લેતા ચારને ઝડપી લેવાયા હતા.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે મિલેનિયમ ટેક્સ્ટાઇલ માર્કેટમાં સહિયર ફેશનના નામે દુકાન ધરાવતા નિલેશ વાલાણીની દુકાનમાં ગત ૨૯મી જાન્યુઆરીએ ચાર વ્યક્તિઓ પ્રવેશી હતી. ચારેય મુંબઇના હોવાનું અને હોલસેલમાં સાડી ખરીદવા આવ્યાનું જણાવ્યું હતું. આ વેપારીને વાતોમાં વ્યસ્ત રાખી આ ચારેય ૬૦ હજારની કિંમતની ૪૫ સાડીઓ ચોરી ગયા હતા. બીજી ફેબ્રુઆરીએ મામલો સલાબતપુરા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આ ચોરીમાં સંડોવાયેલા બૈજુ મંજી ગોડકીયા (રહે. સિદ્ધિ ચાલ, દાદર), રાજેશ મંજી ગોડકીયા (રહે. હરેહરેશ્વર સોસાયટી, મુલુન્ડ), સતીષ ભૂપત કુંધીયા (રહે. આઝાદનગર, હરેહરેશ્વર સોસાયટી) અને રાજેશ કાનજી કાવઠિયા (રહે. હરીયાળી વિલાસ ઝૂંપડપટ્ટી, વિક્રોલી)ને દબોચી લીધા હતા.

ચારેય સુરતમાંથી હોલસેલમાં સાડીઓ લઇ મુંબઇમાં ફેરિયા તરીકે ઘરે ઘરે ફરી વેચાણ કરે છે. કોઇક વખતે તક મળતાં સાડીઓ ચોરી પણ લેતા હતા. દુકાનમાં એકલો વેપારી હોય ત્યારે તેને વ્યસ્ત રાખી બીજા સાગરીતો સાડી ચોરી લેતા હતા. એ.એસ.આઇ. વિજય સૂર્યકાંત વધુ તપાસ કરી રહ્યા છે.




# ચોર્યાસી ડેરીના ૪૫૦૦ સભાસદોનું ભાવિ હવે જિલ્લા રજિસ્ટ્રારના હાથમાં

। સુરત ।

ચોર્યાસી ડેરી સામે કલમ ૮૧ હેઠળ થયેલી કાર્યવાહી મુદ્દે પ્રમુખ નરેશ પટેલ, મેનેજર મનોજ મોદી જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ રૂબરૂ હાજર થયા હતા. તેમજ તેઓએ જિલ્લા રજિસ્ટ્રારને જવાબ સુપરત કર્યો હતો. હવે ચોર્યાસી ડેરીના ૪૫૦૦ સભાસદોનું ભાવિ જિલ્લા રજિસ્ટ્રારના હાથમાં છે. પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાઓ ડેરીની એકમાત્ર ડુંભાલ સ્થિત જમીન વેચી દે ત્યાં સુધી જિલ્લા રજિસ્ટ્રાર તમાશો જોતા રહેશે કે પછી સભાસદોના હિતને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે ડેરીમાં વહીવટદારની નિમણૂક કરશે તે જોવું રહ્યું. ચોથી માર્ચના રોજ પ્રમુખ નરેશ પટેલે રૂબરૂ હાજર થઈને જવાબ રજૂ કરી દીધો છે. હવે આ જવાબના આધારે જિલ્લા રજિસ્ટ્રારે નિર્ણય લેવાનો છે. દરમિયાન જિલ્લા રજિસ્ટ્રાર સભાસદોના હિતમાં યોગ્ય નિર્ણય લશે કે પછી સમય પસાર કરીને ડેરીના કારભારીઓને જમીન વેચવા માટે પૂરતો સમય આપશે. સમગ્ર દારોમદાર જિલ્લા રજિસ્ટ્રાર ઉપર છે. કેમકે, ચોથી માર્ચ ને મંગળવારે સુનાવણી પૂર્ણ થઈ છે. હવે જિલ્લા રજિસ્ટ્રારે નિર્ણય લઈને હુકમ કરવાનો છે. ત્યારે ડેરીમાં વહીવટદારની નિમણૂક કરીને ડુંભાલની એકમાત્ર જમીન બચાવી લે છે કે પછી કૌભાંડિયાઓની મેલી મુરાદ પૂરી થવા દે છે. ચોર્યાસી ડેરીના બેજવાબદાર કારભારીઓએ દેલાડવા, સણિયા-કણદે, ખરવાસા, લીંગડ સહિતનાં ગામડાંઓમાંથી દૂધ સંપાદન કરવાનું બંધ કરી દીધું છે. હવે ચોર્યાસી ડેરીના ઉપપ્રમુખ સણિયા-કણદે ગામમાં રહે છે. આ ગામમાંથી પણ ડેરીએ દૂધ સંપાદન કરવાનું બંધ કરી દીધું છે. ત્યારે ડેરીમાં દૂધ જ નહીં ભરતા ઉપપ્રમુખ બળવંત સોલંકીને ડેરીના પેટા નિયમ અનુસાર હોદ્દા પરથી દૂર કરવા સભાસદોએ માંગણી કરી છે. ડેરીમાં દૂધ જ નથી ભરતા એવા ઉપપ્રમુખ જ નહીં અન્ય ડિરેક્ટરોને પણ તાકીદે હોદ્દા પરથી તગેડી મૂકવા માંગણી ઊઠી છે.

# હોમલોનના હપ્તા નહીં ભરતાં ફ્લેટનું મારેલી સીલ તોડી દેવાયું

સુરત : મોટાવરાછા સ્થિત શિવધારા રેસીડન્સીમાં આવેલ વેદાંતા ફ્લેટ પર સવાણી પરિવારે હોમલોન લીધી હતી, પરંતુ બેંકના હપ્તાની રકમ નહીં ભરતાં બેંક દ્વારા ફલેટને સીલ મારવામાં આવ્યુ હતુ. જો કે સવાણી પરિવારે બેંકનું સીલ તોડીને ઘુસણખોરી કરી હતી. મોટાવરાછા સ્થિત શિવધારા રેસીડન્સી વેદાંતા ફલેટમાં રહેતાં હરેશ સવાણી, તેમના પત્ની ધર્મિષ્ઠાબેન અને વિશાલ પ્રવિણભાઇ સવાણીએ ૨૦૧૯ વર્ષમાં ફલેટની રૂ.૩૯ લાખની લોન કામરેજના દિગજ ગામે એસ.બી.આઇમાંથી લીધી હતી. પરંતુ વેદાંતા ફલેટના નામે લીધેલી હોમ લોનના હપ્તા આ ત્રણેય એ ભર્યા ન હતા. જેના પગલે ૧૭ ફેબ્રુઆરીએ બેંક દ્વારા એનપીએ કાર્યવાહી હાથ ધરી હતી. અને લોનની રિકરવી કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત બેંક દ્વારા ફલેટને સીલ મારી દીધુ હતુ. છતાં સવાણી પરિવારે બેંકને જાણ કર્યા વિના ફલેટના દરવાજે લગાડેલી નોટીસ ફાડી નાંખીને બારોબાર સીલ અને લોક તોડીને ગેરકાયદે ઘુસણખોરી કરી હતી. આ બનાવ અંગે એસબીઆઇના રીજનલ મેનેજર બસંત વશિષ્ઠે ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

CITY PLUS MULTIPLEX
ફ્રી પાર્કીંગ
ડુમસ રોડ, મગદલ્લા સર્કલ, સુરત.
છાવા ૯.૪૫, ૧૦.૫૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૫૦, ૩.૪૫, ૪.૪૫, ૬.૪૫, ૭.૪૦, રાત્રે : ૮.૩૦, ૯.૪૦, ૧૦.૩૫
મેરે હસબન્ડ કી બીવી સવારે : ૯.૧૫
દીલતો પાગલ હૈ ૨.૪૦
ઉંબરો ગુજરાતી : ૫.૫૫

CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
છાવા ૯.૦૦, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૧૫, ૩.૦૦, ૪.૧૫, ૬.૦૦, ૭.૧૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
ઉંબરો ગુજરાતી : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
મેરે હસબન્ડ કી બીવી ૯.૪૫, ૩.૪૫, રાત્રે : ૯.૪૫
ફાટી ને ? ગુજરાતી : ૧૨.૪૫, ૬.૪૫

Valentine Multiplex
DOLBY ATMOS
છાવા વિકી કૌશલ, રશ્મિકા મંદાના
૯.૧૫, ૧૦.૦૦,૧૧.૦૦, ૧૨.૧૦, ૧.૦૫, ૩.૦૫,૪.૦૦, ૬.૦૫, ૭.૦૦, ૭.૪૦, રાત્રે : ૯.૧૦, ૧૦.૧૫
મેરે હસબન્ડ કી બીવી ૨.૧૦ રાત્રે : ૧૦.૩૫
ઉંબરો ગુજરાતી : ૫.૦૦

RAJHANS MULTIPLEX
એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
આજના તમામ શો ફક્ત રૂા. ૧૦૦/-
છાવા
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૮.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
ગુજરાતી સુપરહીટ ફિલ્મ
ઉંબરો ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૫, ૬.૩૦

CINEZZA Multiplex
મહારાજા ફાર્મ, ડી માર્ટ પાસે, મોટા વરાછા, સુરત
છાવા વિકી કૌશલ - રશ્મિકા મંદાના - અક્ષય ખન્ના
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
ગુજરાતી સુપર હીટ ફેમિલી ફિલ્મ
ઉંબરો ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, રાત્રે : ૯.૧૫

**તંત્રીની કલમે**

### વિકસિત ભારતનું સપનું સાકાર કરો

## મેક્રો ઈકોનોમિમાં મોટાપાયે સુધારા કરવા જરૂરી

અમેરિકાનાં પ્રમુખ ટ્રમ્પ સત્તા પર આવ્યા પછી કેનેડા, મેક્સિકો, ચીન પર ૧૦ ટકાથી લઈને ૨૫ ટકા સુધીની ટેરિફ લાદવામાં આવી છે જેનો અમલ પણ શરૂ થઈ ગયો છે. કેનેડા અને ચીન દ્વારા અમેરિકા પર વળતી ટેરિફ લાદવામાં આવી છે. આમ રેસિપ્રોકલ ટેરિફ સાથે આખા વિશ્વમાં ટ્રમ્પે ટેરિફ યુદ્ધ છેડી દીધું છે. વિશ્વનાં સમૃદ્ધમાં સમૃદ્ધ દેશ ગણાતા અમેરિકાનાં પ્રમુખની ઘેલછાને કારણે વિશ્વનાં અનેક દેશોની ઈકોનોમી અત્યારે ડામાડોળ થઈ ગઈ છે. આવી પ્રવાહી અને અનિશ્ચિત સ્થિતિ વચ્ચે ભારતનો ગ્રોથ રેટ સતત જળવાઈ રહ્યો છે. ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો GDP ગ્રોથ ૬.૨ ટકા નોંધાયો હતો. આખા વર્ષ દરમિયાન ભારતનો ગ્રોથ રેટ ૬.૪ ટકાથી ૬.૮ ટકા રહેશે તેવી ધારણા વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય અર્થતંત્રના તમામ પરિબળો હાલ મજબૂત છે. કેન્દ્રમાં પીએમ મોદીના શાસનમાં ભારતના લોકોએ ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ લીધો છે. જો કે નિષ્ણાતોના મતે આ માટે હવે પછીના વર્ષોમાં સતત ૮થી ૯ ટકાનો ગ્રોથ રેટ જાળવી રાખવો જરૂરી છે. આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (IMF) દ્વારા ભારતના સાતત્યપૂર્ણ આર્થિક વિકાસની પ્રશંસા કરવામાં આવી રહી છે. વિકસિત ભારતનું સપનું સાકાર કરવા માટે ભારતે મેક્રો ઈકોનોમિક સુધારા કરવા પડશે તે નક્કી છે. સરકારે ખેડૂતો, જમીન, મજૂરો તેમજ ન્યાયતંત્રમાં ધરખમ સુધારા કરવા પડશે તો જ આ લક્ષ્ય સિદ્ધ કરી શકાશે. ટેરિફમાં ઘટાડો કરવા સરકારે જે પહેલ કરી છે તે IMFના મતે આવકાર્ય છે. ભારતનો GDP ગ્રોથ આ વર્ષે ૨૦૨૫ અને ૨૦૨૬માં ૬.૫ ટકા રહેવાનો IMFનો અંદાજ છે. દેશમાં કૃષિ અને જમીન ક્ષેત્રે સુધારા જરૂરી છે પણ સાથોસાથ રાજકીય સંમતિ પણ જરૂરી છે તે વિના અશ્વમેધ યજ્ઞ અધૂરો રહી શકે છે. ખેડૂતોના વિરોધને કારણે કૃષિ ક્ષેત્રે સુધારાની ગાડી અટકી ગઈ છે જે ખેડૂતોને રાજી કરવાની સાથે આગળ ધપાવવી જરૂરી છે. ન્યાયતંત્રમાં પૂર્વ CJI દ્વારા સુધારા કરાયા હતા હવે નવા CJI કેટલા આગળ ધપાવે છે તે જોવાનું જરૂરી છે. ટેરિફ વૉર વચ્ચે ભારતે હજી ટેરિફમાં ઘટાડો કરવાની જરૂર છે તેમ IMFનું માનવું છે. બજેટમાં કેટલીક ચીજો પર કસ્ટમ્સ ડ્યૂટીમાં ઘટાડો કરાયો છે પણ તે પૂરતો નથી. જ્યાં સુધી વિદેશના માર્કેટમાં ભારતની કંપનીઓ સ્થાન નહીં જમાવે ત્યાં સુધી તે ભાવ અને ગુણવત્તાના મામલે વિદેશી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકશે નહીં. સરકાર એ યાદ રાખે કે જો વૈશ્વિક સપ્લાય ચેનનો હિસ્સો બનવું હશે તો તેણે આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે કટ્ટર સ્પર્ધા કરવી પડશે. ઝડપી ગ્રોથ માટે સરકારે તમામ મોરચે સુધારાની સાથે નવી રોજગારીનું સર્જન કરવું પડશે તો જ વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરી શકાશે.

**મેનેજમેન્ટ ટિપ્સ**

## ગ્રાહકોને રોમાંચક માહિતી આપી પોતાના તરફ ખેંચો

વેબ પર પોતાના ગ્રાહકોને આકર્ષિત કરવા માટે ચાલી રહેલી પ્રતિસ્પર્ધા મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને ત્યારે કે જ્યારે તમે રોજ બેનર્સ, જાહેરખબરો અને રોજબરોજ ગ્રાહકોને મળનારા ઈ-મેલ સામે ટક્કર લઈ રહ્યા હોવ ત્યારે સ્પર્ધા કરવી મુશ્કેલ બની શકે છે. જાણકારીઓના ઢગલા વચ્ચે સ્થાન બનાવીને પોતાના ગ્રાહકોનું ધ્યાન ખેંચવા અહીં ત્રણ સૂચનો કરવામાં આવી રહ્યા છે. એક કૂપન મોકલો, કે જેનો અડધી રાત સુધી જ ઉપયોગ થઈ શકે તેમ હોય કે પછી આરંભિક ૫૦ ગ્રાહકોને કોઈ મફત પ્રોડક્ટ આપવાની દરખાસ્ત મૂકો. ખાસ કરીને ઈન્ટરનેટ પર મૌખિક પ્રચાર ખૂબ જ શક્તિશાળી અને મૂલ્યવાન હોય છે. ગ્રાહકોને એવી રોમાંચક જાણકારી આપો કે જે તેઓ પોતાના મિત્રોને બતાવવા ઈચ્છે. સંવાદ ભલે ગમે તેવો હોય તો પણ તેને સરળ, તાજગીસભર અને રોચક બનાવો.

(હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ)

**ટુડે ઈન હિસ્ટ્રી**

## ગની દહીંવાલાની પુણ્યતિથિ

અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા, ગની દહીંવાલાનો જન્મ ૧૭ ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ થયો હતો અને તેમનું મૃત્યુ ૫ માર્ચ, ૧૯૮૭ના રોજ થયું હતું. તેઓ ગુજરાતી કવિ હતા. તેમનો જન્મ અને વતન સુરત હતું. અભ્યાસ પ્રાથમિક ત્રણ ધોરણ સુધી કર્યા પછી ૧૯૨૮માં અમદાવાદમાં અને પછી ૧૯૩૦થી સુરત જઈ દરજીની દુકાનમાં કામ કર્યું હતું. તેમણે સુરતમાં



સ્વરસંગમ નામના સંગીતમંડળની સ્થાપના કરી. ૧૯૪૨માં તેઓ મહાગુજરાત ગઝલ મંડળના સ્થાપક સભ્ય હતા. ૧૯૮૧માં ભારત સરકાર તરફથી સાંસ્કૃતિક વિનિમય યોજના અન્વયે ભારતીય પ્રતિનિધિ તરીકે પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. સુરતથી પ્રકાશિત થતા દૈનિકમાં તેમણે કાવ્યકટાક્ષિકા લેખન કર્યું હતું. ગાતાં ઝરણાં (૧૯૫૩), મહેક (૧૯૬૧), મધુરપ (૧૯૭૧), ગનીમત (૧૯૭૧), અને નિરાંત (૧૯૮૧) એ એમના ગીત, ગઝલ અને મુક્તકના સંગ્રહો છે. ભિખારણનું ગીત કે ચાલ મજાની આંબાવાડી જેવી કેટલીક નોંધપાત્ર ગીતરચનાઓ આ સંગ્રહોમાં છે. જશને શહાદત (૧૯૫૭) એ ૧૮૫૭ના વિપ્લવ વિશે એમણે હિન્દીમાં લખેલી નૃત્યનાટિકા છે. પહેલો માળ ૧૯૫૯-૬૦માં ભજવાયેલું, પરંતુ અગ્રંથસ્થ રહેલું એમનું ત્રિઅંકી નાટક છે. ગાતાં ઝરણાં (૧૯૫૩) ગની દહીંવાલાનો ગઝલસંગ્રહ છે. આ સંગ્રહમાં ગઝલ ઉપરાંત મુક્તકો, ગીતો અને અન્ય કાવ્ય રચનાઓ પણ છે.

**બહુ કરી ભાઈ...!** Yom

આપણે કરકસરના ભાગ રૂપે મારો જે પપ નો પર્સનલ સ્ટાફ છે તેમાંથી પાંચને હટાવી દો...



### કચ્છ જિલ્લામાં પચ્છમ, કુંવરબેટના ભાગોમાંથી આશરે ૧૮.૫ કરોડ વર્ષ પુરાણા જુરાસિક પ્રકારના ભૂસ્તરીય ખડકોમાંથી મળી આવે છે

# ડાઈનોસોર અને ગુજરાતનો સંબંધ ૧૨ કરોડ વર્ષ જૂનો છે

**તન, મન અને વન**

ગુજરાતના ખેડા જિલ્લાના રાહીઓલી બાલાસિનોર વિસ્તારમાંથી મળેલા ડાઈનોસોરના અવશેષો વિલુપ્ત થયેલી પ્રજાતિના ઘણા રહસ્યો ઉજાગર કરે છે

- પાર્થવ દવે

લુપ્ત ડાઈનોસોર પ્રાણીઓના અવશેષો પૃથ્વીના પેટાળ પર વિવિધ જગ્યાએ મળે છે. આ પ્રાણીઓ લુપ્ત થઈ ગયેલા સરિસૃપ વર્ગના ગરોળી પ્રકારના પ્રાણીઓના સમૂહના પ્રતિનિધિ હતાં. આ પ્રાણીઓ ખૂબ જ લાંબો ભૂ-જૈવિક ઈતિહાસ ધરાવે છે. તેમના જીવનકાળનો સમય પૃથ્વીના પેટાળમાંના વિવિધ ભૂસ્તરીય ખડકોના પ્રમાણના આધારે આશરે ૧૬ કરોડ વર્ષ (૨૨.૫ કરોડથી ૬.૫ કરોડ)ના સમયગાળામાં મધ્યયુગના મધ્ય ઉત્તરાર્ધ ભાગનો હતો. આ પ્રકારના પ્રાણીઓના અવશેષો પૃથ્વીના વિવિધ ખંડોના ભાગોમાંથી મળી આવેલ છે. આ અવશેષોને મુખ્યત્વે કરીને અશ્મિઓ (ચિન્હો), અસ્થિ તથા ઈંડાં અને વિવિધ મૃદુ અવયવોની છાપો તથા બીબાંઓ વગેરે પ્રકારમાં સ્થળ પરની જાળવણીના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. વિશ્વમાં મુખ્યત્વે કરીને ડાઈનોસોરના અવશેષોની વિશેષ નોંધ તથા અભ્યાસ અમેરિકાના ઉત્તરીય પશ્ચિમ તથા દક્ષિણ યુરોપના ભાગો બ્રિટન, ફ્રાન્સ, આફ્રિકા, જર્મની, ઈટાલી, સ્પેન માડાગાસ્કર, એશિયાના વિવિધ ભાગો જેવા કે રશિયા, ચીન, ગોબીની રણના ભાગો મોંગોલિયા, ભારતના વિવિધ ભાગો તથા પૂર્વ અને દક્ષિણ એશિયાના વિવિધ ભાગો, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરે પ્રદેશોમાંથી મળી આવેલા છે.

ભારતમાં સૌથી પુરાતન અવશેષો પશ્ચિમ ભારતના ભાગમાંથી પ્રાપ્ત થાય છે. જે આશરે સાડા છથી સાડા અઢાર કરોડ વર્ષના સમયગાળામાં વહેંચાયેલ છે. ગુજરાતમાં ગૌરવ લેવા જેવી વાત ગણીએ તો અહીં મળતા ડાઈનોસોરનાં અસ્થિઓ સૌથી લાંબો સમયગાળો એટલે કે ૧૨ કરોડ વર્ષનો ઈતિહાસ ધરાવે છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશના વિવિધ ભાગો, મહારાષ્ટ્ર, આંધ્ર, તમિલનાડુ તથા ઉત્તર પૂર્વમાં મેઘાલયમાંથી વિવિધ પ્રાણીઓના અવશેષો મળી આવેલા છે. આમ, જોઈએ તો, ડાઈનોસોર પ્રાણીઓ ભારતમાં જ્યાં મધ્યજીવયુગના મધ્યભાગ તથા ઉત્તરાર્ધના જુરાસિક પ્રકારના અને ગોંડવાના પ્રકારના ખડકોમાંથી વિશેષ પ્રમાણમાં મળી આવે છે અને હજુ પણ બંગાળ, બિહાર, ઓરિસ્સા તથા મહારાષ્ટ્રના ઘણા ભાગોમાંથી ગોંડવાના પ્રકારના ભૂસ્તરીય ખડકોમાંથી વિશેષ પ્રમાણમાં મળવાની શક્યતાઓ છે.

અશ્મિઓ તથા પ્રકાર : ગુજરાતમાં મળતા ડાઈનોસોરના વિવિધ અશ્મિઓમાં વિવિધ મૃદુ ભાગોના અવશેષો જેવા કે, ત્વચાની છાપો તથા અશ્મિભૂત થયેલ ત્વચા, ડાઈનોસોરના પદચિહ્નો, જેમાં વિવિધ ઉંમરના બાળ ડાઈનોસોર, પૌઢાવસ્થાનાં પ્રાણીઓ તથા પુખ્ત વયના ડાઈનોસોરના જૂથના વિવિધ સભ્યો અને પ્રકારોના પદચિહ્નોનો સમાવેશ થાય છે. મૃદુ ભાગો જેવા કે, ઈંડાંનાં કવચ, પૂર્ણ ફલિત તથા અફલિત પ્રકારના ઈંડાંઓ, ઉત્તમ રીતે સચવાયેલા માળાઓ તથા ઈંડાં સાથે માળાઓના સમૂહનો વિશાળ વિસ્તાર સમગ્ર વિશ્વમાં અદ્વિતીય અને અપ્રાપ્ય એવો ફક્ત ગુજરાતના ખેડા જિલ્લાના રાહીઓલી બાલાસિનોર વિસ્તારમાં જ આવેલો છે. આ ઉપરાંત આ વિસ્તાર ડાઈનોસોરનું કબ્રસ્તાન પણ કહીએ તો પણ જરાય અતિશયોક્તિ નથી. અશ્મિભૂત અસ્થિઓમાં વિવિધ પ્રકારના સખત ભાગો જેવા કે હાડકાં, હાડપિંજરના વિવિધ ભાગો, કરોડરજ્જુના મણકા, શીંગડાંના ભાગો, હાથ-પગનાં હાડકાં, નખ, દાંત, પાંસળીનાં હાડકાં, નિતંબના ભાગો, વગેરે વિવિધ સ્થળોએ મળી આવે છે.

ભૂ-જૈવિક સમય તથા સ્થિતિ પ્રમાણે સૌથી પુરાતન અશ્મિભૂત અવશેષો કચ્છ જિલ્લામાં પચ્છમ, કુંવરબેટના વિવિધ ભાગોમાંથી મળી આવે છે. આ અશ્મિઓ આશરે ૧૮.૫ કરોડ વર્ષ પુરાણા જુરાસિક પ્રકારનાં ભૂસ્તરીય ખડકોમાંથી મળી આવે છે. ત્યારબાદના ભૂસ્તરીય મધ્યજીવ યુગના ઉત્તરાર્ધ ભાગના સમયગાળાના મુખ્યત્વે કરીને મૃદુ અવશેષોનો સમાવેશ થાય છે જે આશરે ૧૩.૫ કરોડ વર્ષથી માંડીને નવ કરોડ વર્ષ એટલે કે ૪.૫ કરોડ વર્ષના સમયગાળાનો ભૂસ્તરીય ઈતિહાસ ધરાવે છે અને ડાઈનોસોર પ્રકારના પ્રાણીઓના જીવનને લગતી અશ્મિભૂત પરંતુ તાદૃશ્ય જીવંત માહિતી વિવિધ સ્થળોએ, વિવિધ પ્રકારના ભૂસ્તરીય ખડકો પૂરી પાડે છે. આ પ્રકારના અવશેષો ડાઈનોસોર પ્રકારના પ્રાણીઓની વિવિધ જૈવિક ક્રિયાઓ જેવી કે વિચરણ તથા સામાજીકરણના વિવિધ પાસાંઓ જેવા કે માતૃત્વ, બૌદ્ધિક સ્તર તથા પર્યાવરણીય અનુકૂલન અને તે માટે શરીર પર વિશિષ્ટ રૂપાંતરણ પ્રક્રિયા વગેરેનો સમાવેશ થાય છે, અને તેના પર પ્રકાશ ફેંકે છે. આ પ્રકારના અવશેષોની શોધ ૧૮૯૫માં પ્રથમ વખત કચ્છ જિલ્લાના ફતેહગઢમાંથી અને ત્યારબાદ ૧૯૮૭માં થરાવડા તથા રતનપરમાંથી જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ભૂસ્તરશાસ્ત્રી દ્વારા કરવામાં આવેલી.

ભૂસ્તરીય મધ્યજીવ યુગના સમયના ઉત્તરાર્ધના ગાળાના નવ કરોડથી આશરે સાડા છ કરોડ વર્ષ એટલે કે આશરે ૨.૫ કરોડ વર્ષના સમયગાળાનો ઈતિહાસ અશ્મિભૂત અસ્થિ અવશેષો તથા ઈંડાં અને હાડપિંજરના વિવિધ ભાગના રૂપમાં ઉત્તર પૂર્વ તથા મધ્ય ગુજરાતના વિવિધ ભાગો - સાબરકાંઠા, ખેડા, ગોધરા, દાહોદ તથા વડોદરા જિલ્લાના વિવિધ ભાગોમાંથી અને કચ્છ જિલ્લાના વિવિધ સ્થળોએથી મળી આવેલ છે. આ પ્રકારના અશ્મિઓમાં ખાસ કરીને ઈંડાં, માળા તથા વિશાળ ઈંડાંની કોલોનીઓનો વિસ્તાર સમગ્ર વિશ્વમાં અદ્વિતીય અને ખૂબ જ દુર્લભ પ્રકારના અવશેષો છે. આ પ્રકારના અવશેષોની શોધ ઈઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા ૧૯૮૩માં કરવામાં આવેલ અને ત્યારબાદ તેના પર થયેલ વિસ્તૃત સંશોધનના લીધે ગુજરાતનો રાહીઓલી-બાલાસિનોરનો વિસ્તાર સમગ્ર વિશ્વના ડાઈનોસોર પ્રાણીઓના નકશા પર અંકિત થયેલ છે અને વિવિધ દેશોના ભૂવૈજ્ઞાનિકો આ વિસ્તારની મુલાકાતે અવારનવાર આવે છે.

ડાઈનોસોર પ્રાણીઓના મુદ્દે અશ્મિઓમાંથી મળતી માહિતી ખાસ કરીને પદ ચિહ્નો અને અશ્મિભૂત તથા ત્વચા, શીંગડાં તથા હાડકાંના વૈજ્ઞાનિક અભ્યાસ પરથી વિવિધ પ્રકારની ઉપયોગી માહિતી અને તેમના પર્યાવરણના સંબંધના વિષયમાં ખૂબ જ અગત્યની માહિતી મળે છે. આ ઉપરાંત વિશિષ્ટ પ્રકારના જૈવિક પાસાંઓ (કન્ટ્રોલિંગ ફેક્ટર્સ) તથા તેમાં કાળક્રમે થતા ફેરફારો કારણો અને તેના વિનાશ માટેના જવાબદાર કારણોની છણાવટના સંબંધમાં માહિતી પૂરી પાડે છે. ડાઈનોસોર પ્રાણીઓમાં સોરોપોડ તથા ઓર્નિથિસ્કિયન પ્રકારનાં પ્રાણીઓ વિશેષ કરીને તૃણભક્ષી હતાં. તેઓ મોટેભાગે વ્યવસ્થિત ટોળાઓમાં વિચરણ કરતાં. આ પ્રાણીઓની જીવનશૈલી અને વિચરણ રીત આજના હાથી, ગેંડા તથા હરણાઓ વગેરે ટોળામાં વિચરણ કરતા જંગલી પ્રાણીઓના વિચરણને મળતી આવતી હતી. પદચિન્હોના આધારે મળતી માહિતી પ્રમાણે આ પ્રાણીઓ ચતુષ્પાદ તથા દ્વિપાદ રીતે ચાલતા. ચતુષ્પાદ સમૂહમાં શૈશવ તથા પ્રૌઢાવસ્થાવાળા પ્રાણીઓ વિશેષ કરીને ટોળામાં મધ્યમાં રહેતા અથવા તો પુખ્ત પ્રાણીઓની બાજુમાં સુરક્ષિત રીતે ચાલતાં અને ટોળામાં એક પ્રકારની સુવ્યવસ્થા તથા તાલબદ્ધ પણ રહેતું. વિશ્વના ઘણા સ્થળોમાં મળેલા પન્ના સ્થળોમાં મળેલા ભૂજૈવિક પ્રમાણના આધારે એવું માનવાને કારણ મળે છે કે આ પ્રકારના પ્રાણીઓ લાંબા દુષ્કાળના શુષ્ક સમયમાં વિવિધ અંતરો સુધી ખોરાકની શોધમાં સામૂહિક હિજરત પણ કરતાં. મોટાભાગે આવા પ્રાણીઓ નદીના ખીણનાં વિસ્તાર, સરોવરો અને સમુદ્રકિનારાના સ્થળોમાં રેતી અને માટીવાળા ભાગો ઈંડાં મૂકવા માટે પસંદ કરતા. ડાઈનોસોરના આવા અવશેષો ફક્ત ગુજરાતમાં જ મળે છે. આનું મહત્ત્વ સમજીને ગુજરાત ઈકૉલૉજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન, ગાંધીનગરના ઈન્દ્રોડા નેચર પાર્કમાં ડાઈનોસોર ફોસિલપાર્ક જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સહકાર અને માર્ગદર્શનથી પ્રસ્થાપિત થયો છે. પૂરક માહિતી : GEER ફાઉન્ડેશન (ઇન્દ્રોડા નેચરપાર્ક, ગાંધીનગર)

parthav.dave@sandesh.com

# મરાઠાઓ દ્વારા પરેશાન સુરતના વેપારીઓનું બોમ્બે તરફ સ્થળાંતર

**વિશેષ**



અમરજિતસિંહ, રેરાના ભૂતપૂર્વ ચેરમેન

દહેજમાં આપેલ હોવા છતાં, અંગ્રેજોને બોમ્બે સોંપવામાં પોર્ટુગીઝોના ઠાગાઠૈયા

૧૬૬૧માં પોર્ટુગલની રાજકુમારી ઈન્ફન્તા કેથરીનાના ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સ બીજા સાથેના લગ્ન નિમિત્તે દહેજના ભાગ રૂપે બોમ્બે ટાપુ બ્રિટિશ તાજને સોંપવામાં આવ્યો હતો. રાજકીય રીતે આ સંધિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી. ચાર્લ્સ આર્થિક મુશ્કેલીઓમાં હતા. તેને બોમ્બે અને ટેન્જિયર ઉપરાંત ૨૦ લાખ ક્રુઝાડો તેમજ તેના દેશ માટે કેટલાક વ્યાપારી વિશેષાધિકારો મળવાથી તેમની કેટલીક આર્થિક જરૂરિયાતો પૂરી થઈ હતી. બીજી બાજુ આ સમયે પૂર્વમાં જ્યારે પોર્ટુગીઝ સામ્રાજ્ય નષ્ટ થવાની અણી પર હતું - ડચ લોકોએ સિલોન પર કબજો કરી લીધો હતો. ઉપરાંત તેઓ ટૂંક સમયમાં કોચીન અને કેનાનોર પર કબજો મેળવવામાં સફળ રહ્યા હતા. રાજધાની ગોવા પર પણ જોખમ તોળાતું હતું - ત્યારે તેમને બ્રિટિશ તરફથી ટેકો મળ્યો.

બોમ્બે ટાપુ ૧૫૩૪માં બસૈણની સંધિ હેઠળ ગુજરાતના સુલતાન બહાદુરશાહે પોર્ટુગીઝોને સોંપ્યો હતો. આ સંધિ પર રસપ્રદ સંજોગોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ગુજરાતના સુલતાન બહાદુર શાહને મોગલ સમ્રાટ હુમાયુનો ડર હતો અને ભારતના પશ્ચિમ કિનારે શસ્ત્રસજ્જ પોર્ટુગીઝોની સફળતાને ધ્યાનમાં રાખીને તેણે મોગલો સામે તેમનો ટેકો મેળવવાનું નક્કી કર્યું. બદલામાં તેમણે તેમને બોમ્બે ટાપુ આપ્યો. પરંતુ પોર્ટુગીઝોએ ગુજરાતના સુલતાનને ખરેખર જરૂરી સહાય કરી નહીં અને સુલતાન હુમાયુ સામે હારી ગયો. બહાદુરશાહના નસીબજોગ એવા સંજોગો ઊભા થયા કે હુમાયુને શેરશાહ સૂરિના પડકારનો સામનો કરવા માટે દિલ્હી પાછા ફરવું પડ્યું. આનાથી બહાદુર શાહને ગુજરાત પાછું મેળવવાની તક મળી. જો કે, ૧૫૩૪ પછી પોર્ટુગીઝોએ ૧૬૬૫ સુધી બોમ્બે પર કબજો જાળવી રાખ્યો.

'૧૬૬૧ની લગ્ન-સંધિ' ખૂબ જ અસ્પષ્ટ હતી અને પછીનાં વર્ષોમાં સંધિ હેઠળ સોંપવાના થતા પ્રદેશની ચોક્કસ સીમા વિશે તીવ્ર વિવાદો ઊભા થયા. સંધિના મુસદ્દા સાથે સંકળાયેલા, ચાર્લ્સ બીજાના લોર્ડ ચાન્સેલર ક્લેરેન્ડનને પણ આ ટાપુના સ્થાન વિશે ચોક્કસ ખ્યાલ નહોતો. સંધિમાં એક જગ્યાએ તેણે લખ્યું હતું, '...બોમ્બે ટાપુ, તેમાં આવેલાં નગરો અને કિલ્લાઓ સાથે, જે બ્રાઝિલથી ખૂબ જ ઓછા અંતરે છે...!'

ટાપુનો હવાલો સંભાળવા માટે અંગ્રેજોએ સર અબ્રાહમ શિપમેનના નેતૃત્વમાં એક સાહસિક દળ ઊભું કર્યું હતું જેના માટે ઈંગ્લેન્ડમાં ૪૦૦ માણસો તૈયાર કરવામાં આવ્યા હતા. ટાપુની સોંપણી થયા પછી શિપમેન તેનો પ્રથમ ગવર્નર બનવાનો હતો. આ દળને પૂર્વમાં લઈ જવા માટે રોયલ નેવીની એક ટુકડીને માર્લબરોના ત્રીજા અર્લના કમાન્ડ હેઠળ મૂકવામાં આવી હતી. આ ટુકડીમાં સ્થાન મેળવનાર અન્ય વ્યક્તિ હતી સર જ્યોર્જ ઓક્સેન્ડન, જેને સુરત ખાતેની અંગ્રેજી ફેક્ટરી તેમજ પશ્ચિમ કિનારા પરની તમામ ફેક્ટરીઓના પ્રમુખ તરીકે મોકલવામાં આવી રહ્યો હતો. લિસ્બન સરકારે તેના પક્ષે ડોમ એન્ટોનિયો ડી'મેલો નામના નવા વાઈસરોયની નિમણૂક કરી, જેથી ટાપુનો કબજો સરળતાથી સોંપી શકાય.

અંગ્રેજોને લઈને આવી રહેલાં વહાણો એકસાથે રહી શક્યાં નહીં. લોર્ડ માર્લબરોને લઈને આવેલું જહાજ સૌપ્રથમ બોમ્બે પહોંચ્યું. જો કે, પોર્ટુગીઝોએ તેને બોમ્બે સોંપવાનો ઈનકાર કર્યો કારણ કે વૉરંટ સર શિપમેનના નામે હતું. શિપમેન પહોંચ્યો ત્યારે પણ તેઓ ટાપુનો કબજો સોંપવા માટે અસમંજસમાં હતા. પોર્ટુગીઝના રાજાને ખાસ કરીને લગ્ન-સંધિનો અમલ સુનિશ્ચિત કરવા માટે ડોમ એન્ટોનિયો ડી'મેલોએ મોકલેલ પત્રમાં તે લખે છે, 'યોર મેજેસ્ટી બોમ્બે ભારતમાં આપના કબજા હેઠળનું શ્રેષ્ઠ બંદર છે; જેની સાથે લિસ્બનની પણ કોઈ સરખામણી થઈ શકે તેમ નથી; પોર્ટુગીઝો પણ તેને બહુ મહત્ત્વ આપતું નથી.' વધુમાં તેણે દહેશત વ્યક્ત કરતાં લખ્યું કે બોમ્બેનું બારું પોર્ટુગીઝ જહાજો લાંગરવા માટે બંધ થઈ જશે તો તેના જહાજોને બંદર પર લાંગરવા અને આશ્રય મેળવવા માટે બીજું કોઈ સ્થાન રહેશે નહીં. આ ઉપરાંત, જો ત્યાં અંગ્રેજો અડ્ડો જમાવી દેશે અને ભવિષ્યમાં પોર્ટુગીઝોએ અંગ્રેજો સાથે યુદ્ધ કરવાનું થશે તો પોર્ટુગલ ઉત્તરનો પ્રાંત તેમજ બધો વેપાર ગુમાવશે.' સંધિ છતાં, તે આગળ સૂચવે છે કે પોર્ટુગીઝોએ ઈંગ્લેન્ડના રાજા પાસેથી બોમ્બે ટાપુ ફરીથી ખરીદી લેવો જોઈએ અને ભારતમાં પોર્ટુગીઝ સંસાધનોમાંથી તે ખર્ચ ચૂકવવાનો પ્રસ્તાવ પણ તેમને કર્યો હતો.

પોર્ટુગીઝોનું સરળતાથી ટાપુ ન સોંપવાનું વલણ જોઈને શિપમેન પોર્ટુગીઝ ગવર્નરોને સમજાવવા માટે ગોવા જાય છે અને માર્લબરો સુરત ફેક્ટરીના બ્રિટિશ પ્રમુખ લોર્ડ એક્સેન્ડનનો ટેકો મેળવવા સુરત જાય છે. ગોવાના પોર્ટુગીઝ ગવર્નરોને સમજાવવાના તેના પ્રયાસો નિષ્ફળ જતાં શિપમેન પણ સુરત આવી માર્લબરો સાથે જોડાય છે. જો કે, તેનો હમવતન લોર્ડ એક્સેન્ડન પણ મદદ કરવામાં નિષ્ફળ જાય છે; તે ઈચ્છે છે કે તે સુરત છોડી દે કારણ કે સ્થાનિક મોગલ સૂબેદાર બંદર પર આટલી મોટી સંખ્યામાં બ્રિટિશ સૈનિકોને જોઈને ખુશ નથી.

યોગ્ય વિચારણા પછી, બોમ્બેનો કબજો ન મળે ત્યાં સુધી સૈનિકોને ગોવાથી લગભગ ૬૦ માઈલ દક્ષિણમાં કારવારના કિનારે આવેલા નાના નિર્જન ટાપુ અંજેદિવ પર મોકલવાનું નક્કી કરવામાં આવે છે. સૈનિકો અનિચ્છાએ અંજેદિવ જવા નીકળે છે. અંજેદિવમાં તેમને ખૂબ જ હાડમારી સહન કરવી પડે છે. તે માટે સૈનિકોની પોતાની બૂરી ટેવો પણ કારણભૂત બને છે. સૈનિકો દારૂના નશામાં ડૂબેલા રહે છે અને વિષમ હવામાનનો સામનો કરવા માટે કામચલાઉ આશ્રયસ્થાન કે ઘરો બનાવવા કશું કરતા નથી. ભારે જાનહાનિ થાય છે. આ મિશન માટે બ્રિટિશ દળ ૪૫૦ સૈનિકો સાથે ગયું હતું, જેમાંથી ફક્ત ૧૩૦ સૈનિકો જ બચ્યા હતા; જેમાં અડધા તો બીમાર હતા. એક સમયે ૨૦થી વધુ સશક્ત માણસો પણ મળી શકે તેમ ન હતા કે જેઓ હથિયારો સાથે પોતાની ફરજ બજાવી શકે!

પોર્ટુગીઝનો વાઈસરોય તેના રાજાએ તેને સોંપેલી જવાબદારી પૂરી ન કરી શક્યો હોવાના પ્રથમ સમાચાર ૧૧ મે ૧૬૬૩ના રોજ ઈંગ્લેન્ડ પહોંચ્યા. પોર્ટુગીઝના રાજાને રાજા ચાર્લ્સની નારાજગીની જાણ કરવાની સૂચના લિસ્બન ખાતેના બ્રિટિશ રાજદૂતને આપવામાં આવી. ત્યારબાદ લંડનમાં પોર્ટુગીઝ રાજદૂતને વધુ એક સૂચના આપવામાં આવી જેમાં આ અભિયાનના ખર્ચ માટે, બોમ્બે અને તેના પ્રદેશોના કબજા માટે લગભગ ૧,૦૦,૦૦૦ બ્રિટિશ પાઉન્ડનું વળતર માંગવામાં આવ્યું. આના પરિણામે, પોર્ટુગીઝના રાજાએ ઓગસ્ટ ૧૬૬૩માં તેના ગવર્નર ડી'મેલોને પત્ર લખવો પડ્યો, જેમાં તેણે પોતાની સૂચનાઓનું પાલન ન કરવા સામે આશ્ચર્ય અને ખેદ વ્યક્ત કરીને, ગવર્નર ડી'મેલોને વિલંબ કર્યા વિના બોમ્બે અંગ્રેજોને સોંપી દેવાનો આદેશ કર્યો. તેમ છતાં ભારતમાં પોર્ટુગીઝ વાઈસરોયે જક્કી વલણ ન છોડ્યું. પોર્ટુગલ અને હોલેન્ડ વચ્ચે સુલેહ થઈ ગઈ છે અને હવે અંગ્રેજોનો ટેકો મેળવવાનું કોઈ કારણ રહ્યું નથી તેવા સમાચારથી તેનું વલણ વધુ જીદ્દી બન્યું. તે દરમિયાન અંગ્રેજ સૈનિકો અંજેદિવની પરિસ્થિતિથી કંટાળી ગયા હતા. થોડા સૈનિકો મૃત્યુ પામ્યા હતા. તેમનો અફસર સર અબ્રાહમ શિપમેન જે બીમારીમાં સપડાયો હતો તેનું મૃત્યુ થયું હતું. તેના મૃત્યુ પહેલાં તેણે તેના સેક્રેટરી, હમ્ફ્રી ફૂકને ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યો હતો.

સુધારેલા આદેશ સાથે પોર્ટુગીઝના રાજાનો ઠપકો આપતો આદેશ આખરે ભારતમાં તેના વાઈસરોયને પહોંચાડવામાં આવ્યો. ડી'કાસ્ટ્રોએ તેના રાજાના આદેશોનું પાલન કર્યું અને બોમ્બે અંગ્રેજોને સોંપી દીધું, પરંતુ તેમ કરતાં પહેલાં તેણે તેના રાજા સમક્ષ પોતાનો વાંધો વ્યક્ત કરતાં લખ્યું; 'આપના દાસ તરીકે આપની આજ્ઞાનું પાલન કરવાની મારી ફરજે મને આ કાર્ય કરવા મજબૂર બનાવ્યો છે. ભવિષ્યમાં પડોશમાંથી પોર્ટુગીઝોને જે મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તે હું જોઈ રહ્યો છું, અને જે દિવસે અંગ્રેજી રાષ્ટ્ર બોમ્બેમાં સ્થાયી થશે તે દિવસે પોર્ટુગીઝો ભારત ગુમાવી દેશે.'

માત્ર તેનો વિરોધ નોંધાવીને સંતોષ ન માનતાં આ પોર્ટુગીઝ વાઈસરોયે બોમ્બે ટાપુ સોંપવા માટે અમુક શરતો મૂકી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે બસૈણના અધિકારક્ષેત્ર હેઠળના ટાપુઓ વેપાર અને દરિયાઈ માર્ગની તેમની સ્વતંત્રતા જાળવી રાખશે; બાંદ્રા અને અન્ય બંદરોથી આવતાં જહાજો બોમ્બેમાં મુક્તપણે અવરજવર કરી શકશે; બોમ્બેમાં આશ્રય લેનાર પોર્ટુગીઝ ગુનેગારોને પાછાં સોંપવાનાં હતાં; કેથોલિક રહેવાસીઓને તેમના ધર્મનું મુક્તપણે પાલન કરી શકશે તેવી ખાતરી આપવાની હતી વગેરે. કરારના આ અન્યાયી અને અપમાનજનક માનવામાં આવેલા લેખો પર હસ્તાક્ષર કરવા બદલ ફૂકને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. પરંતુ આપણે યાદ રાખવું પડશે કે આ શરતો ઘડતી વખતે પોર્ટુગીઝના વાઈસરોયે સંધિમાં રહેલી અસ્પષ્ટતાનો અને અંગ્રેજ અભિયાન દળની પ્રતિકૂળ પરિસ્થિતિનો સંપૂર્ણ લાભ ઉઠાવ્યો. બ્રિટિશ સૈન્યને અંજેદિવ છોડી દીધું હતું અને તે ગોવામાં કાણી થઈ રહેલી હોડીઓ પર સંપૂર્ણપણે નિર્ભર હતું. પોર્ટુગીઝ સહાય વિના તેઓ બોમ્બે પહોંચી શકે તેમ ન હતા. આ સંજોગોમાં ફૂક પાસે કરારની શરતો સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નહોતો.

રાજા ચાર્લ્સે ત્યારબાદ આ કરાર '૧૬૬૧ની લગ્ન-સંધિ'ની વિરુદ્ધ હોવાનું જણાવી તેનો અસ્વીકાર કર્યો. સુરત પર ૧૬૬૪ અને ૧૬૭૦માં મરાઠાઓના હુમલાઓ અને તે પછીનાં ૧૬૭૦-૮૦ના દસકામાં મરાઠાઓના આતંક પછી, સુરતનો વેપાર બોમ્બે તરફ સ્થળાંતર કર્યો અને બોમ્બે વધુને વધુ મજબૂત બન્યું.

આપણાં રાજ્યને ઓળખો ભાગ-૧૧૨

### પ્રાસંગિક : સ્ત્રીને જો સશક્ત થવું હોય તો સ્ત્રીએ જ ખુદ ઘડાવું પડશે, સમજણ પણ કેળવવી પડશે

# પ્રગતિશીલ સમાજ નિર્માણ માટે સ્ત્રીની ભૂમિકા મહત્ત્વની છે

**પ્રજાજીવનના પ્રવાહો**



કાનજી ભાલાળા

માત્ર જીવી જવું તે જીવન નથી, બીજાને સુખી કરવા પ્રેમ આપવો અને સતત વધુ સારું જીવવાનો પ્રયાસ કરવો તે જીવન છે

જીવનનો ધ્યેય ખુશી છે, ખુશીનો આધાર પરિવાર છે અને પરિવારનું કેન્દ્ર સ્ત્રી છે. સ્ત્રી પ્રકૃતિ છે, સ્ત્રી શક્તિ છે, નારી શક્તિ ન હોત તો જીવ સૃષ્ટિનું સર્જન જ ના થયું હોત...નારી શક્તિને સમજવા તથા તેના પ્રત્યેના વર્તનમાં સમાનતા લાવવા અને સ્ત્રીને ગૌરવ પૂર્ણ જીવન આપવા માટે જાગૃતિ આવે તેવા હેતુથી દર આઠમી માર્ચે "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" તરીકે ઊજવવામાં આવે છે. કોઈપણ પરિવારની સુખાકારીનો આધાર સ્ત્રી છે. સમજણી નાર આખા પરિવારના કેન્દ્રમાં રહી ખુશી આપે છે. સુદૃઢ અને પ્રગતિશીલ સમાજ નિર્માણ માટે સ્ત્રીની ભૂમિકા ખૂબ મહત્વની છે. ૨૧મી સદીમાં સ્ત્રી ઘૂંઘટમાંથી બહાર આવી પગભર થવા લાગી છે, શિક્ષણ પણ મેળવી રહી છે, દરેક ક્ષેત્રમાં પુરુષની સમકક્ષ સ્થાન પ્રાપ્ત કરી રહી છે. તેમ છતાં, પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં આપણી પરંપરાઓ, માન્યતાઓ અને રૂઢિઓના કારણે સામાજિક જીવનમાં મહિલાને પુરુષ પછી સ્થાન છે તે સ્વીકારવું રહ્યું. પરંતુ, વર્તમાન સમયે "સ્ત્રી" તમામ બંધન તોડી સ્વમાનભેર જીવન જીવવા લાગી છે. વ્યવસ્થા પણ બદલાઈ રહી છે. માત્ર કાયદો સ્ત્રીને હક અપાવશે. પરંતુ, જો સમજણપૂર્વક જીવન નહીં હોય તો સ્વમાન આપી શકશે નહીં એટલે જ સ્ત્રી સશક્તીકરણના પ્રયાસની સાથે દાંપત્ય જીવન અને પરિવાર ભાવના અને સમાજ વ્યવસ્થાને સમજવાની જરૂર છે. સાથે સ્ત્રી સશક્તીકરણના અભિયાનના કારણે પત્ની પીડિત પતિ બચાવ અભિયાન ન કરવું પડે તે બાબત પણ વિચારવાની છે.

૧૯૧૦ માં સમગ્ર વિશ્વમાં આઠમી માર્ચને "વિશ્વ મહિલા દિવસ" તરીકે માન્યતા આપવામાં આવી છે. મહિલાઓને યાતનામાંથી બહાર લાવવા તથા સામાજિક ન્યાય અને સમાનતાની લડાઈને ટેકો આપવા તથા બહેનો તમામ ક્ષેત્રે આગળ વધે તે માટે પ્રોત્સાહન આપવાની જનજાગૃતિ માટે દર વર્ષે આઠમી માર્ચ વિશ્વ મહિલા દિવસની ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવે છે. થોડા કાર્યક્રમો, થોડા સન્માનો અને થોડી વાતોમાં પણ જનજાગૃતિ માટેનો અસરકારક પ્રયાસ થાય છે. જેના દ્વારા જન-સમાજને એક સંદેશ મળે છે.

૧૯૦૮ માં અમેરિકામાં થયેલા મજૂર આંદોલનમાં મોટી સંખ્યામાં બહેનો જોડાઈ હતી. આ આંદોલનમાં મહિલાઓને મતદાન કરવાના અધિકાર આપવાની માંગ કરવામાં આવી હતી. આઠમી માર્ચ ૨૦૦૮માં મહિલાઓએ તેમના અધિકારો માટે માંગ અને પ્રદર્શન કર્યું હતું. ત્યારે, અમેરિકાની સોશિયલિસ્ટ પાર્ટીએ આ દિવસને "મહિલા દિવસ" ઊજવવાની જાહેરાત કરી હતી. ધીરે-ધીરે વિશ્વભરના દેશોમાં મહિલા જાગૃતિ અને તેના હકો માટે માંગ ઊઠવા લાગી હતી. ૧૯૧૧ માં ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં વર્કિંગ વુમનની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મળી હતી ત્યારે, ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રથમ વખત ૧૯મી માર્ચે મહિલા દિવસ ઊજવવામાં આવ્યો હતો. ૧૯૨૧માં તે બદલી આઠમી માર્ચે "મહિલા દિવસ" ઊજવવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માન્યતા આપવામાં આવી છે. મહિલાઓને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે સમાન તક આપવામાં આવે તથા તે દિશામાં પ્રયાસ કરવામાં આવે તે પ્રક્રિયાને સ્ત્રી સશક્તીકરણ કહેવામાં આવે છે. સ્ત્રી સશક્તીકરણનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના જીવનમાં શ્રેષ્ઠતા, સ્વતંત્રતા અને ખુશી લાવવાનો છે. જેથી સ્ત્રી પોતાની રીતે સ્વમાનભેર ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે. આજે શિક્ષણક્ષેત્રે બહેનો માટે પ્રોત્સાહન છે. પ્રવેશમાં અનામત પણ મળે છે. નોકરીમાં પણ બહેનોને અનામત છે. રાજકીય બાબતોમાં પણ હવે અનામત લાભ મળે છે. પરિણામે, જાહેર જીવનમાં અનેક બહેનો કાર્યરત છે. આજે આપણા રાષ્ટ્રના વડા રાષ્ટ્રપતિ મહિલા છે. આપણા રાષ્ટ્રના નાણામંત્રી પણ મહિલા છે. આ ઉપરાંત, અસંખ્ય બહેનો ઉચ્ચપદ પર કામ કરી રહી છે. માત્ર, થોડી બહેનો આગળ આવે તે પૂરતું નથી. આપણી રૂઢિઓ, પરંપરાઓ અને માન્યતાઓને કારણે આજે પણ મોટી સંખ્યામાં બહેનો શિક્ષિત છે. પણ નોકરી કે વ્યવસાય કરતી નથી. ઘણી બહેનોને નોકરી કરવી છે પરંતુ, ઘરની જવાબદારી સંભાળવી પડે છે. પરિવાર પણ નોકરી કરવાની ના પાડે છે. આપણી સમાજ વ્યવસ્થા અને જીવન શૈલી જ એવી છે કે, તેમાં પુરુષોએ આવક રળવાની અને બહેનોએ ઘર સંભાળવાનું અને બાળકોનો ઉછેર કરવાનો હોય છે. આ વાત પણ ખોટી નથી પરંતુ, પ્રશ્ન કોણ શું કામ કરે તે નથી પરંતુ, ખુશીથી જીવન જીવાય તેમાં છે. સ્વમાનભેર જીવવું તે જીવનની સાર્થકતા છે. પરિવાર ખુશખુશાલ રહે તે માટે મહિલાની ભૂમિકા અગત્યની છે. તે બાબતની ચર્ચા કે કાર્યક્રમો થવા જોઈએ.

સ્ત્રી સ્ત્રી છે. પુરુષ પુરુષ છે. બંને એક નથી. માણસ માત્રની પ્રકૃતિ પણ અલગ છે. તેમ છતાં, દાંપત્ય જીવનમાં એક થઈને જીવવું પડે છે. પહેલા સ્ત્રી પ્રત્યે ભેદભાવ હતો તેમ છતાં, સ્ત્રીના સમર્પણ ભાવને કારણે સારી રીતે જીવન જીવાતું હતું. આજે સ્ત્રીને સમાન તક છે, શિક્ષણ પણ મળે છે. તેમ છતાં, દાંપત્ય જીવનના પ્રશ્નો વધ્યા છે તે ચિંતાનો વિષય છે. સ્ત્રીનો અત્યારનો ચહેરો જોતા એવું લાગે છે કે એ હવે અબળા નથી. તમામ ક્ષેત્રે મજબૂતાઈથી આગળ વધી શકે છે તેમ છતાં "સ્ત્રી" એ ખુદ સ્વમાનભેર જીવવા માટે પ્રયાસ કરવો જોઈએ તે થતો નથી. પરિવારને ખુશી સંસ્કાર અને સમજણ આપવામાં એક સ્ત્રીની ભૂમિકા ખૂબ મહત્વની છે. કોઈ પરિવાર પ્રગતિશીલ અને સુખી હશે તો તેના કેન્દ્રમાં સ્ત્રી હશે અને કોઈ પરિવાર વેરવિખેર હશે તો તેનું કારણ પણ મોટેભાગે સ્ત્રી જ હોય છે. ઘરના પુરુષ સભ્યો માટે પ્રેરણા પ્રોત્સાહન અને પુરુષાર્થનું બળ સ્ત્રી પૂરું પાડે છે. જેથી તે સક્ષમ અને વિચારશીલ હોવી જોઈએ.

એવું કહેવાય છે કે, જો તમારે આખા જગતને ખુશ જોવું હોય તો પહેલા ઘરમાં રહેલી સ્ત્રીને ખુશ રાખવી જોઈએ. "જો સ્ત્રી ખુશ તો પરિવાર ખુશ" અને પરિવાર ખુશ તો પરિવારનો દરેક સભ્ય ખુશ રહે. આ રીતે દરેક ખુશ હોય તો સમગ્ર દુનિયા સુખ, શાંતિ અને ખુશાલીભરી જિંદગી જીવી શકે છે. આજે પણ "સ્ત્રી" દુખી છે, શોષણ થાય છે, રૂઢિગત માન્યતાઓમાં સ્ત્રી જ ઢસડાતી હોય છે. આ સમગ્ર વ્યવસ્થા જોતા માત્ર પુરુષને કારણે સ્ત્રીને અન્યાય નથી થતો. સમાજ વ્યવસ્થામાં બહેનો પણ આવી જાય છે. પરિણામે, સ્ત્રીની દુશ્મન સ્ત્રી છે તે વાત પણ સાચી છે. તમામ રિવાજો પકડી રાખવામાં સ્ત્રીની ભૂમિકા છે. રિવાજોના કેન્દ્રમાં સ્ત્રી છે. વિધવા બહેનોને સૌથી વધુ મહેણા-ટોણા અને અવગણના બહેનો જ કરે છે. સ્ત્રીઓ માટે ઘરકામ કરવાનો આગ્રહ બીજી સ્ત્રી જ રાખે છે. સ્ત્રીએ વધુ અભ્યાસ ન કરાય અને નોકરી ન કરાય એવી માન્યતામાંથી બહાર આવવાની જરૂર છે. જે મહિલા બહાર નીકળે છે તેના પ્રત્યે માન અને પ્રોત્સાહનની જરૂર છે. કામના સ્થળે ભેદભાવ અને શોષણ ન થાય તે મહત્વનું છે. સ્ત્રીએ કામ કરતાં કરતાં પરિવારને સુખી અને પ્રગતિશીલ બનાવવાની ભૂમિકા પણ નિભાવવી જોઈએ.

જીવન જીવવા માટે છે, ટકવા માટે નથી. આરોગ્ય અને સમૃદ્ધિ જીવવા માટે જરૂરી છે. પરંતુ, ખુશી જીવનનો મુખ્ય આધાર છે. આ ખુશી, સ્વમાન અને તક મેળવવા માટે નારી જગતે સમજણભર્યું જીવન જીવવાની દિશા પકડવી પડે તેમ છે. માત્ર જીવી જવું તે જીવન નથી, બીજાને સુખી કરવા પ્રેમ આપવો અને સતત વધુ સારું જીવવાનો પ્રયાસ કરવો તે જીવન છે. સમાજ વ્યવસ્થામાં પરિવારના કેન્દ્રમાં રહી કેમ જીવવું ? તે શીખવું તે શિક્ષણની ડિગ્રી મેળવવા કરતા પણ વધુ મહત્વનું છે. સ્ત્રી-પુરુષની પરસ્પર સમજણ અને સમર્પણ વગર આ જગત ક્યારેય ખુશ રહી શકે નહીં.

કાનમાં કહું...
સ્ત્રી સશક્તીકરણ માટે ખુદ મહિલાએ
મહિલાને ન નડવું તે મહત્વનો ઉપાય છે.

kanjibhai_safe@yahoo.com

# 'સલામત કિનારો, સમૃદ્ધ ભારત' થીમ સાથે સાઈકલ યાત્રા



CISFના ૫૬મા સ્થાપના દિવસ નિમિત્તે "સલામત કિનારો, સમૃદ્ધ ભારત" અંતર્ગત સાઈકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બે અલગ અલગ ટીમ કચ્છ અને પશ્ચિમ બંગાળથી યાત્રા શરૂ કરી તમિલનાડુમાં પહોંચશે. આ સાઈકલ યાત્રાનું ફ્લેગઓફ દેશના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવશે. સુરક્ષા, ડ્રગ્સ સહિતના વિષય પરની જાગૃતિ આ યાત્રામાં રહેશે. ભારતના મુખ્ય ભૂમિ દરિયાકાંઠે ૬,૫૫૩ કિલોમીટરનું અંતર સાઈકલ યાત્રા કરીને કાપશે. ગૃહમંત્રી તા. ૭મીએ સાઈકલ રેલીને ફ્લેગ ઓફ કરશે. બે સાઈક્લિંગ ટીમ યાત્રામાં જોડાશે. એક ટીમ કચ્છના લખપત કિલ્લાથી પ્રવાસ શરૂ કરશે, જ્યારે બીજી ટીમ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણાના બકખલીથી પ્રવાસ શરૂ કરશે. ૨૫ દિવસ સુધી ભારતના દરિયાકાંઠાના રસ્તાઓ પર મુસાફરી કર્યા બાદ બંને ટીમો તા. ૩૧મીએ તમિલનાડુના કન્યાકુમારીમાં પ્રતીકાત્મક વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે ભેગા થશે. દરિયાકાંઠાના સમુદાયોને ડ્રગ્સ, શસ્ત્રો અને વિસ્ફોટકોની દાણચોરી સહિતના વિષય પર યાત્રા થશે. ૧૪ મહિલાઓ સહિત કુલ ૧૨૫ CISF જવાનો યાત્રામાં જોડાશે. તમામને એક મહિનાની તાલીમ આપવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમો પાંચ સ્થળોએ યોજાશે, જેમાં લખપત કિલ્લો (ગુજરાત), બકખલી (પશ્ચિમ બંગાળ), ગેટવે ઓફ ઈન્ડિયા (મુંબઈ), કોણાર્ક (ઓડિશા) રહેશે. વિવેકાનંદ રોક મેમોરિયલ (કન્યાકુમારી)માં સમાપન સમારોહ થશે. જેમાં સાંસ્કૃતિક પ્રદર્શન, CISFના જવાનો સાથે ઈન્ટરેક્ટિવ સત્રો અને દરિયાકાંઠાની સુરક્ષા વિશે કાર્યક્રમ થશે.



## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ માટે રમતગમત સ્પર્ધાનું આયોજન

મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિવિધ ઝોનમાં રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોન પ્રમાણે ઝોન ૧ (રાંદેર - સેન્ટ્રલ ઝોન) ૧૭૯૯ કુમાર અને ૧૮૦૮ કન્યા, ઝોન ૨ (વરાછા-કતારગામ) ૩૪૧૦ કુમાર અને ૩૫૨૦ કન્યા, ઝોન ૩ (ઉધના-અઠવા) ૨૨૮૮ કુમાર અને ૨૪૩૦ કન્યા, ઝોન ૪માં ૨૫૪૩ કુમાર અને ૨૪૦૫ કન્યા મળી કુલ ૨૦,૪૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને સંગીત ખુરશી, લીંબુ ચમચી, બટાકા દોડ, ફુગ્ગા ફોડ, ૫૦ મીટર દોડ, લંગડી દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૬૦૦ મીટર દોડ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, લાંબી કૂદ, ઊંચી કૂદ, લંગડી, બેઝબોલ ફેંક, ગોળા ફેંક, ચક્ર ફેંક, દડો પસાર, લંગડી, ખોખો, કબડ્ડી, વોલીબોલ, રસ્સાખેંચ સહિતની રમત રમાડવામાં આવી હતી. દોડની ફાઈનલ વીર નર્મદ યુનિવર્સિટીમાં કરવામાં આવી હતી.

## લોખંડવાળા પ્રાથમિક શાળામાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ



કતારગામ રોડ સ્થિત શ્રીમતી સવિતાબેન હિંમતલાલ લોખંડવાળા પ્રાથમિક શાળામાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રમતગમત ક્ષેત્ર અને શૈક્ષણિક ક્ષેત્રમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓમાં ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. વાર્ષિક ઈનામ વિતરણમાં શિક્ષણ સમિતિના ઉપશાસનાધિકારી નિમિષા પટેલની વિશેષ ઉપસ્થિત રહી હતી. સાથે જ પ્રોત્સાહિત કરેલા વિદ્યાર્થીઓને શાળાના સંચાલકો તથા શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## દયાળજી મંડળમાં પ્રથમ વખત અનાવિલ કવિ સંમેલન



દયાળજી અનાવિલ કેળવણી મંડળ દ્વારા સંમેલનનું આયોજન કરાયું હતું. જેમાં દીપ પ્રાગટ્ય બાદ સંસ્થાના પ્રમુખ કેતન દેસાઇ, ટ્રસ્ટી રાજેશ દેસાઇ, ભીખુ દેસાઇ સહિતના હોદેદ્દારો તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. જેમાં તમામ કવિઓનું મોમેન્ટો તેમજ પુષ્પ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કરવામાં આવ્યું હતું. આ કવિ સંમેલનમાં મુંબઇથી લઇને સુરત સુધીના કુલ ૨૭ કવિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન સુરતના સાહિત્યકાર કવયિત્રી પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

## યુનિવર્સિટીનો વિદ્યાર્થીની જિમ્નાસ્ટિક સ્પર્ધામાં ઝળક્યો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંસાધન વિકાસ વિભાગના MLW સેમેસ્ટર ૨ ના વિદ્યાર્થી નિશાંત ચૌહાણે નેશનલ જીમ્નાસ્ટીક સ્પર્ધામાં નેશનલ કક્ષાએ ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. જેમાં નેશનલ ચેમ્પિયનશિપમાં ગ્રુપ અને મિક્સપેર ઇવેન્ટમાં ભાગ લઈ સીનીયર કેટેગરીમાં ૨ સિલ્વર મેડલ મેળવ્યા હતા, તેમજ હાલમાં ઉત્તરાખંડ ખાતે યોજાયેલી ૩૮મી નેશનલ ગેમ્સ કે જે ભારત ની સૌથી મોટી સ્પોર્ટ્સની સ્પર્ધા માનવામાં આવે છે, તેમાં ગ્રુપ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતી નિશાંત ચૌહાણે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જે સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાતવિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી, માનવ સંસાધન વિભાગના વડા ડૉ. ડી.જી. ઠાકોર સહિતનાઓએ વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યો હતો.



## વેસુમાં એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટનો ઉત્સવ

વેસુના જમના બા પાર્ટી પ્લોટ ખાતે એકલ શ્રીહરિ વનવાસી વિકાસ ટ્રસ્ટ, સુરત ચેપ્ટરની વર્ષગાંઠ નિમિત્તે રવિવારે "હોળી કે રંગ શ્રીહરિ કે સંગ" ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય લોક ગાયક સંજય મુકુંદગઢે તેમની પંદર લોકોની ટીમ સાથે રાજસ્થાની, મારવાડી બોલીમાં હોળી, ફાગોત્સવના લોકગીતો રજૂ કર્યા હતા. શહેરના યુવાનોની સાથે, મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને લોકગીતોનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં પાંચ હજારથી વધુ લોકો હાજર રહ્યા હતા. એકલ શ્રીહરિ સુરત ચેપ્ટરના વાર્ષિક કાર્યક્રમમાં, એકલ અભિયાનના રાષ્ટ્રીય અગ્રણી અને સુરતના અગ્રણીઓ પણ પરીવાર સાથે જોડાયા હતા.

## આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

| | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| સૂર્યોદયાદિ સુરત : | ૬-૫૮ | ૭-૪૬ | ૧૮-૪૩ |

**દિવસનાં ચોઘડિયાં:** ૧. લાભ, ૨. અમૃત, ૩. કાળ, ૪. શુભ, ૫. રોગ, ૬. ઉદ્વેગ, ૭. ચલ, ૮. લાભ.

**રાત્રિનાં ચોઘડિયાં:** ૧. ઉદ્વેગ, ૨. શુભ, ૩. અમૃત, ૪. ચલ, ૫. રોગ, ૬. કાળ, ૭. લાભ, ૮. ઉદ્વેગ.

ગૌરૂપિણી છઠ્ઠ, રવિયોગ

વિક્રમ સંવત : ૨૦૮૧.ફાગણ સુદ છઠ્ઠ. બુધવાર તા.૦૫-૦૩-૨૦૨૫.
વીર (જૈન) સંવત : ૨૫૫૧
શાલિવાહન શક : ૧૯૪૬
યુગાબ્દ (કલિ) : ૫૧૨૬
ભારતીય દિનાંક : ૧૪ ફાલ્ગુન.
પારસી માસ : મેહેર
રોજ : ૨૩ દેપદીન
મુસ્લિમ માસ : રમજાન.
રોજ : ૪
દૈનિક તિથિ :સુદ છઠ્ઠ ક.૧૨-૫૨ સુધી.
ચંદ્ર નક્ષત્ર : કૃત્તિકા ક. ૨૫-૦૮ સુધી. પછી: રોહિણી.
ચંદ્ર રાશિ : મેષ ક.૦૮-૧૨ સુધી. પછી : વૃષભ.
જન્મ નામાક્ષર : મેષ (અ.લ.ઈ.), વૃષભ (બ.વ.ઉ.)
કરણ: તૈતિલ/ગર/વણિજ.
યોગ : વૈધૃતિ ક. ૨૩-૦૬ સુધી. પછી: વિષ્કુંભ.

વિશેષ પર્વ : આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ (સચ્ચિદાનંદ સંપ્રદાય) * ગૌરૂપિણી ષષ્ઠિ-બંગાલ. * રવિયોગ ક. ૨૫-૦૮ સુધી. * ચંદ્ર અને કૃત્તિકા નક્ષત્રના યોગતારાની યુતિ. * કૃષિ જ્યોતિષ: ફાગણ માસનું રખેવાળ નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની છે, તે સમગ્ર માસ દરમિયાન રાત્રે સારી રીતે જોવા મળે છે. હાલમાં વસંતઋતુનો પૂર્વાધ ચાલે છે. તેથી વનવગડાંની વનસ્પતિના ફાલ ફેલાવાનો અભ્યાસ કરવાનો મહિમા છે. આજે લોન-કરજ- દેવું કરવાની સલાહ નથી. બાગાયત-ઔષધિ પાક તથા ફળઝાડની માવજત માટે અનુકૂળ સમય. મગફળી-કપાસ- એરંડામાં સંવેદનશીલ હવામાન જણાય, કાળજી રાખવી.
બુધવાર રાહુકાલ : દિવસે ક. ૧૨-૦૦થી ૧૩-૩૦.

## આજની રાશિ

- મહેશ રાવલ

- **મેષ (અ.લ.ઈ.)** આરોગ્યની કાળજી લેવી જરૂરી સમજશો. નાણાકીય વ્યવહારોમાં સાવધાની વર્તવી, મહત્ત્વની તક ઝડપી લેજો.
- **વૃષભ (બ.વ.ઉ.)** દાંપત્યજીવન કે ભાગીદારી યા સ્વજનો અંગેની બાબતોની ગૂંચ હશે તો ઉકેલી શકશો. આર્થિક સમસ્યા જણાય.
- **મિથુન (ક.છ.ઘ.)** પ્રયત્નોનું મીઠું ફળ ચાખી શકશો, વ્યવસાયિક ચિંતાનો ઉપાય મળે, પ્રગતિકારક જણાય, તબિયત નરમ બનતી લાગે.
- **કર્ક (ડ.હ.)** મૂંઝવણોમાંથી બહાર આવી શકશો, નાણાભીડનો ઉકેલ આવતો લાગે, પ્રયત્નો વધારવાથી અગત્યનું કામ થઈ શકે.
- **સિંહ (મ.ટ.)** અધૂરા કાર્યોને પૂરા કરવા વધુ ધ્યાન જરૂરી, વિઘ્ન જણાય, મિત્રો સાથે ગેરસમજ ન થાય તે જોજો, તબિયત સારી.
- **કન્યા (પ.ઠ.ણ.)** વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવા માટેના પ્રયત્નો સફળ થતા જણાય, મુલાકાત ફળે, પ્રેમના પુષ્પ ખીલતા જણાય.
- **તુલા (ર.ત.)** ધાર્યા કામમાં વિલંબ યા વિઘ્ન જણાય, પરિશ્રમ વધારવો પડે, સ્વજનોથી ચકમક ન સર્જાય તે જોજો, પ્રવાસ સફળ.
- **વૃશ્ચિક (ન.ય.)** આપના વ્યવસાયિક કાર્યો અંગે અવરોધ બાદ પ્રગતિ થતી જણાય, મૂંઝવણ દૂર થતી જણાય, લાભ વિલંબમાં પડે.
- **ધન (ભ.ફ.ઢ.ધ.)** મનની મુરાદ બર આવતી જણાય, નવીન કામગીરી આગળ ધપાવી શકશો, કૌટુંબિક સમસ્યા હલ થાય.
- **મકર (ખ.જ.)** પ્રતિકૂળ અને મુશ્કેલ સંજોગ હોય તો બહાર નીકળી શકશે, આશાસ્પદ તક સર્જાય, ખર્ચના પલ્લા નમે નહીં તે જોજો.
- **કુંભ (ગ.શ.સ.)** ઉતાવળે આંબા ન પાકે તે કહેવત અનુસરજો, ધીરજ રાખવી, અકસ્માત, બીમારીથી સાવધાની જરૂરી.
- **મીન (દ.ચ.ઝ.થ.)** લાભદાયી અને મહત્ત્વની કામગીરી આગળ વધવાનો સંજોગ સર્જાશો. પ્રશ્નમાં વિલંબ, આરોગ્ય જાળવવું.

## વર્ડ વિઝડમ



અહીં આપેલા શબ્દો, જોડકણાં દ્વારા ઉપરોક્ત ખાના ભરીને તમારું શબ્દ ભંડોળ વધારો. તમારી વિચારશૈલી વધારો.

* લેફ્ટ ટુ રાઈટ
(૧) કૃષ્ણા-ગોદાવરી નદીથી ફળદ્રુપ રાજ્ય (૫)
(૪) વાટ, રાહ (૩)
(૬) કાંત, પતિ (૩)
(૭) સુરવાળ, લેંઘી (૩)
(૯) ઘટતી કિંમત કરવી તે, બૂજ (૩)
(૧૧) હાથીને માટે કરેલો લાડુ (૩)
(૧૩) મકસદ, હેતુ (૩)
(૧૫) દાર્શનિક મત-સિદ્ધાંત (૨)
(૧૬) મીણબત્તી (૨)
(૧૭) સૂતરની આંટી (૨)
(૧૯) અભિનેતા, હીરો (૨)
(૨૧) કામદેવની સ્ત્રી (૨)
(૨૩) ગુંજાશ, શક્તિ (૨)
(૨૪) એક ધાતુ (૩)
(૨૭) મુલાકાત, મિલાપ (૩)
(૨૯) પંજાબની એક નદી (૨)
(૩૦) અમલ, સત્તા (૨)
(૩૧) છેક પાસે, અડીને (૪)

* ટૉપ ટુ બૉટમ
(૧)દૂંટીની નીચેના ભાગમાં અંદરની રગોની ગાંઠ (૩)
(૨) ભેદ, જાત (૩)
(૩) બાણ તાકવું તે (૫)
(૪) સિંહની ગર્જના (૩)
(૫) એક ઝાડના રસનો બનતો પદાર્થ (૩)
(૮) શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
(૧૦) દશમો ભાગ (૩)
(૧૨)...... ને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે... (૩)
(૧૩) કચાશ, અપૂર્ણતા (૩)
(૧૪) ફૂલની પાંખડી (૨)
(૧૮) આકાશ, આભલું (૩)
(૨૦) સાવ બોડું માથું (૨)
(૨૨) ...... ગયું ને જ્યોતિ પ્રકાસ્યો...... (૩)
(૨૫) ફૂલમાંની રજ (૩)
(૨૬) વસંતઋતુનો પાક (૨)
(૨૮) પહેલો..... પાડોશી (૨)

## સુડોકુ 5796

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૨ | | ૬ | | | | ૪ |
| | ૯ | ૮ | | | ૧ | | | ૩ |
| | | | | | ૩ | | ૮ | |
| | ૨ | ૭ | ૬ | ૯ | | ૧ | | |
| ૩ | | | | ૭ | | | | ૫ |
| | | ૧ | | ૮ | ૨ | ૪ | ૯ | |
| | ૭ | | ૫ | | | | | |
| ૮ | | | ૭ | | | ૨ | ૫ | |
| ૯ | | | | ૧ | | ૩ | | ૬ |

## સુડોકુ 5795નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૪ | ૬ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ | ૬ | ૩ | ૨ |
| ૬ | ૩ | ૨ | ૭ | ૫ | ૮ | ૧ | ૪ | ૯ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૭ | ૧ | ૪ | ૬ | ૫ | ૯ | ૨ | ૮ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૭ | ૫ |
| ૪ | ૫ | ૬ | ૧ | ૭ | ૯ | ૨ | ૮ | ૩ |
| ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૬ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૨ | ૩ | ૫ | ૬ | ૪ |

આપેલા ચોરસ સમૂહમાં એવી રીતે ખૂટતા અંક ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને ૩X૩ના બોક્સમાં ૧થી ૯ સુધીના આંકડા આવે. ચોરસ સમૂહમાં આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહીં. તમારે એ સિવાયના ખૂટતા અંકો મેળવવાના છે. તો કરો મગજમારી...!

## ધાર્મિક-સામાજિક અને સંસ્થાકીય ગતિવિધિઓ

### સ્વરસંજ્ઞા ટ્રસ્ટનો નવજાત શિશુઓની હિયરિંગ સ્ક્રીનિંગ કાર્યક્રમ



વર્લ્ડ હિયરિંગ ડે નિમિત્તે સ્વરસંજ્ઞા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સરકારી અને ખાનગી સંસ્થાઓના સહયોગથી જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નવજાત શિશુ હિયરિંગ સ્ક્રીનિંગ, શોર-પ્રેરિત હિયરિંગ લોસ અને સલામત સાંભળવાની મહત્ત્વતા પર કેન્દ્રિત હતું. મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. નિષ્ણાત તબીબી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### રાજ્યકક્ષાની સમુદ્ર તરણ તાલીમ શિબિરમાં વિદ્યાર્થિની પ્રથમ



લોકમાન્ય વિદ્યાલય સેકન્ડરી સ્કૂલના ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નુતિકા અજય સેલરે ગાંધીનગરમાં આયોજિત રાજ્યકક્ષાની સમુદ્ર તરણ તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીએ ૩ કલાક ૮ મિનિટ ૪૨ સેકન્ડમાં સમુદ્રમાં તરી ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થિનીને સર્વદેશિય વિકાસ મંડળના પ્રમુખ મયંક પટેલ, ઉપપ્રમુખ રેક્ષુલ પટેલ, મંત્રી જયેશ પટેલ અને શાળાના આચાર્ય જતિન પટેલે સહિતનાએ શુભેચ્છા પાઠવી હતી.

### સાયબર ફ્રોડને લઈ જનજાગૃતિ માટે નાટકનું આયોજન



સાયબર ફ્રોડ અંગે સુરત પર્ફોર્મિંગ આર્ટિસ્ટ એસોસિયેશનના થિયેટરમાં નાટક યોજવામાં આવ્યું હતું. જેમાં સાયબર ફ્રોડના શીર્ષક હેઠળ નાટક ભજવવામાં આવ્યું હતું. નાટક થકી સાયબર ફ્રોડ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ નાટકમાં યશ ઉપાધ્યાય, પીયૂષ ભટ્ટ, દેવ આઠવલે, ભાવના વકીલના, શ્વેતા ચૌહાણ, ડૉ. પ્રિયલ શુક્લ, ડૉ. સ્નેહલ વકીલનાએ અભિનય કર્યો હતો.


# સંદેશ | કલાસિફાઈડ

નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । અન્ય

જાહેરખબરના દર (સુરત આવૃત્તિ)
પ્રોપર્ટી સ્પેશ્યલ એડ: Size 3 X 3 Sq.Cm Rs. 650/- ; Size 3 X 4 Sq.Cm Rs. 850/-
જ્યોતિષ વિષયક Rs. 25/- પ્રતિ શબ્દ | અન્ય Rs. 20/- પ્રતિ શબ્દ
લગ્નવિષયક (ઓલ ગુજરાત) Rs. 30/- પ્રતિ શબ્દ (ફક્ત રવિવારે)
ક્લાસીફાઈડ ડિસ્પ્લે Rs. 150/- પ્રતિ સે.સેમી.
3 Paid 1 Free, 7 Paid 3 Free, 13 Paid 7 Free

સંદેશ Classifieds
ટચુકડી જાહેરખબર દરરોજ પ્રસિદ્ધ થાય છે


પ્રોપર્ટી

**પાંડેસરા-બમરોલી**
**ભાડે આપવાનું છે**
ભાડે આપવાનો છે શેડ GIDC પાંડેસરામાં 17 x 80, 9374275333/ 9374275334. 0040502557

**પાલનપુર-જહાંગીરાબાદ**
**વેચવાનું છે.**
રોહાઉસ વેચવાનું પાલનપોર એરિયા ટીપટોપ કંડીશન, ફુલ ફર્નિચર, સોલાર પેનલ સાથે સંપર્ક- 9925641860 0040502475

**સચીન-ભેસ્તાન-ઉન**
હોજીવાલા પ્લોટ લેવા/ વેચવા માટે મળો. સિદ્ધાર્થ શાહ 9998227450, સતીશ શાહ 9825127450, 9898027450 0040501863

**અડાજણ-પાલ-રાંદેર**
દુકાનો અને ઓફિસ રિઝનેબલ ભાવે વેચવાની છે, સંઘવી ટાવર, અડાજણ પાટિયા, સુરત, LG/ 13- 204 ફુટ, UG/ 6- 577 ફુટ, UG/ 5- 374 ફુટ, UG/ 32- 65 ફુટ, O/ 103- 193 ફુટ, O/ 125/ 126- 860 ફુટ, (દલાલો તેમજ વેપારી ભાઈઓએ તસ્દી લેવી) સંપર્ક: 9824150732, 9825783868 0040502525

**પાલનપુર-જહાંગીરાબાદ**
વેચવાનું ન્યુ રોહાઉસ 4 BHK જહાંગીરાબાદ ડી માર્ટ પાસે. 7990414286 0040502300

**સગરામપુરા-રૂસ્તમપુરા**
ફ્લેટ વેચવાનો છે. સગરામપુરા હનુમાન શેરી M. 9898868057 0040502469


નોકરી ખાલી છે

**વિવિધ**
મિલ્ક ડિલીવરી બોય જોઈએ છે. ઘોડદોડ રોડ, ભટાર, સિટીલાઈટ, વેસુ, અલથાણ, અડાજણ, રાંદેર. દૂધના વિતરણ માટે પોતાનું વાહન જરૂરી, આકર્ષક પગાર. સંપર્ક:- 9099098585 0040502522

જોઈએ છે ટેલિકોલર કાર લોન/ મોર્ગેજ લોન માટે પગાર (લાયકાત મુજબ) એરિયા. જહાંગીરપૂરા સંપર્ક ૯૫૮૬૯૯૦૫૫૮ 0040502603

જોઇએ છે. (૧) સેલ્સ & માર્કેટીંગ (૨) પેકીંગ માટે માણસ (૩) ઘરકામ માટે કપલ સ્ટાફ (ડ્રાઈવર અનુકુળ વધારે), દલાલ ચેમ્બર્સ, હનુમાન પોળ, નાણાવટ, સુરત. Mobile- 9825169264 0040502512

જોઇએ છે. બંગલાના સાફ સફાઈના કામ માટે છોકરી. ઓલપાડ (માસમા) 9724490000 0040502455

જોઈએ છે, કોમ્પ્યુટર જાણકાર. અનુભવી/ બિનઅનુભવી કેશિયર ફુલ ટાઈમ માટે, મળો: (સવારે 10:30થી 9:30) પરમાર બુટ હાઉસ, MO- 8732903010 0040502466

જોઈએ છે. વરાછા રોડ વિસ્તારમાં આવેલી ટેક્ષ કન્સલ્ટન્ટની ઓફીસ માટે Income Tax And G S Tના Work માટે Tally સોફ્ટવેરના જાણકાર કોમર્સ ગ્રેજ્યુએટ (B. Com/ M. Com) અનુભવી/ બિનઅનુભવી (લેડીઝ/ જેન્ટ્સ) ફુલ ટાઈમ એકાઉન્ટન્ટ જોઈએ છે. Mo. 7043700121 0040502537

**કારીગર**
વડાપાંવ બનાવવા માટે કારીગરોની જરૂર છે. બજારમાં ચા પીરસવા માટે છોકરો જોઈએ છે. પગાર:- 12000/- મોરાભાગળ, સુરત. Mob:- 7016363685 0040502460

**મેડીકલ**
IVF હોસ્પિટલ માટે નર્સિંગ સ્ટાફ જોઈએ છે. માત્ર ગર્લ્સ. રિઝયુમ વ્હોટ્સએપ કરો. 9537721502 0040502559

**ઈજનેર**
ડીજીટલ પ્રિન્ટીંગ મશીન માટે એન્જીનીયર જોઈએ છે ડીપ્લોમા/ ડીગ્રી મો. 6354306685 0040500728

**અન્ય**
રિટાયર્ડ વ્યક્તિ, ગૃહિણી અને દુકાનદાર માટે દિવસના 2-4 કલાક કામ કરીને મહિને 30000થી વધુ કમાવો. Min Edu- 12th Mo- 90336 40640 0040502426

કોલગેટ પેકિંગ ઘરથી મહિલા પુરૂષો 75000 મહિના અર્ન વોટ્સએપ: 6397479854. 0040502568

પેન્સિલ પેકિંગ Company ઘરથી મહીલા, પુરુષ 75000/- કમાઓ NOC fees- 620/- Whatsapp 9216748018. 0040502571


વ્યવસાયલક્ષી

**ફાયનાન્સ**
ધનલક્ષ્મી ફાયનાન્સ આધાર લોન 30,000- 99,00,000/- 2% વ્યાજ 50% છૂટ સિવિલ ખરાબ લોન પાસ. 7015130164 0040502509

**ટ્રાવેલ એન્ડ ટુર**
ઓમસાંઇ ટ્રાવેલ્સ શાહપુરા, અંબાજી, શ્રીનાથજી, પુષ્કર, સાંવરીયાજી, મંદસુર, ઉજ્જૈન, ઓમકારેશ્વર 15- 03. દિવસ- 7 (7878674257) 0040502516

13/ 3 માઉન્ટ આબુ, અંબાજી, ઉજ્જૈન, ઓમકારેશ્વર, સ્લીપિંગ કોચમાં 9537565603 0040502375

તારીખ- 13/ 3/ 2025, મહાકાલ હોલીડે, સ્પેશિયલ સોમનાથ, દ્વારકા. 2 નાઈટ, 3 દિવસ, AC બસ.- 9099733775, 9913164330 0040502517

**રિપેરીંગ સર્વિસ**
ઘરબેઠા તાત્કાલિક L E D રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 0040502519

સાગર રેફ્રીજરેશન ઘરબેઠાં વોશીંગ મશીન, ફ્રીઝ, AC રીપેરીંગ. વિઝીટ ફી. 9724789635 0040502304

**બ્યુટી પાર્લર**
Zoya મસાજ હાઇપ્રોફાઇલ મોડલથી એન્જોય 15000 કમાઓ. 9519889514, 8920395078, 9871987458. 0040502443

**અગત્યનું સૂચન** વિજ્ઞાપનદાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતા પહેલા, વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. અમો વિજ્ઞાપનદાતાની ઉંમર, આવક, દરજ્જો કે અન્ય કોઇપણ વિગત, સાચી અથવા ખોટી હોવા અંગે બાંહેધરી લેતા નથી. - જા.ખ. મેનેજર




હવે સંદેશ માં ટચુકડી આપવી તદ્દન સરળ:
- નીચે આપેલ નંબર ઉપર તમારું મેટર whatsapp કરો.
- whatsapp ઉપર estimate મેળવો.
- નીચે આપેલ QR Code scan કરીને પેમેન્ટ કરો.
- ઘર બેઠા તમારી ટચુકડી કોઈ પણ એડીશન માં છપાવો.

WHATSAPP HERE TO SEND YOUR CONTENT
99099 85623
: સમય :
સોમ થી શનિ 10:30 થી સાંજે 6
રવિવારે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

SCAN HERE TO PAY

સંદેશ

**પેસ્ટ કંટ્રોલ**
PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 0040502539

SAINATH PEST CONTROL, GUMASTA LICENCE, ઉધઈ, માંકડ, વાંદા, RITESHBHAI- 9825859642 0040501206


ધંધાદારી

હીંચકાના કડાં, તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફીટીંગ: 8460222292, 8460222282 0040502325

ફોલ્ડીંગ ટોઈલેટ ઘડપણમાં સંડાસમાં ઊંચેથી બેસવા મજબુત ફીટીંગ સુરેશભાઈ 9824122117 0040502286

કમાવો 4 કલાકમાં રૂ. 600 (પાર્ટ ટાઈમ/ ફુલ ટાઈમ) રેપીડો બાઈક ચલાવો. જોઈન કરવા માટે રેપિડો કેપ્ટન એપ ડાઉનલોડ કરો અથવા કોલ કરો- 01414931163. 0040500832





રાજકોટમાં કરોડો રૂપિયાની સરકારી જમીન રાવળા હક્કમાં ફાળવી દેવાના પ્રકરણમાં નવો ધડાકો

## મામલતદાર કચેરીમાં કૌભાંડીઓને બંધ ચેમ્બરમાં બેસાડી સમાધાન કરાવાયું

### તલાટીને ગિફ્ટમાં આપેલી કાર ઘરેથી ખેંચી લાવ્યા! : આરોપીઓના મોબાઈલ ચેમ્બર બહાર મુકાવ્યા

। રાજકોટ ।

રાજકોટના માધાપર અને ઘંટેશ્વરમાં કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીનમાં રાવળા હક્કના આસામીઓને બોગસ રીતે ઉભા કરી તેમાં ગ્રામ પંચાયત અને તાલુકા મામલતદારના નામના બોગસ હુકમ કરી ખાનગી આસામીઓને જમીન ફાળી દેવાના કારસ્તાનમાં નવા ફણગા ફૂટયા છે. રેવન્યુ તલાટી મંત્રીનું કારસ્તાન બહાર ન આવે તે માટે મામલતદાર કચેરીમાં કૌભાંડીઓને બંધ ચેમ્બરમાં બેસાડી સમાધાન કરાવ્યું છે. તો જમીનમાં નોંધ પાડી દેતા એડવાન્સ વહીવટ પેટે આપવામાં આવેલ લાખો રૂપિયા અને તલાટી મંત્રીને ગિફ્ટમાં આપવામાં આવેલી નવી નક્કોર કાર ઘરેથી ખેંચી લાવવામાં આવી હોવાની ચોંકાવનારી વિગત પ્રકાશમાં આવી છે.

રાજકોટ તાલુકા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા રેવન્યુ તલાટી મંત્રી નિલેશ વાઘેલાએ ઘંટેશ્વર અને માધાપર ગામમાં વર્ષોથી ગામતળની જમીનમાં વસવાટ કરતા આસામીઓના નામે રાવળા હક્કની જમીનના ૪૦૦થી ૯૦૦ ચોરસ મીટરના પ્લોટ ફાળવવા મામલતદાર કચેરી, ગ્રામ પંચાયતના બનાવટી હુકમ બનાવી તેના આધારે પ્લોટની ગામ નમુના નં.૨માં નોંધ પાડી દેવામાં આવી હતી.

રાવળા હક્કના આવા પ્રકરણ વચેટીયાએ શોધ્યા હતા. આખા કારસ્તાનનો ભાંડાફોડ થતા તાલુકા મામલતદાર કચેરીના અધિકારીઓના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. આ કાંડની વિગત બહાર ન આવે તે માટે ભીનુ સંકેલવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. તેમાં વચેટીયા સહિતના તમામ આસામીઓને કચેરીએ બોલાવી ઢાકો ઢુંબો કરવામાં આવ્યો હતો. આ બેઠકની વિગત જાહેર ન થાય અને વિડીયો રેકોર્ડીંગ ન થાય તે માટે તમામ લોકાના મોબાઈલ બહાર મુકાવવામાં આવ્યા હતા. મામલતદાર કચેરીમાં ચર્ચાતી વિગત મુજબ, રાવળા હક્કની જમીનનું કામ રાખનારા દલાલે આ કામ પેટે એડવાન્સમાં ૨૦ લાખની રકમ અને તલાટી મંત્રી માટે નવી નક્કોર કાર ગિફ્ટ આપવામાં આવી હતી. પરંતુ કારસ્તાનનો ભાંડાફોડ થતા તલાટીમંત્રીને આપવામાં આવેલી કાર ઘરેથી ખેંચી લેવામાં આવી છે. તાલુકા મામલતદાર કચેરીના CCTV ફૂટેજની ચકાસણી કરવામાં આવે તો કચેરીના અનેક કર્મચારીઓના તપેલા ચડી જાય તેમ છે. તાલુકા મામલતદાર કાર્તિક મકવાણાએ જણાવ્યું હતું કે, માધાપર અને ઘંટેશ્વરમાં રેવન્યુ તલાટી મંત્રી નિલેશ વાઘેલાએ રાવળા હક્કની જમીનના બનાવટી કાગળો રજૂ કરી સરકારી જમીન ફાળવી દેવામાં આવી છે. સરકારી કચેરીના બનાવટી કાગળ બનાવવામાં આવ્યા હોય આ કેસમાં પોલીસ ફરિયાદ નોંધવા કલેકટર પાસે મંજૂરી માંગવામાં આવી છે.



સુરેન્દ્રનગર હાઈવે પરની ઘટના : શ્રમિકો મજૂરી કામે જતા હતા

## અમરેલીથી પાટણ જતાં શ્રમિકોની ટ્રક પલટી ખાઈ જતા ૨૦થી વધુને ઈજા

### સુરેન્દ્રનગર ટ્રકનો ચાલક ખાડો તારવવા જતા વાહન પલટી મારી ગયું

સુરેન્દ્રનગર-માલવણ હાઈવે અને જોરાવરનગર વિસ્તારમાં અકસ્માતના બે બનાવ બન્યા છે. જેમાં મધ્યપ્રદેશના મજુરોને અમરેલીથી પાટણ તરફ જતી આઈસર ટ્રકમાં લઈને જવામાં આવી રહ્યા હતા. ત્યારે સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર પલટી મારી જતા ૨૦થી વધુ શ્રમીકોને ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ જોરાવરનગરમાં ટ્રેકટરે કાર સાથે અકસ્માત કરતા ૧ વ્યક્તિને ઈજા પહોંચી છે.

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રહેતા નીલેશ રમેશભાઈ રખોળ ગુજરાતમાં પરિવારજનો સાથે મજુરી કામ કરે છે. જેમાં વિવિધ જિલ્લાઓમાં મજુરી કામ માટે જાય છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર ગામે કાલા વીણવાની મજુરી કર્યા બાદ કામ પુરૂ થઈ જતા તેઓ ૨૭ મજુરો ૨-૩ના રોજ રાતના સમયે ભરત સામતભાઈ ભાલીયાની આઈશર ટ્રકમાં પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના પંચાસર ગામે જતા હતા. જેમાં સુરેન્દ્રનગર-માલવણ રોડ પર ઝેઝરી અને સોખડા પાસે રસ્તા પર આવેલ ખાડો તારવવા જતા ભરતભાઈએ ગફલતભરી રીતે ચલાવતા આઈશર પલટી મારી ગઈ હતી.

જેમાં ૨૦થી વધુ મજુરોને ઈજા થતા દવાખાને લઈ જવાયા હતા. બનાવની બજાણા પોલીસ મથકે આઈશર ચાલક સામે ફરિયાદ નોંધાતા વધુ તપાસ એએસઆઈ સાવન કણઝરીયા ચલાવી રહ્યા છે. જયારે જોરાવરનગરની શેરી નં. ૯માં રહેતા ૨૧ વર્ષીય ભાર્ગવભાઈ પ્રવીણભાઈ રવાણીની લાતી બજારમાં આશાપુરા પ્લાય એન્ડ હાર્ડવેર નામે લાતી આવેલી છે. ગત તા. ૧-૩ના રોજ રતનપર કચ્છ કડવા પટેલ સમાજની વાડીએ હનુમાન દાદાની પ્રસાદી હોય તેઓ કારમાં પિતાને લઈને ત્યાં જતા હતા. ત્યારે જોરાવરનગર ગર્લ્સ સ્કુલ પાસે સામેથી આવતા ટ્રેકટરના ચાલકે ગફલતભરી રીતે ચલાવી કારને અકસ્માત કર્યો હતો. જેમાં કાર પાછળ ધકેલાઈ હતી. અને પ્રવીણભાઈનું માથુ ભટકાતા તેઓને ઈજા પહોંચી હતી. જેમાં તેઓને સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. આ અકસ્માત બાદ ટ્રેકટર ચાલક ટ્રેકટર મુકી ફરાર થઈ ગયો હતો. જયારે અકસ્માતમાં ચાલક ભાર્ગવભાઈને કોઈ ઈજા થઈ ન હતી. આ અંગે જોરાવરનગર પોલીસ મથકે ટ્રેકટર ચાલક સામે ફરિયાદ નોંધાતા વધુ તપાસ એચસી પ્રવીણભાઈ પરમાર ચલાવી રહ્યા છે.

## બેટ દ્વારકાથી મથુરા સુધી શ્રીકૃષ્ણ રથ યાત્રાનો પ્રારંભ

દ્વારકા : શ્રીકૃષ્ણ જન્મભૂમી મૂકિત આંદોલન અંતર્ગત બેટ દ્વારકાથી મથુરા સુધી વીસ દિવસીય રથયાત્રાનો પ્રારંભ થયો છે. ૪થી ગુજરાતથી શરૂ થયેલ રથયાત્રા તા. ૨૩મીએ રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉતરપ્રદેશ, થઈ મથુરા પહોંચશે. ૨૩મીએ મથુરામા શ્રીકૃષ્ણમ મહાકાવ્યનું લોકાર્પણ કરવામા આવશે.

## ખેતી કરતા યુવાનને ખેતરમાંથી ઢસડી જઈ સિંહણે ફાડી ખાધો

। ખાંભા ।

જસાધાર રેન્જ નીચેના કાકરડી મોલી ગામમાં ખેડૂત વાડીમાં કામ કરી રહ્યા હતા.યારે અચાનક એક સિંહણ આવીને ખેડૂત પર હુમલો કર્યો હતો અને ખેડૂતને સિંહણે ઢસડીને લઈ જઈ ફાડી ખાધો હતો આ ઘટનાની જાણ થતા જસાધાર વન વિભાગ ની ટીમ ઘટના સ્થળે પહોંચી માનવ ભક્ષી સિંહણને પકડવા કવાયત હાથ ધરી હતી

અમરેલી જિલ્લામાં સિંહ,દીપડા સહિત હિંસક પ્રાણીઓ દ્વારા માનવ પર હુમલાના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે ફરી એકવાર અમરેલી જિલ્લામાં ચાર પગ નો આંતક જોવા મળ્યો હતો અને ધારી ગીર પૂર્વના જસાધાર રેન્જના કાકડી મોલી ગામના રેવન્યુ વિસ્તારમાં મંગાભાઈ બોઘાભાઈ બારેયા (ઉ.વ.૩૫) ખેડૂત પોતાની વાડીમાં ખેતી કામ કરી રહ્યા હતા ત્યારે સિંહણ આવી ચડી હતી અને ખેડૂત પર હુમલો કરી દીધો હતો સિંહણે ખેડૂતને ઢસડીને લઈ ફાડી ખાધો હતો. ખેડૂતના મૃતદેહ નો કબજો લેવા ટ્રેકટર અને ગાડીઓ સિંહણ ઉપર નાખી કવાયત હાથ ધરી હતી અને આ માનવ ભક્ષી સિંહણને પકડવા રેસ્ક્યુ ઓપરેશન કામગીરી હાથ ધરાઈ હતી.

દહેગામ । પંજાબથી રિસર્ચ કરેલા બિયારણના એક લાખ કટ્ટા આવ્યા

## દહેગામના ૪૭ કોલ્ડ સ્ટોરેજમાં બટાટાના ૪૫ લાખ કટ્ટાનો ભરાવો



દહેગામ કલસ્ટરના ૪૭ જેટલા કોલ્ડસ્ટોરેજ પૈકી પચાસ ટકા સ્ટોરેજ બટાટાની આવકથી પેક થવાની અણી પર છે. એક અંદાજ મુજબ અત્યાર સુધીમાં દહેગામના ખેડૂતોએ પકવેલા બટાટાના ૪૫ લાખ કટ્ટાની આવક સ્ટોરેજોમાં થઈ ગઈ છે. કોલ્ડસ્ટોરેજો આગળ વાહનોની લાંબી લાઈનો લાગી રહી છે. સવારથી બટાટા સ્ટોર કરવા આવતા વાહનોનો કતાર જોવા મળી રહી છે. દર વર્ષે દહેગામમાં બટાટાના ૮૦ થી ૮૪ લાખ કટ્ટા સ્ટોરેજમાં ઠલવાય છે. જેમાં ખાવાના બટાટા તથા વેફર્સ સહીતના પ્રોસેસ બટાટાનો સમાવેશ થાય છે. એક લાખ કટ્ટો તો માત્ર પંજાબથી જ બિયારણ માટે સંગ્રહ થવા દહેગામમાં આવ્યા છે. દૈનીક હાલમાં અઢી લાખ કટ્ટાની આવક જોવા મળી રહી છે. દહેગામના કોલ્ડસ્ટોરેજ સહીત ૪૭ જેટલા સ્ટોરેજમાં રોજેરોજ ખેડૂતો બટાટા સ્ટોર કરવા આવી રહ્યા છે. હાલમાં બટાટાના ભાવ પોષણક્ષમ થયા હોવાથી ખેડૂતો હવે વાહનોમાં ભરીભરીને સ્ટોરેજમાં જવા લાગ્યા છે. હાલ તાલુકાના ૪૭ જેટલા સ્ટોરેજમાં ૪૫ લાખ કટ્ટાનો ભરાવો થયો છે અને આગામી હોળી સુધીમાં ૯૦ ટકા જથ્થો એટલે કે ૭૦ થી ૮૦ લાખ કટ્ટાની આવકથી તમામ સ્ટોરેજ પેક થઈ જવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હજી ખેડૂતો બટાટા કાઢી રહ્યા છે જે આગામી દિવસોમાં સ્ટોરેજો સુધી પહોંચશે.

બ્રહ્માનંદ વિદ્યાધામ-ચાંપરડા ખાતે મહેમાન બનશે

## કેન્દ્રીય ગૃહમંત્રી આઠમી માર્ચે ચાપરડામાં સૈનિક સ્કૂલ શાળા ભવનનું લોકાર્પણ કરશે

। જૂનાગઢ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તા.૮ મી માર્ચે જૂનાગઢ નજીક આવેલ બ્રહ્માનંદ વિદ્યાધામ-ચાપરડા ખાતે મહેમાન બનશે, બપોરે ૩ કલાકે અહી તેમના હસ્તે અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ મુકતાનંદ બાપુના જૂનાગઢ નજીક આવેલ બ્રહ્માનંદ વિદ્યાધામ-ચાંપરડા ખાતે આગામી તા.૮ માર્ચે કેન્દ્રીય ગૃહમંત્રી આવશે. અહી તેમના હસ્તે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખાસ કરીને સૈનિક સ્કુલ ભવન શાળા ભવન, સૈનિક સ્ટાફ ક્વાર્ટર બિલ્ડીંગ, જય અંબે હોસ્પિટલના ડોક્ટર ક્વાર્ટર બિલ્ડીંગ, જય અંબે હોસ્પિટલ મોડ્યુલર ઓપરેશન થીયેટર કોમ્પલેક્ષ અને બ્રહ્માનંદ વિદ્યાધામના અતિથી ભવનનું લોકાર્પણ કરશે, જયારે મુકતાનંદ બાપુ મેડીકલ કોલેજ, અને રીસર્સ ઈન્સ્ટીટયુટ અને બ્રહ્માનંદ વિદ્યામંદિર સંસ્કુત શક્તિ ગુરુકુળનું ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગને ખૂબ જ ધામધૂમથી પાર પાડવા માટે સ્થાનિક સંસ્થાઓ દ્વારા કમર કસવામાં આવી છે.

### મુક્તાનંદ બાપુ મેડિકલ કોલેજનું ખાતમુહૂર્ત કરશે

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમનો દરોડો

## દરિયાખેડુ પાસેથી ૧.૩૫ કરોડની વ્હેલ માછલીની ઉલટી ઝડપાઈ

। તળાજા ।

તળાજા તાલુકાના સરતાનપર બંદર ગામનો યુવાન પંદર દિવસ પહેલા દરિયો ખેડવા ગયો હતો.એ સમયે તેને દરિયામા પડેલ વ્હેલ માછલી ની ઉલટી મળી આવી હતી.જે ઘરે લાવેલ હતો.એ બાબત ની જાણ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ને થતા આજે માછીમાર યુવક ના કબ્જામાંથી મેળવી વન વિભાગની ટીમને બોલાવી ખરાઈ કરી યુવકની અટકાયત કરી આરએફઓને હવાલે કરેલ હતો. એમ્બર ગ્રીસની બજાર કિંમત રૂ.૧,૩૫, ૮૦૦૦૦ની આંકવામાં આવી છે. તળાજા પોલીસ ને એલ. સી.બી પોલીસે ચોક્કસ બાતમી મળવા મા વધુ એક વખત પાછળ રાખીદીધી હોય તેવી ઘટના ની મળતી વિગતો મુજબ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમએ ચોક્કસ બાતમી ના આધારે આજે બપોરબાદ સરતાનપર બંદર ગામના મેહુલ ઉર્ફે છોટુ રમેશભાઈ બાંભણીયાની અટકાયત કરી તેના કબ્જામા રહેલ વ્હેલ માછલી ની ઉલ્ટી(એમ્બરગ્રીસ) પકડી પાડી હતી. વ્હેલમાછલી ની ઉલટીનો વિષય ફોરેસ્ટ વિભાગ મા આવતો હોય તળાજા ને જાણ કરતા વ્હેલ માછલી ની ઉલટી ની ખરાઈ માટે નિષ્ણાત અધિકારી ને બોલાવી ખરાઈ કર્યા બાદ પોલીસે આરોપી યુવક ની અટકાયત કરી તળાજા પોલીસ મથકે લાવવામા આવેલ. ઉલટી નો વજન ૧ કિલો,૩૫૮ ગ્રામ થતા તેની બજાર કિંમત એક કરોડ પાંત્રીસ લાખ એંશીહજાર આંકવામા આવી છે. પોલીસે આરોપીનો કબ્જો તળાજા ફોરેસ્ટ વિભાગ ને સોંપેલ હતો. હવે ફોરેસ્ટ વિભાગ આરોપી ની પૂછપરછથી લઈ કોર્ટમાં રજૂ કરવા સુધીની કાર્યવાહી કરશે. વન વિભાગ તંત્રએ જણાવ્યું હતુ કે વ્હેલ માછલી શેડ્યુલ-૧મા આવતું પ્રાણીહોય તેની કોઈપણ વસ્તુ રાખવી તે બિન જમીનપાત્ર ગુન્હો બને છે. પાણીમા હોય તે સમયે ઉલટી પ્રવાહી હોય છે.બાદ સાકર ના ખાંગડા જેવી જોવા મળે છે. ઉલ્લેખનીય છેકે તળાજા કે ભાવનગર પંથકમાં એમ્બરગ્રીસ ની ખરીદી કરી શકે તેવો કોઈ વ્યક્તિ આજ સુધી ધ્યાને આવેલ નથી.

### મોબાઈલમાં ઉલટી જોઈ હતી



દરિયામા માછીમારી કરવા એકલોજ ગયોહતો.એ સમયે વ્હેલ માછલી ની ઉલટી કિનારે થી મળી હતી.તેમ કહેનાર આરોપી મેહુલ બાંભણીયા એ જણાવ્યું હતુ કે મોબાઈલ મા જોઈ હતી તેના પરથી હું ઓળખી ગયોહતો. બજારમા ક્યાંય વેચવા ની કોશિશ કરી ન હતી.આરોપી સરતાનપર ગામમાં પાન મસાલા ની દુકાન ચલાવે છે.

### પરીક્ષણ બાદ કબજે લીધી : આરએફઓ

તળાજા વન વિભાગના આરએફઓ માયડાએ જણાવ્યું હતુ કે વ્હેલ માછલીની ઉલટી જ છેકે કેમ તે માટે એફ.એસ.એલ અધિકારી પાસે પરીક્ષણ કરાવ્યા બાદ કબ્જે લીધેલ.હજુ વધુ લેબોરેટરી માટે મોકલવામાં આવશે.


**જાહેર નિવિદા નં. એસકે-૧૨ સને ૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (મા X મ) વિભાગ, જુનાથાણા, નવસારી (ફોન નં.૦૨૬૩૭- ૨૫૮૦૪૧) ની કચેરી દ્વારા ડીમોલેશન વર્કનુ ૧ કામ માટેના ટેન્ડર તા.૧૭/૦૩/૨૦૨૫ ના ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. આ કામનાં ટેન્ડરો Website: https://www.tender.nprocure.com ઓનલાઈન ભરવાના રહેશે. આ કામો અંગેની વિગતવાર નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

માહિતી/નવસારી/૫૪૨/૨૦૨૫

**જાહેર નિવિદા નં.૪૩ સને ૨૦૨૪-૨૫**

ગુજરાત સરકારના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઈ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઈ તા.સોનગઢ જિ.તાપી. પીન કોડ નં.૩૯૪૬૮૦ ફોન નં.૦૨૬૨૪-૨૩૩૨૨૧ દ્વારા કુલ ૭ (સાત) કામ માટે જેની અંદાજીત રકમ રૂા.૫.૩૮ લાખ થી ૪૫.૦૪ લાખ છે. ગુજરાત સરકારના ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ/ માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી ઓન લાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેના ટેન્ડરો www.tender.nprocure.com. ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓન લાઇન ભરવાના રહેશે. પ્રસ્તૃત ટેન્ડર વેબ સાઇટ ઉપરથી ઓનલાઇન તા.૦૫-૦૩-૨૦૨૫ થી તા.૧૯-૦૩-૨૦૨૫ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી ઑન લાઇન ભરવાના રહેશે. તેમજ ઉક્ત કામના ટેન્ડરના પ્રાઈઝ બીડ તા.૨૦-૦૩-૨૦૨૫ના રોજ ૧૨.૦૦ કલાકે ઓન લાઇન ખોલવામાં આવશે.

૧. સદર કામ અંગે વધુ વિગતો ઉપરોક્ત વેબ સાઈટવેબ પર અથવા કાર્યપાલક ઈજનેરશ્રી, ઉકાઈ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઈ તા.સોનગઢ જી.તાપી.-૩૯૪૬૮૦નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
૨. નોંધ:- સદર કામની નિવિદા અંગે સુધારા/વધારા ફક્ત ઉક્ત ઓનલાઈન વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

ક્રમાંક : માહિતી-સુરત/૧૩૯૯/૨૦૨૫

**નિવિદા નં. ૪ સને ૨૦૨૪ – ૨૫**
**દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, ગેરી, સુરત**

સંશોધન અધિકારીશ્રીની કચેરી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, ગજેરા સ્કુલની પાસે, કતારગામ સુરત-૩૯૫૦૦૪ કચેરી નીચે મુજબના કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઇજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજી રકમ રૂા. (લાખમાં) |
|---|---|---|
| ૧ | Procurement of various laboratory Testing equipments to meet requirement of laboratory of GERI for the year 2024-2025 | ૧૭૬.૯૬ |

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાક સુધી જોવા મળી શકશે. નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવા વિનંતી છે અથવા ઉપરોક્ત કચેરીનું જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક : માહિતી-સુરત/૧૩૯૭/૨૦૨૫

**Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited**
(An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company)
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), India
CIN: L24110GJ1976PLC002903 Website: www.gnfc.in

**OPEN E TENDER NOTICE**

| E-Tender ID | Name of the Work | Estimated Work Value (Incl. GST) |
|---|---|---|
| 159351 | Roof sheet replacement work at CO Compressor house - AA plant of GNFC, Bharuch. | Rs. 29.51 Lacs |
| 158933 | Miscellaneous minor Structural steel members repair/ maintenance work at various plants at GNFC, Bharuch | Rs. 21.88 Lacs |
| 160377 | Roof replacement works at WNA-2 at NPP plant in GNFC Bharuch. | Rs. 24.40 Lacs |

Prebid meeting will be held on 05.03.2025 at 14:30 hrs. at conference room of Civil Department GNFC,Bharuch

Last date and time for receipt of bids for above tender is 10.03.2025 upto 16.00 hrs.

For E tender, please log on https://tender.nprocure.com

Contact :-E-mail id-klgoplani@gnfc.in,Phone no-02642-202232/2970/3422

**Surat Municipal Corporation**
Surat Municipal Institute of Medical Education & Research (SMIMER)
Tender (online) Invitation Notice No.
SMIMER/DEAN/16/2024-25 (3rd Attempt)

FIT INDIA

Tender for work mentioned below at SMIMER Medical College is invited online on https://smctender.nprocure.com from experienced contractors with following schedule. Detailed tender notice is available at https ://www.suratmunicipal.gov.in

| Tender/RFP No. | Name of Work | Bid start date, Bid fee & EMD |
|---|---|---|
| SMIMER/DEAN/ 16/2024-25 (3rd ATTEMPT) | Annual Contract for Providing Hostel Mess Services at SMIMER Medical College, Surat (3D ATTEMPT) | Start date: 05/03/2025 Bid fee Rs.: 1,062/- EMD: Rs. 12,000/- |

No. P.R.O./496/2024-25
Date : 04/03/2025

Sd/- DEAN
SMIMER Medical College

**ધો-૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના આદિજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી ઓપન થવા બાબત (વર્ષ-૨૦૨૩-૨૪)**

વર્ષ-૨૦૨૩-૨૪ માં સુરત જિલ્લામાં અભ્યાસ કરતા અને શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું ચુકી ગયેલા આદિજાતિના ધો-૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિની અરજી કરી શકે તે માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ તા.૬/૭-૩-૨૦૨૫, તા. ૨૦/૨૧-૩-૨૦૨૫, તા. ૨૭/૨૮-૩-૨૦૨૫ ના સમયગાળા દરમિયાન રી ઓપન કરવામાં આવનાર છે. શિષ્યવૃત્તિનું ફોર્મ માત્ર અત્રેની કચેરીએ ભરવાના રહેશે. સાયબર કાફે કે અન્ય સ્થળેથી ફોર્મ ભરી શકાશે નહિ. ફોર્મ ભરવા આવનારે શિષ્યવૃત્તિ માટેના જરૂરી પુરાવાની પ્રમાણિત નકલ તેમજ સ્કેન કરેલ સોફ્ટ કોપીમાં લઇને આવવાનું રહેશે. વિદ્યાર્થીએ પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર SANDES APPLICATION ડાઉનલોડ કરી રાખવી.

વર્ષ-૨૦૨૩-૨૪ ના શિષ્યવૃત્તિ માટે આ અંતિમ તક છે. ત્યારબાદ કોઇપણ સંજોગોમાં પોર્ટલ રી ઓપન કરવામાં આવશે નહિ. વધુ માહિતિ માટે ૦૨૬૧-૨૪૭૬૧૮૧ પર સંપર્ક કરવો.

નં. મક/આવિ/શિ.વૃ/૧૧૧૦/૨૦૨૫
તા.૩/૩/૨૫

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ-સુરત

ક્રમાંક : માહિતી-સુરત/૧૪૦૪/૨૦૨૫

**ઓનલાઈન જાહેર નિવિદા - ૧૯૧ (૨૦૨૪-૨૫)**
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે,નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ,સુરત-૩૯૫૦૦૭ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ ધ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૧ (એક) કામ જેની અંદાજીત કીમત રૂ. ૩૯.૫૬ લાખની છે જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. કામ નં ૧ ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.nprocure.com ઉપર તા. ૧૩/૦૩/૨૦૨૫ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ : ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

ક્રમાંક : માહિતી-સુરત/૧૪૦૧/૨૦૨૫

**GISL Gujarat ISP Services Limited**
Block No. 2, 2nd Floor, Karmayogi Bhavan, Sector 10 A,
Gandhinagar-382010 (Gujarat). Phone: 079-23256022, Fax: 079-23238925

**NOTICE FOR INVITING BIDS**

GISL invites Bids through E-tendering for Request for proposal (RFP) for Selection of Service Provider for establishment of Wi-Fi Infrastructure using Bharatnet network of GFGNL at urban locations across the State of Gujarat (RFP NO.: GISL \ DST \ Urban Wi-Fi \ 2025-26 Dated 04.03.2025).
Interested parties may visit **https://tender.nprocure.com, https://gisltender.nprocure.com, https://gil.gujarat.gov.in** & **https://gisl.gujarat.gov.in** for eligibility criteria & more details about the bid.

- Managing Director

**ગ્રામ પંચાયત હજીરા, તા.ચોર્યાસી, જી.સુરત.**
**જાહેર નિવિદા**

મોજે.હજીરા, તા.ચોર્યાસીના ગામે સને-૨૦૨૫-૨૬ ના સમયગાળા દરમ્યાન કરવાના થતા વિકાસના કામો જેવા કે,
૧. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં પ્રેવર બ્લોક બેસાડવાનું કામ.
૨. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં આર.સી.સી. રોડ બનાવવાનું કામ.
૩. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નવી નાંખવાની કામ.
૪. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં આર.સી.સી. ગટર લાઈન તથા પાઈપવાળી ગટર લાઈન નાંખવાનું કામ.
૫. હજીરા ગામ પંચાયત વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન નું કામ.
૬. હજીરા ગામમાં ગામ સફાઈનું કામ. (ગામના તમામ ફળીયાઓ તથા શેરીઓ, રસ્તાઓ સહીત)
૭. હજીરા ગામે સોલિડ વેસ્ટ મેનેજમેંટ પ્લાન્ટ માટે મેન પાવર સપ્લાયનું કામ.
૮. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં ગટર લાઈન સફાઈનું કામ.
૯. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં ઈલેક્ટ્રિક લાઈનના નવા કામો તથા ઈલેક્ટ્રીક રીપેરીગના કામો.
૧૦. હજીરા ગામે પંચાયત વિસ્તારમાં પાણીની લાઈન, બ્લોક, ગટરલાઈન રીપેરીગના કામો.

આ કામના જાણકાર અને સાધન સામગ્રી ધરાવતા કોન્ટ્રાકટરોએ આ કામોની જાહેરાત વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં ટેન્ડર ભરી રજીસ્ટર પોસ્ટથી ગ્રામ પંચાયત હજીરાને મોકલવાનું રહેશે. કવર ઉપર જે તે કામનું નામ લખવાનું રહેશે. કોરા ટેન્ડર ફોર્મ ગ્રામ પંચાયત કચેરીમાંથી કામકાજના સમય દરમ્યાન ટેન્ડર ફી જમા કર્યેથી મળશે.

ટેન્ડર ખોલવાની તારીખે આવેલ ભાવપત્રક મંજુર/નામંજુર રાખવાની સત્તા સરપંચશ્રીની રહેશે.

સ્થળ :- ગ્રામ પંચાયત હજીરા
તારીખ:- ૦૧/૦૩/૨૦૨૫

તલાટી કમ મંત્રી
ગ્રા.પં.કચેરી હજીરા

સરપંચશ્રી
ગ્રા.પં.કચેરી હજીરા

ક્રમાંક : માહિતી-સુરત/૧૪૦૩/૨૦૨૫

### રોહિત શર્મા આઇસીસીની તમામ ચાર ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચનાર પ્રથમ સુકાની બન્યો, કોહલી મેન ઓફ ધ મેચ બન્યો

# ICC નોકઆઉટ્સમાં ઓસી. સામે ભારતના વિજયની હેટ્રિક

### ઓસ્ટ્રેલિયા ૨૬૪, સ્ટિવ સ્મિથ ૭૩, એલેક્સ કેરી ૬૧, શમી ૩/૪૮, ભારત ૬/૨૬૭, કોહલી ૮૪, ઐયર ૪૫, લોકેશે છગ્ગો મારી મેચ ફિનિશ કરી



દુબઇ : બોલર્સના શિસ્તબદ્ધ પ્રદર્શન, પેસર મોહમ્મદ શમીની સિદ્ધિ અને વિરાટ કોહલીની આકર્ષક અડધી સદીની મદદથી ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૧ બોલ બાકી રાખીને ચાર વિકેટે પરાજય આપીને આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ઓસ્ટ્રેલિયન ટીમે સુકાની સ્ટિવ સ્મિથના ૭૩ તથા એલેક્સ કેરીના ૬૧ રનની મદદથી ૨૬૪ રન બનાવ્યા હતા. ભારત માટે શમીએ ૪૮ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતે કોહલીના ૮૪ તથા લોકેશ રાહુલના અણનમ ૪૨ રનની મદદથી છ વિકેટે ૨૬૭ રન બનાવીને મેચ જીતી લીધી હતી. આ સાથે ભારતે આઇસીસી નોકઆઉટ મેચોમાં ઓસ્ટ્રેલિયા સામે વિજયની હેટ્રિક મેળવી છે. ભારતે ૧૯૯૮ અને ૨૦૦૦ની ક્વાર્ટર ફાઇનલમાં, ૨૦૨૫ની સેમિફાઇનલમાં વિજય મેળવ્યો હતો. બીજી તરફ રોહિત શર્મા આઇસીસીની તમામ ઇવેન્ટની ફાઇનલમાં પહોંચનાર પ્રથમ સુકાની પણ બન્યો છે. રોહિતની કેપ્ટનશિપ હેઠળ ભારતે ૨૦૨૩ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ, ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ, ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ તથા ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

#### સ્કોર બોર્ડ

| ઓસ્ટ્રેલિયા | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| ટ્રેવિસ હેડ કો. ગિલ બો. વરુણ | ૩૯ | ૩૩ | ૫ | ૨ |
| કોનોલી કો. રાહુલ બો. શમી | ૦ | ૯ | ૦ | ૦ |
| સ્મિથ બો. શમી | ૭૩ | ૯૬ | ૪ | ૧ |
| લાબુશેન એલબી બો. જાડેજા | ૨૯ | ૩૬ | ૨ | ૧ |
| ઇંગ્લિસ કો. કોહલી બો. જાડેજા | ૧૧ | ૧૨ | ૦ | ૦ |
| એલેક્સ કેરી રનઆઉટ | ૬૧ | ૫૭ | ૮ | ૧ |
| મેક્સવેલ બો. અક્ષર | ૭ | ૫ | ૦ | ૧ |
| ડ્વારસુઇસ કો. ઐયર બો. વરુણ | ૧૯ | ૨૯ | ૧ | ૧ |
| ઝમ્પા બો. હાર્દિક | ૭ | ૧૨ | ૦ | ૦ |
| ઇલિસ કો. કોહલી બો. શમી | ૧૦ | ૭ | ૦ | ૧ |
| તનવીર સાંઘા અણનમ | ૧ | ૧ | ૦ | ૦ |

એક્સ્ટ્રા : ૦૭. કુલ : (૪૯.૩ ઓવરમાં) ૨૬૪ ઓલઆઉટ. વિકેટ : ૧-૪, ૨-૫૪, ૩-૧૧૦, ૪-૧૧૪, ૫-૧૯૮, ૬-૨૦૫, ૭-૨૩૯, ૮-૨૪૯, ૯-૨૬૨, ૧૦-૨૬૪. બોલિંગ : મોહમ્મદ શમી : ૧૦-૦-૪૮-૩, હાર્દિક પંડ્યા : ૫.૩-૦-૪૦-૧, કુલદીપ યાદવ : ૮-૦-૪૪-૦, વરુણ ચક્રવર્તી : ૧૦-૦-૪૯-૨, અક્ષર પટેલ : ૮-૧-૪૩-૧, રવીન્દ્ર જાડેજા : ૮-૧-૪૦-૨.

| ભારત | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| રોહિત શર્મા એલબી બો. કોનોલી | ૨૮ | ૨૯ | ૩ | ૧ |
| શુભમન ગિલ બો. ડ્વારસુઇસ | ૮ | ૧૧ | ૧ | ૦ |
| કોહલી કો. ડ્વારસુઇસ બો. ઝમ્પા | ૮૪ | ૯૮ | ૫ | ૦ |
| ઐયર બો. ઝમ્પા | ૪૫ | ૬૨ | ૩ | ૦ |
| અક્ષર પટેલ બો. ઇલિસ | ૨૭ | ૩૦ | ૧ | ૧ |
| લોકેશ રાહુલ અણનમ | ૪૨ | ૩૪ | ૨ | ૨ |
| હાર્દિક કો. મેક્સવેલ બો. ઇલિસ | ૨૮ | ૨૪ | ૧ | ૩ |
| રવીન્દ્ર જાડેજા અણનમ | ૨ | ૧ | ૦ | ૦ |

એક્સ્ટ્રા : ૦૩. કુલ : (૪૮.૧ ઓવરમાં, છ વિકેટે) ૨૬૭. વિકેટ : ૧-૩૦, ૨-૪૩, ૩-૧૩૪, ૪-૧૭૮, ૫-૨૨૫, ૬-૨૫૯. બોલિંગ : બેન ડ્વારસુઇસ : ૭-૦-૩૯-૧, નાથાન ઇલિસ : ૧૦-૦-૪૯-૨, કૂપર કોનોલી : ૮-૦-૩૭-૧, એડમ ઝમ્પા : ૧૦-૦-૬૦-૨, તનવીર સાંઘા : ૬-૦-૪૧-૦, ગ્લેન મેક્સવેલ : ૬.૧-૦-૩૫-૦, હેડ : ૧-૦-૬-૦.

## બ્લેક આર્મ બેન્ડ પહેરી ભારતીય ટીમે પદ્માકર શિવાલકરને શ્રદ્ધાંજલિ આપી

ભારતીય ટીમના ખેલાડીઓ ડોમેસ્ટિક ક્રિકેટના દિગ્ગજ પદ્માકર શિવાલકરની યાદ તથા સન્માનમાં ઓસ્ટ્રેલિયા સામે ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલમાં પોતાની બાંય ઉપર કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઊતર્યા હતા અને દિગ્ગજને શ્રદ્ધાંજલિ આપી હતી. પદ્માકરનું સોમવારે વય સબંધી બીમારીના કારણે નિધન થયું હતું. તેઓ ૮૪ વર્ષના હતા. બીસીસીઆઇએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. પદ્માકર એવા સ્પિનર્સના સામેલ હતા જેમને ભારત માટે રમવાની ક્યારેય તક મળી નહોતી. તેમણે મુંબઇ માટે ૧૨૪ પ્રથમ શ્રેણીની મેચમાં ૫૮૯ વિકેટ ઝડપી હતી. પદ્માકરને બીસીસીઆઇ દ્વારા પ્રતિષ્ઠિત સી.કે. નાયડુ લાઇફટાઇમ એચીવમેન્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડાબોડી સ્પિનરે ૨૨ વર્ષની વયે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યો હતો અને તેઓ ૪૮ વર્ષના થયા ત્યાં સુધી રમતા હતા.

**રોહિત અને ગિલ વચ્ચે ત્રીજા ક્રમની ફાસ્ટેસ્ટ બે હજાર રનની ભાગીદારી નોંધાઇ ।** ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં ભારત માટે રોહિત શર્મા અને શુભમન ગિલે પ્રથમ વિકેટ માટે ૩૦ રનની ભાગીદારી નોંધાવી હતી. આ સાથે બંનેએ વન-ડેમાં ત્રીજા ક્રમેની ફાસ્ટેસ્ટ બે હજાર રનની ભાગીદારી નોંધાવી છે. બંનેએ આ સિદ્ધિ માટે ૩૩ ઇનિંગનો સમય લીધો હતો. બાબર આઝમ અને ઇમામ ઉલ હકે ૨૭ ઇનિંગ્સ, હશિમ અમલા અને ડી વિલિયર્સે ૨૭ ઇનિંગ્સમાં બે હજાર રનની પાર્ટનરશિપ નોંધાવી હતી. ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી ૩૪ ઇનિંગ્સ સાથે ચોથા અને જોની બેરિસ્ટો તથા જેસન રોય ૩૪ ઇનિંગ્સ સાથે પાંચમા ક્રમે છે.

**05** આઇસીસી વન-ડે ઇવેન્ટ (વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી)ની નોકઆઉટ મેચોમાં પાંચમી વખત ૫૦ પ્લસનો સ્કોર નોંધાવ્યો છે અને આ ઇલિટ ક્લબમાં તે સચિન તેંડુલકર (૬ વખત ૫૦ પ્લસ) બાદ બીજા ક્રમે છે.

**01** ટ્રેવિસ હેડને વન-ડેની પ્રથમ ૧૦ ઓવરમાં આઉટ કરનાર વરુણ ચક્રવર્તી પ્રથમ સ્પિનર બન્યો છે. આ પહેલાં ટ્રેવિસ હેડે એક પણ વખત આઉટ થયા વિના સ્પિન બોલર્સ સામે પ્રથમ ૧૦ ઓવરના ગાળામાં ૧૧૫ બોલનો સામનો કરીને ૧૩૫ રન બનાવ્યા હતા.

**04** માર્નસ લાબુશેન વન-ડેમાં રવીન્દ્ર જાડેજાનો ચાર વખત શિકાર બન્યો છે. આ ફોર્મેટમાં પાકિસ્તાની પેસ બોલર હેરિસ રઉફ બીજો બોલર છે જેણે લાબુશેનને ચાર વખત આઉટ કર્યો હતો. જાડેજા સામેની ૧૦ ઇનિંગ્સમાં લાબુશેને ૬૬.૬૭ના સ્ટ્રાઇક રેટથી ૧૨૦ રન બનાવ્યા છે.

## ● ત્રણ વિકેટ ઝડપી શમીએ અકરમનો રેકોર્ડ બ્રેક કર્યો



ઓસ્ટ્રેલિયા સામે ભારતના પેસ બોલર મોહમ્મદ શમીએ ૪૮ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી. તેણે ત્રણ વિકેટની મદદથી કેટલાક રેકોર્ડ પોતાના નામે કર્યા હતા અને એવરેજના મામલે વસીમ અકરમ, મિચેલ સ્ટાર્ક અને હરભજનસિંહના રેકોર્ડ તોડી નાખ્યા હતા. આઇસીસી વન-ડે ટૂર્નામેન્ટમાં સર્વાધિક વિકેટના મામલે શમી હવે છઠ્ઠા ક્રમે આવી ગયો છે અને તેણે અકરમને પાછળ રાખ્યો છે. અકરમે આઇસીસી વન-ડે ઇવેન્ટ્સમાં ૬૨ વિકેટ ઝડપી છે અને હવે શમીના નામે ૬૩ વિકેટ નોંધાઇ છે. આ યાદીમાં ગ્લેન મેકગ્રા ૯૨ વિકેટ સાથે મોખરાના સ્થાને છે. એવરેજના મામલે શમીની સૌથી ઓછી ૧૪.૩૩ની છે. અકરમે ૨૪.૧૧ની એવરેજથી ૬૨ વિકેટ ઝડપી હતી.

## ● વન-ડેમાં ફિલ્ડર તરીકે સર્વાધિક કેચના મામલે કોહલીએ પોન્ટિંગનો રેકોર્ડ તોડ્યો



વિરાટ કોહલીએ ભારત તરફથી સર્વાધિક કેચનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તેણે સેમિફાઇનલમાં બે કેચ પકડ્યા હતા અને આ મામલે તેણે રાહુલ દ્રવિડને પાછળ રાખી દીધો હતો. ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ફિલ્ડર તરીકે કેચ ઝડપવાના મામલે કોહલીના નામે ૩૩૬ કેચ નોંધાયા છે. દ્રવિડે ૩૩૪ કેચ ઝડપ્યા હતા. આ મામલે મહેલા જયવર્દને ૪૪૦ કેચ સાથે મોખરાના સ્થાને છે. વન-ડેમાં ફિલ્ડર તરીકે સર્વાધિક કેચ ઝડપવાના મામલે કોહલીએ ૧૬૧ કેચ સાથે રિકી પોન્ટિંગને (૧૬૦ કેચ) પાછળ રાખી દીધો છે. આ ઇલિટ ક્લબમાં જયવર્દને ૨૧૮ કેચ સાથે પ્રથમ સ્થાને છે.

## ભારત સામે સ્મિથની ૧૪મી અડધી સદી



દુબઇમાં ભારત સામેની આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલમાં અડધી સદી નોંધાવીને સ્ટિવ સ્મિથે પોતાની ટીમને મજબૂત સ્થિતિ તરફ દોરી હતી. કૂપર કોનલીના આઉટ થયા બાદ સ્મિથે ૯૬ બોલમાં ૭૩ રન બનાવીને આઉટ થયો હતો. ભારત સામે તેની આ ૧૪મી અડધી સદી નોંધાઈ છે. ભારત સામે તેનું પ્રદર્શન હંમેશાં સારું રહ્યું છે. જો તેણે ત્રણ આંકડાનો સ્કોર નોંધાવ્યો હોત તો ભારત સામે તેની ઓવરઓલ ૧૭મી સદી નોંધાઈ હોત. તે ટેસ્ટમાં ૧૧ અને વન-ડેમાં પાંચ સદી ફટકારી ચૂક્યો છે. ભારત સામેની ૩૦ મેચની ૨૮ ઇનિંગ્સમાં સ્મિથ ૫૨.૪૦ની એવરેજથી ૧,૩૮૩ રન બનાવી ચૂક્યો છે અને તેનો હાઇએસ્ટ સ્કોર ૧૪૯ રનનો રહ્યો હતો. ટેસ્ટ મેચોમાં સ્મિથ ૨૩ મેચની ૪૩ ઇનિંગ્સમાં ૬૨.૮૩ની એવરેજથી ૨,૨૬૨ રન બનાવી ચૂક્યો છે અને તેમાં ૧૧ સદી અને છ અડધી સદી સામેલ છે.

## IPL : ક્રિકેટર્સ ફેમિલી, ડ્રેસિંગરૂમ અને ઓરેન્જ-પર્પલ કેપ માટે આકરા નિયમો લદાયા

### આગામી સિઝન પહેલાં BCCIએ આકરી ગાઇડલાઇન જાહેર કરી

। નવી દિલ્હી ।

બીસીસીઆઇએ ઇન્ડિયન પ્રીમિયર લીગની આગામી સિઝન માટે આકરાં નિયમા લાગૂ કર્યા છે જેમાં ખેલાડીઓના એક્સેસ તથા તેમની મૂવમેન્ટ ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. ખેલાડીઓના તથા સહાયક સ્ટાફના પરિવારના સભ્યોને મેચ પહેલાં તથા મેચ દરમિયાન પ્લેયર્સ તથા મેચ ઓફિશિયલ્સના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ લાદી દીધો છે. પ્રેક્ટિસ સેશન દરમિયાન પણ ડ્રેસિંગરૂમમાં પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. આ નિયમ મેચના દિવસે વધારે આકરાં બનાવવામાં આવશે. પ્રેક્ટિસ માટે ટીમ બસનો ઉપયોગ કરાશે અને બે ગ્રૂપમાં ટીમો પ્રવાસ ખેડશે. પ્લેયર્સના ફેમિલી તથા ફ્રેન્ડ્સ અલગ વાહનમાં મુસાફરી કરશે. વધારાના સહાયક સ્ટાફ માટેની યાદીને બીસીસીઆઇએ મંજૂરી આપવી પડશે. એક વખત મંજૂરી મળ્યા બાદ નોન-મેચના દિવસે એક્રિડેશન આપવામાં આવશે.

### આઇપીએલ વખતે આ નિયમો લાગુ થશે

- » ટીમોને પ્રેક્ટિસમાં બે નેટ્સ અને પિચના મેન સ્ક્વેર ઉપર રેન્જ હિટિંગ માટે એક સાઇડ વિકેટ આપવામાં આવશે. મુંબઇના વેન્યૂ માટે જો બંને ટીમો એક જ સમયે પ્રેક્ટિસ કરશે તો ટીમોને બે-બે પિચ મળશે.
- » ઓપન નેટ્સ માટે મંજૂરી આપવામાં આવશે નહીં.
- » જો એક ટીમ પોતાની પ્રેક્ટિસ જલદીથી પૂરી કરશે તો અન્ય ટીમને પોતાની પ્રેક્ટિસ માટે બીજી ટીમની પિચનો ઉપયોગ કરવાની મંજૂરી મળશે નહીં.
- » મેચના દિવસે કોઇને પ્રેક્ટિસ કરવા દેવામાં આવશે નહીં. મેચના દિવસે મેઇન સ્ક્વેર ઉપર ફિટનેસ ટેસ્ટ લેવાશે નહીં.
- » પ્રેક્ટિસના દિવસોમાં માન્યતા પ્રાપ્ત અધિકારીઓને જ ડ્રેસિંગરૂમ તથા રમતના મેદાનમાં જવાની મંજૂરી મળશે.

### મેચ દરમિયાનના નિયમ

- » હીટિંગ નેટ્સ ઉપલબ્ધ હોવા છતાં ખેલાડીઓ લીડ બોર્ડ ઉપર હિટ કરે છે જેના કારણે લીડ્સ લાઇટ્સને નુકસાન થતું રહે છે. આ પ્રકારની પ્રેક્ટિસ ઉપર પ્રતિબંધ લદાયો છે.
- » ખેલાડી અને સહાયક સ્ટાફ લીડ બોર્ડ સામે બેસી શકશે નહીં, પ્રાયોજક ટીમ માટે ચોક્કસ સ્થાન નિશ્ચિત કરશે જ્યાં ટોવેલ તથા પાણીની બોટલ લઇને આવનાર બારમો ખેલાડી બેસી શકશે.
- » ખેલાડીઓ ઓરેન્જ અને પર્પલ કેપ પહેરશે, જો ખેલાડી કેપ ના પહેરે તો તે પ્રસારણ થાય તેના બે ઓવર સુધી પહેરી રાખવી પડશે.-
- » મેચ બાદ પ્રેઝન્ટેશનમાં ફ્લોપી અને સ્લીવલેસ જર્સી પહેરવાની મંજૂરી મળશે નહીં. આવું ના કરે તો પ્રથમ વખત ચેતવણી અપાશે અને બીજી વખત દંડ કરાશે.
- » મેચના દિવસે માત્ર ૧૨ માન્યતા પ્રાપ્ત સહાયક સ્ટાફને મંજૂરી અપાશે જેમાં ટીમ ડોક્ટર પણ સામેલ રહેશે.

## એશિયન ચેમ્પિયન્સ લીગમાં રોનાલ્ડોની ગેરહાજરીમાં અલ-નાસેરની મેચ ડ્રો

। તહેરાન ।

દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ગેરહાજરીમાં સાઉદી અરબની ક્લબ અલ-નાસેરની એએફસી ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની મેચમં ઇરાનની એસ્તેઘલાલ સામે પ્રથમ તબક્કાનો મુકાબલો ૦-૦થી ડ્રો રહ્યો હતો. ચાલુ વર્ષે જાન્યુઆરીમાં ઇંગ્લેન્ડની એસ્ટન વિલા સાથે કરારબદ્ધ થયેલો જોન ડુરાન મેચમાં ગોલ કરવાની નજીક પહોંચ્યા બાદ નિષ્ફળ રહ્યો હતો. ઇંગ્લિશ ક્લબ લિવરપૂલનો ભૂતપૂર્વ ખેલાડી સાદિયો માને પાસે પણ ગોલ કરવાની તક હતી પરંતુ ઇરાનિયન ક્લબના ગોલકીપર સઇદ હોસૈને શાનદાર રીતે તેનો બચાવ કરીને સાદિયોના તમામ પ્રયાસને નિષ્ફળ બનાવ્યા હતા. બંને ટીમ વચ્ચે હવે બીજા તબક્કાનો મુકાબલો ૧૧મી માર્ચે રિયાદમાં થશે અને તેમાં જીતનાર ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચશે.

## સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે મુકાબલો, હારશે તે બહાર થશે

### બેટિંગ અને બોલિંગમાં બંને ટીમ સરભર, સ્પિનર્સની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બનશે

। લાહોર ।




ચેમ્પિયન્સ ટ્રોફીમાં સતત શાનદાર પ્રદર્શન કરનાર સાઉથ આફ્રિકન ટીમનો સામનો સેમિફાઇનલમાં બુધવારે ન્યૂઝીલેન્ડ સામે મુકાબલો થશે. બંને ટીમો ૫૦ ઓવરની ફોર્મેટમાં સારો દેખાવ કરે છે પરંતુ મોટી મેચોમાં અણીના સમયે દબાણમાં આવીને વિખેરાઈ જાય છે. સાઉથ આફ્રિકા ગ્રૂપ-બીમાં ટોચના ક્રમે રહીને અંતિમ-૪મા પ્રવેશી હતી. મિચેલ સાન્તેનરના નેતૃત્વમાં કિવિ ટીમ ગ્રૂપ-એમાં બીજા ક્રમે રહી હતી. બેટિંગ અને બોલિંગમાં બંને ટીમ સરભર જણાય છે. સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડને અનુક્રમે ૧૯૯૮ તથા ૨૦૦૦માં એક-એક વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. તે સમયે આ ટૂર્નામેન્ટને આઇસીસી નોકઆઉટ ટ્રોફી કહેવામાં આવતી હતી જેના કારણે તે સમયે આ ટૂર્નામેન્ટનું વધારે મહત્ત્વ રહેતું નહોતું. આફ્રિકન ટીમ મોટી મેચોમાં હારનાર ટીમ તરીકેના ચોકર્સ ટેગને હટાવવાનો પ્રયાસ કરશે. ન્યૂઝીલેન્ડની ટીમ ૨૦૧૫ તથા ૨૦૧૯ના વન-ડે વર્લ્ડ કપમાં બે વખત અને ૨૦૨૧ના ટી૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચ્યા બાદ ટાઇટલથી વંચિત રહી છે.

સાઉથ આફ્રિકન ટીમ ગયા વર્ષે ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઇનલનો અંતરાય પાર કરી શકી હતી પરંતુ ફાઇનલમાં ભારત સામે પરાજય થયો હતો. ગદાફી સ્ટેડિયમની પિચ ધીમી હોવાના કારણે સ્પિનર્સની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બનશે. જોકે બોલને વધારે સ્પિન મળશે નહીં. બોલિંગમાં વિવિધતાના કારણે સાઉથ આફ્રિકા વધારે મજબૂત લાગી રહી છે. બંને ટીમ પાસે બેટિંગ ક્રમમાં મજબૂત તાકાત છે અને બંને પાસે શાનદાર ફિલ્ડર્સ છે. મેચના પરિણામમાં સ્પિનર્સની ભૂમિકા મહત્ત્વનો ભાગ ભજવશે. ન્યૂઝીલેન્ડ પાસે સુકાની સાન્તેનર, માઇકલ બ્રેસવેલ, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ તથા માર્ક ચેપમેનના સ્વરૂપે સારા સ્પિનર્સ છે. સાઉથ આફ્રિકા પાસે રેયાન રિકેલ્ટન શાનદાર ફોર્મમાં છે.

## ન્યૂઝીલેન્ડના પ્રવાસમાં આકિબ જાવેદ પાક. ટીમનો હેડ કોચ રહેશે

લાહોર : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભૂતપૂર્વ પેસ બોલર અને નેશનલ પસંદગીકાર આકિબ જાવેદને ન્યૂઝીલેન્ડના મર્યાદિત ઓવર્સના પ્રવાસ સુધી મુખ્ય કોચ તરીકે જળવાઇ રહેવાનો નિર્દેશ કર્યો છે. પીસીબીના અધિકારીએ જણાવ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફી અને ન્યૂઝીલેન્ડના પ્રવાસની વચ્ચે સમય ઓછો હોવાના કારણે આકિબને હેડ કોચ તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. પીસીબીએ નવા કોચની શોધ કરવાનું શરૂ કરી દીધું છે. ગયા વર્ષે પીસીબીએ જેસન ગિલેસ્પીને ટેસ્ટમાં તથા ગેરી કર્સ્ટનને મર્યાદિત ઓવર્સની ફોર્મેટ માટે કોચ બનાવ્યો હતો પરંતુ બંનેએ પાક. બોર્ડ સાથે મતભેદો થયા હોવાનું કારણ દર્શાવીને છથી આઠ મહિનાની અંદર પોતાના હોદ્દાએથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ આકિબને વ્હાઇટબોલની ટીમના ટેમ્પરરી કોચ બનાવવામાં આવ્યો હતો. તે સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝ સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં પણ ટીમનો મુખ્ય કોચ રહ્યો હતો. પાકિસ્તાનનો ભૂતપૂર્વ બેટ્સમેન મોહમ્મદ યુસુફ ટીમના બેટિંગ કોચ તરીકે જળવાઇ રહ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં નિરાશાજનક પ્રદર્શન સાથે પાકિસ્તાનની ટીમ લીગ તબક્કામાં જ બહાર થઇ ગઇ હતી.

## એક કરોડના ઇનામી રકમવાળી અમદાવાદ ઓપન ગોલ્ફ ટૂર્નામેન્ટનો પ્રારંભ

। અમદાવાદ ।

પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઇન્ડિયા (પીજીટીઆઇ) દ્વારા કેન્સવિલે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે ચોથીથી સાતમી માર્ચ સુધી અમદાવાદ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં કુલ એક કરોડની ઇનામી રકમ આપવામાં આવશે. ભારતના ગોલ્ફર્સ ઓમ પ્રકાશ ચૌહાણ, મનુ ગંડાસ, ઉદયન માને, શૌર્ય ભટ્ટાચાર્ય, રશીદ ખાન, સચિન બૈસોયાનો સમાવેશ થાય છે. વિદેશી ગોલ્ફર્સમાં બાંગ્લાદેશનો જુમાલ હોસેન, બદલ હોસેન, મોહમ્મદ અકબર હોસેન તથા મોહમ્મદ સોમરટ સિકદાર, શ્રીલંકાનો એન થંગરાજા અને પ્રભાગરણ, અમેરિકાનો કોઇચિરો સાતો અને ડોમિનિક પિસિરિલો, નેપાળનો શુક્ર બહાદુર રાય તથા સુબાશ તમાંગ, ઇટાલીનો મિચેલ ઓર્તોલાની તથા ફેડેરિકો ઝુચેટ્ટીનો સમાવેશ થાય છે. ગુજરાતના ખેલાડીઓમાં સ્થાનિક પ્રોફેશનલ ગોલ્ફર વરુણ પરીખ, ધ્રુવ સુરી, અર્શપ્રીત થિંદ તથા આદિત્ય ચૌહાણ ટાઇટલ માટે સ્ટાર ગોલ્ફર્સને પડકાર ફેંકશે. કેન્સવિલે ભારતના અગ્રણી ગોલ્ફ ચેમ્પિયનશિપ માટેના વેન્યૂ માટેનું એક લોકપ્રિય છે જેણે ૨૦૧૧થી ૨૦૧૩ સુધી ત્રણ યુરોપિયન ટૂરની ગુજરાત કેન્સવિલે ચેલેન્જ જેવી ઇન્ટરનેશનલ ઇવેન્ટ્સની સફળ યજમાની કરી હતી.

## ગુજરાત ટાઇટન્સની હોમ મેચો માટે આજથી ઓનલાઇન ટિકિટો વેચાશે

। અમદાવાદ ।

આઇપીએલ ૨૦૨૫ની સિઝન માટે ફ્રેન્ચાઇઝી ગુજરાત ટાઇટન્સની નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનારી હોમ મેચો માટે પાંચમી માર્ચથી ઓનલાઇન ટિકિટોનું વેચાણ થશે. ક્રિકેટના સમર્થકો જીટી એપ તથા ડિસ્ટ્રિક્ટ એપ ઉપરથી ટિકિટ ખરીદી શકશે. ટિકિટિંગનો પ્રથમ તબક્કો ઓનલાઇન ખરીદીમાં લાઇવ રહેશે જેમાં ચાહકો પોતાની ઇચ્છા મુજબની જગ્યા બુક કરી શકશે. બુકિંગ વિન્ડો ઉપરથી વેચાણ થનારી ટિકિટો માટે ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. સીઓઓ કર્નલ અરવિંદર સિંહે જણાવ્યું હતું કે ગયા વર્ષે અમારી ૯૦ ટકાનું ઓનલાઇન વેચાણ થયું હતું અને ચાહકોને તેમના ઘરઆંગણે ટિકિટોની ડિલિવરી કરવામાં આવી હતી. ગુજરાત ટાઇટન્સની હોમ મેચો માટે આજથી ઓનલાઇન ટિકિટો વેચાશે.

## શૂટઆઉટમાં ઇપ્સવિચને હરાવી નોટિંગહામ ક્વાર્ટર ફાઇનલમાં, બ્રાઇટન સામે રમશે

### FA CUP : ૯૦ પ્લસ ૩૦ મિનિટ ૧-૧થી સરભર રહી, શૂટઆઉટમાં નોટિંગહામ ૫-૪થી જીત્યું

। નોટિંગહામ ।



છેલ્લી મિનિટો સુધી રોમાંચક રહેલી મેચમાં નોટિંગહામ ફોરેસ્ટે પેનલ્ટી શૂટઆઉટમાં ઇપ્સવિચ ટાઉનને હરાવને એફએ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. બંને ટીમ વચ્ચેની નિર્ધારિત ૯૦ મિનિટ તથા એક્સ્ટ્રા ટાઇમની ૩૦ મિનિટ ૧-૧ના સ્કોરથી સરભર રહી હતી. ઇપ્સવિચ માટે જ્યોર્જ હર્સ્ટે ૫૩મી મિનિટે ગોલ કરીને સ્કોર ૧-૦નો કર્યો હતો. ૧૫ મિનિટ બાદ મેચની કુલ ૬૮મી મિનિટે રેયાન યાતેસે ગોલ કરીને નોટિંગહામ માટે સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. વિજેતા ટીમ નક્કી કરવા માટે પેનલ્ટી શૂટઆઉટનો સહારો લેવાયો હતો જેમાં નોટિંગહામે ઇપ્સવિચને ૫-૪ના સ્કોરથી હરાવી હતી. ઇપ્સવિચ માટે જેક ટેલર ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. અંતિમ-૮ તબક્કામાં નોટિંગહામ હવે બ્રાઇટન સામે રમશે. નોટિંગહામે વિજય મેળવવાની સાથે આગામી વર્ષની ચેમ્પિયન્સ લીગ માટે પણ ક્વોલિફાય કરી લીધું હતું. આ પહેલાં માન્ચેસ્ટર યૂનાઇટેડ પણ ફૂલહામ સામેના પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૩થી હારીને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. બ્રાઇટને ન્યૂ કાસલ યુનાઇટેડને ૨-૧થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## હેલ્થ અપડેટ

### રોજ સવારે ખાલી પેટે કડવા લીમડાનું પાણી પીવાથી ફાયદો થશે

આયુર્વેદમાં લીમડાને ઔષધિ માનવામાં આવે છે. લીમડામાં એવા ગુણ હોય છે જે શરીરને દરેક સમસ્યામાં ફાયદો કરી શકે છે. સવારે ખાલી પેટ લીમડાના પાનનું પાણી પીવાથી બેક્ટેરિયલ બીમારીઓથી તુરંત રાહત મળે છે. આ પાણી પાચન ક્ષમતાને મજબૂત કરે છે. લીમડાનો ઉપયોગ કરવાથી ઈમ્યૂનિટી વધે છે અને સ્કિન, લીવર, હાર્ટ સહિતની સમસ્યામાં ફાયદો થાય છે. લીમડો બોડી ડિટોક્ષ કરવામાં પણ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. આજે તમને લીમડાના ૫ સૌથી મોટા ફાયદા વિશે જણાવીએ.

**બ્લડ સુગર કંટ્રોલ કરશે :** આયુર્વેદ અનુસાર ડાયાબિટીસના દર્દીઓ માટે લીમડાના પાનનું પાણી રામબાણ દવા જેવું છે. લીમડાના પાનમાં હાઈપોગ્લાયસેમિક ગુણ હોય છે જે બ્લડ સુગરને કાબૂ કરવામાં મદદ કરે છે. તેનાથી ઈન્સ્યુલિનનું ઉત્પાદન પણ વધે છે. જેના કારણે બ્લડ સુગર કંટ્રોલ કરવામાં મદદ મળે છે.

**પેટની ચરબી ઘટે છે :** રોજ સવારે ખાલી પેટ લીમડાના પાનનું પાણી પીવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે. તેનાથી કેલરી ઝડપથી બળે છે. નિયમિત આ પાણી પીવાથી વધતું વજન કંટ્રોલમાં રહે છે અને શરીર ફિટ લાગે છે. લીમડાનું પાણી પીવાથી ઓવર ઈટિંગથી પણ બચી શકાય છે.

**બોડી ડિટોક્ષ થશે :** રોજ સવારે લીમડાનું પાણી પીવાથી બોડી ડિટોક્ષ થઈ જાય છે. શરીરમાં વધતા વિષાક્ત પદાર્થ નિત્ય ક્રિયા અને યુરિન મારફતે શરીરમાંથી નીકળી જાય છે. જેના કારણે લીવર ભોજનને સારી રીતે પચાવી શકે છે અને પાચનતંત્ર પણ સારી રીતે કામ કરે છે. લીમડાનું પાણી શરીરનું રક્ત શુદ્ધ કરે છે.

**સ્કિન સુંદર દેખાશે :** લીમડાના પાનમાં એન્ટિ બેક્ટેરિયલ અને એન્ટિ ફંગલ ગુણ હોય છે. લીમડાનું પાણી પીવાથી ત્વચાને પણ ફાયદો થાય છે. લીમડો બ્લડને શુદ્ધ કરે છે જેના કારણે ત્વચા સુંદર બને છે કારણ કે ત્વચા સંબંધિત સમસ્યાઓ દૂર થઈ જાય છે.

## આજની જોક




શિક્ષક: બોલો મન્કીને ગુજરાતીમાં શું કહેવાય?
ચંગુ: સાહેબ વાંદરો
શિક્ષક: તે ચોપડીમાં જોઈને જવાબ આપ્યો ને?
ચંગુ: ના સાહેબ, મેં તો તમને જોઈને જવાબ આપ્યો!

---

શિક્ષક: બોલો બાળકો સત્ય અને ભ્રમ વચ્ચે શું અંતર છે?
મનિયો: સાહેબ તમે ભણાવો છો એ સત્ય છે અને અમે ભણી રહ્યા છીએ એ તમારો ભ્રમ છે..!

---

એક અંધ વ્યક્તિ સેનામાં ભરતી થવા માટે ગયો
મેજર: ભાઈ તમે અંધ છો, તમે સેનામાં શું કામ કરશો?
અંધ વ્યક્તિ: આંધળો ગોળીબાર

# જર્મનીના કોલોનમાં રોઝ મન્ડે કાર્નિવલ પરેડ યોજાઈ






કોલોન : જર્મનીના ઐતિહાસિક કોલોન શહેરમાં રોઝ મન્ડે કાર્નિવલ પરેડ યોજાઈ હતી. દર વર્ષે આયોજિત કરવામાં આવતી આ પરેડમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને પરેડને જોવા માટે પણ સર્વત્ર હકડેઠઠ ભીડ જોવા મળી હતી. રંગબેરંગી વેશભૂષામાં સજ્જ લોકો પરેડનો હિસ્સો હતા. ગીત-સંગીત અને નૃત્યના તાલે પરેડ આગળ વધી હતી. પરેડમાં વિવિધ ઝાંકીઓને સ્થાન અપાયું હતું. પરેડમાં સામેલ ઝાંકીઓ અને લોકોને પ્રેક્ષકોએ હર્ષની ચિચિયારીઓથી વધાવ્યા હતા. પરેડમાં ભાગ લેનારા લોકોએ પ્રેક્ષકોને કેન્ડી અને ચોકલેટ્સનું વિતરણ કર્યું હતું તો સાથે જ લોકોને ગુલાબના ફૂલો પણ આપ્યા હતા. રંગીન વેશભૂષામાં સજ્જ લોકો સાથે પ્રેક્ષકોએ સેલ્ફી ખેંચાવીને આનંદ માણ્યો હતો.









---

લસ્ટ સ્ટોરીઝ-૨માં સાથે કામ કર્યા પછી નજીક આવ્યા હતા

## તમન્ના ભાટિયા અને વિજય વર્માનું બ્રેક-અપ થયાની ચર્ચા

### બંનેએ ઈન્સ્ટાગ્રામ પરની તસવીરો હટાવી દીધી



મુંબઈ : એક્ટ્રેસ તમન્ના ભાટિયા અને વિજય વર્માની જોડી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેમસ કપલ્સમાંનું એક હતી. બન્ને લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં હતા. ઘણી વાર તેઓ સાથે જોવા મળ્યા હતા. એટલે સુધી કે, બન્નેના લગ્ન થવાના હોવાની ગોસિપ પણ થઈ હતી કે તેઓ એવો પ્લાન કરે છે કે લગ્ન ક્યારે કરવા. પરંતુ, હવે રિપોર્ટમાં દાવો કરાઈ રહ્યો છે કે થોડાક અઠવાડિયા પહેલાં બન્નેનું બ્રેકઅપ થઈ ગયું છે. જોકે, બંનેએ પોતપોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બંનેની તસવીરો હટાવી દીધી છે.

એજન્સીના રિપોર્ટમાં સોર્સનો આધાર ટાંકીને રિપોર્ટમાં કહેવાયું છે કે, તમન્ના અને વિજય કપલ તરીકે થોડાક અઠવાડિયા પહેલાં જ અલગ થઈ ગયા છે. બન્ને એકબીજા પ્રત્યે સન્માન અને પ્રેમ દર્શાવતા જોવા મળ્યા, એટલે કે, બન્ને સારા મિત્ર રહેશે. બન્ને પોતપોતાના કામ પર ફોકસ કરે છે અને આકરી મહેનત કરી રહ્યાં છે. તમના ભાટિયા તાજેતરમાં જ પ્રયાગરાજ મહાકુંભથી લઈને બીજા કેટલાક ધાર્મિક સ્થળોએ દર્શન માટે ગઈ હતી. આ દરમિયાન તે એકલી જ જોવા મળી હતી. તમન્ના ભાટિયા અને વિજય વર્માએ ૨૦૨૩માં લસ્ટ સ્ટોરીઝ-૨માં સાથે કામ કર્યું હતું, ત્યારથી તે બન્ને નજીક આવ્યા હતા. શુભાંકર મિશ્રાના પોડકાસ્ટમાં વિજય વર્માએ કહેલું કે સંબંધમાં બંધન ન હોવું જોઈએ. તમન્ના પણ આ વાત સાથે સંમત હતી.

## સેક્રેડ ગેમની કુક્કુએ એકલા જઈને એબોર્શન કરાવ્યું હતું

મુંબઈ : બહુ ઓછા લોકો એવા હોય છે કે જેઓ પોતાના જીવનના દર્દનો સ્વીકાર કરી લે છે અને તેનો મજબૂતાઈથી સામનો કરે છે. એક અભિનેત્રી એવી જ છે. જેને દર્દ મળ્યું, તેણી લગ્ન પહેલાં જ ગર્ભવતી થઈ ગઈ હતી. પરિસ્થિતિ એવી ઊભી થઈ કે તેણીએ એબોર્શન કરાવવું પડ્યું. આ સમયે તેણી એકલી હતી. આ ફેમસ અભિનેત્રી કુબ્રા સેન છે કે જેને આપણે સેક્રેડ ગેમની કુક્કુના રૂપમાં જાણીએ છીએ. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કુબ્રાએ જણાવ્યું હતું કે કેરિયર અને વયના એક તબક્કામાં તેણે એકલા જઈને એબોર્શન કરાવ્યું. જો કે પાછળથી વિચાર્યું કે આ નિર્ણયે તેની જિંદગી બદલી નાખી. તેણી કહે છે કે તે સમયે હું અંદરથી તૂટી ગઈ હતી. મારામાં ખાલીપણું લાગી રહ્યું હતું. કુબ્રા કહે છે કે જો હું મરી ગઈ હોત તો શું થાત? અને તમે આ નિર્ણય એકલા લઈ રહ્યા હતાં. કોઈને જણ પણ ન હતી અને પરવા પણ ન હતી. ઉલ્લેખનીય છે કે કુબ્રા સેત ફિલ્મોમાં કામ કરવા ઉપરાંત બુક પણ લખી ચૂકી છે. તેણે ઓપન બુક : નોટ ક્વાઈટ એ મેમોયરમા પોતાના જીવનના અનુભવો શેર કર્યા છે.

## કમાલ અમરોહીનો સેક્રેટરી બકર મીનાકુમારીને માર મારતો હતો : મહેમૂદે શરણ આપ્યું હતું



મુંબઈ : હિન્દી ફિલ્મોની ટ્રેજડી ક્વીન મીનાકુમારી ફક્ત પોતાની ભૂમિકાના કારણે જ નહીં પરંતુ પોતાની અંગત જિંદગીના ચડાવ-ઉતારના કારણે પણ જાણીતી હતી. તેમની આંખોમાં દેખાતું દર્દ અને એક્ટિંગની ઊંડાઈ ઓડિયન્સને હેરાન કરી દેતી હતી, જો કે તેની અસલ જિંદગી પણ કોઈ ફિલ્મી કહાનીથી ઓછી નથી. મીનાકુમારી પ્યાર અને પોતાનાપણા માટે સતત તરસતી રહેતી હતી. અંતમાં તેણે શરાબનો સહારો લીધો જેણે આખરી શ્વાસ સુધી તેમનો સાથ છોડ્યો નહીં. મીના કુમારીએ સુપ્રસિદ્ધ ફિલ્મ મેકર કમાલ અમરોહી સાથે લગ્ન કર્યા હતા. પણ આ સંબંધ જેટલો સુંદર દેખાતો હતો તેટલો દર્દનાક પણ હતો. અહેવાલો અનુસાર કમાલ અમરોહીનો સેક્રેટરી બકર તેની સાથે ખૂબ ખરાબ વર્તાવ કરતો હતો એટલું જ નહીં મીના કુમારી પર હાથ પણ ઉપાડતો હતો. જ્યારે મીનાકુમારીએ આ અંગે કમાલને જણાવ્યું તો તેણે જરાપણ સપોર્ટ દેખાડ્યો નહીં ત્યારે મીનાકુમારીને જાણ થઈ કે આ સંબંધમાં તેના માટે કોઈ ઈજ્જત બચી નથી. મીનાકુમારીએ આખરે પોતાની જાતને આ અપમાનજનક સંબંધથી અળગી કરી દીધી હતી. તે પછી મીનાકુમારી કમાલ અમરોહીનું ઘર છોડીને મહેમૂદના ઘરમાં રહેવા લાગી હતી. તે પછી જ્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ત્યારે નરગિસ તેને મળવા હોસ્પિટલ ગઈ હતી.

## સિરાજ સાથે સંબંધો મુદ્દે માહિરાએ કહ્યું : કોઈને ડેટ નથી કરતી



મુંબઈ : બિગ બોસ ૧૩ની પોપ્યુલર હરીફ માહિરા શર્મા તથા ક્રિકેટર મોહમ્મદ સિરાજ વચ્ચે અફેર ચાલી રહ્યું હોવાના સમાચાર ઘણા સમયથી ચાલી રહ્યા છે. અહેવાલો અનુસાર બન્ને પક્ષ એકબીજાને ડેટ કરી રહ્યા છે પરંતુ હાલના સંજોગોમાં દુનિયા સમક્ષ આ સચ્ચાઈ લાવવા માંગતાં નથી. આ બધા વચ્ચે માહિરા શર્માનો એક ઈન્ટરવ્યૂ સામે આવ્યો છે જેમાં તેણે ક્રિકેટરને ડેટ કરી રહી હોવાના જે સમાચાર છે તેને અફવા ગણાવ્યા છે. આ સાથે તેણે એમ પણ જણાવ્યું હતું કે તેણી હાલમાં કોઈને ડેટ કરતી નથી. આ મુલાકાતમાં માહિરાએ મોહમ્મદ સિરાજ સાથેના પોતાના સંબંધોને લઈને પૂછાયેલા તમામ સવાલોના જવાબ આપ્યા હતા. અભિનેત્રીએ સ્પષ્ટ કહી દીધું હતું કે તેણી ક્રિકેટરને ડેટ કરી રહી નથી અને તેણી અટકળો પર કોઈ રિએક્શન આપવા માંગતી નથી. તેમે ઉમેર્યું હતું કે ઘણીવાર તેના ચાહકો તેણીને અલગ અલગ લોકો સાથે જોડે છે અને વીડિયો એડિટ કરે છે. આ બાબતોને તેણી કન્ટ્રોલ કરી શકતી નથી. નોંધનીય છે કે કેટલાક દિવસ અગાઉ માહિરાની માતા સોનિયાએ પણ માહિરા અને સિરાજ વચ્ચે સંબંધ હોવાના સમાચારનું ખંડન કર્યું હતું. તેણે આ સમાચારને અફવા ગણાવતાં કહ્યું હતું કે માહિરા પ્રસિદ્ધ છે તેથી તેનું નામ અલગ અલગ સેલિબ્રિટી સાથે જોડાતું રહે છે.

---

પોર્ન વર્લ્ડમાં જેના નામથી સિસકારા બોલવા લાગે છે એ અમેરિકન પોર્નસ્ટાર વ્હિટની રાઈટ અફઘાનિસ્તાન કેવી રીતે પહોંચી ગઈ એ સૌથી મોટો સવાલ છે!

# પોર્નસ્ટાર વ્હિટનીનું તાલિબાનોના ગઢમાં સેક્સી ફોટોશૂટ

એક્સ્ટ્રા કોમેન્ટ
• કૃષ્ણકાંત ઉનડકટ

**અફઘાનિસ્તાનમાં તાલિબાનોનું રાજ આવ્યું એ પછી મહિલાઓ એકલી બહાર નીકળી શકતી નથી. આવા સંજોગોમાં એડલ્ટ સ્ટાર વ્હિટની રાઈટ અફઘાનિસ્તાનમાં બિન્ધાસ્ત આંટાફેરા મારતી હતી! શું તાલિબાનોએ જ વ્હિટનીને બોલાવી હતી?**

જ્યાં મહિલાઓ એકલી બહાર નીકળવાની હિંમત કરી શકતી નથી એવા તાલિબાનોના અફઘાનિસ્તાનમાં અમેરિકાની પોર્નસ્ટાર વ્હિટની રાઈટે બિન્ધાસ્ત ફોટા પડાવીને રિલીઝ કરતાં જબરદસ્ત હોબાળો મચ્યો છે. માત્ર અમેરિકા જ નહીં, આખી દુનિયામાં પોર્નસ્ટાર વ્હિટની રાઈટનું નામ જાણીતું છે. અમેરિકાના ઓક્લાહોમામાં જન્મેલી ૩૪ વર્ષની વ્હિટની નવ વર્ષથી પોર્ન ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. વ્હિટનીએ ૭૬૩ ફિલ્મોમાં કામ કર્યું છે અને ૫૮ ફિલ્મ ડિરેક્ટ કરી છે. ગ્રૂપ સેક્સ અને ક્વોરેન્ટાઈન સેક્સ જેવી અનેક શ્રેણીઓમાં વ્હિટની રાઈટને એવોર્ડ મળેલા છે. વ્હિટનીએ તમામ પ્રકારની એડલ્ટ ફિલ્મોમાં કામ કર્યું છે અને પોર્ન રસિયામાં તેની પોપ્યુલારિટી જબરદસ્ત છે. આ પોર્નસ્ટારે અફઘાનિસ્તાન અને ઈરાન જઈને ફોટોશૂટ કરાવ્યું હતું. અફઘાનિસ્તાનમાં વ્હિટની રાઈટ હાથમાં મશીનગન લઈને ઊભી હોય એવી તસવીરો વહેતી મૂકી છે. વ્હિટનીએ લખ્યું કે, તે અફઘાનિસ્તાનના હેરાત સહિત અનેક શહેરોમાં ફરી હતી. સૌથી મોટો સવાલ એ છે કે, વ્હિટની અફઘાનિસ્તાન પહોંચી કેવી રીતે? માનો કે કોઈ પણ રીતે અફઘાનિસ્તાન પહોંચી ગઈ તો પણ તાલિબાનોને અંધારામાં રાખીને ફોટોશૂટ કેવી રીતે કરાવી શકી? આવું કરવા પાછળ તેનો ઈરાદો શું હતો? પોર્નસ્ટાર વિવાદ અને ચર્ચામાં રહેવા માટે કોઈ પણ હદે જતા હોય છે. પોતાના ફોલોઅર્સ વધારવા માટે જ વ્હિટનીએ આવું પરાક્રમ કર્યું? કેટલાક લોકો એવું કહી રહ્યા છે કે, હવે વ્હિટનીની ઉંમર દેખાય છે. પોર્ન ફિલ્મોમાં તેની સેક્સ અપીલ હવે રહી નથી. પોર્ન ઈન્ડસ્ટ્રીમાં રોજેરોજ નવી નવી છોકરીઓ આવતી રહે છે. ગમે એવી સેક્સી અને પોપ્યુલર પોર્નસ્ટાર પણ થોડા જ દિવસોમાં આઉટડેટેડ થઈ જાય છે. વ્હિટનીએ લોકોની નજરમાં ટકી રહેવા માટે જ આવું બધું કર્યું છે. વ્હિટનીના ફોટાઓના કારણે હંગામો મચ્યો છે ત્યારે તાલિબાનો આ વિશે કંઈ પણ બોલવાનું ટાળે છે. વ્હિટની ઈરાન, ઈરાક, લેબેનોન સહિતના મુસ્લિમ દેશોમાં ફરતી રહે છે.

**વ્હિટની હમાસની ફેવર કરે છે એટલે બધે જઇ શકે છે.**

વ્હિટની રાઈટ અમેરિકન છે, પણ તે અમેરિકાના દુશ્મનોની ફેવરમાં બોલતી અને લખતી રહે છે. ઈઝરાયેલ વિરુદ્ધ અને હમાસની ફેવરમાં વ્હિટનીએ અનેક વાતો કરી છે. હમાસની તરફેણ અને અમેરિકા તથા ઈઝરાયેલનો વિરોધ કરતી હોવાના કારણે જ કેટલાક મુસ્લિમ દેશો વ્હિટનીને પોતાને ત્યાં આવવા દે છે. એક વાત તો એવી પણ છે કે, તાલિબાનોએ તેને ઈરાદાપૂર્વક આવવા દીધી હતી. કાયદેસરના વિઝા વગર અફઘાનિસ્તાનમાં આવવું જીવ



સટોસટની બાજી ખેલવા બરાબર છે. એક તો અમેરિકન, બીજી પોર્નસ્ટાર અને ત્રીજી વિવાદાસ્પદ વ્યક્તિ એવી વ્હિટની રાઈટ તાલિબાનોની મીઠી નજર હેઠળ જ અફઘાનિસ્તાન પહોંચી હતી. હજુ એવી વાતો પણ વહેતી થઈ છે કે, વ્હિટનીએ તાલિબાનો સાથે પણ ફોટા પડાવ્યા છે. વિવાદો સર્જે એવા અનેક ફોટોગ્રાફ્સ અને વીડિયો ક્લિપ વ્હિટની પાસે છે. પોતાનો ગંજીપો એ સાચવીને બેઠી છે અને એક પછી એક પત્તાં ઊતરી રહી છે. વ્હિટની વાત તો અફઘાનિસ્તાનની મહિલાઓના અધિકારોનું પ્રતીક બનવાની કરે છે, પણ તેના ઈરાદાઓ અલગ છે. આ બધામાં એક શંકા એવી પણ કરવામાં આવે છે કે, જે ફોટા વ્હિટની રિલીઝ કરી રહી છે એ મોર્ફ કરેલા છે. આજના હાઈટેક સમયમાં કોઈ પણ ફોટાને મર્જ કરીને ક્યાંયનો પણ ફોટો બનાવી શકાય છે. અનેક પોર્નસ્ટાર્સે આવાં ગતકડાંઓ કર્યાં છે. જોકે, વ્હિટની છાતી ઠોકીને કહે છે કે, હું અફઘાનિસ્તાન ગઈ હતી અને આ બધા ફોટા ત્યાંના જ છે.

**અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર સખત પ્રતિબંધો લદાયા છે**

તાલિબાનોએ અફઘાનિસ્તાન પર કબજો કર્યો એ પછી તાલિબાનોએ મહિલાઓ માટે સખત કાયદાઓ લાગુ કર્યા છે. આ દેશમાં મહિલા એકલી નીકળી શકતી નથી. પુરુષની સાથે જ એ ઘરની બહાર નીકળી શકે છે. બહાર નીકળે ત્યારે પણ આખું શરીર ઢંકાય એ રીતે બુરખો પહેરવો પડે છે. મહિલાઓ પુરુષો સાથે હોટલમાં નાસ્તો કરવા પણ જઈ શકતી નથી. બગીચામાં જવા માટે પણ તાલિબાનોએ સ્ત્રીઓ માટે અલગ સમય નક્કી કર્યો છે. સ્ત્રી અને પુરુષ સાથે કોઈ જાહેર સ્થળ પર ફરવા જઈ શકતાં નથી. નાચવા ગાવા પર પણ પ્રતિબંધ છે. આ બધું તો ઠીક છે, તાલિબાનોના રાજમાં છોકરીઓને ભણવાની પણ મંજૂરી નથી. મહિલાઓ જો કોઈ ગુનો કરે તો તેને જાહેરમાં કોરડા ફટકારવાથી માંડીને મોતની સજા પણ ફરમાવવામાં આવે છે. માનવ અધિકાર સંસ્થાઓ કહે છે કે, અફઘાનિસ્તાન મહિલાઓ માટે નર્ક સમાન છે. તાલિબાનોના આવા ક્રૂર શાસનમાં વ્હિટની રાઈટ જેવી પોર્નસ્ટાર કઈ રીતે પહોંચી ગઈ તે જ કોઈને સમજાતું નથી.

### વ્હિટની રાઈટ કોઈને ખબર ન પડે એ રીતે ઈરાન પણ જઈ આવી!

વ્હિટની રાઈટ માત્ર અફઘાનિસ્તાન જ નહીં, ઈરાન પણ પહોંચી હતી. વ્હિટનીએ ઈરાનના તહેરાનમાં એક સમયે કાર્યરત જૂની અમેરિકન એમ્બેસીમાં પાડેલા ફોટા રિલીઝ કર્યા છે. ઈરાન અને અમેરિકાને અત્યારે બાપે માર્યા વેર છે. ઈરાન અમેરિકનોને વિઝા આપતું નથી. એમાંયે વ્હિટની રાઈટ તો પોર્નસ્ટાર છે. એને વિઝા આપવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. એક શક્યતા એવી છે કે, વ્હિટની પોતાની પોર્નસ્ટારની હકીકત છુપાવીને ઈરાન પહોંચી હતી. ઈરાનમાં મહિલાઓ હિજાબ પહેર્યા વગર બહાર નીકળી શકતી નથી. સપ્ટેમ્બર, ૨૦૨૦માં મહસા અમીનીનું પોલીસ કસ્ટડીમાં મોત થયું એ પછી ઈરાનમાં હિજાબ સામે આંદોલન ફાટી નીકળ્યું હતું. આ સંઘર્ષમાં ૫૫૦થી વધુ લોકોનાં મોત થયાં છે અને હજારો ઘાયલ થયા છે. ઈરાનની પોલીસ એક એક મહિલા પર નજર રાખે છે એવા સંજોગોમાં વ્હિટની રાઈટ કેવી રીતે આવી ગઈ અને ફોટા પાડી ગઈ? વ્હિટની રાઈટના મામલે હવે ઈરાન અને અમેરિકા વચ્ચે તનાતની શરૂ થઈ છે.



**વ્હિટની રાઇટ સોશિયલ મીડિયા પર ટ્રોલ થઇ રહી છે**

પોર્નસ્ટાર વ્હિટની રાઈટે અફઘાનિસ્તાનના ફોટા અપલોડ કર્યા એના કારણે મુસ્લિમોમાં નારાજગી ફેલાઈ છે. લોકો લખે છે કે, તારી પોપ્યુલારિટી માટે તું મુસ્લિમ સ્થળોને પસંદ કરવાનું બંધ કર તો સારું! તારા કારણે મુસ્લિમ મહિલાઓ પર ખરાબ અસરો પડે છે. કેટલાક લોકોએ તો તાલિબાનોને પણ આડેહાથ લીધા છે. વ્હિટની તમારે ત્યાં આવીને કળા કરી ગઈ ત્યાં સુધી તમને ખબર પણ ન પડી? આ તે તમારું કેવું રાજ છે? તમારી નજર હેઠળ આવું બધું થયું હોય તો તમારા જેવા દોષિત બીજા કોઈ નથી. વ્હિટનીને નેગેટિવ રિસ્પોન્સ સામે પણ કોઈ વાંધો નથી. એ ટીકાકારોને કોઈ જવાબ આપતી નથી. એના માટે તો ગમે તેમ કરીને ચર્ચામાં રહેવું જ મહત્ત્વનું છે. નેગેટિવ પબ્લિસિટીને પણ આવા લોકો એનકેશ કરતા હોય છે. લોકો કહે છે કે, વ્હિટનીનું ચાલે તો એ અફઘાનિસ્તાન અને ઈરાન જેવા દેશોમાં પણ પોર્ન ફિલ્મ બનાવે એવી છે. આવા લોકોને પગ મૂકવા દેવો જ જોખમી છે. જે હોય તે પણ અત્યારે તો વ્હિટની રાઈટ ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે.

krishnkant.unadkat@sandesh.com

## ન્યૂઝ બ્રીફ

## આઈટી તમારા FB એકાઉન્ટથી માંડીને ઈમેલ અને કમ્પ્યૂટર સુધ્ધાં ચેક કરી શકશે

**નવી દિલ્હી** । આવકવેરા વિભાગ હવે તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સથી માંડીને પર્સનલ ઈમેલ, બેન્ક ખાતા અને ટ્રેડિંગ એકાઉન્ટ સહિત તમામ બાબતોની તપાસ કરી શકે છે. ૧ એપ્રિલ, ૨૦૨૬થી આવકવેરા વિભાગ પાસે તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઈમેલ, બેન્ક ખાતા, ઓનલાઈન રોકાણ એકાઉન્ટ, ટ્રેડિંગ એકાઉન્ટ સહિતના ખાતાઓમાં ઘુસણખોરી કરવાના અને તેમના સુધી પહોંચવાના કાનૂની અધિકાર રહેશે. જ્યારે આવકવેરા વિભાગને તેની જાણકારી થશે કે કોઈ ટેક્સપેયર પાસે અઘોષિત આવક, સંપત્તિ કે દસ્તાવેજ છે, જેણે તે જાણીજોઈને આવકવેરા વિભાગથી બચાવી રહ્યા છે, તેવા લોકો સામે કડક પગલાં ભરવા માટે નવા કાયદામાં અધિકારીઓ પાસે તેમના તમામ પ્રકારના એકાઉન્ટ્સ ચેક કરવાનો અધિકાર રહેશે.

## ગેમ રમવાની ના પાડનાર માતાપિતા અને બહેનને યુવકે પથ્થરથી કચડી માર્યાં

**ભુવનેશ્વર** । ઓડિશાના જગતસિંહપુર જિલ્લામાં જયાબાડા ગામમાં એક યુવકે પોતાનાં માતાપિતા અને બહેનની હત્યા કરી નાખી. આરોપી યુવક સૂર્યકાંત સેઠીને ઓનલાઇન ગેમિંગની લત છે. ઓનલાઇન ગેમ રમતો હોવાના કારણે યુવકના પરિવારનાં સભ્યો તેને સમજાવતાં હતાં, તેમાં તકરાર થઈ હતી. તકરાર દરમિયાન યુવકને ખુન્નસ ચડી આવતાં તેણે પથ્થર મારીને ત્રણેની હત્યા કરી નાખી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે, પરિવારનાં સભ્યો સૂર્યકાંત બેકાર હોવાથી અને તેની ઓનલાઇન ગેમ રમવાની ટેવથી પરેશાન અને ચિંતિત હતાં. આ ઉપરાંત, પારિવારિક મુદ્દા અંગે પણ તેમના સંબંધો તણાવભર્યા થઈ ગયા હતા. યુવકે માતાપિતા અને બહેનને તેના ઘરમાં જ પથ્થર મારીને મારી નાંખ્યાં હતાં.

## પટણામાં આશા હેલ્થ વર્કરોએ જોબ સિક્યોરિટી માટે વિરોધ પ્રદર્શન કર્યું



મંગળવારે બિહારના પટણામાં આશા અને મમતા હેલ્થ વર્કરોએ તેમની નોકરીની અનિશ્ચિતતાના વિરોધમાં જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આશા અને મમતા યોજના હેઠળ કામ કરતાં હેલ્થ વર્કર્સના વેતન અત્યંત નીચા છે જેમાં વધારાની માંગણી સાથે તેમની નોકરીને કાયમી કરવાની પણ માંગ કરવામાં આવી રહી છે. મહિલા કર્મચારીઓએ બંગડી દર્શાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

## ગુટખા માટે ૧૦ રૂપિયા ના આપતા પુત્રે પિતાનું મસ્તક કાપી હત્યા કરી

**મયુરભંજ** । ઓડિશાના મયુરભંજ જિલ્લામાં એક આંચકાજનક ઘટના સામે આવી છે. અહીં એક ૪૦ વર્ષીય શખ્સે પોતાના ૭૦ વર્ષના પિતાની માત્ર ૧૦ રૂપિયા નહીં આપવા બદલ ક્રૂર રીતે હત્યા કરી નાખી હતી. પોલીસના અનુસાર આરોપીએ પોતાના પિતા બૈધાર સિંહની ધારદાર હથિયાર વડે હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ પિતાનું કપાયેલું માથું લઈને સીધો પોલીસ સ્ટેશન પહોંચી ગયો હતો અને આત્મસમર્પણ કરી દીધુ હતું. બારિપદાના એસડીઓપી પ્રવીણ મલિકના અનુસાર હત્યાનું કારણ ખુબ જ સામાન્ય હતું. આરોપીએ પિતા પાસે ૧૦ રૂપિયા માગ્યા હતા, જેથી તે ગુટખા ખરીદી શકે પરંતુ પિતાએ પૈસા આપવાનો ઈન્કાર કર્યો હતો જે કારણે પુત્રને ગુસ્સો આવ્યો હતો.

## બે વર્ષમાં ૪.૪ કરોડ પ્રવાસીઓએ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી : ઉમર અબ્દુલ્લા

**શ્રીનગર** । જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે પાછલા બે વર્ષમાં રાજ્યમાં ૧.૨૦ લાખ વિદેશી પ્રવાસીઓ સહિત કુલ ૪.૪ કરોડથી વધારે પ્રવાસીઓ આવ્યા હતાં. તેમણે આ ક્ષેત્રમાં રોજગારમાં વધારો કરવાની ક્ષમતા પર ભાર આપ્યો હતો. પર્યટન વિભાગના પ્રભારી સીએમ અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે પાછલા બે નાણાકીય વર્ષમાં વિભાગના પ્રચાર, જાહેરાતો અને સંબંધિત કામગીરી માટે ૩૫.૦૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. તેમણે સદનને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨.૫૪ કરોડ રૂપિયા તથા ૨૦૨૪-૨૫માં ૨૨.૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સદનમાં એક સવાલના જવાબમાં તેમણે આ માહિતી આપી હતી.

---

ઉદ્યોગ જગત માત્ર મૂકપ્રેક્ષક બનીને બેસી ન રહે, વૈશ્વિક તકોનો ફાયદો ઉઠાવે

# પહેલીવાર ઉદ્યોગસાહસિક બનનાર પાંચ લાખ લોકોને બે કરોડ સુધીની લોન : પીએમ મોદી

ઉદ્યોગો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરીને એવી પ્રોડક્ટ્સનું નિર્માણ કરે જેની વિદેશોમાં વધુ માંગ છે

। નવી દિલ્હી ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉદ્યોગ જગતને કહ્યું હતું કે તેઓ માત્ર મૂકપ્રેક્ષક બનીને બેસી ન રહે અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં ઉપલબ્ધ તકોનો ફાયદો ઉઠાવે. તેમણે કહ્યું હતું કે દુનિયા ભારત સાથે પોતાની આર્થિક ભાગીદારીને મજબૂત કરવા માગે છે. વડાપ્રધાને કહ્યું હતું કે ભારતના નિર્માણ સેક્ટરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરીને દુનિયાની વધતી જરૂરિયાતોનો ફાયદો ઉઠાવવો જોઈએ. તેમણે બજેટ બાદ નિયામકીય, રોકાણ અને બિઝનેસ સુગમતા સુધારાઓ સંબંધિત વેબિનારને સંબોધતા કહ્યું હતું કે આજે ભારત સ્થિર નીતિઓ અને સારો કારોબારી માહોલ પૂરો પાડી રહ્યું છે. હું તમને દેશના નિર્માણ અને નિકાસને આગળ વધારવા માટે મોટા પગલાં ભરવાનો આગ્રહ કરુ છું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે ઉદ્યોગ જગતે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટનો ઉપયોગ કરીને એવી પ્રોડક્ટ્સના નિર્માણ પર ધ્યાન આપવું જોઈએ જેમની વિદેશોમાં માગ છે અને તેનાથી નિકાસને પ્રોત્સાહિન મળશે.પીએમ મોદીએ કહ્યું હતું કે આજે દુનિયાને એક વિશ્વાસપાત્ર ભાગીદારની જરૂર છે. ઉદ્યોગે માત્ર દર્શક બનીને ન રહેવું જોઈએ બલ્કે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં તકો શોધવી



જોઈએ. આજે ભારત વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે વૃદ્ધિનું એન્જિન બની ગયું છે. વડાપ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે દેશભરમાં છ કરોડ કરતા વધારે એમએસએમઈને સમય પર અને ઓછા ખર્ચની લોન સુધી પહોંચ સુનિશ્ચિત થાય તે માટે ઋણ વિતરણની નવી રીતો વિકસિત કરવાની જરૂર છે. વડાપ્રધાને કહ્યું હતું કે પહેલીવાર ઉદ્યોગસાહસિક બનનારી પાંચ લાખ મહિલાઓ, એસસી અને એસટી વર્ગના ઉદ્યોગ સાહસિકોને બે કરોડ રૂપિયા સુધીની લોન અપાશે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હાલ બજેટ બાદ વિભિન્ન આર્થિક મુદ્દે વેબિનારને સંબોધિત કરવામાં આવી રહ્યા છે. જેમાં તેઓ દેશના વિવિધ આર્થિક પાસા તેમજ ઈન્ડસ્ટ્રી અને સંબંધિત ક્ષેત્રો વિશે ચર્ચા કરી સલાહ-સૂચન આપી રહ્યા છે. હવે આગામી પાંચ તારીખે વડાપ્રધાન મોદી દ્વારા વધુ એક વેબિનારને સંબોધન કરવામાં આવશે.

---

# યૂક્રેન-યુએસ સંકટ બાદ EUનો ૮૦૦ અબજ યૂરોનો ડિફેન્સ પ્લાન

અમેરિકા દ્વારા યૂક્રેનની સૈન્ય સહાયતા રોકવાની જાહેરાત બાદ યુરોપિયન યુનિયન દ્વારા નિર્ણય લેવાયો

। બ્રસેલ્સ ।

અમેરિકાએ યુદ્ધગ્રસ્ત યૂક્રેનની તમામ પ્રકારની સૈન્ય સહાયતા રોકવાની જાહેરાત કર્યા બાદ યુરોપિયન સંઘ યૂક્રેનની મદદ માટે આગળ આવ્યું છે. યુરોપિયન સંઘની કારોબારીના પ્રમુખે મંગળવારે ઈયુના સભ્ય દેશોની સુરક્ષા વધારવા માટે ૮૦૦ અબજ યૂરો (૮૪૧ અબજ અમેરિકન ડૉલર)ની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેનો આશય છે કે અમેરિકાના સંરક્ષણ સહયોગથી અલગ થવાના પગલાંનો મુકાબલો કરવાનો છે અને યુદ્ધગ્રસ્ત યૂક્રેનને રશિયા સાથે વાતચીત કરવા માટે સૈન્ય શક્તિ પ્રદાન કરવાનો છે. યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વૉન ડર લિને કહ્યું હતું કે વિશાળ રિફોર્મ યુરોપ પેકેજને યુરોપિયન સંઘના ૨૭ નેતાઓ સમક્ષ રજૂ કરાશે, જે અમેરિકામાં વધતી રાજકીય અનિશ્ચિતતાના એક અઠવાડિયા બાદ ગુરુવારે બ્રસેલ્સ ખાતે એક ઈમરજન્સી બેઠકમાં મળશે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપ માટે પોતાના ગઠબંધન અને યૂક્રેનની રક્ષા બને સામે સવાલ ઉઠાવ્યા હતા. ઉર્સુલાએ કહ્યું હતું કે મારે તે ખતરાઓની ગંભીર પ્રકૃતિનું વર્ણન કરવાની જરૂર નથી જેનો સામનો આપણે સૌ કરી રહ્યા છીએ. યુરોપિયન સંઘના દેશોની મૂંઝવણનું મુખ્ય કારણ છેલ્લા દાયકાઓમાં ડિફેન્સ પાછળ વધારે ખર્ચ કરવાની અનિચ્છા રહી છે, કારણ કે તેઓ અમેરિકાની સુરક્ષા ગેરેન્ટની છત્રછાયામાં હતા અને તેમનું અર્થતંત્ર પણ મંદુ હતું. તેથી તેમણે આવા ખર્ચને તાકીદે વધારવામાં પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે પહેલું કામ યુરોપિયન સંઘ દ્વારા બજેટ ખર્ચ પર લગાવાયેલ નાણાકીય શિસ્તમાં ઢીલાશ આપવાની છે.

---

નવા આદેશ પછી ભારતીય પ્રોફેશનલ્સની મુશ્કેલીઓ વધવાના સંકેતો

# કંપનીઓ H-1B વિઝા ધરાવતા વિદેશી વર્કર્સને પ્રાધાન્ય ન આપે : US

અમેરિકાના વર્કર્સ સામે જો ભેદભાવ રાખવામાં આવશે તો કડક પગલાં લેવાની ચીમકી

। વોશિંગ્ટન ।

ટ્રમ્પ સરકાર દ્વારા અમેરિકામાં નોકરીઓ તેમજ ઈમિગ્રેશનને લગતી સમસ્યાઓ ઉકેલવા માટે વિદેશી વર્કર્સને ખોટી રીતે પ્રાધાન્ય આપવા સામે કડક પગલાં લેવા તૈયારી કરવામાં આવી છે. અમેરિકાએ H-1B વિઝા અંગે કંપનીઓને ચેતવણી આપી છે. કંપનીઓએ H-1B વિઝા ધરાવતા વર્કર્સને પ્રાધાન્ય આપવું નહીં તેવી તાકીદ કરાઈ છે. નવા આદેશ પછી ભારતીય પ્રોફેશનલ્સની મુશ્કેલીઓ વધવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકાના વર્કર્સને સાથે જો નોકરી આપવામાં ભેદભાવ રાખવામાં આવશે તો કંપની સામે કડક પગલાં લેવાશે. કેટલાક લોકોનું કહેવુ છે કે H-1B વિઝા ધરાવતા વિદેશી વર્કર્સને નોકરીઓમાં વધારે લાભ મળે છે તેવા લાભ અમેરિકાના વર્કર્સને પણ મળવા જોઈએ. META પ્લેટફોર્મ પર એક કેસ પ્રકાશમાં આવ્યા પછી સરકારે કડક પગલાં લેવાનું નક્કી કર્યું છે.

અમેરિકાએ ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે આપેલા H-1B વિઝા પૈકી ૭૨.૩ ટકા ભારતીય નાગરિકોને આપવામાં આવેલા છે. જો આ કાર્યક્રમમાં ફેરફાર કરાશે તો તેની સીધી અસર અમેરિકાની કંપનીઓમાં કામ કરતા ભારતીયો પર પડશે. ભારત સરકાર આ મુદ્દે અમેરિકાની સરકાર સાથે સતત સંપર્કમાં છે અને વાતચીત કરી રહી છે.

### અમેરિકાના વર્કર્સ સામે ભેદભાવ રાખનાર પર કડક પગલાં

૧૯મી ફેબ્રુઆરીએ અમેરિકા ઇક્વલ એમ્પ્લોયમેન્ટ ઓપોર્ચ્યુનિટી કમિશન દ્વારા કંપનીઓને ચેતવણી આપવામાં આવી છે કે નોકરીઓ આપવામાં અમેરિકાના નાગરિકો સામે ભેદભાવ રાખવામાં આવશે તો તેમની સામે કડક પગલાં લેવાશે. નોકરીઓમાં વિદેશી કર્મચારીઓને પ્રાધાન્ય આપવું નહીં. અમેરિકાના નાગરિકો સાથે નોકરીમાં ભેદભાવ એ Title VII કાયદાનો ભંગ છે. અનેક કંપનીઓ ગેરકાયદે ઇમિગ્રન્ટસ, ઇમિગ્રન્ટસ શ્રમિકો અને વિઝા ધારકોને નોકરીમાં અગ્રતા આપે છે જે ફેડરલ રોજગાર કાયદાનો ભંગ છે.

---

## હોળીના તહેવાર પૂર્વે રંગબેરંગી ગુલાલનું ઉત્પાદન વધારાયું





જબલપુર : રંગોના તહેવાર હોળીના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ખેલૈયાઓની માગને પૂરી કરવા માટે ફેક્ટરીઓમાં વિવિધ રંગના હર્બલ ગુલાલનું ઉત્પાદન પણ વધારી દેવામાં આવ્યું છે. લોકોને નુકસાન નથાય તે પ્રકારે તૈયાર કરાતા આ રંગોનું હાલ મોટા પાયે ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે જેથી કરીને ગ્રાહકોની માગને પુરી કરી શકાય.

---

## વોરન બફેટે ટેરિફ લાદવાના ટ્રમ્પના પગલાંની ટીકા કરી તેને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું

ટેરિફ વસ્તુઓ પર કરના રૂપમાં કામ કરે અને ગ્રાહકો માટે કિંમતમાં વધારો કરે : વોરેન બફેટ

। વોશિંગ્ટન ।

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા, ચીન અને મેક્સિકો પર વ્યાપક ટેરિફ લગાવી દીધી છે તે પછી અબજોપતિ રોકાણકાર વોરન બફેટે આ પગલાન ટીકા કરતાં તેને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું છે. અહેવાલો અનુસાર બફેટે જણાવ્યું હતું કે વાસ્તવમાં ટેરિફ અમને ઘણો અનુભવ છે અને આ કેટલીક હદ સુધી તો યુદ્ધની કાર્યવાહી જ છે. ૯૪ વર્ષના રોકાણકાર કે જેની વિશ્વના મહાનતમ રોકાણકારોમાં ગણના થાય છે તેમણે જણાવ્યું હતું કે સમયની સાથે ટેરિફ વસ્તુઓ પર કરના રૂપમાં કામ કરે છે અને ગ્રાહકો માટે કિંમતમાં વધારો કરી શકે છે. બફેટે પાછલા મહિને જ જણાવ્યું હતું કે તેની કંપની બર્કશાયર હેથવેએ ૬૦ વર્ષ અગાઉ તેમના દ્વારા કમાન સંભાળ્યા બાદ અમેરિકન સરકારને ૧૦૧ અબજ ડોલરથી વધુનો કર ભર્યો છે, જે ઈતિહાસમાં અન્ય કોઈપણ કંપની કરતા વધારે છે. બફેટે જણાવ્યું હતું કે ટૂથ ફેયરી તેને ચુકવણી કરતી નથી. અને બીજું શું? અર્થશાસ્ત્રમાં તમારે હંમેશા આ પ્રશ્ન પૂછવો પડે છે. તમે હંમેશા કહો છો કે હવે પછી શું? તે ઉમેરે છે કે મને લાગે છે કે આ વિશ્વનો સૌથી રસપ્રદ સબ્જેક્ટ છે. પણ વાસ્તવમાં હું તેના પર વાત ના કરી શકું.

---

ઊભરી રહેલાં જોખમો દેશની રણનીતિ-આર્થિક સ્થિરતા માટે પડકાર બની શકે

# નવા યુદ્ધનો દૌર છે, આપણે તૈયાર રહેવું પડશે : ડિફેન્સ મિનિસ્ટર રાજનાથસિંહ

સાઈબર હુમલા, અંતરિક્ષ આધારિત જાસૂસી જેવી આધુનિક તકનીકો જોખમ ઊભું થઈ શકે

। નવી દિલ્હી ।

સુરક્ષા મંત્રી રાજનાથસિંહે મંગળવારે ચેતવ્યા હતા કે ભારતે નવા પ્રકારના યુદ્ધ માટે પોતાને તૈયાર રાખવું પડશે; કેમ કે, દુશ્મન હવે પારંપરિક હથિયારોથી નહીં, પરંતુ, હાઈબ્રિડ યુદ્ધનીતિ, સાઈબર હુમલા અને અંતરિક્ષ આધારિત જાસૂસી જેવી આધુનિક તકનીકોથી પણ જોખમ ઊભું કરી શકે છે. તેમણે કહ્યું કે, આવા ઊભરી રહેલાં જોખમો દેશની રણનીતિ અને આર્થિક સ્થિરતા માટે પડકાર બની શકે છે. દેશના સુરક્ષા મંત્રી રાજનાથસિંહે આંતરિક સુરક્ષા અને આફત રાહત અભિયાનો માટે આધુનિક તકનીકો પર આધારિત સંમેલન અને પ્રદર્શનમાં હાજરી આપી હતી. આ આયોજન ગૃહમંત્રાલય અને સુરક્ષા સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ)ના સહયોગથી આયોજિત કરાયું હતું. બે દિવસીય આ કાર્યક્રમનો હેતુ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોને નવી તકનીકોથી સજ્જ કરવાનો છે, જેથી ઊભરતાં જોખમોનો સામનો કરી શકાય. આ સંમેલનમાં પોતાના સંબોધનમાં રાજનાથસિંહે કહ્યું કે, આજના દુશ્મન હંમેશા પારંપરિક હથિયારો સાથે નથી આવતા. સાઈબર હુમલા, ખોટી માહિતી ફેલાવનારાં અભિયાન અને અંતરિક્ષ આધારિત જાસૂસી જેવાં નવાં જોખમો ઊભરી રહ્યાં છે, જેનો સામનો કરવા માટે આપણે આધુનિક સમાધાન અપનાવવાં પડશે.

### નવા પ્રકારના જોખમો સામે લડવું પડશે

રાજનાથસિંહે કહ્યું, આંતરિક સુરક્ષા માત્ર આતંકવાદ, અલગતાવાદી આંદોલનો અને ડાબેરી ઉગ્રવાદ સુધી સીમિત નથી, પરંતુ, હવે એવાં નવાં જોખમો સામે આવી રહ્યાં છે, જે રાષ્ટ્રીય હિતો માટે મોટું જોખમ સાબિત થઈ શકે છે. સુરક્ષામંત્રીએ એ યાદ કરાવ્યું કે, તેમણે પહેલાં પણ આવા બિનપરંપરાગત જોખમો સામે સાવધ રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

---

## પૂર્વ સેબી પ્રમુખ માધવી પૂરી બૂચ સામે એફઆઈઆરના આદેશ સામે બોમ્બે હાઈકોર્ટનો સ્ટે

વિશેષ અદાલત દ્વારા ગત એક માર્ચના રોજ અપાયેલો આદેશ મિકેનિકલ રીતે પસાર કરાયો હતો

। મુંબઇ ।

બોમ્બે હાઈકોર્ટે મંગળવારે સેબીના પૂર્વ પ્રમુખ માધવી પૂરી બૂચ અને પાંચ અન્ય અધિકારીઓ વિરુદ્ધ કથિત સ્ટોક માર્કેટ કૌભાંડ અને નિયામક નિયમોના ભંગ કરવાના આરોપ હેઠળ વિશેષ અદાલત દ્વારા એફઆઈઆર દાખલ કરવા અપાયેલા આદેશ સામે ચાર અઠવાડિયા માટે સ્ટે ઓર્ડર આપ્યો છે. હાઈકોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું હતું કે વિશેષ અદાલતે મિકેનિકલ રીતે આદેશ પસાર કર્યો હતો. ન્યાયમૂર્તિ શિવકુમાર દિગેની સિંગલ જજની બેન્ચે જણાવ્યું હતું કે વિશેષ અદાલત દ્વારા ગત એક માર્ચના રોજ અપાયેલો આદેશ મિકેનિકલ રીતે પસાર કરાયો હતો અને કોર્ટ ઊંડે ગયા વિના જ તેમજ આરોપીઓની ચોક્કસ ભૂમિકાનો ઉલ્લેખ કર્યા વિના જ આદેશ આપ્યો હતો. અને તેથી આ આદેશ સામે સુનાવણીની આગામી તારીખ સુધી સ્ટે આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે માધવી પૂરી બૂચ અને સેબીના વર્તમાન ત્રણ ફુલટાઈમ ડાઈરેક્ટર્સ અશ્વની ભાટિયા, અનંત નારાયણજી અને કમલેશ ચંદ્ર વાર્ષ્ણેય તેમજ બીએસઈના બે અધિકારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર હાઈકોર્ટે આ આદેશ આપ્યા છે.

---

સંસદની ઈમારતની અંદર કાળો અને ગુલાબી ધુમાડો છવાઈ ગયો

# સર્બિયાની સંસદ સમરાંગણમાં ફેરવાઈ, વિપક્ષી સાંસદોએ સ્મોક ગ્રેનેડ્સ ફેંક્યા

વિપક્ષી સાંસદોની ગૃહના સિક્યોરિટી ગાર્ડ્સ સાથે ઝપાઝપી પણ થઈ

। બેલગ્રેડ ।

યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષના સાંસદોએ ભારે બબાલ મચાવી છે. વિપક્ષી સાંસદોએ સંસદમાં એક બાદ એક સંખ્યાબંધ સ્મોક ગ્રેનેડ્સ એન ટિયરગેસના શેલ ફેંક્યા હતા જેના કારણે સંસદના સંત્રમાં ભારે અવ્યવસ્થા ફેલાઈ હતી. સંસદમાં મારામારી પણ જોવા મળી હતી. સંસદના સત્રના જીવંત પ્રસારણમાં જોવા મળ્યું હતું કે સર્બિયાના વિપક્ષી સાંસદોએ સરકારની નીતિના વિરોધમાં સંસદની સ્મોક ગ્રેનેડ અને ટિયરગેસના શેલ ફેંક્યા હતા અને ત્યારબાદ સમગ્ર સંસદમાં કાળો અને ગુલાબી ધુમાડો ફેલાઈ ગયો હતો. વિપક્ષી સાંસદો સરકારથી નારાજ વિદ્યાર્થીઓનું પણ સમર્થન કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ચાર મહિના



પહેલા સર્બિયામાં એક રેલવે સ્ટેશનની છત ધરાશાયી થવાને કારણે ૧૫ લોકોનાં મોત થયા હતા. ત્યારબાદ સરકાર વિરોધી પ્રદર્શન શરૂ થયા હતા જે હવે સરકાર માટે મોટો ખતરો બની ગયા છે. સંસદના સત્રમાં એસએનએસ પાર્ટીના નેતૃત્વ હેઠળના સત્તાધારી ગઠબંધને સત્રના એજન્ડાને મંજૂરી આપી હતી જે બાદ વિપક્ષી નેતા પોતાની સીટ પરથી ઊઠીને સંસદના અધ્યક્ષ તરફ ધસી ગયા હતા જે દરમિયાન કેટલાક સિક્યોરિટી ગાર્ડ્સ સાથે તેમની ઝપાઝપી પણ થઈ હતી. કેટલાક સાંસદોએ સ્મોક ગ્રેનેડ અને ટિયરગેસના શેલ ફેંક્યા હતા. જીવંત પ્રસારણમાં સંસદની ઈમારતની અંદર કાળો અને ગુલાબી ધુમાડો ઊઠતો જોવા મળ્યો હતો.

---

તેજસ્વી-તેજપ્રતાપ પર નીતીશકુમાર અકળાયા, કહ્યું - તમે બાળકો છો, તમને શું ખબર પડે!

## લાલુપ્રસાદ યાદવને મેં જ બનાવ્યા હતા: નીતીશકુમાર

વિધાનસભામાં નીતીશના વિપક્ષ પર આકરા પ્રહાર

। પટણા ।

બિહાર વિધાનસભામાં મંગળવારે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર વિવાદ જોવા મળ્યો હતો. નાયબ સીએમ સમ્રાટ ચૌધરી અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવ વચ્ચે પિતા મુદ્દે થયેલી દલીલો બાદ સીએમ નીતીશકુમારે મોર્ચો સંભાળ્યો હતો. તેમણે તેજસ્વી પર પ્રહાર કરતા કહ્યું હતું કે તમારા પિતાને મેં જ બનાવ્યા હતા, તમે બાળક છો, તમને શું ખબર પડે? મુખ્યપ્રધાને તેજસ્વી યાદવને જવાબ આપતા કહ્યું હતું કે તમે લોકોએ રાજ્યમાં શું કામ કર્યુ છે, જે કામ કર્યું છે તે મેં કર્યું છે. એકવાર ગરબડ કરી તો હટાવી દીધા હતા, ફરીવાર ગરબડ કરી તો ફરીવાર હટાવી દીધા હતા. તેજસ્વી યાદવને નીતીશકુમારે કહ્યું હતું કે તમારી જાત વાળા પણ કહેતા હતા કે લાલુપ્રસાદ યાદવને શા માટે બનાવી રહ્યા છો. લાલુપ્રસાદ યાદવ બિહારમાં અતિ પછાત-પછાતને અલગ કરવાનો વિરોધ કરી રહ્યા હતા. મેં કહ્યું કે આ ખોટી વાત છે. મેં લાલુ યાદવનો તે વખતે જ વિરોધ કર્યો હતો. અતિ પછાત વર્ગ પણ મહત્ત્વપૂર્ણ છે અને તેના ચાર વર્ષ પછી અમે અલગ થઈ ગયા હતા. નીતીશે કહ્યું હતું કે પહેલા શું સ્થિતિ હતી? સાંજ પછી કોઈ ઘરની બહાર નહોતું નીકળતું. તમે બધા બાળકો છો, તમને શું ખબર પડે, જરા પ્રેસવાળાને પૂછી લો. તેજસ્વી અને તેજપ્રતાપ તરફ ઈશારો કરતા સીએમ નીતીશકુમારે કહ્યું હતું કે આ બાળકો છે, એમને શું ખબરપડે.

---

છેલ્લા ૧૦ વર્ષમાં આપ સરકારે ડૉક્ટરો-નર્સની ભારે ઘટને નજરઅંદાજ કરી

# દર્દી, સ્ટાફ, દવા, રિપોર્ટ બધું નકલી : કેજરીવાલના હેલ્થ મોડલની પોલ ખૂલી

માત્ર પેમેન્ટ અને જનતાના પૈસાની લૂંટ અસલી : CM રેખા ગુપ્તાના પ્રહાર

। નવી દિલ્હી ।

દિલ્હીમાં અગાઉની અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આમ આદમી પાર્ટીની સરકાર સમયની હેલ્થ સિસ્ટમની પોલ હવે ધીમે ધીમે ખુલવા લાગી છે. દિલ્હીનાં મુખ્યપ્રધાન રેખા ગુપ્તાએ દિલ્હીની હેલ્થ સિસ્ટમ અંગેના CAG રિપોર્ટ અનુસંધાને વિધાનસભામાં આમ આદમી પાર્ટી પર શાબ્દિક પ્રહારો કરતા કહ્યું કે દિલ્હીની સ્વાસ્થ્ય વ્યવસ્થા, દિલ્હી સરકારનો સ્વાસ્થ્ય વિભાગ અને દિલ્હી સરકારની હોસ્પિટલો બીમાર છે. દિલ્હીની હોસ્પિટલોને જ સારવારની જરૂર છે. આપ-દા સરકારે દિલ્હીના સ્વાસ્થ્યના નામે માત્ર ભ્રષ્ટાચાર કર્યો છે. તેમના કરતૂતો હવે ઉજાગર થઈ રહ્યા છે. દર્દીઓ, સ્ટાફ, દવાઓ, ટેસ્ટ વગેરે બધું જ નકલી હતું, બસ ખાલી પેમેન્ટ અને જનતાના પૈસાની લૂંટ અસલી હતા. કેજરીવાલ સરકારે મોહલ્લા ક્લીનિકના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો. કેજરીવાલે આતિશીને ફસાવી દીધા છે અને તેઓ ક્યાં ગાયબ થઈ ગયા છે એ કોઈને ખબર નથી. રેખા ગુપ્તાએ એમ પણ જણાવ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં આપ સરકારમાં ડૉક્ટરો-નર્સની ભારે ઘટને નજરઅંદાજ કરવામાં આવી. હોસ્પિટલોના ગોડાઉનોમાં પીપીઈ કિટ, માસ્ક અને ઓક્સીજન સિલિન્ડર ધૂળ ખાય છે જ્યારે કોવિડમાં ૧૦ રૂપિયાના માસ્ક ૧૫૦ રૂપિયામાં ખરીદાયા. તેમણે વચન આપ્યું કે તેમની સરકાર દરેક વિભાગને દેવાંમુક્ત કરશે અને તમામ વચનો પૂરા કરશે.

### સીએમે ગુરુ તેગ બહાદુર હોસ્પિ.ની ઓચિંતિ મુલાકાત લીધી

દિલ્હીનાં સીએમ રેખા ગુપ્તા મંગળવારે સાંજે ગુરુ તેગ બહાદુર હોસ્પિટલની મુલાકાતે પહોંચ્યા હતા. હોસ્પિટલના ગોડાઉનમાં કોવિડ વખતનો ઘણો સામાન ધૂળ ખાતો પડ્યો હતો. સીએમે કહ્યું કે અહીં ૪૫૮ ઓક્સીજન કોન્સન્ટ્રેટર, ૧૪૦ વેન્ટિલેટર અને ૩૬ હજાર પીપીઇ કિટ સહિતનો સામાન પડ્યો છે. આ એક નહીં, દરેક હોસ્પિટલના ગોડાઉનની આ હાલત છે. કર્મચારીઓ કહી રહ્યા છે કે તેમને ૬ મહિનાથી પગાર નથી મળ્યો.

# મોદીની સંવેદના | વનતારામાં વનેચર પ્રાણી અને પક્ષીઓને નિકટતાથી નિહાળ્યા









જામનગર રાત્રી રોકાણ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨ની સવારે પોણા સાત વાગ્યે રિલાયન્સ ગ્રીન્સ ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રિહેબીલીટેશન સેન્ટર વનતારા ખાતે પહોંચ્યા હતા. જ્યાં રિલાયન્સના ચેરમેન મુકેશભાઈ અંબાણી, નીતાબેન, અનંત અને રાધિકા અંબાણીએ તેઓનું સ્વાગત કર્યું હતું. સ્વાગત સમારોહ બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વનતારાનું ઓફિશિયલ ઉદઘાટન કર્યું હતું. ત્યાર બાદ વનતારાના સંસ્થાપક અનંત અંબાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સમગ્ર વનતારાના સર્જનનો હેતુ અને વનતારામાં ચાલતી પ્રાણી રક્ષા માટેની પ્રવૃત્તિઓ, પ્રાણીઓ માટેની સુવિધાઓ, વિશ્વની સૌથી મોટી હાથીની હોસ્પિટલ, સૌથી આધુનિક એનિમલ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર, પાણી ઉપર કાચનો ફ્લોર તેમજ જળચરોને નજીકથી નિહાળી શકાય તે માટેની કાચની દીવાલો ધરાવતા ક્રોકોડાઈલ એન્ડ સી-લાયન પાર્ક, લાયન પાર્ક, ટાઈગર પાર્કનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું. વડાપ્રધાને વનતારામાં મુક્ત વિહાર કરતા હાથીઓ, જીરાફ, ઝેબ્રા, નિહાળ્યા હતા. તેમજ હાથી, બાળ ગેંડા, સિંહબાળ, વાનરો, હાથી, જીરાફને ખોરાક આપ્યો હતો. જિરાફ તથા ગેંડાના બચ્ચાંને ભોજન કરાવ્યું હતું. વડાપ્રધાને સેન્ટર ખાતેની વિવિધ સુવિધાઓનું સંચાલન કરી રહેલા તબીબો, સપોર્ટીંગ સ્ટાફ તથા કામદારો સાથેપણ વાર્તાલાપ કર્યો હતો.

### બેંગકોકથી વાયા મુંબઈ સુરત ડ્રગ્સ સપ્લાય કરવાનું આંતરરાષ્ટ્રીય રેકેટ

# ડ્રગ્સનું દલદલ: મુંબઈ એરપોર્ટથી ૧ માસમાં ૨૯ કરોડના ગાંજા સાથે સુરતના ૮ પકડાયા

### સચિનના ૪ યુવકો ૧૪ કરોડના તો વરાછાના ચાર ૧૫ કરોડના ગાંજા સાથે ઝડપાયા

। સુરત ।

બેંગકોકથી વાયા મુંબઈ દક્ષિણ ગુજરાતમાં નશીલા પદાર્થને ઘુસાડવાના આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ થયો છે. રવિવારે મુંબઈ એરપોર્ટથી ૧૫ કરોડના ગાંજા સાથે સુરતના વરાછા પંથકના ૪ યુવકો પકડાયા હતા. મહિના અગાઉ પણ સચિનના ૪ પરપ્રાંતીય યુવકો બેંગકોકથી ૧૪ કરોડના કેનાબીસ લઈ સુરત આવતા મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ વિભાગની ઝપટે ચઢી ગયા હતા. આમ, એક જ માસમાં સુરતના ૮ યુવકો ૨૯ કરોડના નશીલા પદાર્થ સાથે મુંબઈ એરપોર્ટથી પકડાતા દક્ષિણ ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મુંબઈના એરપોર્ટ ઉપર ગત તા. ૭ ફેબ્રુઆરીના રોજ બેંગકોકથી ઈન્ડીગોની ફલાઈટ નં. ૬-ઈ-૧૦૫૨માં ચાર યુવાનોને શંકાસ્દ નશીલા પદાર્થ સાથેની બેગ સાથે ઝડપી પાડયા હતા. કસ્ટમ વિભાગના અધિકારીઓને સમગ્ર શંકાસ્પદ મામલે ચકાસણી કરતાં કેનબીસ ગાંજો હોવાનું જણાયુ હતુ.

ડબલ લેયર પ્લાસ્ટીકમાં પેકીંગ કરાયેલ બેગમાંથી કસ્ટમ વિભાગના અધિકારીઓએ જુદી જુદી બેગમાં કુલ ૧૩,૯૨૩ ગ્રામ ગાંજો જેની આંતર રાષ્ટ્રીય બજાર કિંમત રૂ.૧૩,૯૨ કરોડ આંકવામાં આવી છે. પકડાયેલ યુવાનો (૧) પ્રવિણ અનીલકુમાર સીંગ રહે,શીવનગર, પારડી સચીન (૨)સુરજ જીતેન્દ્ર ઉપાધ્યાય રહે, શિવનગર, પારડી સચીન (૩) મયંક બલરામ દિક્ષીત રહે, શિવનગર,પારડી સચીન (૪) શિવ બનીન્દ્ર યાદવ રહે, શિવનગર,પારડી સચીન નો સમાવેશ થાય છે.જેઓને કોર્ટમાં રિમાન્ડ હેઠળ રાખવામાં આવ્યા હતા,.જયારે બે દિવસ અગાઉ પકડાયેલ વરાછાના યુવાનો પણ હાલ રિમાન્ડ હેઠળ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સુરતના ભાવિક પ્રજાપતિ,ધાર્મિક મકવાણા, રોનિત બલર અને હિતેન કાછડીયા બેંગકોકમાં મજા માણી પંદર કરોડના હાઈબ્રીડ ગાંજા સાથે મુંબઈના એરપોર્ટ ઉપરથી પકડાયા હતા. કસ્ટમ વિભાગે ચારેયની પુછપરછ કરી રહી છે.

#### ડ્રગ્સ રેકેટ ચલાવતો પડદા પાછળનો ખેલાડી કોણ ?

મુંબઇ કસ્ટમ વિભાગના સુત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા ત્રણ માસમાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ૫૦ કરતાં વધુ યુવાનોને લોભામણી લાલચ આપી થાઇલેન્ડ મોકલવામાં આવી રહયા છે. થાઇલેન્ડમાં જલસા કરાવીને ડ્રગ્સ માફિયા તેઓ મારફતે નશીલા પદાર્થોની હેરાફેરી કરાવી રહ્યા છે. સુવ્યવસ્થિત ઢબે ચાલતા આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટને દક્ષિણ ગુજરાતના ક્યાં માફિયા પરદા પાછળ રહીને ઓપરેટ કરી રહ્યા છે. એ બાબતે પણ અધિકારીઓ ઉંડાણ પર્વકની તપાસ કરી રહયા છે. જો કે આ રેકેટ મામલે સુરત શહેર - જિલ્લા પોલીસ પણ ધરાર ઉંઘતી ઝડપાય છે.

## જૂનાગઢના મેયર, ૬૫ પાલિકાના પ્રમુખોના નામો આજે જાહેર થશે

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંગળવારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને દિવસભર ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો ધમધમાટ રહ્યો. આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલથી લઈ પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સહિતના સભ્યોએ જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા મેયર અને ૬૫ નગરપાલિકા તેમજ ત્રણ તાલુકા પંચાયતના પ્રમુખો સહિતના હોદ્દેદારોની પસંદગી પૂર્ણ કર્યાનું જાણવા મળ્યુ છે. બુધવારે પ્રમુખ સહિતના હોદ્દેદારો માટે નક્કી થયેલા નામોના કવર સાથે પ્રદેશના નિરીક્ષકો જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા નવા ચૂંટાયેલા જનપ્રતિનિધીઓની બેઠકમાં હાજર થશે. જ્યાં નવા હોદ્દેદારોની ઘોષણા થશે તેમ મનાય છે. આ પ્રક્રિયા ગુરૂવાર સુધી ચાલશે.

# સેમિફાઈનલમાં ભારતના વિજયનું ભાગળ ચાર રસ્તે ગ્રાન્ડ સેલિબ્રેશન

। સુરત ।

ચેમ્પિયન ટ્રોફીમાં કટ્ટર હરિફ પાકિસ્તાનને કારમી હાર આપ્યા બાદ ટીમ ઈન્ડિયાએ સેમિફાઈલમાં ઓસ્ટ્રેલિયાને પણ પરાજય આપ્યો હતો. ભારતના ફાઈનલમાં પ્રવેશી ચૂક્યું છે અને ટ્રોફીથી હવે માત્ર એક કદમ દૂર છે. ઓસ્ટ્રેલિયાના ૨૬૪ રનના ટાર્ગેટને ભારતીય ટીમ આસાનીથી ચેસ કરી લીધો હતો. વિરાટ કોહલીની વિનિંગ ઈનિંગ અને લોકેશ રાહુલે વિનિંગ સિક્સર ફટકારતા જ દેશભરમાં ઉજવણીનો દૌર શરૂ થઈ ગયો હતો. સુરતમાં પણ દર વખતની જેમ સુરતીઓ ભાગળ ચારરસ્તા પર ઉમટી પડ્યા હતા.



રાહુલે વિનિંગ સિક્સર ફટકારતા જ સુરતીઓ તિરંગા સાથે ઉમટી પડ્યા

શહેરના ચારેખૂણાથી લોકો ભાગળ પર તિરંગા અને ઢોલનગારા સાથે ઉજવણી કરવા ઉમટી પડ્યા હતા. ઉત્સાહ-ઉમંગ ઘેલા લોકોએ ઈન્ડિયા, ઈન્ડિયાના નારા સાથે આલા ગ્રાન્ડ ઉજવણી કરી હતી.

### અમરોલીના જ્ઞાનપ્રકાશસ્વામી સામે વીરપુર બંધના એલાન બાદ લેખિતમાં માફી મંગાઈ

# સ્વામી વીરપુર આવી જલારામબાપાની માફી માંગશે : આંદોલનનું એલાન પરત ખેંચાયું

**પોતાના ફોલોવર્સ વધારવા કરેલા બફાટથી સંપ્રદાયના સંતો, મહંતો ભારે દુખી**

। વીરપૂર-જામનગર ।

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરના સંત શીરોમણી શ્રી પૂજ્ય જલારામબાપા વિશે જ્ઞાનપ્રકાશની ટિપ્પણીથી વિવાદ વકર્યો હતો પરંતુ સ્વામીએ પોતાની ભુલ સ્વીકારી વીરપૂર આવી માફી માંગશે તેવી બાંહેધરી સાથે ટેમ્પલ બોર્ડના લેટરપેડ ઉપર લેખીતમાં માફી માંગતા વિવાદનો અંત આવ્યો છે આજે જ્ઞાતિના આગેવાનો અને જેતપુર સ્વામીનારાયણ મંડળ સાથે ચર્ચા થયા બાદ આ નીર્ણય લેવાતા આજે વીરપૂર બંધનું એલાન પાછુ ખેંચવામાં આવ્યુ છે.

જ્ઞાન પ્રકાશ સ્વામીએ કરેલ ટિપ્પણી બાદ વીરપુરના ગ્રામજનો અને ભક્તોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે વીરપુર ગ્રામ પંચાયત કચેરીમાં મળેલી બેઠક બાદ તમામ વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખ્યા હતા જલારામબાપા વિશે જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ ટિપ્પણીનો મુદ્દો ગરમાયો હતો. સુરતના અમરોલીમાં આવેલ સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાન પ્રકાશ સ્વામી નામના સાધુએ લાખો ભાવીકોના પૂજનીય શ્રી જલારામ બાપા વિશે ન શોભે તેવા ઉચ્ચારણો કરતા પ્રચંડ રોષ ફાટી નીકળ્યો હતો.

વડતાલના સ્વામીનારાયણ મંદીરના હોદ્દેદારો સાથે બેઠક યોજી મહંત જ્ઞાનપ્રકાશ સ્વામી સમાજ અને મંદિરની અનુકુળતાએ વિરપુર આવીને માફી માંગશે તેમજ સ્વામીનારાયણ ટેમ્પલ બોર્ડના લેટરપેડ ઉપર પણ માફી માંગી વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન દેવસ્વામીએ કહ્યું આ શરમજનક ઘટના છે અને સ્વામીને ઠપકો પણ આપ્યો છે ફરીવાર એવું ન બને તે માટે ટેમ્પલ બોર્ડના લેટરપેડ પર માફી માંગીએ છીએ વિડીયો સ્વરૂપે જાહેર કરીશું પૂજ્ય જલારામબાપા વિષે જે નિવેદન કર્યું છે તેનાથી અમારો સંપ્રદાય દુખી છે અમારા બોર્ડના તમામ સંતો મહંતો આ વાતથી દુખી છે આ અંગે યોગ્ય ખુલાસો થતા હવે લડત કરવાની રહેતી નથી આજે વીરપૂર બંધ રાખવાનુ એલાન પરત ખેંચવામાં આવ્યુ છે.

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, ક્રિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202

